'ઉપનિષદ' શબ્દ સાંભળતાની સાથે દૂર દૂર કોઈ ઉપવનમાં બેઠેલા ઋષિ અને જિજ્ઞાસુ છાત્રોનું સ્મરણ થઈ આવે. એમાંના 'શાંતિપાઠ'નું ગાન થાય ત્યારે તો રોમાંચ અનુભવાય. ભલે એના મંત્રોના ગૂઢ અર્થ સામાન્ય માનવીને ન સમજાય પરંતુ કોઈ એનું ગાન કરે તો પણ એ દિવસો સુધી મનમાં ગૂંજ્યા કરે. એવા આ ઉપનિષદો એ આપણો દિવ્ય વારસો છે. ભારતીય સંસ્કૃતિનો પાવન પરિચય છે. એકાદ ઉપનિષદ લઈને થોડાક દિવસો એનો અભ્યાસ કરીએ તો પણ જાણે આપણે ઋષિકાળમાં કોઈ પરમ ઋષિની સમીપ પહોંચી ગયા હોઈએ એમ અનુભવાય. ઉપનિષદોની શૈલી પ્રમાણમાં સરળ છે. ક્યારેક તે કથા દ્વારા તો ક્યારેક કોઈ સુત્ર દ્વારા આપણને પરમનો સ્પર્શ કરાવી જાય છે. માનવીય જીવન કેટલું ઊંચે ઊઠી શકે છે તે આ ઉપનિષદોના વિચારોને જોતાં સમજાય છે.

**[પ્રથમ દિવસ]**

ચાલુ વર્ષે પૂ. મોરારિબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં આ ઉપનિષદોનું ત્રિદિવસીય સંસ્કૃતસત્ર-11 'ઉપનિષદ સુધા' નામે તા. 10 થી 12 સપ્ટેમ્બર, 2010 દરમિયાન મહુવા ખાતે યોજાયું. આ સત્રમાં સહભાગી થઈને જે કંઈ માણ્યું તે આપ સૌ વાચકો સમક્ષ આ અહેવાલ દ્વારા વહેંચવાની કોશિશ કરું છું. સત્રનો પ્રારંભ તા. 10મી સપ્ટેમ્બરના રોજ કેવડાત્રીજને દિવસે સવારે બરાબર નવ વાગ્યે થયો હતો. સૌપ્રથમ ડૉ. કપિલદેવ શાસ્ત્રી અને કૈલાસ ગુરુકુળના છાત્રો દ્વારા શાંતિપાઠનું ગાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આમંત્રિત વિદ્વાનોના હસ્તે દીપ-પ્રાગટ્યની વિધિ સંપન્ન થઈ હતી. એ પછી સમગ્ર સત્રના સૂત્રધાર આદરણીય શ્રી હરિશ્ચંદ્રભાઈ જોશીએ સંસ્કૃતસત્રની ભૂમિકા વિશે થોડી વાત કરી હતી. એ પછી 'સંગોષ્ઠિ-1'નો વિધિવત પ્રારંભ થયો હતો. પ્રત્યેક સંગોષ્ઠિમાં ત્રણ વક્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો અને પ્રત્યેક વક્તાને આશરે 50 મિનિટ ફાળવવામાં આવી હતી. આ પ્રથમ સંગોષ્ઠિનું સંચાલન શ્રી ગૌતમભાઈ પટેલે કર્યું હતું. સંગોષ્ઠિના પ્રથમ વક્તા શ્રી મહાવીર અગ્રવાલે 'ઉપનિષદ સુધા'ની ભૂમિકા વિશે વાત કરી હતી. ચાલો, આપણે સંસ્કૃતસત્રના આ મનનીય વક્તવ્યોને માણીએ.....

**'ઉપનિષદ સુધા' ભૂમિકા – મહાવીર અગ્રવાલ**

આજે હું પોતાને ભાગ્યશાળી સમજું છું કે મને અહીં પૂ. બાપુ પાસે ઉપસ્થિત રહેવાની તક મળી. અહીં સૌ વિદ્વાનો વિદ્યમાન છે. એક સમય હતો જ્યારે આ પ્રકારની દેવસભાઓ સ્થળે સ્થળે આયોજિત કરવામાં આવતી હતી. ભારતના એ ગૌરવનું સ્મરણ કરતાં ઉત્તરાખંડે સંસ્કૃતને પોતાના રાજ્યની બીજી ભાષા ઘોષિત કરી છે. મને લાગે છે કે હવે તમે હરિદ્વાર, બદ્રીનાથ, કેદારનાથ જેવા સ્થળોએ જશો તો ચારે તરફ વેદમંત્ર, મહાકવિઓની અમરવાણી સર્વત્ર જીવનનો માર્ગ ઉજાગર કરતી આપને જોવા મળશે. એ ગંગાના તટથી, દેવાત્મા હિમાલયના ચરણોમાંથી હું આપની સેવામાં ઉપસ્થિત થયો છું.

હું ઉપનિષદરૂપી ઉદ્યાનના કેટલાક સુગંધિત પુષ્પો વિશે આપને કહેવા માગું છું. ઉપનિષદરૂપી મહાસાગરનું અવગાહન કરીને આપણા પ્રાચીન ઋષિ, મુનિ, તત્વચિંતકોએ જે રત્નો સ્વયં મેળવ્યા અને એ રત્નોની માળા પહેરાવીને ન જાણે કેટલાય લાખો-કરોડો લોકોને ધન્ય કર્યા, એવાં થોડાં રત્નો આપની સેવામાં સમર્પિત કરવા ઈચ્છું છું. આજે વિશ્વના પટ પર જેટલી અશાંતિ, સમસ્યાઓ અને હાહાકાર છે, એ બધી જ સમસ્યાઓનું જો કોઈ એક સમાધાન હોય તો એ છે ભારત વર્ષનું વૈદિક ચિંતન, ઉપનિષદ ચિંતન, દર્શનનું ચિંતન, રામાયણ-મહાભારત-ગીતાનું ચિંતન કે જેની આજે આખા વિશ્વને જરૂરત છે. દુનિયાના મહાનગરોના દરેક ચાર રસ્તા પર આજે ઉપનિષદના એ વચનો લખવા જોઈએ કે જેની પર વિચાર-ચિંતન કરીને, વાંચીને, એક નવો માર્ગ મળે છે. એનાથી માનવના જીવનમાં સુખ અને શાંતિની ગંગા પ્રવાહિત થવા લાગે છે. આપણું આ વિશાળ ઉપનિષદ સાહિત્ય, આપણી ચારેય વૈદિક સંહિતાઓ, આરણ્યક-બ્રાહ્મણ ગ્રંથ – એ બધા અધ્યયન-અધ્યાપન કે માત્ર સંશોધનોના વિષય નથી. વિશાળ પુસ્તકાલયોમાં ધૂળ ખાતા શોધ-નિબંધોના રૂપમાં એની ઉપયોગિતા નથી. એ તો આચરણના વિષય છે. એ વ્યવહારના વિષય છે. મહર્ષિ પતંજલિ તો ત્યાં સુધી કહે છે કે ‘માનવ જીવનમાં જો કોઈ એક શબ્દને પણ યોગ્ય રીતે જાણી લે, એનું યોગ્ય રીતે આચરણ કરી લે, તો એ એક શબ્દ સમસ્ત કામનાઓ પૂર્ણ કરનાર, જીવનને આનંદ-સુખ-સંતોષ-શાંતિથી ભરી દેનાર થઈ શકે છે.’ એટલે ઉપનિષદોનું ચિંતન એ દ્રષ્ટિથી થવું જોઈએ કે એમાં એવું શું છે જે ગ્રહણ કરવા યોગ્ય છે.

ક્યારેક નચિકેતાના મનમાં કોઈક પ્રશ્ન ઉત્પન્ન થયો, ક્યારેક મૈત્રેયીના મનમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયો. એમના પ્રશ્નોના ઉત્તર એ સમયના મનીષીઓએ આપ્યો. જીવનનો ઉદ્દેશ શું છે ? એ વિશે વેદ કહે છે કે ‘આઠ ચક્રોવાળી, નવ દ્વાર વાળી, આ દેવતાઓની અયોધ્યારૂપી નગરી, પરમ પિતાએ આપણને માનવદેહના રૂપમાં આપી છે. મનુષ્યનું આ શરીર કેવળ આહાર, નિદ્રા, ભય અને મૈથુન માટે નથી.’ માણસ આખી દુનિયાને જોવા માગે છે અને લોકોના ચરિત્રો વિશે વાત કરે છે પરંતુ હકીકતે માણસે સવાર-સાંજ પોતાનું ચરિત્ર જોવું જોઈએ. એમાં બે જ વાત મુખ્યત્વે જોવાની છે કે હું બહારથી સુંદર દેખાઉં છું પરંતુ મારી અંદર કેટલાં પશુ બેઠા છે ? કેટલી દુર્વૃત્તિઓ બેઠી છે ? વેદમાં એક મંત્ર આવે છે....આમ તો વેદની ભાષા એકદમ કોમળ છે પરંતુ ક્યાંક કઠોર થઈ જાય છે. વેદ કહે છે કે ‘આપણી અંદર ઘુવડ બેઠું છે જે આપણને પ્રકાશની તરફ જવા નથી દેતું. જ્ઞાનની ચર્ચા કરવા નથી દેતું. એને આપણા જીવનમાંથી દૂર કરવું જોઈએ.’ વેદ કહે છે કે ‘માનવી ક્યારેક એટલો હિંસક થઈ જાય છે કે અનેક લોકોના જીવન નષ્ટ કરી દે છે.’ માનવીમાં ક્યાંક ગરુડ છે તો કુતરો પણ છે. વેદ કહે છે ‘જેમ કોઈ વસ્તુને પથ્થરથી બરાબર ટીપી નાખવામાં આવે છે એમ આ વૃત્તિઓને, હે માનવ ! તું બરાબર ટીપી નાખ અને નષ્ટ કરી દે.’

આ ગ્રંથોએ આપણને આચરણનો સંદેશ આપ્યો છે. ‘मनुर भव:’ દુનિયાને માનવ બનાવતા પહેલાં એક વાક્યમાં વેદનો સંદેશ છે કે ‘પહેલા તું માનવ બન !’ જે સ્વયં પ્રજ્વલિત થયેલો દીવો છે, એ જ બીજા દીવાને પ્રજ્વલિત કરી શકે છે. જેનામાં આચરણ ન હોય તે બીજાને જીવનનો સંદેશ આપી શકે નહીં. બીજાને કલ્યાણનો માર્ગ ન બતાવી શકે. વેદ કહે છે ‘એ પછી તું ગૃહસ્થીમાં રહેતો હોય તો દિવ્ય

સંતતિનું નિર્માણ કર. એને સંસ્કાર આપ. એને સદવિચારોથી વિભૂષિત કર.' આ રીતે આપણું સઘળું વૈદિક સાહિત્ય ચિંતનથી ભરેલું છે. એ ચિંતનના મહાસાગરને આપણા ઋષિઓએ અગિયાર ઉપનિષદોના માધ્યમથી આપણી સામે મૂક્યો છે. ઉપનિષદની સંખ્યા તો સેંકડોમાં છે. એમાંના જે અગિયાર ઉપનિષદોને આપણે મુખ્ય ઉપનિષદ માનીને આદર કરીએ છીએ, એ ઉપનિષદોના માધ્યમથી ખૂબ સરળ અને સહજ શબ્દાવલિમાં, આખ્યાન-કથાનકો અને વાર્તાઓના માધ્યમથી માનવ સામે પ્રસ્તુત કરવાનો તેઓએ પ્રયત્ન કર્યો છે. એનો એવો પ્રભાવ રહ્યો કે કેવળ ભારત જ નહિ, જેને આપણે વિદેશી કહીએ શકીએ એવા જર્મનના વિદ્વાન કે અન્ય કોઈએ પણ જ્યારે ઉપનિષદોનો સ્વધ્યાય કર્યો ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા ! વિસ્મિત થઈ ગયા ! એમને લાગ્યું કે દુનિયામાં જો તમામ સમસ્યાઓનું કોઈ સમાધાન હોય તો કેવળ ઉપનિષદ સાહિત્ય છે. મનુષ્ય જ્યારે જીવનના ચાર રસ્તે ઊભો રહે છે અને જાણવા માગે છે કે 'હું ક્યાં જઉં, કઈ તરફ જઉં ?' ત્યારે ઉપનિષદના વચનો એને માર્ગ બતાવે છે.

આપણે ત્યાં કહેવાયું છે કે : 'सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः'. ગાય શબ્દ આપણે ત્યાં પવિત્ર મનાય છે. ગાયનું દૂધ અમૃત કહેવાય છે. ઉપનિષદને એ સન્માન અપાયું છે કે જાણે બધા જ ઉપનિષદો ગાયો છે. ગોપાલ નંદને એ ગાયોનું દોહન કર્યું છે. પાર્થ એટલે કે અર્જુન વાછરડું છે. કુરુક્ષેત્રના મેદાનમાં ભગવાન કૃષ્ણે જે અમૃત પિવડાવ્યું એ અમૃતનું પાન કરીને ધર્મ-માનવતા-સજ્જનો અને સંતોની રક્ષા માટે એવું યુદ્ધ કર્યું કે એ યુદ્ધ યુગો-યુગો સુધી હંમેશા યાદ રહેશે. એ ગીતા યુગોના યુગો સુધી સમગ્ર વિશ્વમાં સ્મરણ કરાશે. આપ સૌ જાણો છો કે દુનિયાની લગભગ મહત્તમ ભાષાઓમાં જો કોઈ ગ્રંથનો અનુવાદ થયો હોય તો એ 'શ્રીમદ ભગવદ ગીતા' છે. આજે દુનિયાના લોકો અનેક સુત્રો તેમાંથી શોધી રહ્યા છે. કોઈ સંસ્કૃતિના સુત્રો, કોઈ પ્રબંધનના સુત્રો, કોઈ દર્શનના સુત્રો તો કોઈ એમાંથી રાજનીતિની વાત લેવા માગે છે. એવો અક્ષયકોશ એ ભગવદગીતા છે. ભગવાન કૃષ્ણે એને સંસાર કલ્યાણ માટે ઉપનિષદોની ગંગોત્રીમાંથી તૈયાર કરી હતી.

કોઈ પણ ઉપનિષદ ઉદ્યાનમાં પ્રવેશ કરતાં અનેક સુગંધિત ફૂલો નજરે પડે છે. એમાંનું કોઈ એક ફૂલ પણ જીવનને આનંદિત કરવા માટે કાફી છે. ઈશાવાસ્ય ઉપનિષદનો પહેલો જ મંત્ર 'ईशा वास्यमिदँ सर्वं' જ્યારે વિચારીએ તો તેના એક-એક શબ્દો કેટલા માર્મિક અને હૃદયસ્પર્શી લાગે છે. એ સાંભળી વાંચીને જીવનમાં જો કંઈ ઉથલપાથલ ન થાય તો એ વાચન, ચર્ચા કે પ્રવચનનો કોઈ અર્થ નથી. જ્યાં સુધી પરિવર્તન ન અનુભવાય ત્યાં સુધી ફક્ત ચર્ચાઓનો કોઈ અર્થ નથી. દ્રોણાચાર્યને ત્યાં કૌરવો અને પાંડવો ભણવા ગયા ત્યારે દ્રોણાચાર્યે એક પાઠ શીખવ્યો કે 'ક્રોધ ન કરવો જોઈએ.' બીજે દિવસે બધાને પૂછ્યું કે 'પાઠ પાકો થયો ?' બધાએ 'હા' પાડી. પરંતુ ધર્મરાજાએ કંઈ જવાબ ન આપ્યો. બે-ત્રણ દિવસ એમ જ ચાલ્યું. અંતે ગુરુદેવે થપ્પડ મારીને કહ્યું ત્યારે બીજે દિવસે ધર્મરાજાએ જવાબ આપ્યો કે 'હવે પાઠ પાકો થયો. કારણ કે આપે મને થપ્પડ મારી તો પણ મને ક્રોધ ન આવ્યો. ઘરે જઈને પણ મને મારા ગુરૂદેવ પ્રત્યે ક્રોધનો સહેજ પણ અંશ ન આવ્યો ત્યારે મને થયું કે હવે પાઠ બરાબર પાકો થયો છે.' 'ईशा वास्यमिदँ सर्वं' કહીએ ત્યારે આ સંસારમાં બધે ઈશ્વરનો વાસ છે એવો વિશ્વાસ આપણને ક્યાં

થાય છે ? એ ઈશ્વર સૂતાં, જાગતાં, હરતા-ફરતાં આપણા બધા જ કર્મોને જોઈ રહ્યો છે. ક્યારેક આપણે અંધારામાં કોઈ ષડયંત્ર કરતાં વિચારીએ છીએ કે કોઈ આપણને જોતું તો નથી ? ત્યારે વેદમાતા કહે છે કે 'રાજા વરુણ તને જોઈ રહ્યા છે.' જીવનમાં જ્યારે વિક્ટ પરિસ્થિતિ આવે છે, નિરાશા વ્યાપી જાય છે, સગાં-સંબંધીઓ છોડી દે છે અને વેદમાતા તો ત્યાં સુધી કહે છે કે પુત્ર દુર્ગુણોમાં ફસાઈ જાય અને માતાપિતાને એમ લાગે કે પોતાની પર એના છાંટા ઊડે છે તો માતાપિતા પુત્ર માટે પણ એવું કહી દે છે કે અમે આને નથી જાણતા, આને પકડીને લઈ જાઓ અને જેલમાં નાખી દો ! આવા આ સમયમાં પણ એક છે જે કદી સંબંધ તોડતો નથી. પરમાત્મા અને સંતોમાં આ જ વિશિષ્ટતા છે. બસ, 'ईशा वास्यमिदँ सर्वं' એવો આપણને વિશ્વાસ હોવો જોઈએ.

ઈશ્વરની કૃપા કરવાની રીત ન તો મનુષ્ય સમજી શક્યો છે ન તો સમજી શકશે. એટલે જ 'નેતિ નેતિ' એમ કહેવામાં આવ્યું. તેથી ઉપનિષદમાં એમ કહેવાયું કે 'આત્માનું દર્શન' કરો. આત્માનું દર્શન એટલે પોતાને જુઓ અને એ પછી પરમાત્માનું દર્શન કરો. વેદ કહે છે કે તમે અનેક ચીજવસ્તુઓ જાણી, સંસારના અનેક વૈજ્ઞાનિક રહસ્યોને જાણ્યા પરંતુ એને ન જાણ્યા કે જે જાણવા જોઈતા હતા. શું એ સ્થિતિ આપણા જીવનમાં આવી શકે છે ? કોઈ એવા તત્વનો આપણે સાક્ષાત્કાર ન કરી શકીએ કે જેથી આપણે ઈશ્વરને કહી શકીએ કે પ્રભુ જે જોવા લાયક હતું તે મેં જોઈ લીધું. જે પ્રાપ્ત કરવા યોગ્ય હતું તે પ્રાપ્ત કરી લીધું. માણસ ઈશ્વરની કૃપાને સમજતો થાય તો જીવનમાં ક્યારેય દૂષિત આચરણ ન કરે. ખરાબમાં ખરાબ પરિસ્થિતિમાં તેને લાગશે કે કોઈ મારી રક્ષા કરવા માટે તત્પર છે.

ઉપનિષદ કહે છે 'तेन त्यक्तेन भुञ्जीथा'. એટલે કે ત્યાગીને વાપરો. મહાભારતકાર કહે છે કે 'કોઈને સમગ્ર વિશ્વનું ઐશ્વર્ય આપી દો અને પૂછો કે તમે સંતુષ્ટ છો ? ત્યારે એ કહેશે કે હજી મન ભરાયું નથી.' માણસને કેટલું ધન જોઈએ એની કોઈ સીમા નથી. તૃષ્ણા કદી જીર્ણ થતી નથી, આપણે જ જીર્ણ થઈ જઈએ છીએ. ભર્તુહરિએ એટલે જ કહ્યું કે 'રોજ સૂરજ આવે છે અને જાય છે, જીવન ક્ષીણ થતું જાય છે. જીવનરૂપી દોરડાને દિવસ અને રાતરૂપી કાળા અને સફેદ એમ બે ઉંદરો સતત કાપી રહ્યા છે. એ ક્યારે કપાઈ જાય એનું નક્કી નથી.' વેદ એટલે જ કહે છે કે 'ઘણા લોકો એમ માને છે કે અમારો નિવાસ મોટા મહેલોમાં છે જ્યાં કોઈ ચકલુંય ફરકી નથી શકતું'. પરંતુ ના. એમ નથી. વેદ કહે છે કે 'તારો નિવાસ આજે છે અને કાલે નથી એવા વૃક્ષના પાન પર છે.' ઉપનિષદમાં પણ આવી અનેક વાતો કહેવાઈ છે. આ તમામનું લક્ષ્ય બ્રહ્મવિદ્યા છે. સંસારની નશ્વરતા કે ક્ષણભંગુરતાનું પ્રતિપાદન કરનારી વિદ્યા છે. પરમાત્મા પ્રતિ ભક્તિ ઉત્પન્ન કરનારી આ વિદ્યા છે. એ ત્યારે જ થઈ શકે જ્યારે સંસારના આકર્ષણોથી મનુષ્યનું મન જ્યારે થોડું ખસવા લાગે. માણસનું આયુષ્ય 100 વર્ષનું મનાય છે. એમાંથી 50 વર્ષ તો બાળરમતમાં અને વૃદ્ધાવસ્થામાં રોગોની ચિંતામાં વીતી જાય છે. બાકી જે 50 રહ્યા એમાં વ્યાધિ છે, વિયોગ છે.

ઉપનિષદમાં સુંદર વિચારોની અનેક ધારાઓ પ્રવાહિત છે. 'कुर्वन्नेवेह कर्माणि...' જેની પર શ્રીમદ ભગવદગીતા આધારિત છે તે નિષ્કામ કર્મની વાત ઉપનિષદમાં છે. વેદમાં પણ એમ કહ્યું છે કે 'હે

માનવ ! હું તને કેટલીક બાબતો બતાવું છું જેનો અમલ કરીને લાખો કરોડો નેત્ર તને જોવા લાલાયિત રહેશે. તમે એવા બનો.' ત્યાં સંબોધન 'સોમ' એવું વાપર્યું છે જેનો અર્થ છે શીતળતા. એનો અર્થ કે જ્યાં જાઓ ત્યાં શીતળ બનીને શ્રદ્ધા-વિનમ્રતા સાથે જાઓ. વેદ કહે છે કે 'સંસાર માટેના કલ્યાણકારક કર્મથી તમે સુક્રતુ બની શકો છો.' વેદ કહે છે 'ભૂમામાં એટલે વિશાળતામાં સુખ છે; સંકુચિતતામાં સુખ નથી.' 'હું મારી પત્ની અને બાળકો' સુધી જ ચિંતન સમેટાઈને રહી જશે તો સુખની પ્રાપ્તિ નહીં થાય. પોતાને વિશાળ બનાવવા જોઈએ. ઈશ્વરે તમને જે આપ્યું હોય તે બીજાને આપો. પોતાની અંદરની જે કાંતિ છે એનાથી તેજસ્વી બનો. તેજ બહારથી નથી આવતું. સૌંદર્ય પ્રસાધનનોના સાધનથી તેજ નથી આવતું. ટીવી પરની જાહેરાતોમાં જે બતાવે છે એનાથી કાંતિ નથી આવતી. મહાત્મા ગાંધી જ્યારે મિ. ગાંધી હતા અને સુટ-બુટ પહેરતા હતા ત્યારે એમને જોવા કોઈ જતું નહોતું. એ બધું છોડીને એક વસ્ત્ર શરીર પર લપેટીને નીકળી પડ્યા ત્યારે લોકો માઈલોની યાત્રા કરીને તેમની એક ઝલક જોવા આવવા લાગ્યા.

આમ, આપણું ઉપનિષદ સાહિત્ય એટલું મધુર, અમૃતમય છે, આનંદમય છે કે એમાં તલ્લીન બની જવાય છે. કોઈ પણ ઉપનિષદનો કોઈ ઉપદેશ મનમાં સમાઈ જાય તો કલ્યાણ થઈ જાય. દા..ત, ઉપનિષદકાર કહે છે કે 'હજારો ગાયોમાં વાછરડું કે જેને કોઈ ડિગ્રી પ્રાપ્ત નથી, બોલવાનું નથી જાણતું તે છતાં પોતાની જન્મ દેનારી માને ઓળખી લે છે એ રીતે આપણે જ્યાં પણ, કોઈ પણ પ્રકારે, કોઈક કર્મ કર્યું હોય એ એના કર્તાની પાછળ પાછળ જઈ એને ઓળખી જ લે છે.' જો આટલી જ વાત સમજમાં આવી જાય તો બધા ખરાબ કર્મો આપણો સાથ છોડીને દૂર થઈ જાય. એ જ રીતે આખા વિશ્વને કુટુંબ માનવાની વાત કહેવામાં આવી, જે આ દેશની સંસ્કૃતિનો પ્રાણ છે. એ કારણે જ આજે આખું વિશ્વ ભારત તરફ જોઈ રહ્યું છે કે ભારત જ આપણને શાંતિનો પાઠ ભણાવી શકશે. આ દેશ જ '**जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी**'ની વાત કરી શકશે. સમગ્ર વિશ્વને મિત્ર અથવા ભાતૃદષ્ટિ આપનાર જો કોઈ હોય તો એ આ ભારત દેશ છે, એની સંસ્કૃત ભાષા છે, એનું ઉપનિષદ સાહિત્ય છે. તેથી આવો..., આપણે તેમાં અવગાહન કરીએ અને અવગાહન કરીને એમાં જે રત્ન પ્રાપ્ત થાય એનાથી આપણા જીવનને વિભૂષિત કરીએ. આ શબ્દો સાથે આપ સૌને પ્રણામ કરીને મારી વાણીને વિરામ આપું છું. ૐ.

**<u>ઈશાવાસ્યોપનિષદ – ભાગ્યેશ જહા</u>**

આજે ઈશાવાસ્ય ઉપનિષદની વાત શરૂ કરું એ પહેલા અહીંના વાયુમંડળમાંથી જે વાઈબ્રેશન્સ મળે છે તે મને શાંતિનિકેતન લઈ જાય છે. રવીન્દ્રનાથ ટાગોર જ્યારે ઉપનિષદ વિશે વાત કરે છે, ખાસ તો એમનું પુસ્તક 'સાધના' અને 'ક્રિએટીવ યુનિટી' – આ બંનેની રચનામાં વારંવાર ઈશાવાસ્યનો ઉલ્લેખ થાય છે. એમણે એક વાત સરસ કહી છે કે 'પશ્ચિમ અને પૂર્વ એવી સરખામણીઓ કરો કે ન કરો એ અગત્યનું નથી.' આપણે ગ્રીસ, એથેન્સ વગેરે જોઈએ તો ત્યાં મહાલયોની રચના છે. ત્યાં બહુ ચર્ચાઓ થઈ. ભારતનો ઋષિ જંગલમાં ગયો. વૃક્ષો પાસે બેઠો. આ ઉત્તુંગતા છે. આ 'Acquisition' નહીં પરંતુ 'Expansion'ની જે વૃત્તિ છે, એને સ્પર્શ કરવાની વાત ઈશાવાસ્યમમાં આવે છે. ઉપનિષદ એ કવિતા છે.

એક વિદ્વાને તો કહ્યું છે કે 'ભાષા સ્પર્શક્ષમ બની જાય ત્યારે કવિતા પ્રગટે છે.' એ પ્રકારની જે વાત ઉપનિષદમાં આવે છે, તેવા ઉપનિષદને મારે સ્મરવાનું છે. હું જ્યારે આ ઉપનિષદ સભા વિશે વિચાર કરતો હતો ત્યારે મારા મનમાં એકદમ જ આ ઉપનિષદો વિશે આધુનિક અર્થો પ્રગટ થવા માંડ્યા. એને કારણે દ્રવીભૂત થયેલી મારી ચેતના, આપની સમક્ષ વ્યક્ત કરું છું. તો મારું આ દુઃસાહસ ક્ષમા કરજો....

મિત્રો, આ ઈશાવાસ્ય ઉપનિષદ જાણે કે મનુષ્યની પ્રજ્ઞાનું સરસ વસિયતનામું છે. આ વિચારોનું વસિયતનામું છે જે આપણે દર વર્ષે વાંચવાનું છે કે આપણા બાપદાદાઓ આપણને શું આપીને ગયા છે. મિલક્તમાં આપણી પાસે શું પડ્યું છે તે ઓળખવાનું છે. આ જે મનુષ્યતાનું પ્લેન ક્રેશ થઈ ગયું છે એનું આ 'બ્લેકબોક્ષ' છે. એ બ્લેકબોક્ષને આજે આપણે વાંચવા બેસવાના છે. 'ईशा वास्यमिदँ सर्वं यत्किञ्च जगत्यां जगत्' ઈશાવાસ્ય ઉપનિષદનો આ પહેલો મંત્ર એવો મંત્ર છે જેને એમર્સન, મેક્સમુલર, જેકોબ – તમે જગતના કોઈ પણ તત્વજ્ઞાનીને પૂછો – એણે ઈશાવાસ્યને ક્યાંક ને ક્યાંક સ્પર્શ કર્યું છે. તેથી હું ખૂબ નમ્રતાપૂર્વક કહેવા માગું છું કે આજે હું ખૂબ અધૂરું પ્રવચન આપવા આવ્યો છું. કારણ કે આ પૂરું થઈ શકે એમ જ નથી. ઈશાવાસ્ય ઉપનિષદ એટલો વિશાળ ગ્રંથ છે. આ ઉપનિષદનો પહેલો જ શાંતિપાઠ પૂર્ણત્વની ઘોષણા કરે છે :

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते |
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ||

મને લાગે છે કે આજના જગતમાં જે કંઈ બીજગણિતની ચર્ચા થતી હશે પણ આજના સંદર્ભમાં 'You are unique' અને 'You are complete' – આવો સધિયારો આપનારું આ વિશિષ્ટ ઉપનિષદ છે. હું જ્યારે 'Human Behavior' ભણતો ત્યારે અમને ખૂબ શીખવવામાં આવતું કે તમારા કર્મચારીઓને, તમારા ઑફિસર્સને, તમારા મેનેજર્સને એની શક્તિઓથી પરિચિત કરાવો. અહીં ઉપનિષદના ઋષિ એ જ કહે છે કે 'તે પણ પૂર્ણ છે અને તું પણ પૂર્ણ છે.' આ આત્મવિશ્વાસનું મૅગ્નિફિકેશન મનુષ્યને અદ્દભુત ગૌરવનો અનુભવ કરાવે છે. જ્યારે મનુષ્ય ડિપ્રેશનમાં છે, જ્યારે મનુષ્ય ગર્તામાં છે, જ્યારે મનુષ્યતા સામે હજારો પ્રશ્નચિન્હો આપણી સામે ઊભા છે ત્યારે આ પૂર્ણત્વનો જયઘોષ, એ એક અનોખી યાત્રાનો પ્રારંભ કરાવે છે. ઉમાશંકર જોશીએ જ્યારે ઈશાવાસ્ય પર લખ્યું ત્યારે એટલી સરસ વાત કરી કે 'આ ઉપનિષદ 'ईशावास्यम' થી વાત શરૂ કરી અને છેલ્લે એકદમ પ્રાર્થનામાં આવી જાય છે 'वयुनानि विद्वान् '.' આ ઈશાવાસ્યનો વ્યાપ છે. આ એનું ટ્રાન્સ્ફોર્મેશન છે. બીજી વાત એ છે કે ઈશાવાસ્યનું વિશિષ્ટ કોઈ લક્ષણ હોય તો એ 'વિરોધાભાસોના વિચ્છેદનું વિજ્ઞાન' છે. આપણે કેટલા બધા વિરોધાભાસો વચ્ચે જીવીએ છીએ !

ગાંધીજીએ અક્ષરદેહમાં જે વાત કરી તે મારે પણ કહેવી છે કે આ એક શ્લોક 'ईशा वास्यमिदँ सर्वं यत्किञ्च जगत्यां जगत्' આ જગતની તમામ સમસ્યાઓનો ઉકેલ આ એક માત્ર શ્લોકમાં છે એવું સંસ્કૃતના વિદ્યાર્થી તરીકે હું બહુ નમ્રતાપૂર્વક કહેવા માગું છું. તમે જુઓ, અત્યારે જગતની ત્રણ સમસ્યાઓ છે :

Global Terrorism, Global Warming અને Global Recession. હું આજે ઉપનિષદનું અર્થઘટન સહેજ અલગથી આધુનિક સંદર્ભમાં કરવા માગું છું. Global Terrorism વાળાને આપણે કહી શકીએ કે આ જગત આખું ઈશ્વરનું છે, ભાઈ ! શેના માટે આ ઝઘડો લઈને બેઠા છો ? કોને મારવા માગો છો તમે ? Global Warming પણ ખૂબ અગત્યનું છે. આ ઉપનિષદમાં એ માટે સૂર્ય ઉપાસના ભારોભાર અનેક શ્લોકોમાં આવે છે. આ ઉપનિષદ કહે છે કે જડચેતન જે કાંઈ છે તે બધું જ ઈશ્વર છે. ઘણા લોકો માત્ર ચેતનતત્વ સાથે જ વાત કરે છે. આપણે સહેજ આગળ વધ્યા અને કહ્યું કે આ ટેબલ....આ પોડીયમ...આ માઈક અને હું – અમે જુદાં નથી ! આ એકત્વની ભાવના એ મનુષ્યની બુદ્ધિની ઊંચાઈ છે. વચ્ચે મને એક નાનકડી રમૂજ યાદ આવે છે. એક વખત સુરેન્દ્રનગર પાસેથી અમે જતાં હતાં. મારી સાથે યોગેશભાઈ ગઢવી હતા. અમે જોયું કે એક યુવાન ભેંસ પર ચઢીને ઊભો હતો. મને આશ્ચર્ય થયું કે આ કયા પ્રકારનું વર્તન ? એટલે કુતૂહલતાથી અમે સહેજ નજીક ગયા. જ્યારે અમે નજીક ગયા ત્યારે સ્પષ્ટ થયું કે નેટવર્ક મળતું નહતું એટલે મોબાઈલ કરવા એ ભેંસ પર ચઢીને ઊભેલો ! એ દિવસે મારા મનમાં આ શ્લોક આવી ગયો કે 'ईशा वास्यमिदँ सर्वं यत्किञ्च जगत्यां जगत्' જે કંઈ છે એ બધું ઈશ્વરમય છે ! કુરિયન સાહેબને પણ ખબર નહીં હોય કે ભેંસોનો આવો ઉપયોગ થાય છે ! એટલે આ જડચેતનને એક ગણીને આપણે આપણા ક્રિયા-કલાપો ગોઠવીએ ત્યારે જગતની સમસ્યાઓનું આપણને સમાધાન મળે છે.

મારે આ મોબાઈલ અને ઈન્ટરનેટયુગ સાથે ઈશાવાસ્યને જોડવું છે. મને બહુ નમ્રતાથી કહેવા દો કે ઈશાવાસ્ય ઉપનિષદ એ એકવીસમી સદીનું ઉપનિષદ છે. મને ખબર નથી કે આપણા પ્રપિતામહો 'तदेजति तन्नैजति तद्दूरे' કેવી રીતે સમજાવતા હશે, પરંતુ આજે ઈન્ટરનેટને જોઈએ તો સરળતાથી તે સમજાય છે. અત્યારે તો દીકરી અમેરિકામાં હોય તો આપણે 'વિડિયો કોન્ફરન્સ'થી વાત કરી શકીએ છીએ. એની માતા એને કઢીમાં ક્યારે કેવી રીતે વઘાર કરવો તે ઈન્ટરનેટથી મદદથી શીખવી શકે છે. દશ હજાર માઈલનું અંતર એક ચપટી વગાડતામાં આટલું ઝડપથી ખતમ થઈ જાય છે ! अनेजदेकं मनसो जवीयो' આ ઉપનિષદનો સાક્ષાત્કાર એકવીસમી સદીમાં શક્ય છે અને એટલે એનું અર્થઘટન આ રીતે કરવું છે.

આ ઉપનિષદમાં માત્ર 18 જ મંત્રો છે, એટલે મેં એને 'બ્લેકબોક્ષ' કહ્યું. આ મનુષ્યની બુદ્ધિનું બ્લેકબોક્ષ છે. એને આપણે ઉકેલવાનું છે જેથી આપણને બધા સમાધાનો મળી જાય. આ ઉપનિષદમાં કર્મનો અર્થ પણ જુદો છે. આ ઉપનિષદ એમ નથી કહેતું કે જગતમાંથી ભાગી જવું ! બીજામંત્રમાં કહેવાયું છે કે 'जिजीविषेच्छतँ समाः' સો વર્ષ જીવવાનું છે, ભાગવાનું નથી. જેમ આજે આપણે ઉપનિષદનું અનુરણન કરી છીએ એમ આ મંત્ર એ ગીતાનું પૂર્વરણન છે. જાણે કે ઋષિઓના મનમાં ગીતાની તૈયારી થઈ રહી છે. અરવિંદના અતિમનસનું જાણે Coding-Decoding થઈ રહ્યું છે. એ આ ઉપનિષદમાં બહુ સ્પષ્ટ રીતે સંભળાય છે. 'न कर्म लिप्यते नरे' આપણને આ કર્મ વળગે નહિ. એ વાત જુદી છે કે નિષ્ઠાનો અભાવ હોય ત્યાં પણ કર્મ વળગતું નથી ! પરંતુ નિષ્ઠાસહિત કે આ મારું પણ છે અને આ મારું નથી – એવી ભાવના સાથે જ્યારે કામ કરી છીએ ત્યારે 'न कर्म लिप्यते नरे'માં એની સરસ રીતે વાત થાય છે. આપણે

નાટકમાં જીવન લાવી શકીએ છીએ પરંતુ જીવનમાં નાટક નથી લાવી શકતા, એ આપણી કરુણતા છે. એક પાત્રનો અભિનય કરવા માટે ક્યાંક જતા હોઈએ એટલી નિસ્પૃહતાથી કર્મ કરીએ એવું આ ઉપનિષદનો બીજો મંત્ર કાનમાં કહી દે છે.

પશ્ચિમના ચિંતકો તો એવું કહે છે કે આ એક એવું ઉપનિષદ છે કે જેમાં આગળના મંત્રોમાં ગયા પછી ફરી પહેલા મંત્ર પર પરત આવવું પડે અને પછી ફરીથી આગળ જવું પડે. ત્યાર પછીના મંત્રમાં આત્માની ઓળખ આપવામાં આવી છે, એ પણ ખૂબ કાવ્યાત્મક રીતે. આ બધી અધ્યાત્મવિદ્યાની કવિતાઓ છે. આત્માનું ખૂબ સરસ વર્ણન એમાં છે. 'હું બધામાં મારો જ આત્મા જોઈ શકું' એમ કહીને ઉપનિષદ કહે છે : 'अनेजदेकं मनसो जवीयो'. આ મંત્ર અત્યારની ઈન્ફર્મેશન ટેકનોલોજી સાથે સાંકળી શકાય એવો છે. જો કે સાઈઠના દાયકામાં આ 'આઈ.ટી' શબ્દ આપણા માટે 'ઈન્કમટેક્સ' હતો. પછી સિત્તેરના દાયકામાં એ 'ઈન્ફર્મેશન ટેકનોલોજી' થયો. હવે આ સદીના પહેલા દસકામાં એ 'ઈન્ટરનેશનલ ટેરેરિઝમ' થયો. હવે આ 'આઈ.ટી.' તે 'ઈન્ટલેકચ્યુઅલ ટેરેરિઝમ' થયું. એનો અર્થ છે 'હું જે બતાવું એ જ તમે જુઓ.' ઈન્ફર્મેશન એક્સપ્લોઝન એટલું બધું થયું કે આપણને શું જોવું, શું વાંચવું એ ખબર ન પડે. એટલા માટે આ આત્માની ચિંતા કરતાં આપણામાં જે જન્મે છે તે વિવેક જન્મે છે. વેદાંતમાં 'દગ-દશ્ય વિવેક' એવો શબ્દ આવે છે. આ 'દગ-દશ્ય વિવેક'ને જે સાધી શકે તે આ આત્મતત્વને પામી શકે. એ કેવો વિરોધાભાસ છે કે જે દેશમાં 'તત્વમસિ' કહેવાયું હોય ત્યાં 'અસ્પૃશ્યતા' નામનો શબ્દ પણ જન્મી શકે ! જે આત્મજ્ઞાની છે એને આ જગતમાં કોઈ પારકું નથી.

મને લાગે છે કે ઉપનિષદના વિદ્યાર્થી બધા સમાન હોય. મેં એ રીતે ભણાવતા અનેક શિક્ષકો જોયા છે, એમનું આજે વારંવાર સ્મરણ કરવાની ઈચ્છા થાય છે. શાકુંતલનો શ્લોક પ્રાધ્યાપક જ્યાં રડતાં રડતાં શીખવતા હોય તે શ્લોક અમે કેવી રીતે ભૂલી શકીએ ? 'કન્યાવિદાય' શીખવતા હોય ત્યારે એમ લાગે કે આ મનુષ્યની પ્રજ્ઞાની કેવી ઊંચાઈ છે ! ભારતે 'આત્મતત્વ' એવો શબ્દ જગતને આપ્યો છે કે જેનાથી જગતની બધી જ સમસ્યાઓનો ઉકેલ અહીં મળે છે.

આ ઉપનિષદ પદાર્થવિજ્ઞાનની પણ વાત કરે છે. મેક્સમુલરે ઉપનિષદો વિશે જ્યારે લખ્યું ત્યારે એમ કહ્યું કે 'કાલે કદાચ આપણી પાસે અદ્યતન દૂરબીનો હશે અને અમુક ગ્રહોને આપણે નજરે જોતાં થઈશું પરંતુ આત્મજ્ઞાનની વેધશાળાઓ તો એમ ને એમ અકબંધ છે. કારણ કે એમાં તો બધું સ્પષ્ટ દેખાઈ ચૂક્યું છે.' આ આત્મતત્વ એક તરફ મનુષ્યની અંદર લઈ જાય છે અને બહાર પણ લઈ જાય છે. એક મોબાઈલમાં જેવી ઉત્ક્રાંતિ થઈ રહી છે એવી શાસ્ત્રોની ઉત્ક્રાંતિ આ ઉપનિષદમાં છે, કદાચ બધા ઉપનિષદોમાં છે પરંતુ આ ઉપનિષદમાં વિશેષ છે. આપણે ત્યાં પહેલા મોબાઈલ એક ઉપકરણ તરીકે આવ્યો, ત્યાર પછી એમાં વિકાસ થતો ગયો. આજે 'I-phone 4' આવી ગયો, 'I-pad' આવી ગયું. એમાં પુસ્તકોના પુસ્તકો, કેમેરો, જરૂરી ફાઈલો, જરૂરી નંબરો સહિત અનેકને સમાવી શકાય. હજારો-લાખો પુસ્તકો તમે એક જ 'I-pad' માં રાખી શકો અને વાંચી શકો. બરાબર આ રીતે બધું જ આ ઉપનિષદમાં આવી જાય છે. જગતનું વર્ણન, આત્મતત્વનું વર્ણન વગેરે બધું સમાવિષ્ટ થઈ જાય છે. આજનું વિજ્ઞાન

કહે છે કે આ બધું જ ફક્ત 'Waves' અને 'Energy' છે. મને એ દિવસ બહુ દૂર નથી લાગતો જ્યારે વિજ્ઞાન એમ કહેશે કે આ 'Waves' પણ નથી, માત્ર 'Energy' છે. આપણા શરીરમાં પણ 'Electromagnetic Waves' અને 'Energy' છે એમ કહેવાયું છે. એટલે કે જડ અને ચેતન, આ શરીર અને જગત બંને એકદમ પાડોશ-પાડોશમાં આવી ગયા છે. આ બધું જ આપણા ઋષિઓ અગાઉથી જોઈ ગયા હતા. તેથી જ તેઓ કહે છે કે 'તમે જ્યાં જશો ત્યાં, એ આત્મતત્વ વિદ્યમાન હતું જ.'

આત્મતત્વની વાત કર્યા પછી આ ઉપનિષદ વિદ્યા-અવિદ્યા સંભૂતિ-અસંભૂતિના વિરોધાભાસોની વાત કરે છે. ઋષિ એમ કહે છે કે 'જે અવિદ્યાની ઉપાસના કરે એ ઘોર અંધકારમાં જાય છે. માત્ર વિદ્યાની ઉપાસના કરે એ તો એનાથી પણ ઘોર અંધકારમાં જાય છે !' – આવી ક્રાંતિકારી વાત આ ઉપનિષદમાં કહેવાઈ છે. ઉમાશંકર જોશી તો આ 9થી 14 સુધીના વિરોધાભાસના મંત્રોની વાત કરતાં નાચી ઊઠે છે. તેઓ કહે છે કે આને જો બરાબર સમજવા હોય તો આગળના મંત્રમાં જે ઈશ્વરનું વર્ણન કર્યું છે તે બરાબર સમજવું જોઈએ. 'कविर्मनीषी परिभूः स्वयम्भूर्याथातथ्यतोऽर्थान्' ઉપનિષદ કહે છે કે આ ઈશ્વર કવિ છે. ઉમાશંકર જોશીએ કહ્યું છે કે 'કવિઓથી સાવધાન રહેવું કારણ કે કવિઓ એ ઈશ્વરના જાસુસો છે.....!!' આગળના મંત્રોમાં ઋષિ કહે છે કે 'ઈશ્વર એ જગતનું નિયામક તત્વ છે. એ બધે જ છે.' એટલે તો સરસ્વતીની પ્રાર્થના કરવાની હતી તો મેં એક શ્લોક બનાવ્યો અને કહ્યું કે :

कोम्प्युटरविज्ञानविश्वविषये या प्रोम्टप्राणधारिणी।
इन्टरनेटनिवासिनी भगवती या वेब विश्वेश्वरी ।
विडीयोवाक्प्रदायिनी स्वरप्रदा विन्डोस्थिता शांभवी ।
सा माम् पातु 'चिपेश्वरी' भगवती आधुनिकी पार्वती ॥

આ આધુનિક સરસ્વતી સર્વત્ર છે. એટલે જ આપણે ત્યાં 'ભૂમા' શબ્દ આવ્યો છે. એનો અર્થ છે ચારે બાજુ. એના સિવાય બીજું કશું છે જ નહિ. જ્યાં જુઓ ત્યાં ઈશ્વર છે. રાધાને કેવી મજા આવતી હશે કે હું જ્યાં જોઉં ત્યાં મને કૃષ્ણ દેખાય છે. અત્યારે ટેકનોલોજીની મદદથી આપણે અઢાર હજાર કૃષ્ણો ઊભા કરી શકીએ પરંતુ પેલી આંખમાં ક્યા પ્રકારની 'ચીપ' નાંખી હશે કે એ જ્યાં જુએ ત્યાં એને કૃષ્ણ જ દેખાય ! આ 'ચીપ' આપણી આંખમાં અને મગજમાં રોપવાનું વિજ્ઞાન એટલે 'ઈશાવાસ્ય ઉપનિષદ'. એટલે જ આ ઉપનિષદ એ વિજ્ઞાન અને ધર્મનું પ્રયાગ છે. સ્ટીફન્સ હોકિન્સે હમણાં કહ્યું એની પરથી એમ લાગે કે એ તો આપણી જ વાત કરે છે ! ઉપનિષદ પહેલેથી જ કહે છે કે જ્યાં જાઓ ત્યાં એ પરમ તત્વ પહેલેથી જ વ્યાપ્ત છે. અહીં ઉપનિષદ 'અવિદ્યા' એવો શબ્દ વાપરે છે. એ અવિદ્યા એટલે વિદ્યાનો અભાવ નથી, પરંતુ એનો અર્થ છે લૌકિક વિદ્યા. ફક્ત લૌકિક વિદ્યામાં જો તમે રચ્યા પચ્યા રહો તો તમે અંધકારમાં છો. માત્ર જો અધ્યાત્મવિદ્યામાં જ રહો તો તો ગહન અંધકારમાં છો. આ બહુ ક્રાંતિકારી વચન છે. 'अविद्यया मृत्युं तीर्त्वा विद्ययाऽमृतमश्नुते' એટલે કે અવિદ્યાથી મૃત્યુને તરી જાય છે પરંતુ જો વિદ્યા હોય તો એ અમૃત પામે છે. એટલે કે લૌકિક ક્રિયામાં પ્રવૃત્ત થયાની સાથે જાગૃતિ બહુ જરૂરી છે. 'હું આ જે કરું છું તે આ કરું છું, સાક્ષી ભાવથી કરું છું' – એવી ભાવના કેળવવાની વાત ઉપનિષદમાં મંત્રે-મંત્રે

આવે છે. એ બે પંખીઓનું દૃષ્ટાંત આપીને પણ એ જ વાત કહે છે. માનવતાને જો કોઈ એક શબ્દની ભેટ આપણે આપી હોય તો એ 'સાક્ષીભાવ'ની આપી છે. એ રીતે સાક્ષીભાવથી વિદ્યા-અવિદ્યાની સમજણ આપણને ઋષિ આપે છે.

ત્યાર પછી સંભૂતિ અને અસંભૂતિની વાત આવે છે. એ સરળ પણ છે અને કઠિન પણ છે. જે પ્રગટ દેખાય છે તે અને જે અપ્રગટ છે – એ બંનેને સમજવાનું છે. જે માત્ર સંભૂતિમાં જ રાચે છે એ લોકો ગહન અંધકારમાં છે. માત્ર અસંભૂતિની જ વિચારણા કરીને બેસી રહે છે એ લોકો તો એનાથી પણ ગહન અંધકારમાં છે. આપણી આખી જ્ઞાનની ઉપાસના અપ્રગટની ખોજ કરવાની એક કસરત છે. ઈન્ટરનેટના આવ્યા પછી તો આપણા માટે આ એકદમ સરળ થઈ ગયું છે કે અહીં બેઠા-બેઠા અપ્રગટને કઈ રીતે પ્રગટ કરી શકાય. પરંતુ તે છતાં જેને પામવાનું છે તે તો તેનાથી પણ દૂર છે. કવિઓને એ જ ચિંતા છે કે જે વર્ણવી ન શકાય એનું વર્ણન કેમ કરવું ? એટલે જ આ શબ્દાતીત, કાલાતીત તત્વની નજીક જઈને જે બોલે છે તે કવિતા છે. એથી અહીં કહેવાયું છે કે જે આ સંભૂતિ અને અસંભૂતિ – એમ બંનેને જાણે છે તે અમૃતને પામે છે. આ રીતે પૃથ્વીનું વિજ્ઞાન, સૃષ્ટિનું વર્ણન, આત્મતત્વનો બીજો પડાવ... વિદ્યા-અવિદ્યા, સંભૂતિ-અસંભૂતિ એવો ત્રીજો પડાવ બને છે. હવે ચોથા પડાવમાં કવિ એકદમ પ્રાર્થનામય બની જાય છે.

हिरण्मयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।
तत्त्वं पूषन्नपावृणु सत्यधर्माय दृष्टये ॥

ઋષિ કહે છે કે 'મારું સત્ય ઢંકાયેલું છે, મારે સત્યને જોવું છે'. આપણને એવો પ્રશ્ન થાય કે સત્યને અહીં ચળકતા ઝગમગાટ પાત્રથી ઢંકાયેલું બતાવ્યું છે. અનેક લોકોએ આ શ્લોક માટે ખૂબ ચર્ચા કરી છે. આપણે તો સત્યના ઉપાસકો છીએ. 'સત્યના પ્રયોગો', 'સત્યાગ્રહ' એવા શબ્દો આપણે ત્યાં આવ્યા છે. તો એમ થાય કે આમ કેમ કહ્યું હશે કે સત્યનું મુખ ઢંકાયેલું છે ? જો કે આડકતરી રીતે આ મીડિયાને લાગુ પડતી વાત છે ! એ સત્યનું મુખ ઢાંકી દે છે, એટલે જ મેં અગાઉ શબ્દ વાપર્યો કે 'ઈન્ટલેક્ચ્યુઅલ ટેરેરિઝમ' (હું જે બતાવું એ જ તમે જુઓ.) એ બહુ ઉતાવળમાં છે એટલે હું જે બતાવું એ જ સત્ય છે એમ કહે છે. એને ઉપનિષદના ઋષિની માફક બધી બાજુથી તપાસવું નથી. ઋષિ કહે છે કે 'હે સૂર્ય ! તમે મારી મદદમાં આવો અને આ ઢાંકણ ખોલો.' 'મંગલ મંદિર ખોલો...' જેવી આ પ્રાર્થના છે. આ પ્રાર્થનાથી આપણે પ્રારંભ કરીને સત્યના પ્રદેશમાં પ્રવેશ કરીએ છીએ. મેનેજમેન્ટના વિદ્યાર્થી તરીકે મને એમ લાગે કે આ તો મેનેજમેન્ટનું વિજ્ઞાન છે ! ક્યારેક મને એમ લાગે કે આ પ્રાર્થના નથી, આ તો કોઈ મલ્ટિનેશનલ કંપનીના કોઈ મોટા એક્ઝિક્યુટિવના બ્લડપ્રેશરને માપમાં રાખવાનું એક યંત્ર છે. આ મંત્ર સાથે અગાઉનો 'तेन त्यकेन भुंजीथा' મંત્ર પણ સાથે જોવો રહ્યો. આપણને પ્રશ્ન થાય કે આ બાબત ત્રણ વાર કેમ કહી કે ત્યાગની ભોગવી જાણો ? જેમ કે 'तेन त्यकेन भुंजीथा' પછી 'मा गृधः' અને એ પછી 'कस्य स्विद धनम ?' આ ત્રણ બાબતમાં સૌથી પહેલી 'तेन त्यकेन भुंजीथा' એ સાત્વિક પુરુષો માટેની વાત છે. 'मा गृधः' એટલે કે તું ગીધની માફક ન ત્રાટક, એ તામસી લોકોને કહેવામાં આવેલી વાત છે.

ઋષિને કંઈ વધારાનો સમય છે એટલે ત્રણ વખત નથી કહ્યું ! 'कस्य स्विद धनम ?' આ ધન કોનું થયું છે ? આ રાજસિક લોકો માટે છે. આ ત્રણ ગુણવાળા જે લોકો છે એમને ઉદ્દેશીને આ ઋષિ વાત કરે છે. અહીં ઋષિ સૂર્યને એટલે કે યમને સ્મરે છે કે જેવો નિયમનકર્તા છે. તેઓ પોતાની નિયમન વ્યવસ્થાથી અર્થતંત્રને વેગવંતુ બનાવે છે એમ આજની ભાષામાં કહી શકાય. ઋષિ એટલે તેમનું સ્મરણ કરે છે.

હવે છેલ્લે 17મા મંત્રમાં 'क्रतो स्मर कृतँ स्मर क्रतो स्मर कृतँ स्मर' આવે છે. ઋષિ કહે છે કે આ શરીરમાં જે છે તે પ્રાણતત્વના રૂપમાં વાયુ જ છે, બાકી તો આ શરીર ભસ્મ થવાનું છે. તું તારા કરેલા કર્મોને યાદ કર. મોટા ભાગના લોકો એમ કહે છે કે 'મૃત્યુ સમયે માણસની સદગતિ થાય એ માટે આ મંત્ર બોલવો જોઈએ.' પરંતુ રજનીશ અને અન્ય વિદ્વાનો એમ પણ કહે છે કે 'માણસે સમાધિમાં જતાં પહેલાં આ મંત્ર પોતાને કહેવો જોઈએ.' એનું સ્મરણ કરીને વિસ્મરણમાં ચાલ્યા જવું જોઈએ. છેલ્લા મંત્રમાં ઋષિ કહે છે 'वयुनानि विद्वान्' 'હે સૂર્યદેવ, તમે તો કેટલા વિદ્વાન છો, અમે તમને પ્રણામ કરીએ છીએ. તમે અમને માર્ગદર્શન કરો. અમને સારા પંથે લઈ જાઓ. તમે આ બધાના જાણકાર છો. તેથી અમે તમને વંદન કરીએ છીએ.' આધુનિક અને પ્રાચીન, આ બંનેનું સમ્યક સંમિલન કરીને આ ઉપનિષદ આપણને એક નવા રસ્તે લઈ જાય છે. ઈશાવાસ્ય ઉપનિષદ આપણી જાતને, આપણામાં રહેલા કૃષ્ણને, ઈશ તત્વને, મીરાંની જેમ મળવાનો આદેશ આપે છે. ઈતિ ૐ… જય જય ગરવી ગુજરાત…

## કેનોપનિષદ – મૃદુલા મારફતિયા

અહીં આ સત્રમાં ઉપસ્થિત થવાના નિમંત્રણને હું મારું મોટું સદભાગ્ય સમજું છું. કેનોપનિષદની શરૂઆતમાં આવતા શાંતિપાઠના મંત્રથી જ શુભારંભ કરવા આપ સૌની અનુમતિ યાચું છું.

ॐ सहनाववतु ॥सहनौभुनक्तु ॥
सह वीर्यं करवावहै ॥
तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै ॥
'અમારા બંનેનું (ગુરુ-શિષ્ય) રક્ષણ કરો. અમારા બંનેનું સાથે પોષણ કરો. અમે બંને સાથે મળીને એની ઉપાસના કરીએ. અમારું અધ્યયન તેજસ્વી બનો. અમે બંને અન્ય કોઈનો કે આપસમાં એકબીજાનો દ્વેષ ન કરીએ. શાંતિ હો, શાંતિ હો, શાંતિ હો….'

આત્મખોજની શોધમાં નીકળેલ શિષ્ય અને બીજી બાજુ જ્ઞાનારૂઢ ગુરુ, એ બંનેએ સાથે મળીને કરેલ આ જ્ઞાનપ્રાપ્તિ તેમજ સુરક્ષિતાકાજેની આ પ્રાર્થના બહુ સૂચક છે. અહીં સાથે રહેવાની ભાવના દ્રઢ થયેલી છે. ગુરુ તો જ્ઞાની છે, એમને એકત્વની અનુભૂતિ થયેલી છે, જ્યારે શિષ્ય તો એક સાધક કે વિદ્યાર્થી છે. છતાં બંનેએ સાથે મળીને પ્રાર્થના કરી છે. તેની પાછળ એક અભૂતપૂર્વ એવી યુગભાવના, અરસપરસની સુખકાજેની વાંછના અભિવ્યક્ત થાય છે. જો ગુરુ શિષ્ય વચ્ચે આવી સહકારની ભાવના ન રચાય તો શાસ્ત્રોનું અધ્યયન કરવાનું અશક્યવત બની જાય છે. બંનેમાં જો તેજોદ્વેષ થાય તો વિતંડાવાદ ફેલાય છે. પરિણામે ઘણો સમય બરબાદ થઈ જાય. આ શાંતિમંત્રમાં બંનેના સંયુક્ત

સંરક્ષણની ભાવના સર્વોપરી છે. સુરક્ષા, પોષણ, પરાક્રમ, પ્રકાશમય તેજોપલબ્ધિ, પારસ્પરિક તેજોદ્વેષનો સદંતર અભાવ – આ બધાની યાચના ગુરુ અને શિષ્ય બંનેએ કરી છે. બંનેની કાજે કરી છે – એ વિશિષ્ટ મુદ્દો આ મંત્રને અવનવી ગરિમા પ્રદાન કરે છે. અધ્યાપન કરાવવાની સાથે પોતે પણ અધ્યયન કરી રહ્યો છે એમ દર્શાવતી ગુરુના હૃદયની વિશાળતા આ મંત્રમાં અદ્દભુત રીતે કહેવાઈ છે. અહીં 'શાંતિ' શબ્દ ત્રણવાર બોલાય છે તેની પાછળ પણ આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક દુઃખોના શમનનો હેતુ રહેલો છે.

આ શાંતિમંત્રનો બીજો શ્લોક છે 'ॐ आप्यायन्तु ममाङ्गानि वाक्प्राणश्चक्षुः....' આ મંત્ર દ્વારા સાધક પ્રાર્થે છે કે પરમાત્માની પ્રાપ્તિ માટેના સર્વે ઔપનિષદ ગુણો મારામાં આવે. એથી હું સદાચારી બનું. સર્વવ્યાપી ઈશ તત્વનો હું સ્વીકાર કરું. મારી બધી ઈન્દ્રિયો બલિષ્ટ બને જેથી કાર્યસિદ્ધિમાં સહાયભુત થાય. શાંતિપાઠનું આટલું વિવેચન કરવાનો હેતુ એ છે કે અત્યારે થતી પ્રાર્થનાઓ અને આ ઉપનિષદની પ્રાર્થનાના તફાવતને આપણે સમજવાનો છે. આજે આપણે જે પ્રાર્થનાઓ જોઈએ છીએ તેમાં ધન, દોલત, કીર્તિ, યશ, સુખસાહિબીના સાધનો ઈત્યાદિની માગણી સિવાય અન્ય કોઈ ઉદ્દાત્ત ભાવના નજરે ચઢતી નથી. અહીં તો ગુરુ-શિષ્ય પરમની પ્રાપ્તિ માટે જે ઝંખના સેવે છે એનું પ્રતિબિંબ ઝીલાયું છે. એકાદશ ઉપનિષદોમાં કેનોપનિષદને જે સ્થાન મળ્યું છે તે તેની ઉત્કૃષ્ટ એવી અધ્યાત્મિક પ્રશ્નોત્તરીને કારણે મળ્યું છે. અહીં ફક્ત પચાસ મિનિટમાં આ ઉપનિષદને વિસ્તારથી સમજાવવું અશક્ય છે પરંતુ જે પ્રશ્નો મનુષ્યને પહેલેથી ખૂબ સતાવતા રહ્યા છે એવા પ્રાણપ્રશ્નોની માંડણી જેમાં થઈ છે એવા કેટલાક મંત્રો વિશે આપણે યથાશક્તિ-મતિ વિચાર કરીશું.

વિચારશીલ મનુષ્યનું મન સદા મૂંઝવણ અનુભવતું રહ્યું છે કે આ જડ એવા શરીરને કોણ ચેતનવંતુ રાખે છે ? આ મન, ઈન્દ્રિયો, બુદ્ધિને ચૈતન્યબક્ષીને કોણ ક્રિયાન્વિત કરતું હશે ? કેનોપનિષદના પહેલા જ મંત્રથી જ ઋષિએ આ બાબતને વાચા આપી છે :

**ॐ केनेषितं पतति प्रेषितं मनः केन प्राणः प्रथमः प्रैति युक्तः ।**
**केनेषितां वाचमिमां वदन्ति चक्षुः श्रोत्रं क उ देवो युनक्ति**

'કોની પ્રેરણાથી આ મન દોડાદોડ કરે છે ? કોના હુકમથી આ પ્રથમ પ્રાણ ચાલે છે ? આ વાણી કોની ઈચ્છાથી બોલાય છે ? આ કયો દેવ જેમ કે આંખ, કાન વગેરે, તેમને તેમના વિષયોમાં જોડે છે ?' ઈન્દ્રિયોના વિષયોનો ઉપભોગ કરી કરીને મનુષ્યને તેની મર્યાદાઓ સમજાય છે. તે જાણતો થાય છે કે આ સંસારના ભોગો માટે જે ગીધવૃત્તિ રાખી એ બધું અનંત ચકરાવા જેવું છે. પોતાના જ પડછાયાને પકડવા જેવી આ ગાંડી દોડ છે. તેને પ્રશ્ન થાય છે કે આ જડ ઈન્દ્રિયોને કાર્ય કરવા માટે ઊર્જા બક્ષનાર એવું કયું ચૈતન્ય તત્વ હશે ? આ જિજ્ઞાસા તેને શાસ્ત્રો ભણી વાળે છે. પ્રથમ મંત્રમાં કરેલા ઉત્તરના રૂપમાં ઋષિ બીજા મંત્રમાં કહે છે કે :

**श्रोत्रस्य श्रोत्रं मनसो मनो यद् वाचो ह वाचं स उ प्राणस्य प्राणः ।**

चक्षुषश्चक्षुरतिमुच्य धीराः प्रेत्यास्माल्लोकादमृता भवन्ति ॥

'એ કાનનો ય કાન છે, મનનું ય મન છે, જરૂર એ વાણીનીયે વાણી છે, પ્રાણનો પણ પ્રાણ છે, આંખનીયે આંખ છે. આ લોકમાંથી જઈને ધીર પુરુષો પોતાની જાતને મુક્ત કરીને અમર બની જાય છે.' કેનોપનિષદ જેને પ્રાણનોય પ્રાણ કહે છે એવા બ્રહ્મતત્વને વર્ણવવા માટે શબ્દો સર્વદા અસમર્થ બની જાય છે, એવું સૂચન આ મંત્ર કરે છે. જે મન અને બુદ્ધિથી પર હોય એને મનની મર્યાદામાં બાંધવું કે બુદ્ધિના તર્કથી સમજાવવું અશક્યવત છે. ઋષિ કહે છે કે જેણે પોતાના શરીરના વધુ પડતા લાલન-પાલન પાછળ આખી જિંદગી વેડફી નાખી, તે મનુષ્ય જાગૃત થઈને બધા બંધનોથી મુક્ત થાય છે ત્યારે તેને અમરપણું પ્રાપ્ત થાય છે. આવો ધીર મનુષ્ય અનુભૂતિના અગમ્ય પ્રદેશમાં પ્રવેશ કરે છે. જે જે વસ્તુ આંખ જોઈ શકે છે તે બહાર રહેલી છે. આંખ દ્વારા બહારની દુનિયા દેખાય પરંતુ આત્મા તો ભીતર રહેલો છે. તો એને આંખ કેવી રીતે જોઈ શકે ? વળી આંખ પોતે કશુંયે જોવાની ક્ષમતા ધરાવતી નથી. આંખને ચૈતન્ય બક્ષનાર આત્મતત્વ જ છે. તેને કારણે તે જોવાની ક્ષમતા મેળવે છે. સ્વામી ચિન્મયાનંદજી કહેતા કે 'ટેલિસ્કોપથી આપણે દૂર-સુદૂર જોઈ શકીએ છીએ પરંતુ ટેલિસ્કોપ પોતે કશુંયે જોવાની ક્ષમતા ધરાવતું નથી. એ તો ટેલિસ્કોપમાંથી જોનારો તો મનુષ્ય જ છે. તેથી એ દ્રષ્ટા છે.' વળી, એ મનુષ્યની આંખને પણ વિઝન આપનાર તો આત્માની ચિદ શક્તિ જ છે. અહીં એક બીજી વસ્તુ પણ સમજી લેવાની જરૂર છે કે આપણે ફક્ત આંખો બંધ કરીને બેસીએ એટલે બહારની દુનિયાના દેખાતા પદાર્થો બંધ જ થઈ જાય છે, એમ કહેવું ખોટું છે. માણસે આખી જિંદગી અસંખ્ય ચિત્ર-વિચિત્ર પ્રદાર્થો જોયા હોય અને અનુભવ્યા હોય એટલે એ બાબતના ચિત્રો એના માનસપટલ પર આંખ બંધ કરે તોય સળવળ્યા કરે છે. પોતાના ભવની ભૂતાવળનું આ ચિત્ર મનની ભીતર સદૈવ ચાલ્યા જ કરતું હોય છે. જ્યારે આવા ચિત્રો સદંતર ભૂંસાઈ જાય છે ત્યારે નિર્મળ જ્ઞાનચક્ષુ દ્વારા પરમાત્માનું દર્શન થઈ શકે છે. વસ્તુતઃ પરમાત્મદર્શન માટે આંખની આવશ્યકતા નથી, કારણ કે આત્મા તો સ્વયં પ્રકાશિત છે. ચક્ષુ તો અંતરરાત્માની બારી જેવું છે, એમાંથી જોવાવાળો ચૈતન્ય સ્વરૂપ આત્મા સ્વયં છે. બાહ્ય પદાર્થોને જોવા માટે ચક્ષુની જરૂર છે પરંતુ અંદર વસતા ચિદાત્માને જોવા માટે ચક્ષુરૂપી બારીની જરૂર નથી. એટલે જ ઋષિ કહે છે કે 'न तत्र चक्षुर्गच्छति' આમ, ચક્ષુની જેમ અન્ય ઈન્દ્રિયોની બાબતનું પણ સમજી લેવું.

આપણી ઈન્દ્રિયોને બર્હિમુખી કહી છે. એટલે જ સ્વાભાવિક રીતે તે પોતપોતાના પદાર્થો ભણી બહારની દુનિયામાં દોડી જાય છે. અંતરાત્મા ભણી ઝાંખીને જોતી પણ નથી. તૈતરિય ઉપનિષદમાં પણ આ વાત કહેલી છે. અહીં એક વસ્તુ એ પણ સમજવાની છે કે બ્રહ્મવિદ્યાના મંદિરમાં પ્રવેશ મેળવતા પહેલા ઈન્દ્રિય, મન, બુદ્ધિ વગેરે પગરખાં બહાર ઊતારવાં જ પડે. આથી જ ઋષિ કબૂલ કરે છે કે આવા અગમ્ય પરમાત્મા વિશે કેવી રીતે ઉપદેશ આપવો ? તે અમને સમજાતું નથી. એ તત્વને સ્પષ્ટ રૂપે કહેવાનું કેટલું અશક્ય છે એમ કહીને ઋષિ અંતે પોતાની કાવ્યાત્મક વાણી વહેતી મૂકે છે :

यद्वाचाऽनभ्युदितं येन वागभ्युद्यते ।

यन्मनसा न मनुते येनाहुर्मनो मतम् ।
यच्चक्षुषा न पश्यति येन चक्षूँषि पश्यति ।
यच्छ्रोत्रेण न शृणोति येन श्रोत्रमिदं श्रुतम् ।
यत्प्राणेन न प्राणिति येन प्राणः प्रणीयते ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥

'જે વાણીથી બોલાતું નથી પરંતુ વાણી જેનાથી બોલવાની શક્તિ પ્રાપ્ત કરે છે, જેનું ચિંતન મન દ્વારા થતું નથી, પણ મન જેને કારણે ચિંતન-મનન કરી શકે છે, ચક્ષુ વડે જેને જોવાતું નથી પરંતુ જેના વડે ચક્ષુ જોઈ શકે છે, સાંભળવા માટે કાનની જેને જરૂરત નથી પરંતુ કાન જેને કારણે સાંભળી શકે છે, જેનું અસ્તિત્વ પ્રાણને આભારી નથી, પરંતુ પ્રાણ જેને કારણે ગતિશીલ રહે છે તેને તું બ્રહ્મ સમજ. બાકી વાણી, આંખ, મન ઈત્યાદિ દ્વારા જે પ્રાકૃત વિષયોની ઉપાસના થતી જોઈએ છીએ તે બ્રહ્મ નથી.' અહીં આપણને પ્રશ્ન થાય કે શું બ્રહ્મ સદા અજ્ઞેય જ છે ? આ બધી તપ અને ઉપાસના બધી નિરર્થક છે કે શું ? એના જવાબમાં ઋષિ કહે છે કે 'એ તત્વને સર્વદા અજ્ઞેય માની લેવાની ભૂલ ન કરવી અને આપણી પાસે જે જ્ઞાન હોય એને પણ સંપૂર્ણ માની લેવાની ભૂલ ન કરવી.' નિજતત્વને આપણે જાણીએ તો સાચા માર્ગે પદાર્પણ કરી શકીએ. આમ, 'કેન ?' એટલે કે 'કોના થકી ?' એ પ્રશ્નનો ઉત્તર ઋષિએ આપી દીધો કે આ બધું જ પરમાત્મા થકી છે.

ઉપરોક્ત બાબતનું સમર્થન કરવા માટે ઋષિએ સુંદર આખ્યાયિકા રજૂ કરી છે. આમ તો આ કથા બહુ સરળ અને સ્પષ્ટ છે પરંતુ એમાં ગર્વને કારણે કેવું પતન થઈ શકે એનું સૂચન બહુ સુક્ષ્મતયા થયું છે. મનુષ્યની કોઈ પણ સિદ્ધિ માટે તેનો આત્મા જ જવાબદાર હોય છે પરંતુ એનો અહમ આનું શ્રેય વટાવી ખાતો હોય છે. માત્ર મનુષ્ય જ નહીં, દેવોને પણ ઘમંડ હોય છે. પોતાના અહમને કારણે તેઓ પરમતત્વને ઓળખી નથી શકતા, એ વાતને આ નાનકડી કથામાં ઋષિએ વર્ણવી લીધી છે. દેવો પણ પોતે સર્વશક્તિમાન નથી, એ તો પરમાત્માની પ્રાપ્તિમાં વચેટિયા જેવા છે. તેઓ પરમાત્માની શક્તિને કારણે જ પોતપોતાનું કાર્ય કરવાની ક્ષમતા મેળવે છે. વાર્તા એવી છે કે દેવાસુર સંગ્રામમાં દેવો જીતીને ગર્વિષ્ઠ થઈ ગયા. ત્યારે તેમનો ભ્રમ ભાંગવા માટે પરમાત્મા યક્ષનું રૂપ ધારણ કરીને તેમની સમક્ષ જાય છે. આ રહસ્યમય યક્ષ કોણ છે તે તેઓ જાણી શક્યા નહીં. બધા દેવો ભેગા થઈને 'જાતવેદ' એટલે કે અગ્નિને મોકલે છે. 'જાતવેદ'નો અર્થ થાય છે કે જન્મતાની સાથે જ બધું જાણનારો. અગ્નિદેવ જાય છે. યક્ષ એને પૂછે છે કે 'તું શું કરવાને શક્તિમાન છે ?' અગ્નિ કહે છે કે 'આ પૃથ્વી પર જે કંઈ છે એ બધું હું ભસ્મીભૂત કરી શકું છું.' યક્ષ એની સામે નાનું તણખલું મૂકે છે અને કહે છે કે 'આને બાળી નાખ.' અગ્નિદેવ એને બાળી શકતા નથી. આ રીતે દેવોએ વાયુદેવને પણ મોકલ્યા પરંતુ એ પણ તણખલાંને ત્યાંથી ખસેડવામાં અસમર્થ રહ્યા. છેવટે વાત ઈન્દ્ર સુધી પહોંચે છે. ઈન્દ્ર જાય છે ત્યારે ત્યાં યક્ષ નહોતો પરંતુ એક લાવણ્યમયી યુવતી ઉમા પ્રગટ થઈ હતી. તે ઈન્દ્રને સમજાવે છે કે દેવતાઓનું તમામ સામર્થ્ય એ પરબ્રહ્મનું જ સામર્થ્ય છે. એનાથી જ તેમનો વિજય થયો છે. દેવોને સાચી વાતનું ભાન થાય છે. વાર્તા તો અહીં પૂરી થાય છે પરંતુ મૂળતત્વ એ છે કે આપણા સૌના હૃદયમાં આ ઉમા

વસે છે અને એ છે બ્રહ્મવિદ્યા અથવા 'ઋતંભરા પ્રજ્ઞા', એટલે કે સારા-નરસાનો વિવેક કરનારી બુદ્ધિ. આપણી ભીતર રહેલો જીવાત્મા ઈન્દ્ર છે અને ચક્ષુ વગેરે ઈન્દ્રિયો દેવ સ્વરૂપ છે. જીવાત્માને ઉમા એટલે કે બ્રહ્મવિદ્યા દ્વારા બ્રહ્મપ્રાપ્તિ થઈ શકે છે. ઉપનિષદમાં પ્રણવોપાસાનાને બ્રહ્મવિદ્યાનું સર્વશ્રેષ્ઠ રૂપ માનવામાં આવે છે. ઓમકારની ત્રણ માત્રાઓ છે : 'અ, ઉ, મ'. આ માત્રાઓને જરા જુદી રીતે ગોઠવીએ 'ઉ, મ, અ' તો 'ઉમા' શબ્દ બને છે. આમ, પ્રણવવિદ્યા એ બ્રહ્મવિદ્યા જ છે એવું મનાય છે. આ નાનકડી કથા એટલું કહી જાય છે કે વ્યક્તિ અને સમષ્ટિમાં જે કંઈ શક્તિ છે એ બ્રહ્મની જ શક્તિ છે. તેથી આપણે 'મેં કર્યું', 'મેં કર્યું' એવું અભિમાન સેવીએ છીએ તે તદ્દન ખોટું છે.

બ્રહ્મજ્ઞાન થતાં સાધકને પ્રતીતિ થાય છે કે વ્યક્તિના જીવનમાં જે કંઈ થાય છે એનો કર્તા પરમાત્મા જ છે. એ પરમાત્માના જ ભયથી પવન ચાલે છે અને સૂર્ય સમયસર ઊગે છે અને આથમે છે. એના જ ભયથી અગ્નિ, ઈન્દ્ર અને મૃત્યુ – એ બધાં પોતાના કાર્યમાં નિયમનુસાર પ્રવૃત્ત રહે છે. જો આ બધાની સુચારુ વ્યવસ્થા કરનારો કોઈ પ્રેરક ન હોત તો જગતના કાર્યો કેવી રીતે સંપન્ન થાત ? તેની પ્રેરણાથી તો સૂર્ય, ચંદ્ર ગતિ કરે છે. તેની પ્રેરણાથી વરસાદ વરસે છે, તેની પ્રેરણાથી નદીઓ વહે છે. અરે, તેની પ્રેરણા વગર તો આંખની પાંપણ પણ હાલી નથી શકતી. એની પ્રેરણા વગર ઝાડનું પાંદડું પણ ફરકી નથી શકતું. એની પ્રેરણાથી જ આ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે. એવો સર્વ શક્તિમાન પરમાત્મા જ સર્વનો કર્તા છે. એ સત્યનું દર્શન ઉપરોક્ત કથા દ્વારા ઋષિએ કરાવ્યું છે.

હવે પ્રશ્ન થાય કે આ પરમજ્ઞાનનું સ્વરૂપ શું છે ? સામાન્ય રીતે આપણને ઈન્દ્રિયો દ્વારા બાહ્ય પદાર્થોનું જ્ઞાન થતું હોય છે, એને આપણે 'પ્રત્યક્ષ પ્રમાણ' કહીએ છીએ. પરંતુ પરમ જ્ઞાન ઈન્દ્રિયજન્ય નથી એથી પરમ જ્ઞાનને 'પ્રત્યક્ષ જ્ઞાન'ની કક્ષામાં ન મૂકી શકાય. વળી જે મન, બુદ્ધિથી પર છે એવા તત્વને 'અનુમાન'થી પણ ન જાણી શકાય. જ્ઞાનનો ત્રીજો માર્ગ છે 'શ્રદ્ધેય પુરુષના વચનો.' આપ્તજનોના વચનથી શ્રદ્ધા પેદા થાય છે. પરમપ્રાપ્તિનો માર્ગ દર્શાવે છે છતાં એ આત્મવચન સાક્ષાત જ્ઞાન નથી. સંતોને ઈશ્વરની અનુભૂતિ ચોક્કસ થઈ હોય, પરંતુ એ અનુભૂતિની અભિવ્યક્તિ જે શબ્દમાં થાય, એ વચનો તમારા-મારા જેવા શ્રોતા માટે પરમ જ્ઞાન નથી. શબ્દ પ્રમાણ બૌદ્ધિક જ્ઞાન પેદા કરે, અધ્યાત્મ માર્ગે સહાયક થાય, પરંતુ શાસ્ત્રના અધ્યયન માત્રથી પરમાત્માની અનુભૂતિ થઈ શકે નહીં. આમ, પરમ જ્ઞાન એ પ્રત્યક્ષ, અનુમાન, આપ્તવચન અને શબ્દપ્રમાણનો વિષય નથી, એ હકીકત સ્પષ્ટ થાય છે. તો પછી પરમજ્ઞાનનું સ્વરૂપ શું ? ઋષિ કહે છે (ગુરુ શિષ્યને કહે છે) 'જો તું એમ માનતો હોય કે તું બ્રહ્મના સ્વરૂપને બરાબર જાણે છે તો તું નિશ્ચિત માનજે કે તું બ્રહ્મના સ્વરૂપને જાણતો નથી. બ્રહ્મનું સ્વરૂપ તારામાં છે અને અન્ય દેવતાઓમાં છે તે પણ અલ્પ જ છે.' શિષ્ય કહે છે કે, 'હું નથી માનતો કે હું બ્રહ્મના સ્વરૂપને યથાર્થ રીતે જાણું છું પણ સાથે સાથે હું એમ પણ કહું કે હું બિલકુલ નથી જાણતો એમ પણ નથી.' આ સંવાદનો નિષ્કર્ષ આપતાં ઉપનિષદકાર કહે છે 'જે એમ માને છે કે બ્રહ્મને સંપૂર્ણ સ્વરૂપે જાણી શકાય એમ નથી, તે બ્રહ્મને જાણે છે... જે એમ માને છે કે મેં બ્રહ્મને સંપૂર્ણ સ્વરૂપે જાણી લીધું છે, તે બ્રહ્મને જાણતો નથી. વળી જેને બ્રહ્મજ્ઞાનનું અભિમાન છે તે બ્રહ્મને જાણતો નથી. જેને જ્ઞાતૃત્વનું અહમ નથી તે બ્રહ્મને જાણે છે.'

પોતાની જાતને જાણવી, બ્રહ્મજ્ઞાન મેળવવું એ અઘરી બાબત છે. બ્રાહ્ય જગતને જાણવું સમજવું, અને આત્મજ્ઞાન મેળવવું એમાં આસમાન જમીનનો ફરક છે. પોતાની ભીતર રહેલ સચ્ચિદાનંદ આત્માને સમજવો અને એને શબ્દોમાં સમજાવવો એ અતિશય કપરું કામ છે. યોગસાધના દ્વારા સંકલ્પ-વિકલ્પાત્મક મન નિશ્ચલ અને શાંત થઈ શકે છે. સંપૂર્ણ અ-મન ભાવ પેદા થાય છે ત્યારે ચૈતન્યસ્વરૂપ આત્માની પરમ અનુભૂતિ શક્ય બને છે. આ અનુભૂતિને શબ્દમાં વર્ણન કરવા બેસીએ તો પરસ્પર વિરોધાભાસી લાગે એવા વિધાનો કરવા પડે છે. ‘બ્રહ્મજ્ઞાન થઈ ગયું’ એમ કહેનાર જાણે કે જ્ઞાનની પ્રાપ્તિને ભૂતકાળનો વિષય બનાવી દે છે. જ્યારે જ્ઞાન મેળવવાની પ્રક્રિયા તો સનાતન વહેતા રહેતા પ્રવાહ જેવી છે. જેમ આપણે ‘જીવી લીધું’ એમ આપણે કહી શકતા નથી, કારણ કે એમ કહીએ ત્યારે પણ આપણે જીવતા હોઈએ છીએ, એટલે જ બ્રહ્માનુભૂતિ પણ એક સતત ચાલતી પ્રક્રિયા જેવી છે. જ્યાં સુધી શાસ્ત્રમાંથી મેળવેલું જ્ઞાન અનુભૂતિમાં પરિણમતું નથી ત્યાં સુધી તે શુષ્ક શાબ્દિક જ્ઞાન બની રહે છે. કારણ કે તેમાં જીવંત ધબકતો અનુભવ નથી. આવા પોથીપંડિતને અહીં કેનોપનિષદમાં ‘અજ્ઞ’ કહ્યો છે. ‘મેં જાણી લીધું’ એમ કહેનાર વાસ્તવમાં જાણતો તો નથી જ પરંતુ એની જાણવાની ક્રિયા પણ સમાપ્ત થઈ જાય છે. વાસ્તવમાં બ્રહ્મને પામવાની યાત્રા તો સદાકાળ ચાલતી જ રહે છે. બ્રહ્મજ્ઞાનનું સ્વરૂપ જ એવું છે કે એમાં અપરોક્ષાનુભૂતિ જ થઈ શકે.

જ્યારે કોઈ પણ પદાર્થનો બોધ થતો હોય ત્યારે એ આત્માનું જ સ્ફુરણ થતું હોય છે, એવું સમજનારને જરૂર અમરત્વ પ્રાપ્ત થાય છે. આત્માથી વીર્ય મેળવાય છે અને વિદ્યાથી અમરત્વ પ્રાપ્ત થાય છે. બધા જ વિચારોનો જ્ઞાતા સાક્ષીભૂત આત્મા જ છે. નિદ્રામાં પણ ‘મને આમ સ્વપ્ન આવ્યું હતું’ એમ અનુભવનાર ‘હું’ નામનો ભીતર વસતો આત્મા જ છે. તે જ આવા અનુભવોનું સાતત્ય જાણવનાર સાક્ષી છે. શાસ્ત્રમાં મનુષ્યની યોની ને જ કર્મયોનિ ગણવામાં આવે છે. બાકીની સર્વ યોનીઓને ભોગ-યોની કહી છે. ચેતનાની અભિવ્યક્તિ મનુષ્યમાં પૂર્ણતયા થયેલી જોવા મળે છે. આદિશંકરાચાર્યના ‘વિવેકચૂડામણિ’માં વિસ્તારપૂર્વક વર્ણન થયેલું છે. આવો દુર્લભ જન્મ મેળવ્યા બાદ જો મનુષ્ય આત્મજ્ઞાન માટે પ્રયત્ન ન કરે તો એનું જીવતર એળે ગયું કહેવાય. મનુષ્ય સમજી શકે છે કે જડ ઈન્દ્રિયો અને દેહથી આત્મા તદ્દન વિલક્ષણ છે અને અલગ છે. તે જ સૌનો પ્રકાશક અને પ્રેરક છે પરંતુ આટલું ખાલી બુદ્ધિ દ્વારા જ જાણી લેવાથી આત્મપ્રાપ્તિ થતી નથી. જ્યાં સુધી જડ દેહાદિ સાથે જિંદગીભર સેવેલો આત્મદર્શનનો ભ્રમ ટળતો નથી, મોહ-માયા આસક્તિના બંધનો છૂટતાં નથી, ત્યાં સુધી આત્માનુભૂતિ શક્ય નથી. આથી ઋષિ કહે છે કે આ આત્મજ્ઞાન, અહીં જ, આ દેહમાં જ, મનુષ્યજન્મમાં જ મેળવવાનું છે. એમ ન થાય તો તો ભારે હાની થઈ સમજવી. આથી, આપણે આપણા દુર્લભ એવા જન્મને સાર્થક કરીએ. અસ્તુ.

પ્રથમ સંગોષ્ઠિનું બરાબર બાર વાગ્યે સમાપન થયું હતું. એ પછી મધ્યાહ્ન ભોજન બાદ બપોરે ચાર વાગ્યે બીજી સંગોષ્ઠિનો પ્રારંભ થયો હતો. આ સંગોષ્ઠિનું સંચાલન શ્રી અજિત ઠાકોરે કર્યું હતું. તેમાં સૌપ્રથમ ભાણદેવજીએ પ્રશ્નોપનિષદ વિશે વાત કરી હતી.

પિતાજી બ્રહ્માને એક પુત્રી છે. એમનું નામ છે બ્રહ્મવિદ્યા. એનું જ બીજું નામ અધ્યાત્મવિદ્યા. એકવાર બ્રહ્મવિદ્યા પોતાના પિતા બ્રહ્માજીને કહે છે કે 'પિતાજી મને પૃથ્વીલોક પર અવતાર ધારણ કરવાની ઈચ્છા થાય છે. પૃથ્વીલોક પર ચિરકાળ સુધી વસવાટ કરવાની ઈચ્છા થાય છે.' માનવકલ્યાણ માટે સદા આતુર બ્રહ્માજીને આનંદ થયો. રાજીપો વ્યક્ત કરતાં તેમણે કહ્યું : 'જરૂર પૃથ્વીલોક પર જાઓ. અને ત્યાં ચિરકાળ સુધી વસવાટ કરો.'
એટલે બ્રહ્મવિદ્યા ત્રણ પ્રશ્નો પૂછે છે : 'મારે પૃથ્વીલોક પર અવતાર ધારણ કરવાની પ્રક્રિયા શું ? મારે કયું રૂપ ધારણ કરવું ? કયું નામ ધારણ કરવું ?' બાજુમાં માતા સરસ્વતી બેઠા હતાં. બ્રહ્માજી કહે છે કે 'નામ અને રૂપ આપવામાં માતા સરસ્વતીજી કુશળ છે. આપ એમને પૂછો.'
મા સરસ્વતી બ્રહ્મવિદ્યાને કહે છે : 'તમે પૃથ્વીલોક પર જાઓ. ભારતવર્ષમાં જાઓ. ત્યાં ઋષિઓ છે એમની ચેતનામાં પ્રવેશ કરો. બાકીનું કામ તેઓ કરશે.' તદનુસાર બ્રહ્મવિદ્યા પૃથ્વીલોક પર આવે છે. ભારતવર્ષમાં આવે છે, ઋષિઓની ચેતનામાં પ્રવેશ કરે છે અને મંત્ર સ્વરૂપે પ્રગટ થાય છે. ઋષિઓ એને નામ આપે છે : 'उपनिषदः' ઉપનિષદ બ્રહ્મવિદ્યાનો મંત્રાવતાર છે, શબ્દદેહ છે. ઉપનિષદો 300 છે. એમાંથી 108 સર્વસ્વીકૃત-સર્વમાન્ય ઉપનિષદો ગણાય છે.

મુક્તિકો ઉપનિષદમાં ભગવાન શ્રીરામ અને હનુમાનજી વચ્ચે સંવાદ ચાલે છે. હનુમાનજી મહારાજ ભગવાન શ્રીરામને મુક્તિનો ઉપાય પૂછે છે. ભગવાન શ્રીરામ હનુમાનજી મહારાજને કહે છે, 'મુક્તિ માટે તો 'માણ્ડૂક્ય' ઉપનિષદ એક બસ છે.' માત્ર બાર મંત્રનું નાનું માણ્ડૂક્ય ઉપનિષદ છે. એનાથી મુક્તિ ન મળે તો બીજા દશ. એટલે કે એકાદશ ઉપનિષદ. એનાથી ન મળે તો બત્રીસ. એનાથી ન મળે તો 108. એ પછી મુક્તિકોપનિષદમાં 108 ઉપનિષદની યાદી આપવામાં આવી છે. આ 108માં એકાદશ પ્રધાન છે અને તે શ્રુતિ ગણાય છે, જેમના પર આદિ શંકરાચાર્યે ભાષ્યો રચ્યા છે, જે પ્રસ્થાનત્રયીનો આધાર ગણાય છે. એકાદશ ઉપનિષદના અભ્યાસનો એક નિશ્ચિત ક્રમ છે : ઈશ, કેન, કઠ, પ્રશ્ન, મૂણ્ડક, માણ્ડૂક્ય, એતરેય, તૈત્તિરીય, શ્વેતાશ્વતર, છાંદોગ્ય અને બૃહદારણ્યક. આ અગિયારમાં ચતુર્થ ઉપનિષદ તે પ્રશ્નોપનિષદ છે. નામ દ્વારા સૂચિત થાય છે કે પ્રશ્નોપનિષદમાં પ્રશ્નો અને ઉત્તર છે. માત્ર પ્રશ્નો નથી, ઉત્તરો પણ છે. છ પ્રશ્નો અને છ ઉત્તરો આ ઉપનિષદમાં છે. એને આ ઉપનિષદના છ પ્રકરણો કહેવા જોઈએ. છ ઋષિઓ છે : આશ્વલાયન, કબન્ધી, ભાર્ગવ, સુકેશા, સત્યકામ અને સૌર્યાયણી. આ છ એ છ ઋષિઓ કેવા છે ? આ બધા ઋષિઓ બ્રહ્મપરાયણ છે અને બ્રહ્મનિષ્ઠ છે. એટલે કે જ્ઞાની પુરુષો છે. તે છતાં પરમ બ્રહ્મનું અન્વેષણ કરનારા છે. એટલે જ હાથમાં સમિધ લઈને જ્ઞાનપ્રાપ્તિ માટે જિજ્ઞાસુ બન્યા છે. જુઓ ભાઈ, અહીં એક સમજવાની વાત છે. બ્રહ્મનિષ્ઠ છે પરંતુ પરબ્રહ્મની ખોજ કરનારા છે એનો અર્થ એમ કે બ્રહ્મ અને પરબ્રહ્મ ને અહીં બે વિશિષ્ટ જુદી જુદી ચેતનાઓ ગણેલી છે. આનો ખુલાસો ગીતાના પંદરમા અધ્યાયના અંતિમ શ્લોકોમાં છે.

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च |
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ||१५-१६||
उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युधाहृतः |
यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ||१५-१७||
यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः |
अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ||१५-१८||

અક્ષર એ બ્રહ્મ છે, પુરુષોત્તમ એ પરબ્રહ્મ છે. પરબ્રહ્મની તુલનાએ બ્રહ્મ કિંચિત ન્યુન સત્તાત્મક ચેતના છે એમ આનો અર્થ થયો. આ છ એ છ ઋષિ બ્રહ્મનિષ્ઠ હોવા છતાં પરબ્રહ્મની શોધ માટે નીકળે છે. આનો અર્થ એમ કે અધ્યાત્મ અનંતની યાત્રા છે. કદી પૂરી થતી નથી. અધ્યાત્મયાત્રા વિશે શ્રી અરવિંદે કહ્યું છે કે 'It starts but never ends.' આ એક એવી સોપાન શ્રેણી છે જેનું પહેલું સોપાન છે, અંતિમ સોપાન કોઈ નથી. અનંતની યાત્રાનું કદી સમાપન થતું નથી. એટલે બ્રહ્મનિષ્ઠ હોવા છતાં એમની અધ્યાત્મયાત્રા ચાલુ છે અને એ અધ્યાત્મયાત્રા ચાલુ છે એટલે કોઈ સમર્થ ગુરુ પાસે જવાનું છે. ગુરુ પાસે જવું છે એટલે હાથમાં સમિધ લેવાનું છે. એટલે એમને વિશે બ્રહ્મનિષ્ઠ અને પરબ્રહ્મની ખોજ કરનારા એવા હાથમાં સમિધ લીધેલા ઋષિઓ – એમ કહ્યું છે. હવે પ્રશ્ન એ છે કે 'समित्पाणी' (હાથમાં સમિધ લેવું) થવું એટલે શું ? અને સમિધ એટલે શું ? યજ્ઞમાં જે કાષ્ઠ હોમાય છે એના બે પ્રકાર છે : 'ઈદમ અને સમિધ'. ઈદમ એટલે ઈંધણા. અગ્નિને પ્રજ્વલિત રાખવા માટે જે સતત મૂકવામાં આવે તે 'ઈદમ' કહેવાય. પરંતુ સમિધ વિશિષ્ટ પ્રકારનું કાષ્ઠ છે. યજમાનની ટચલી આંગળી જેટલું જાડું, યજમાનના પ્રાદેશ જેટલું લાંબુ. અંગુષ્ઠ અને તર્જનીના અંતિમ છેડા વચ્ચેનું અંતર તે 'પ્રાદેશ' કહેવાય છે. જેમાં ગાંઠ ન હોય, કાંટા ન હોય, સડેલું ન હોય, છાલ ઊતરી ન હોય તેવા વિશિષ્ટ વૃક્ષોનું જ તે લઈ શકાય. વડ, પીપળો, આંબો, ખાખરો, શમી – આ વૃક્ષોની પ્રાદેશ માત્ર લાંબી લાકડીને 'સમિધ' કહેવાય છે. પ્રત્યેક યજ્ઞમાં બે સમિધ અનિવાર્યપણે મંત્રસહિત હોમાય છે. પહેલા સમિધને 'પૂર્વ સમિધ' અને અંતિમ સમિધને 'ઉત્તર સમિધ' કહેવામાં આવે છે. ગુરુને એ કાળમાં શાની જરૂર પડતી ? સમિધની. એટલે વિદ્યાર્થી જ્યારે ગુરુ પાસે જિજ્ઞાસા ભાવે જાય ત્યારે હાથમાં સમિધ લઈને જાય, ચેકબુક લઈને નહીં ! એ સમિધ લઈને જાય છે માટે એનું નામ છે 'समित्पाणी'. બ્રહ્મનિષ્ઠ હોવા છતાં પરમ બ્રહ્મનું અન્વેષણ કરવું છે માટે આ ઋષિઓ 'समित्पाणी' થયા છે. હાથમાં સમિધ લઈને તેઓ મહર્ષિ પિપ્પલાદ પાસે જાય છે.

પિપ્પલાદે જોયું કે ઋષિઓના હાથમાં સમિધ છે. ઋષિઓએ કંઈ કહ્યું નથી. એમ પણ કહ્યું નથી કે તેઓ પ્રશ્ન પૂછવા આવ્યા છે. એમ પણ કહ્યું નથી કે જ્ઞાનપિપાસા છે. હાથમાં સમિધ છે એ જ સૂચિત કરે છે કે તેઓ પ્રશ્ન પૂછવા આવ્યા છે. એટલે તુરત જ મહર્ષિ પિપ્પલાદ કહે છે : 'भूय एव तपसा ब्रह्मचर्येण श्रद्धया संवत्सरं संवत्स्यथ यथाकामं प्रश्नान् पृच्छत यदि विज्ञास्यामः सर्वं ह वो वक्ष्याम इति' 'હું જાણું છું કે તમે તપસ્વી છો, જ્ઞાની છો. હું જાણું છું કે તમે ખૂબ તપશ્ચર્યા કરી છે, તો પણ ફરીથી એક વર્ષ અહીં રહો.' અધ્યાત્મમાં પત્રકારોની જેમ પ્રશ્નો નથી પૂછાતા. ઋષિ કહે છે : 'એક વર્ષ અહીં રહો પછી પ્રશ્નો પૂછજો.'

અને એક વર્ષ રહો એટલે સમય પસાર કરો એમ નહિ. 'तपसा ब्रह्मचर्येण श्रद्धया' – એટલે કે તપપૂર્વક, બ્રહ્મચર્યપૂર્વક, શ્રદ્ધાપૂર્વક અહીં એક વર્ષ રહો, 'यथाकामं प्रश्नान् पृच्छत' પછી પ્રશ્ન પૂછજો. 'यदि विज्ञास्यामः' જો હું જાણતો હોઈશ તો કહીશ, કહીશ જ એમ નહિ. એક-એક વાત અહીં સમજવા જેવી છે. જુઓ....., એક વર્ષ રહ્યા પછી જ પ્રશ્ન પૂછવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. (પત્રકાર પરિષદ નહીં, અને 'આપ કી અદાલત' તો નહીં જ !) એક વર્ષ સાથે રહેવાનું છે. ઋષિ કહે છે કે તમે એક વર્ષ આ વાતાવરણમાં રહો એટલે તમારા ઘણા પ્રશ્નોનું સમાધાન નિવાસમાત્રથી થઈ જશે, છતાં પ્રશ્ન હોય તો પૂછજો. 'तपसा ब्रह्मचर्येण श्रद्धया' આ ત્રણ શરત મૂકી છે એટલે પ્રશ્ન થાય કે તપ એટલે શું ? – કોઈ પણ ઉદ્દાત હેતુની સિદ્ધિ માટે જે સાધન કરવામાં આવે તે 'તપ' છે. બ્રહ્મચર્ય એટલે શું ? તદઅનુરૂપ જીવન શૈલી તે 'બ્રહ્મચર્ય' છે. ઘડામાં કાણું હોય તો ઘડો નળ નીચે મૂકીને ચાલુ કરીએ તો પણ ઘડો કદી ભરાય નહીં. એમ જીવનશૈલીમાં જો કાણું હોય તો કોઈ સાધના ફળતી નથી. જીવનશૈલી તદઅનુરૂપ હોય એનું નામ 'બ્રહ્મચર્ય' છે. બ્રહ્મપ્રાપ્તિને અનુરૂપ જીવનચર્યા તે 'બ્રહ્મચર્ય' છે. 'બ્રહ્મચર્ય' એટલે સર્વેન્દ્રિયોનો સંયમ. ત્રીજો શબ્દ છે 'શ્રદ્ધા'. જે કાને પડે તે માની લેવું તે શ્રદ્ધા નથી. 'શ્રદ્ધા' એટલે વિધાયક અભિગમ. 'શ્રદ્ધા' એટલે પ્રતીતિપૂર્વકની સ્વીકૃતિ. આ ત્રણપૂર્વક એક વર્ષ રહો અને પછી પ્રશ્ન પૂછજો એમ ઋષિ કહે છે. જો જાણતો હોઈશ તો કહીશ. જુઓ, ઋષિ બ્રહ્મ-પરબ્રહ્મને જાણે છે છતાં પણ કહે છે કે જાણતો હોઈશ તો કહીશ. અહીં કોઈ સર્વજ્ઞ નથી.

મારા ગુરુમહારાજ વારંવાર કહે છે કે 'Life is a mystery, it is to remain mystery forever.' જીવન એક અગાધ રહસ્ય છે. ડેલ્ફીની દેવીએ કહ્યું કે 'સોક્રેટિસ ગ્રીસનો સર્વશ્રેષ્ઠ જ્ઞાની પુરુષ છે.' કોઈકે સોક્રેટિસને કહ્યું કે 'ડેલ્ફીની દેવીએ કહ્યું છે કે તમે ગ્રીસના સર્વશ્રેષ્ઠ જ્ઞાની પુરુષ છો.' તો સોક્રેટિસે જવાબ આપતાં કહ્યું : 'હા, સાચી વાત છે. તમારામાં અને મારામાં આટલો ફેર છે કે : 'You don't know that you don't know, I know that I don't know. – એટલો જ ફેર છે. બીજો કોઈ ફેર નથી.' અહીં કોઈ સર્વજ્ઞ નથી. ઋગવેદના નાસદીય સૂક્તના અંતિમ મંત્રમાં ઋષિ કહે છે કે 'योSअस्याध्यक्षः परमे व्योमन्त्सोSअंग वेद यदि वा न वेद' 'જે સમગ્ર અસ્તિત્વનો અધ્યક્ષ છે, પરમેશ્વર પરમાત્મા, એ પણ આ સૃષ્ટિના રહસ્યને પૂર્ણતઃ જાણતા હશે કે નહિ ?' એનો અર્થ એમ કે ખરેખર પરમાત્માની સર્વજ્ઞતા વિશે અહીં શંકા નથી પરંતુ જીવનની અગાધ રહસ્યપૂર્ણતાની અભિવ્યક્તિ અહીં થાય છે. એટલે પિપ્પલાદજી કહે છે કે 'હું જાણતો હોઈશ તો કહીશ.'

આ રીતે છ એ છ ઋષિ પિપ્પલાદજીના આશ્રમમાં 'तपसा ब्रह्मचर्येण श्रद्धया' રીતે નિવાસ કરે છે. એ પછી પ્રશ્નોનો પ્રારંભ થાય છે. અહીં છ પ્રશ્નોને જો અલગ અલગ લઈએ તો પ્રશ્નોપનિષદ ન સમજી શકાય. આ છ પ્રશ્નોમાં ક્રમિક વિકાસયાત્રા છે. એક પ્રશ્નના ઉત્તરમાંથી બીજો પ્રશ્ન અને બીજા પ્રશ્નના ઉત્તરમાંથી ત્રીજો એમ નીકળતા જાય છે. એટલે છ પ્રશ્નોની ક્રમિક વિકાસયાત્રા સમજીએ તો પ્રશ્નોપનિષદનું તત્વ હાથમાં આવી શકે તેમ છે. તો આપણે જોઈએ કે આ છ પ્રશ્નોની મૂળ વાત શું છે ? પહેલો પ્રશ્ન સૃષ્ટિમીમાંસાનો પ્રશ્ન છે. બીજો અને ત્રીજો પ્રશ્ન પ્રાણ-વિજ્ઞાનનો છે. ચોથો પ્રશ્ન મનોવિજ્ઞાનનો છે. પાંચમો પ્રશ્ન જે છે તે સાધનાનો કે પ્રણવ ઉપાસનાનો પ્રશ્ન છે. અંતિમ પ્રશ્ન વિશુદ્ધ અધ્યાત્મવિદ્યાનો પ્રશ્ન

છે. એટલે સૃષ્ટિ-મીમાંસાથી શરૂ થયેલી યાત્રા અંતે અધ્યાત્મવિદ્યામાં પરિણમે છે. અહીં એક પ્રશ્ન એ થાય છે કે ઉપનિષદો તો અધ્યાત્મવિદ્યાના ગ્રંથો છે તો એમાં સૃષ્ટિમીમાંસા શા માટે આવી હશે ? એ સમજવાની વાત છે. પહેલાં તો આપણે જોઈએ કે સૃષ્ટિમીમાંસા એટલે શું ?

ચાર પ્રશ્ન પ્રત્યેક સમજદાર માણસના ચિત્તમાં ઉત્પન્ન થાય છે. જેમ કે 'આ સૃષ્ટિ કોણે રચી ?', 'આ સૃષ્ટિ શા માટે રચી ?', 'આ સૃષ્ટિ શામાંથી રચી ?', 'આ સૃષ્ટિ રચવાની પ્રક્રિયા શું ?' – આ ચારે-ચાર પ્રશ્નોના ઉત્તર માટે એક વિજ્ઞાન પણ છે જેને 'Cosomology and Space Physics' કહે છે. આધુનિક વિજ્ઞાનની એક શાખા આ પ્રશ્નોને સમજવાનો પ્રયત્ન કરે છે. વૈદિક પરંપરાના લગભગ સર્વે ગ્રંથોમાં પ્રારંભમાં સૃષ્ટિમીમાંસા હોય છે. ઋગવેદના પુરુષસુક્ત અને નાસદીય સુક્ત એ સૃષ્ટિ-મીમાંસાના સુક્ત છે. ઉપનિષદોમાં છાંદોગ્ય, બૃહદારણ્યક, એતરેય, તૈતરેય, મુણ્ડક ઉપનિષદ અને આ પ્રશ્નઉપનિષદમાં પણ સૃષ્ટિમીમાંસા છે. સમગ્ર ભાગવતનો આખોય દ્વિતિય સ્કંધ અને અડધો તૃતીય સ્કંધ સૃષ્ટિમીમાંસાનો છે. એટલું જ નહિ, પણ આપણા કવિ કાગ બાપુએ પણ એક કાવ્ય સૃષ્ટિમીમાંસાનું રચ્યું છે.

'સાગર કરો ક્યારો કર્યો, કૂવો કહો કેવડો હશે ?
એ કોસનો હાંકનાર ખેડૂત ક્યાં ઊભો હશે ?
ધરણી કેરો પીંડો કર્યો, રજ લાવતો ક્યાંથી હશે ?
જગ ચાક ફેરણહાર કુંભાર ક્યાં બેઠો હશે ?'

આ સૃષ્ટિમીમાંસાનું કાવ્ય છે. એ પ્રશ્નો ઉપસ્થિત કરે છે ઉત્તર નથી આપતાં. છેલ્લે કહે છે 'અંતે મતિ અટકી રહી.' પ્રશ્નોપનિષદમાં અહીં ઋષિ છે. એમની મતિ અટકી જતી નથી. અહીં ઋષિ ઉત્તર પણ આપે છે. આખું સાંખ્યશાસ્ત્ર સૃષ્ટિમીમાંસાનું દર્શન છે. સાંખ્યનું કેન્દ્ર તત્વ સર્ગ-વિજ્ઞાન છે જે એક રીતે સૃષ્ટિમીમાંસા જ છે. બાઈબલનું પહેલું પ્રકરણ 'જીનેસિસ' એ સૃષ્ટિ-મીમાંસાનું પ્રકરણ છે. સૃષ્ટિમીમાંસા શા માટે ? એનો ઉત્તર એક સંત કવિ નાનકડા એક વાક્યમાં આપે છે. 'તમે હેતે નીરખો આ ચરખો, એના ઘડનારાને પરખો...' ચરખો એટલે અસ્તિત્વ અને બ્રહ્માંડ. એને તમે હેતે નીરખો તો ઘડનારાને પરખો. એના ઘડનારાનો અણસાર આવે માટે સૃષ્ટિમીમાંસાની વાતો અધ્યાત્મગ્રંથોમાં થાય છે. તમે સૃષ્ટિને સમજો, માનવદેહને સમજો, કોસ્મોલોજીને સમજો તો એમ થાય કે આનો ઘડનારો કેવો હશે ? અહીં પ્રશ્નોપનિષદમાં પણ એક યાત્રા સાંગોપાંગ બતાવવા માટે સૃષ્ટિ-મીમાંસાથી પ્રારંભ થાય છે.

પહેલા ઋષિ આવીને મહર્ષિ પિપ્પલાદને પ્રશ્ન પૂછે છે : 'भगवन् कुते ह वा इमाः प्रजाः प्रजायन्त इति' આ સમગ્ર પ્રજા અને આ સમગ્ર સૃષ્ટિ ક્યાંથી આવે છે ? મહર્ષિ પિપ્પલાદ ઉત્તર આપે છે : 'तस्मै स होवाच प्रजाकामो वै प्रजापतिः स तपोऽतप्यत स तपस्तप्त्वा स मिथुनमुत्पादयते । रयिं च प्रणं चेत्येतौ मे बहुधा प्रजाः करिष्यत इति ।।' પ્રજાપતિને પ્રજાની કામના થઈ. શા માટે ? કારણ કે એકલા લીલા ન થાય. બાળક એકલું રમી ન શકે. રમવા માટે ઓછામાં ઓછા બે જોઈએ. 'પ્રજાપતિ' શબ્દનો અર્થ પુરાણોમાં બ્રહ્માજી થાય છે. પરંતુ ઉપનિષદોમાં 'પ્રજાપતિ' શબ્દનો અર્થ પરબ્રહ્મ પરમાત્મા થાય છે. અહીં પ્રજાપતિ એટલે

બ્રહ્માજી નહીં. તેઓ એકલા જ હતા અને લીલા માટે એકાકી ન ચાલે તેથી 'एकोऽहम बहुस्याम' એકમાંથી અનેક થયા. એમને ઈચ્છા થઈ એટલે એમણે તપ કર્યું. અહીં તપનો અર્થ પણ જુદો છે કારણ કે આ પરબ્રહ્મ પરમાત્માનું તપ છે. અહીં તપનો અર્થ છે સંકલ્પ. સંકલપાત્મક સર્જન શક્તિ એ પરમાત્માની તપશ્ચર્યા છે. સંકલ્પમાત્રથી સૃષ્ટિનો પ્રારંભ થાય છે. તેઓ એક યુગ્મની રચના કરે છે. એનું નામ 'રયિં' અને 'પ્રાણ'. આ પહેલું જોડકું છે, એમાંથી પછી સમગ્ર સૃષ્ટિનો પ્રારંભ થાય છે. હવે આ બંને શબ્દનો અર્થ સમજી લેવો જોઈએ. 'રયિં' એટલે શું અને 'પ્રાણ' એટલે શું ?

પહેલાં આપણે સમજી લેવું જોઈએ કે ઉપનિષદોએ અધ્યાત્મવિદ્યાના કાવ્યો છે, તત્વજ્ઞાનના ગ્રંથો નથી. લોજીકલ મૂકાયેલી વાતો નથી, આ તો કાવ્યો છે. Poetry is not to understand, it is to feel. કાવ્યો એ સમજી ન શકાય, પણ અનુભવી શકાય અને અનુભવી શકાય તો સમજી શકાય. અનુભવીને સમજવાની આ વાત છે. ઉપનિષદોમાંથી આપણે તર્ક શોધવા જઈએ છીએ એટલે થાપ ખાઈ જઈએ છીએ. ઉપનિષદોમાં પ્રાણ અને રયિંની વાત કાવ્યાત્મક રીતે કહેલી છે. જેમ કે ઉત્તરાયણ તે પ્રાણ છે અને દક્ષિણાયન તે રયિં છે. શુકલ પક્ષ તે પ્રાણ છે અને કૃષ્ણપક્ષ તે રયિં છે. દિવસ એ પ્રાણ છે, રાત્રિ એ રયિં છે – આ પ્રકારનું કાવ્યાત્મક ઢબે વર્ણન આપ્યું છે. જે કંઈ આ સૃષ્ટિમાં મૂર્ત અને અમૂર્ત છે તે રયિં છે. એટલે કે જે કંઈ સ્થૂળ અને સૂક્ષ્મ છે તે, આખું મટિરિયલ વર્લ્ડ – તે 'રયિં' છે. તો પ્રાણ એટલે કોણ ? પ્રાણ એટલે આત્મા ? ના, અહીં એવો અર્થ નથી. ઉપનિષદમાં અનેક સ્થાને પ્રાણ શબ્દનો અર્થ બ્રહ્મ અથવા આત્મા થાય છે. બ્રહ્મસૂત્રના કેટલાક શ્લોકોમાં પ્રાણનો અર્થ બ્રહ્મ કર્યો છે. ઉપનિષદમાં પ્રાણ શબ્દ બ્રહ્મવાચક પણ છે, પણ અહીં નથી. ખરેખર તો શબ્દને કોઈ અર્થ હોતો નથી. શબ્દ જ્યારે વાક્યમાં પ્રયુક્ત થાય ત્યારે અર્થ ધારણ કરે છે. એટલે સંદર્ભ વિના શબ્દનો અર્થ ન કરી શકાય. અહીં પ્રાણનો અર્થ આત્મા નથી એનો ખુલાસો આગળના પ્રશ્નોમાં આવશે. તો પ્રાણ શું છે ? પ્રાણ એટલે જીવનશક્તિ. તૈતરિય ઉપનિષદમાં પંચકોશ વિદ્યા છે : અન્નમયકોશ, પ્રાણમયકોશ, મનોમયકોશ, વિજ્ઞાનમયકોશ, આનંદમયકોશ.... અને પાંચ પુરુષ પણ છેઃ અન્નમયપુરુષ, પ્રાણમયપુરુષ, મનોમયપુરુષ, વિજ્ઞાનમયપુરુષ, આનંદમયપુરુષ.... – આ પાંચેયનો અધિપતિ આત્મા છે. એની અંદર વસનારો આત્મા છે. તો પ્રાણ એટલે આત્માથી પ્રકૃતિનું જે પ્રથમ તત્વ ચેતનવંતુ બન્યું તે પ્રાણ છે. પ્રાણ એટલે જીવનશક્તિ, Vital Energy. જે શરીર અને આત્માને જોડનારું તત્વ છે. આ રીતે આત્મા થકી પ્રથમ જે ચેતનવંતુ તત્વ બન્યું તે 'પ્રાણ' છે. પ્રાણનું સ્થાન નાભિ છે. બ્રહ્માજી નારાયણની નાભિમાંથી ઉત્પન્ન થયા છે અને માનવબાળ જ્યારે માતાના ગર્ભમાં હોય ત્યારે નાભિથી ખોરાક ગ્રહણ કરે છે. બ્રહ્માજી એ વૈશ્વિક પ્રાણ છે. પુરાણની એક શૈલી છે કે એ તત્વને વ્યક્તિરૂપે મૂકી આપે છે. વેદમાં અને ઉપનિષદમાં જે તત્વ છે એ પુરાણમાં વ્યક્તિ સ્વરૂપ ધારણ કરે છે. આ રીતે વૈશ્વિક પ્રાણ બ્રહ્માજી છે જેમાંથી સમગ્ર સૃષ્ટિ પ્રગટે છે.

ચીનની સંસ્કૃતિ અને તત્વજ્ઞાનમાં સર્વત્ર એક વિચાર વ્યાપક રીતે પ્રસરી ગયો છે. 'ઈન' અને 'યાંગ'. જે 'ઈન' અને 'યાંગ' છે તે 'પ્રાણ' અને 'રયિં' છે. ત્યાં તાઓ તત્વ છે. અહીં પ્રજાપતિ અથવા બ્રહ્મ તત્વ છે. એમાંથી બે તત્વ પ્રગટે છે 'ઈન' અને 'યાંગ'. એનો અર્થ એમ કે ત્રણ તત્વોથી જ સૃષ્ટિ બની. એક

મૂળ તત્વ બ્રહ્મ, પ્રજાપતિ કે તાઓ – જે નામ આપો તે. એમાંથી બે તત્વો પ્રગટે છે : એક વિધાયક અને એક નિષેધક. એક પ્રકાશક અને એક પ્રકાશ ગ્રહણ કરનાર. એક ગ્રાહ્ય ને એક ગ્રાહક. આ બે તત્વો પ્રગટે છે એના નામ છે 'પ્રાણ અને રયિં.' રયિંનો તો અર્થ સ્પષ્ટ છે કે સમગ્ર સ્થૂળ અને સૂક્ષ્મ સૃષ્ટિ. પ્રાણનો અર્થ હવે પછી આગળ આવશે. પ્રાણ એટલે આત્મા એવું આ ઉપનિષદમાં નથી એટલું યાદ રાખી આગળ વધીએ.

આ રીતે પ્રથમ પ્રશ્નનો ઉત્તર આપ્યો કે પ્રજાપતિએ સૃષ્ટિનો પ્રારંભ કેવી રીતે કર્યો. વાત હવે પ્રાણ અને રયિં પાસે આવીને અટકી ગઈ. પ્રાણ શું છે એ સ્પષ્ટ નથી એટલે હવે બીજો પ્રશ્ન આવે છે : 'भगवन् कत्येव देवाः प्रचां दिधारयन्ते कतर एतत् प्रकशयन्ते कः पुनरेषां वरिष्ठ इति' આ શરીરને અને આ બ્રહ્માંડને કેટલા દેવો ધારણ કરી રાખે છે ? એમાં વરિષ્ઠ કોણ ? પિપ્પલાદજી ઉત્તર આપે છે : '19 દેવો આ શરીરને ધારણ કરે છે, પિંડ બ્રહ્માંડ બંનેને.' ક્યા ક્યા 19 દેવો છે આ ? પાંચ જ્ઞાનેન્દ્રિયોના પાંચ દૈવત છે. આપણી ભાષામાં આપણે ઘણીવાર કહીએ છીએ કે 'આંખના દેવતા ઊઠી ગયા' એટલે કે આંધળા થઈ ગયા. એનો અર્થ આંખનું દૈવત છે, એના દેવતા છે. આંખ, કાન, નાક, જીભ અને ત્વચા એ પાંચ જ્ઞાનેન્દ્રિયો. એ રીતે પાંચ કર્મેન્દ્રિયો છે હાથ, પગ, મુખ, ઉપસ્થ, પાયુ. પંચમહાભુત છે પૃથ્વી, પાણી, તેજ, આકાશ, વાયુ. આ પંદરના દૈવત છે જે આ શરીરમાં પણ છે અને બ્રહ્માંડમાં પણ છે. એ પછી છે અંતઃકરણ ચતુષ્ટય : મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર. એમના પણ દેવતા છે. આ 19 દેવો આ શરીરને ધારણ કરી રાખે છે. હવે બીજો પ્રશ્ન એ આવ્યો કે એમાં વરિષ્ઠ કોણ ? – એમાં પછી વિવાદ શરૂ થયો. આંખના દેવતા કહે કે 'તમે મારા વગર જોઈ ન શકો.' કાનના દેવતા કહે કે 'તમે મારા વગર બહેરા થઈ જાઓ.' આ કથા છાન્દોગ્ય ઉપનિષદમાં અને બૃહદારયક ઉપનિષદમાં પણ છે. એ પછી પ્રયોગ શરૂ થયો. એક એક દેવતા બહાર નીકળે કે જોઈએ શું થાય છે... આંખના દેવતા બહાર નીકળ્યા પણ કામ તો ચાલ્યું. આંધળા આંધળા જીવાય તો ખરું જ ! બધા જ એક પછી એક નીકળવા માંડ્યા. સૌને લાગ્યું કે આપણામાંથી એક પણ અનિવાર્ય નથી. વરિષ્ઠ કોઈ નથી. તો વરિષ્ઠ કોણ છે ? વરિષ્ઠ પ્રાણ છે. પ્રાણ એ આ શરીરને અને બ્રહ્માંડને ધારણ કરનાર વરિષ્ઠ દૈવત છે. બધાએ માન્યું નહીં કે 'અમે કેમ માનીએ કે તમે વરિષ્ઠ છો ?' તો પ્રાણે સહેજ બહાર નીકળવાની તૈયારી કરી ત્યાં તો આખું શરીર ખળભળી ઊઠ્યું. ઈન્દ્રિયોના દેવતા બહાર નીકળવા માંડ્યા કે તમારા વિના અમે આ શરીરમાં રહી ન શકીએ. પ્રાણ વિના આંખ શું કરે ? પ્રાણ વિના કાન શું કરે ? બધાએ સ્વીકાર્યું કે પ્રાણ એ આ શરીરને અને બ્રહ્માંડને ધારણ કરનાર વરિષ્ઠ દેવતા છે. છતાં હજી પ્રાણ એટલે શું એ વિચાર તો હજુ ચાલુ જ છે. એનો સ્પષ્ટ ખુલાસો હવે પછીના ઉત્તરમાં આવશે. અહીં બીજા પ્રશ્નમાં એટલું નક્કી થઈ ગયું કે શરીરને ધારણ કરનાર 19 દેવતા છે પરંતુ એ સૌમાં વરિષ્ઠ દેવતા પ્રાણ છે.

હવે ત્રીજો પ્રશ્ન આવે છે. ત્રીજા પ્રશ્નમાં છ પેટાપ્રશ્નો છે. એ પણ પ્રાણ વિજ્ઞાનનો જ પ્રશ્ન છે. અહીં પ્રાણ એટલે શું એ સ્પષ્ટ થઈ જશે. આ છ પેટાપ્રશ્નોમાં પહેલો પ્રશ્ન છે : 'આ પ્રાણ કોનામાંથી જન્મે છે ?' જો પ્રાણ એ આત્મા હોત તો આ ઋષિ આ પ્રશ્ન ન પૂછત કારણ કે આત્મા અજન્મા છે. આ પૂછનાર ઋષિ છે. એને ખબર છે કે આત્મા અજર અમર છે. આ પ્રશ્નથી જ સિદ્ધ થાય છે કે અહીં પ્રાણનો અર્થ આત્મા નથી.

બીજો પ્રશ્ન છે કે 'પ્રાણ આ શરીરમાં કેવી રીતે આવે છે ?' ત્રીજો પ્રશ્ન છે કે 'પ્રાણ આ શરીરમાં ક્યા સ્વરૂપે વસે છે ?' ચોથો પ્રશ્ન છે કે 'પ્રાણ આ શરીરને કેવી રીતે છોડે છે ?' પાંચમો પ્રશ્ન છે કે 'પ્રાણ વ્યક્તિગત શરીર અને બ્રહ્માંડને કઈ રીતે ધારણ કરી રાખે છે ?' છઠ્ઠો પ્રશ્ન એ છે કે 'વૈયક્તિક અને વૈશ્વિક શરીરની પ્રાણને ધારણ કરવાની શું વ્યવસ્થા છે ?' – આ રીતે છ પ્રશ્નો છે.

પિપ્પલાદજી વચ્ચે બોલે છે કે 'તમે અતિ પ્રશ્નો પૂછો છો. છતાં તમે બ્રહ્મનિષ્ઠ છો માટે ઉત્તર તો હું આપીશ.' અહીં વિચારવાનું એ છે કે અતિપ્રશ્ન એટલે શું ? ત્રણ પ્રકારના અતિપ્રશ્નો હોય છે. કેટલાક પ્રશ્નોના ઉત્તર શક્ય જ નથી માટે એ અતિપ્રશ્ન છે. બૃહદારણ્યક ઉપનિષદમાં ગાર્ગી યાજ્ઞવલક્યને પૂછે છે : 'આ બધું શેમાં ઓતપ્રોત છે?' એમ પૂછતાં પૂછતાં છેલ્લે જવાબ આવે છે કે બ્રહ્મલોકમાં બધુ ઓતપ્રોત છે તો ગાર્ગી આગળ પૂછે છે કે 'બ્રહ્મલોક કોનામાં ઓતપ્રોત છે ?' એ પ્રશ્નનો કોઈ ઉત્તર ન હોય. ઝાડને મૂળ છે. મૂળના કોઈ મૂળ ન હોય ! સર્વનો જે આધાર છે એનો આધાર કોણ ? એટલે મહર્ષિ યાજ્ઞવલ્ક્ય કંઈક કડક ભાષામાં કહે છે કે 'તારું મસ્તક પડી જશે ગાર્ગી, અતિપ્રશ્ન ન પૂછ.' બીજા પ્રકારના અતિપ્રશ્ન એ કહેવાય છે કે જેનો ઉત્તર શક્ય છે પરંતુ પ્રશ્ન પૂછનારના ગજાની બહારનો છે. માટે તે એને માટે અતિપ્રશ્ન છે. ત્રીજો અતિપ્રશ્ન એ છે કે કેટલીક વાતો ગુપ્ત રાખવાની હોય છે. છતાં પ્રશ્ન પૂછાય તો એ અતિપ્રશ્ન છે.

અહીં આ છ પેટાપ્રશ્નોના ઉત્તર સમજવા માટે યૌગિક પ્રાણવિજ્ઞાન થોડું સંક્ષેપમાં આપણે સમજી લેવું પડશે. યૌગિક પ્રાણવિજ્ઞાન એટલે જેના પર આખું પ્રાણાયામનું વિજ્ઞાન ઊભું છે તે. પાંચ પ્રાણ છે. પ્રાણ, અપાન, વ્યાન, સમાન, ઉદાન. પાંચ ઉપપ્રાણ છે : નાગ, કૃમા, કૃકર, દેવદત, ધનંજય. પાંચેયના નિશ્ચિત સ્થાન અને નિશ્ચિત કાર્યો છે. આ પ્રાણના પ્રવાહો જેમાંથી વહે છે તેને 'નાડી' કહેવામાં આવે છે. Channel through which currents of vital being are moving. નાડી એટલે રક્તવાહિનીઓ નહીં. નાડી એટલે 'નર્વસ સિસ્ટમ' નહીં. એ પ્રાણમય શરીરની નાડીઓ છે, સ્થૂળ શરીરની નહીં. એવી અનેક નાડીઓ આ શરીરમાં છે જેમાંથી પ્રાણના પ્રવાહો વહે છે. એ નાડીમાં અડચણ આવે તો પ્રાણનો પ્રવાહ બરાબર વહી ન શકે. એટલે જ યૌગિક પ્રાણવિજ્ઞાનમાં નાડી-શોધનને અનિવાર્ય અને પ્રારંભિક ભૂમિકા ગણવામાં આવે છે. સાત ચક્રો છે : મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ આજ્ઞા અને સહસ્ત્રા. આ નામ તો બધાએ સાંભળ્યા છે પણ પ્રશ્ન થાય કે આ ચક્રો છે શું ? એ ચેતનાના સાત સ્તર છે. એને જ ભૂલોક, ભૂવરલોક, સ્વરલોક, મહલોક, જનલોક, તપલોક, સત્યલોક કહ્યા છે. આ ચેતનાના સાત સ્તર વ્યક્તિમાં પણ છે અને બ્રહ્માંડમાં પણ છે. એ સાતે સ્તર જ્યાં જ્યાં જોડાયેલા છે, જ્યાં એની ગાંઠ બાંધી છે તે ચક્રો છે. એ ચક્રો દ્વારા જે તે ચેતનાના સ્તરમાં પ્રવેશ થઈ શકે છે. એ ન ખૂલે તો ગાંઠ છે પરંતુ ખૂલે તો દ્વાર છે. ચેતનાના સાતે સ્તર સુધી પહોંચવા માટેના એ દ્વાર છે. અસાધારણ પ્રાણશક્તિ વિના એ ચક્રોનું ભેદન ન થાય. કઠોપનિષદમાં એક મંત્ર છે કે *નાયમાત્મા* बलहीनेन लभ्यो આત્મા બળહીનને પ્રાપ્ત થતો નથી. બળનો અર્થ અહીં શરીરબળ નથી, પ્રાણબળની વાત છે. અધ્યાત્મ એ વીરોનો, મર્દોનો માર્ગ છે. કાયરોનું કામ નથી. અસાધારણ પ્રાણશક્તિ ન હોય તો ચક્રોનું ભેદન ન થાય. ચક્રોનું ભેદન થયા વગર બુદ્ધિપૂર્વક પુસ્તકો ગમે તેટલા વાંચીએ ચેતનાનું રૂપાંતર થતું નથી.

ગુર્જિયેફના શિષ્ય ઉસ્પેન્કી અધ્યાત્મની શોધમાં ભારત આવેલા. ખૂબ ફર્યા અને પછી જઈને એક પુસ્તકમાં લખે છે કે 'ભારતીય અધ્યાત્મવિદ્યા પાંડિત્યના બોજમાં દબાઈ ગઈ છે.' પૂરેપૂરા નહિ પરંતુ આંશિક રીતે તેઓ સાચા છે. દસ-બાર વર્ષ સુધી વેદાંતનો અભ્યાસ કરનાર વેદાંતાચાર્યને પૂછીએ કે વેદાંતની સાધના શું ? તો કહેશે કે 'એ અમને ખબર નથી. અમે તો દર્શન ભણ્યા છીએ.' વેદાંત મૂળતઃ દર્શન નથી. એ મૂળતઃ અધ્યાત્મવિદ્યા અને સાધનતત્વ છે.

તો આ થઈ યૌગિક પ્રાણાયામની મૂળ વાત. હવે આપણે છ એ છ પેટાપ્રશ્નો લઈએ. પહેલો પ્રશ્ન છે કે 'આ પ્રાણ શામાંથી જન્મે છે ?' ઉત્તર છે કે પ્રાણ આત્મામાંથી જન્મે છે. આત્મા એટલે ભગવાન શ્રીરામ અને પ્રાણ એટલે હનુમાનજી. વાલી એટલે અપાન અને સુગ્રીવ એટલે ઉદાન. પ્રાણ આત્મામાંથી જન્મે છે એટલે આ ઉપનિષદમાં પ્રાણનો અર્થ આત્મા નથી. પ્રાણ આત્માનું વાહન છે. વાલ્મીકી રામાયણમાં ભગવાન શ્રીરામને હનુમાનજી મહારાજ સૌથી પહેલા ઋષ્યમૂકની તળેટીમાં મળે છે અને મળીને તુરત ખભે બેસાડી દે છે. કારણ કે પ્રાણ એ આત્માનું વાહન છે. ભગવાન વિષ્ણુનું વાહન ગરુડજી છે. ગરુડજીના પગના પંજામાં શું છે ? નાગ છે. નાગ એ અપાન છે, એની નિમ્ન ગતિ છે. ગરુડજીએ ઉદાન છે, ઊર્ધ્વગતિ છે. અપાનને પકડીને જો ઊર્ધ્વગતિ થાય તો વિષ્ણુ એટલે કે આત્મા આવીને એની પર બિરાજમાન થાય છે એવો એનો આધ્યાત્મિક અર્થ છે. હવે બીજો પ્રશ્ન એ છે કે 'પ્રાણ આ શરીરમાં કોનાથી ખેંચાઈને આવે છે ?' ઉત્તર છે મન દ્વારા. મન પોતાના સંસ્કારથી પ્રાણને ખેંચી લાવે છે. વળી, પ્રાણ પર કોણ બિરાજમાન છે ? આત્મા. એટલે કે મનના સંસ્કારો પ્રાણ અને આત્માને આ શરીરમાં ખેંચી લાવે છે. ત્રીજો પ્રશ્ન છે કે 'પ્રાણ આ શરીરમાં કેવી રીતે રહે છે ?' પ્રાણ પોતાને પાંચ સ્વરૂપમાં વિભક્ત કરે છે. પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન, સમાન. અપાનનું સ્થાન નાભિથી નીચે છે. એ ભોગનો કારક છે. ઉદાનનું સ્થાન કંઠથી ઉપર છે, સુષુમ્ણાની ઊર્ધ્વગતિમાં એનું સ્થાન છે, જે યોગનો કારક છે. પ્રાણ પોતે છાતી અને મસ્તકની વચ્ચે રહે છે. સમાન શરીરના મધ્યભાગમાં રહે છે. વ્યાન સતત પ્રરિભમણ કરે છે. જે રક્તવાહિની અને નર્વસ સિસ્ટમને ચલાવે છે તે વ્યાન વાયુ છે. આ પ્રાણના પાંચ સ્વરૂપો છે. આ ત્રીજા પ્રશ્નનો ઉત્તર થયો. ચોથો પ્રશ્ન છે કે 'પ્રાણ આ શરીર છોડીને કેવી રીતે જાય છે ?' ઉદાન દ્વારા પ્રાણ આ શરીર છોડીને બહાર નીકળે છે. એ એનો ઉત્તર છે. પાંચમો અને છઠ્ઠો પ્રશ્ન છે કે 'આ શરીરના પંચ પ્રાણનું સ્વરૂપ અને વૈશ્વિક પંચપ્રાણનો સંબંધ શું છે ? વૈશ્વિક પંચપ્રાણ આ પંચપ્રાણને કેવીરીતે ટેકો આપે છે ?' હનુમાનજી પ્રાણતત્વ છે માટે એમને વાયુપુત્ર કહ્યા છે. યોગશાસ્ત્રમાં અનેક સ્થાને 'વાયુ' અને 'પ્રાણ' પર્યાયવાચક ગણાય છે. જેમ મહાભારતમાં ભીમ છે તેમ રામચરિત માનસમાં હનુમાન છે. હવે આ છેલ્લા પ્રશ્નનો જવાબ એ છે કે પૃથ્વી એ સમગ્ર બ્રહ્માંડમાં અપાનનું સ્વરૂપ છે, નિમ્નગામી છે. આ શરીરમાં જેમ મુખ્ય પ્રાણ છે તેમ વૈશ્વિક પ્રાણ સૂર્ય છે. સૂર્ય બ્રહ્માંડનો પ્રાણ છે. આ શરીરમાં જે વ્યાન ફરતો રહે છે તે બ્રહ્માંડમાં વાયુદેવ છે જે સતત ફરતા રહે છે. આ શરીરમાં જે સમાન છે તે આકાશ છે. આ શરીરમાં જે ઉદાન છે તે વૈશ્વિક તે જ તત્વ છે જે મુક્તિનું કારક છે, પ્રકાશ છે. આ રીતે આ શરીરના પાંચ તત્વો અને સમષ્ટિના પાંચ તત્વોનું જોડાણ છે. એટલે

જ 'પિંડે સો બ્રહ્માંડે' કહેવાયું છે. આ રીતે છ પેટાપ્રશ્નોના ઉત્તર અપાય છે અને ત્રીજો પ્રશ્ન અહીં સમાપ્ત થાય છે.

પહેલા પ્રશ્નમાં આપણે સૃષ્ટિ-મીમાંસા જોઈ, બીજા અને ત્રીજા પ્રશ્નમાં આપણે પ્રાણવિજ્ઞાન જોયું. હવે ચોથો પ્રશ્ન શરૂ થાય છે. ઋષિ આવીને પૂછે છે કે 'કોણ દેવ જાગૃત અવસ્થામાં જાગે છે ? કોણ દેવ સ્વપ્નાવસ્થામાં સ્વપ્નો જુએ છે ? ક્યા દેવ નિદ્રાવસ્થામાં પણ જાગૃત રહે છે ?' આ ચોથો પ્રશ્ન મનોવિજ્ઞાનનો પ્રશ્ન છે. આધુનિક મનોવિજ્ઞાનમાં જાગૃતઅવસ્થા, સ્વપ્નાવસ્થા, નિદ્રાવસ્થાનો ઊંડાણપૂર્વક ભારે જોરથી અભ્યાસ શરૂ થયો છે. એ લોકો થોડા ઉપનિષદ વાંચે તો એમને ઘણું મળે એવું આ ઉપનિષદોમાં છે. પ્રશ્ન એ છે કે જાગૃતઅવસ્થા શું છે ? સ્વપ્નાવસ્થા શું છે ? નિદ્રાવસ્થા શું છે ? એથી પણ પાર તુરીયાવસ્થા એટલે કે સમાધિવસ્થા શું છે ? તે આ ચાર પ્રશ્નો આપણી પાસે છે. ઉપનિષદની પરિભાષામાં આપણે એ ચારને સમજવાનો પ્રયત્ન કરીએ છીએ. મનોવિજ્ઞાનની પરિભાષા થોડી જુદી છે કારણ કે મનોવિજ્ઞાન હજુ સંશોધન કરે છે, કોઈ તારણ પર આવ્યા નથી.

આપણી પાસે પાંચ જ્ઞાનેન્દ્રિયો છે. એના દ્વારા આપણે આ જગતને જાણીએ છીએ. આપણી પાસે પાંચ કર્મેન્દ્રિયો છે જેનાથી આપણે આ જગત સાથે સંપર્કમાં રહીએ છીએ, આદાન-પ્રદાન કરીએ છીએ. તો ખરેખર આપણે જે જોઈએ છીએ તે જગત છે એમ ન કહી શકાય. આપણી જ્ઞાનેન્દ્રિયો અનુસાર આપણે જગત જોઈએ છીએ. કીડીનું જગત કેવું હશે ? કેવડું હશે ? માત્ર થોડીક ગંધ, બીજું કંઈ જ નહિ. ધારો કે કોઈ એવું પ્રાણી પૃથ્વી પર પ્રગટે જેમની પાસે દસ જ્ઞાનેન્દ્રિયો હોય તો એમનું જગત કેવું હશે ? આપણા કરતાં જુદું હશે. ઘણું જુદું હશે. તો આપણે જે જગત જોઈએ છીએ તે જ જગત છે એમ ન કહી શકાય. આપણે જે જગત જોઈએ છીએ તે according to our perception. 'અમે જગતને આમ જોઈએ છીએ, અમને આમ લાગે છે' ફક્ત એમ કહી શકાય. ઘણા કલર એવા છે જે આપણે નથી જોઈ શકતાં. અલ્ટ્રાવાયોલેટ, ઈન્ફ્રારેડને આપણે ક્યાં જોઈ શકીએ છીએ ? બીજા પણ ઘણા રંગો એવા છે જે આપણી આંખ જોતી નથી. આપણે જોઈએ તેટલું જ પર્યાપ્ત છે એમ ન કહી શકાય. ઘણું એવું આ સૃષ્ટિમાં હશે જે આપણે જાણતાં નથી. એટલે ખરેખર તો એમ કહેવાય કે જે છે એનો ભારે નાનો ભાગ આપણે જોઈએ છીએ. પાંચ જ્ઞાનેન્દ્રિયોના અનુસાર જ આપણે જોઈએ છીએ. પાંચ કર્મેન્દ્રિયો દ્વારા વ્યવ્હાર કરીએ છીએ. અને અગિયારમું મન આ દશેય પર કાબૂ રાખે છે. આ એકાદશ આપણી ઈન્દ્રિયો છે.

જાગૃત અવસ્થામાં આ અગિયારેય કાર્યરત છે. એને જાગૃત અવસ્થા કહેવાય. આંખ જુએ છે, કાન સાંભળે છે, નાક સૂંઘે છે, હાથ-પગ કાર્યરત છે. મન પણ કાર્યરત છે. જો મન કાર્યરત ન હોય તો આંખ જોઈ ન શકે, કાન સાંભળી ન શકે. તો આ બધું કાર્યરત હોય એને આપણે જાગૃત અવસ્થા કહીએ છીએ. સ્વપ્નાવસ્થામાં જ્ઞાનેન્દ્રિયો કામ કરતી નથી. આંખ, કાન બધી ઈન્દ્રિયો પોતાના દ્વાર બંધ કરી દે છે. જગત સાથેનો જ્ઞાનેન્દ્રિયોનો સંપર્ક કપાઈ ગયો. કર્મેન્દ્રિયો પણ મોટે ભાગે કામ કરતી નથી. દશેય ઈન્દ્રિયો પોતાનું કામ બંધ કરી દે છે પણ મન જાગૃત હોય છે. મન કાર્યરત હોય તો એને 'સ્વપ્નાવસ્થા' કહેવાય. મન તો સ્વપ્નમાં કાર્યરત છે જ. હવે નિદ્રાવસ્થા એટલે શું ? પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો

સહિત મન પણ પોતાનું કામ બંધ કરી દે અને સૂઈ જાય એ અવસ્થાને આપણે નિદ્રાવસ્થા અથવા 'સુષુપ્તાવસ્થા' કહીએ છીએ.

આધુનિક મનોવિજ્ઞાનમાં અને આપણા શાસ્ત્રોમાં પણ સ્વપ્નના ચાર પ્રકારો ગણાવ્યા છે. પહેલો પ્રકાર છે 'નિરર્થક સ્વપ્નો' જેનો કંઈ જ અર્થ હોતો નથી એવા સ્વપ્નો. ઊટપટાંગ સ્વપ્નો. બીજો પ્રકાર છે : 'અતૃપ્ત ઈચ્છાઓની તૃપ્તિ માટેના સ્વપ્નો.' અધૂરી ઈચ્છા સ્વપ્નમાં પૂરી થાય તે. ત્રીજા પ્રકારના સ્વપ્નો છે 'ભવિષ્યદર્શનના…' ક્યારેક કોઈને આવે છે. ભવિષ્યની ઘટના અગાઉથી સ્વપ્નમાં આવી જાય છે. દરેકને થોડો થોડો અનુભવ આ પ્રકારના સ્વપ્નનો હોય છે. ચોથા પ્રકારના સ્વપ્નો છે 'આધ્યાત્મિક અનુભૂતિ'ના સ્વપ્નો. વિશેષ કરીને સાધકોને સ્વપ્નમાં અનેક પ્રકારની અનુભૂતિઓ થતી હોય છે. આ ચાર પ્રકારના સ્વપ્નો છે. પરંતુ નિદ્રાવસ્થામાં કશી જ ખબર નથી હોતી.

માનવચિત્તનું બંધારણ એવું છે કે જેનો નિત્ય સંપર્ક હોય, એ વિશેની જિજ્ઞાસા મંદ પડી જાય છે. ઘડિયાળ કાંડા પર હોય તો આપણને વિચાર પણ આવતો નથી કે આ કેવી રીતે ચાલતું હશે ? આપણને જિજ્ઞાસા પણ થતી નથી. ટીવી ઘરમાં હોય તો એવો વિચાર આવતો નથી કે લંડનમાં ભજવાતું દ્રશ્ય અહીં કેવી રીતે દેખાતું હશે ? કારણ કે નિત્ય દર્શનને કારણે જિજ્ઞાસા મંદ પડી જાય છે. આ ઊંઘ અને સ્વપ્ન પણ નિત્યના છે એટલે આપણને વિચાર પણ આવતો નથી કે આ ઊંઘ વળી શું છે ? ખરેખર આપણે ઊંઘ શું છે તે જાણીએ છીએ ? ના. કારણ કે ઊંઘમાંથી કોઈ સંદેશા જાગૃત અવસ્થામાં પહોંચતા નથી. આ ત્રણેય અવસ્થાની આપણને ખબર નથી. આધુનિક મનોવિજ્ઞાન આ ત્રણે અવસ્થાનો અભ્યાસ કરીને ચૂપ થઈ જાય છે. ઉપનિષદ ત્યાંથી આગળ વધે છે.

આ ત્રણેયથી પર એવી એક ચોથી અવસ્થા છે જેને 'સમાધિ અવસ્થા' અથવા 'તુરીયાવસ્થા' કહી શકાય. સમાધિવસ્થા અને નિદ્રાવસ્થા બહારથી સરખી લાગે છે. પરંતુ એમાં છ તફાવત છે. લોનાવાલાની એક સંસ્થાની લેબોરેટરીમાં સમાધિવસ્થાનું માપન કરવાના યંત્રો છે. એ Brain-Waves માપીને નક્કી કરે છે કે આ સમાધિ છે કે નિદ્રા છે ? એમ તો 'એનેસ્થેસિયા' આપો તો માણસ બેભાન થઈ જાય પણ એ કંઈ સમાધિ નથી. સમાધિ અને નિદ્રામાં છ તફાવત છે. જુઓ…, નિદ્રાવસ્થામાં તમોગુણનું આવરણ છે, સમાધિવસ્થા ત્રિગુણાતીત એટલે ત્રણેય ગુણોથી બહાર નીકળી જાય છે અથવા તો સત્વગુણ સમાધિ હોય છે. બીજો તફાવત એ છે કે સમાધિવસ્થામાં બાહ્ય રીતે બેભાન લાગીએ છીએ પણ આંતરિક જાગૃતિ પૂર્ણ હોય છે. નિદ્રામાં બાહ્ય અને આંતરિક બંને પ્રકારની બેભાન અવસ્થા છે. સમાધિમાં બાહ્ય જગત સાથે કોઈ સંપર્ક નથી પરંતુ આંતરિક ચેતના સંપૂર્ણપણે જાગૃત હોય છે. લોનાવાલામાં અમે પ્રયોગ કરતાં કે કોઈ સાધુબાબા સમાધિમાંથી બહાર આવે તો અમે પૂછીએ કે આપને શું થતું હતું ? જો એ કહે કે મને ખબર નથી તો એ ખોટી સમાધિ. એ તો નિદ્રા કે બેભાનવસ્થા થઈ. બાહ્ય રીતે બેભાન પણ આંતરિક રીતે સંપૂર્ણ જાગૃતિ એ સમાધિઅવસ્થા છે. આ એની ત્રીજી ભિન્નતા છે. ચોથી ભિન્નતા છે કે નિદ્રામાંથી બહાર આવવાથી માનવની ચેતનાનું રૂપાંતર થતું નથી. જે હતા તે જ રહીએ છીએ. સમાધિમાંથી બહાર આવે તો માનવ ચેતનાનું રૂપાંતર થવું જોઈએ, તો જ

સમાધિ સાચી. જે હતા એને એ જ રહીએ તો એ સમાધિ સાચી સમાધિ નથી. સમાધિમાં આલ્ફા-પેટર્ન એક્ટીવેટ થાય છે. નિદ્રામાં ડેલ્ટા-પેટર્ન એક્ટિવેટ થાય છે.

હવે આપણે પાંચમો પ્રશ્ન જોઈએ. આ પ્રણવ ઉપાસનાનો પ્રશ્ન છે. પ્રશ્ન એ છે કે 'પ્રણવ ઉપાસનાનું ફળ શું ?' તો એમ કહે છે કે પ્રણવ ઉપાસનાની એક માત્રાનો અભ્યાસ કરનારને પૃથ્વીલોકનું ઐશ્વર્ય, બે માત્રાની ઉપાસના કરનારને ચંદ્રલોકનું ઐશ્વર્ય, ત્રણ માત્રાની ઉપાસના કરનારને સૂર્યલોકનું ઐશ્વર્ય અને ચતુર્થ માત્રાની ઉપાસના કરનારને પરમ પદની પ્રાપ્તિ થાય છે. એ કેવી રીતે ? એની વિશેષ વિચારણા માણ્ડૂક્ય ઉપનિષદમાં થઈ છે. તેથી આપણે છઠ્ઠો પ્રશ્ન જે મુખ્ય છે તે લઈએ છીએ.

છઠ્ઠા ઋષિ કહે છે કે મારા આશ્રમમાં કૌશલ દેશના રાજકુમાર આવ્યા. એમણે મને પૂછ્યું કે 'ષોડશકલ પુરુષને તમે જાણો છો ?' હું ષોડશકલ પુરુષને જાણતો નહોતો તેથી મેં એમને કહ્યું કે 'મને ખબર નથી.' આ છઠ્ઠા ઋષિ મહર્ષિ પિપ્પ્લાદજીને પ્રશ્ન પૂછે છે કે 'આ ષોડશકલ પુરુષ શું છે અને ક્યાં છે ?' ષોડશકલનો અર્થ થાય છે કે ચંદ્રની સોળ કળા છે. ષોડશકલ એટલે સંપૂર્ણ પુરુષ અને સંપૂર્ણ પુરુષ એટલે પૂર્ણ પુરુષ. તો પૂર્ણપુરુષ ક્યાં છે ? પિપ્પ્લાદજી ઉત્તર આપે છે કે 'તે તારી અંદર છે.' ભાગવતમાં પણ કહ્યું છે કે ભગવાનનું નિવાસસ્થાન ક્યાં ? તો કહે માનવના હૃદયમાં. કારણ કે ત્યાં ષોડશકલ પુરુષ બેઠો છે. માનવની બધી જ વૃત્તિ કે પ્રવૃત્તિના આઠ કેન્દ્રો છે. આપણે જે બધું કરીએ છીએ તે આઠમાંથી એક અથવા બે અથવા સૌ મેળવવા માટે. આનંદ, પ્રેમ, શાંતિ, જ્ઞાન, શક્તિ, અમરત્વ, સ્વાતંત્ર્ય અને સૌંદર્ય – આ આઠની આપણી શોધ છે. એવું કોઈ કેન્દ્ર છે જેમાં આઠે આઠ સમાઈ જાય ? આ આઠેય કેન્દ્રનું પણ એક કેન્દ્ર છે જે ષોડશકલ પુરુષ છે. એક દષ્ટાંત જુઓ. દશ વર્ષની કન્યાએ હઠ કરી કે મા મારે નણંદ જોઈએ છે. તો મા કહે કે નણંદ સ્વતંત્ર રીતે ન મળે. તારા લગ્ન થાય અને તારે વર હોય તો નણંદ મળે. તો દીકરી કહે કે, 'મા, મારે લગ્ન કરવા નથી. મારે વર ન જોઈએ પણ મારે નણંદ તો જોઈએ જ ! એટલું જ નહીં, મારે દિયર જોઈએ, દેરાણી જોઈએ.. જેઠ જોઈએ, જેઠાણી જોઈએ, સાસુ જોઈએ-સસરા જોઈએ... પણ મારે લગ્ન કરવા નથી....' હકીકતે એમાંનું એકેય ન મળે. વર મળે તો બધું મળે. એમ આ આઠે-આઠ કેન્દ્રો વર મળે તો મળે અને એ વર એટલે ષોડશકલ પુરુષ. રાબિયા નામના સુફીસંત થઈ ગયા. એક સાંજે પાંચ સજ્જનો એમને મળવા આવ્યા. રાબિયા કંઈક ધૂળમાં શોધતા હતા. સજ્જનોએ પૂછ્યું કે 'રાબિયા ક્યા ઢૂંઢ રહી હો ?' રાબિયા કહે કે 'મેરી સૂઈ ખો ગઈ હૈ....' બધા એને મદદ કરવા માંડ્યા. ધૂળ ફંફોસવા માંડ્યા. પછી કંટાળી પૂછયું : 'તુમ્હારી સૂઈ કહાં ખો ગઈ હૈ ?' રાબિયા કહે કે 'મેરી સૂઈ તો કુટિયાકે ભીતર ખો ગઈ હૈ...' સજ્જનો કહે : 'પાગલ હો ? ચીજ વહીં ઢૂંઢની ચાહીએ જહાં વો ખો ગઈ હૈ.... કુટિયા કે ભીતર સૂઈ ખો ગઈ હૈ ઔર તુમ ઢૂંઢ રહી હો બાહર ?' રાબિયાએ કહ્યું : 'મૈં ભી વહી કહ રહી હું. ચીજ વહીં ઢૂંઢો જહાં ખો ગઈ હૈ....' તમારો ષોડશકલ પુરુષ તમારી અંદર ખોવાયો છે. એને તમે બહાર શોધશો તો કેમ મેળ પડશે ? વગડામાં કોઈ માણસ શિયાળામાં એકલો ઊભો હોય અને ખૂબ ઠંડો પવન વાતો હોય... એની પાસે ગરમ વસ્ત્રો ન હોય... એને એમ થાય કે અગ્નિ મળે તો કામ થાય. દૂર એણે ભડકો જોયો અને એ દોડ્યો. ભડભડ મોટી જ્વાળા હતી. બાજુમાં એક મોટા કદનો અરીસો. એમાં પણ અગ્નિનું પ્રતિબિંબ પડે. બે અગ્નિ છે તો ક્યા અગ્નિ

પાસે બેસવું ? એક બિંબ અગ્નિ એટલે કે મૂળ અગ્નિ અને બીજો દર્પણમાં પ્રતિબિંબિત થયેલો આભાસી અગ્નિ. અરીસાની અગ્નિ પાસે બેસે તો એની ઠંડી ન ઊડે. મૂળ અગ્નિ પાસે જાય તો જ એની ઠંડી ઊડે. એ મૂળ અગ્નિ તે ષોડશકલ પુરુષ છે. બધું જ મળે અને ષોડશકલ પુરુષ ન મળે તો કશું જ મળતું નથી. ષોડશકલ પુરુષ મળે અને બીજું કશું ન મળે તો પણ બધું જ મળે છે.

આ રીતે આ છ પ્રશ્નો સમાપ્ત થાય છે. બધા ઋષિઓ મહર્ષિ પિપ્પલાદને કહે છે કે 'તમે અમારા ખરા પિતા છો. તમે અમને અવિદ્યામાંથી પાર ઉતાર્યા.' ઉપનિષદના અંતિમ મંત્રમાં કહે છે કે : ॐ नमः परमऋषिभ्यो नमः परमऋषिभ्यः પરમ ઋષિને નમસ્કાર, પરમ ઋષિને નમસ્કાર. હરિ ૐ.

**<u>કઠોપનિષદ – હરિરામ આચાર્ય</u>**

સૌથી પહેલા આ કૈલાસ ગુરુકુળની ભૂમિને હું પ્રણામ કરું છું, જ્યાં મને પહેલીવાર આવવાનું સૌભાગ્ય મળ્યું. હું એટલી સ્પષ્ટતા કરી દઉં કે ન તો હું વેદજ્ઞ છું કે વેદાંતજ્ઞ છું, ન તો દાર્શનિક છું. સાહિત્યના અભ્યાસમાં રત રહું છું અને એ અભ્યાસના પુણ્યપ્રતાપે પંડિતોની વચ્ચે બેસવાનો મને લાભ મળી જાય છે. જીવનભર સંસ્કૃત શીખ્યો અને શીખવાડ્યું. એ પ્રકારે કોશિશ કરી પરંતુ અગાધ સાગરનો પાર પામવો બહુ કઠીન છે.

વેદો જ્ઞાનના ભંડાર કહેવાય છે. એનો જેમાં વિસ્તાર થયો તે બ્રાહ્મણ ગ્રંથો કહેવાયા. એ વિશે પછી વધારે ગહનતાપૂર્વક ચિંતન થયું, તે અરણ્યોમાં બેસીને થયું એટલે તે આરણ્યકો કહેવાયા. એ જ્ઞાન જ્યારે શિખરને સ્પર્શ્યું ત્યારે એ વેદાંત કહેવાયું, એને જ આપણે ઉપનિષદ કહીએ છીએ. એટલે કે ઉપનિષદ એ વેદથી લઈને વેદાંત સુધીની સારસ્વત યાત્રા છે. મારે કઠોપનિષદ વિશે વાત કરવાની છે. એમાં સૌથી પહેલો શાંતિમંત્ર છે એ જોઈએ :

ॐ सहनाववतु ॥सहनौभुनक्तु ॥
सह वीर्यं करवावहै ॥
तेजस्विनावधीतमस्तु मा विद्‌विषावहै ॥

तेजस्विनावधीतमस्तु – આ જાણે કઠોપનિષદનું ધ્યેયવાક્ય છે. એનો અર્થ થાય છે કે અમે જે કંઈ ભણીએ તે તેજસ્વી બને. ગુરુની જ્ઞાનાગ્નિમાં પ્રશ્નની આહુતિ આપવા માટે પહેલા હાથમાં સમિધ લેવામાં આવે છે, એવી આપણી જ્ઞાનની પરંપરા છે. આપણે ત્યાં ભાગવતમાં 'सत्यं परम धिमहि' એમ કહેવાયું છે. પરમસત્ય સુધી પહોંચવા માટે ઘણી સાધના કરવી પડે છે. જેને આપણે બ્રહ્મ કહીએ છીએ એ સત્યનું જ સ્વરૂપ છે. એટલે જ ઈશવાસ્ય ઉપનિષદમાં 'हिरण्यमयेत पात्रेण..' શ્લોકમાં 'સત્ય ધર્માય દ્રષ્ટયે'ના સંકલ્પની વાત આવે છે. વેદ-ઉપનિષદોના દર્શનો બધાં કાવ્યો છે. પરંતુ એ એવા કાવ્યો છે જે અજર-અમર છે.

કઠોપનિષદ યજુર્વેદમાં આવે છે. 'સર્વં ખલમિદં બ્રહ્મ' એ પ્રસિદ્ધ વાક્યની ખોજ અહીં આખ્યાન રૂપે કરવામાં આવી છે. કઠોપનિષદમાં બે અધ્યાય છે અને પ્રત્યેક અધ્યાય ત્રણ વલ્લીઓમાં વહેંચાયેલા છે. તેમાં કુલ મળીને 119 મંત્રો છે. આરંભના બે મંત્રો ગદ્યાત્મક છે અને બાકીના 117 મંત્રો કાવ્યાત્મક છે. આ ઉપનિષદને 'નચિકેતોપાખ્યાન' પણ કહેવામાં આવે છે. આમાંનું નચિકેતાનું પાત્ર જે જિજ્ઞાસા વ્યક્ત કરે છે એ જિજ્ઞાસા અગાઉથી ચાલતી આવી છે અને હવે પછી પણ ચાલતી રહેશે, એટલે એ બધી જિજ્ઞાસા મને બાલજિજ્ઞાસા જેવી લાગે છે. એ બધી જિજ્ઞાસાનું પ્રતિક બનાવીને નચિકેતાને પ્રસ્તુત કરવામાં આવ્યો છે. નચિકેતા સનાતન અને શાશ્વત પ્રતીક છે. સ્વામી વિવેકાનંદે એમ કહ્યું હતું કે 'મને એકસો નચિકેતા આપો, હું વિશ્વનું રૂપ બદલી નાખીશ.' એટલે મને લાગે છે કે નચિકેતા ક્રાંતિકારી બાળક છે. એ પિતાની વિરુદ્ધ ઊભા થયા. નચિકેતાના પિતાએ વિશ્વજીત યજ્ઞ કર્યો. એ યજ્ઞની પરંપરા છે કે એમાં બ્રાહ્મણોને ગાયોનું દાન આપવામાં આવે છે. એમાં પોતાની સૌથી પ્રિય વસ્તુ પણ દાનમાં આપી દેવાની પદ્ધતિ છે. એ યજ્ઞમાં જ્યારે બ્રાહ્મણને ગાયો આપવામાં આવી રહી હતી ત્યારે નચિકેતા એને જોઈ રહ્યો હતો. એની ચેતના જાગૃત થઈ કે આ કેવી ગાયો દાનમાં અપાઈ રહી છે ? ઉપનિષદમાં વર્ણન આવે છે :

पीतोदका जग्धतृणा दुग्धदोहा निरिन्द्रियाः

આ એવી ગાયો છે જે અંતિમવાર જળ પી ચૂકી છે, ઘાસ ખાવાનું જેણે બંધ કરી દીધું છે, એનું દૂધ પણ દોહવાઈ ગયું છે અને તેની બધી ઈન્દ્રિયો નષ્ટ થઈ ચૂકી છે, એવી મરણાસન્ન ગાયો છે. નચિકેતાએ જોયું કે આવી ગાયો દાનમાં અપાઈ રહી છે અને બ્રાહ્મણ એને લઈને જઈ રહ્યા છે. એને થયું કે આ શું થઈ રહ્યું છે ? મારા પિતા તો આટલું મોટું કામ કરી રહ્યા છે અને આ યજ્ઞની વેદી પર દાનનો સંકલ્પ લઈને દાન કરી રહ્યા છે તો આ કેવું દાન થયું ? દાન તો પોતાની પ્રિય અને શ્રેષ્ઠ વસ્તુનું દાન કરવાની રીત છે. એણે કહ્યું, 'હું તમારો પ્રિય પુત્ર છું, સર્વસ્વ છું, તો તમે મને કોને આપશો ?' બે વાર એણે પિતાજીને પૂછ્યું ત્યાં સુધી તો પિતાએ એને ટાળી દીધો. ત્રીજી વાર જ્યારે એણે પૂછ્યું તો એના પિતાએ ક્રોધમાં આવીને કહ્યું કે 'હું તને મૃત્યુના દેવને આપું છું.' નચિકેતા વિચારમાં પડ્યો કે પિતાજીએ આમ કેમ કહ્યું હશે ? હું તો પિતાજીનો ખરાબ પુત્ર નથી. મને મૃત્યુને આપવાનું કહ્યું તો મૃત્યુને મારું શું કામ હશે ?

નચિકેતા મૃત્યુના દ્વારે એટલે કે યમલોક પહોંચી ગયો. ત્યાં શરીર સાથે પ્રવેશ થતો નથી. યમરાજાના દ્વારપાળોએ એને રોકી લીધો.
'કયાં જાઓ છો ?'
'હું યમરાજા પાસે જાઉં છું. મને મારા પિતાએ દાન કર્યો છે.'
ત્રણ રાત્રિ સુધી એ ત્યાં બેસી રહ્યો. યમરાજા બહાર ન આવ્યા. યમરાજાની પત્નીએ યમરાજાને કહ્યું કે 'તમે શું વિચારમાં છો ? બહાર બ્રાહ્મણ અતિથિ ત્રણ દિવસથી બેઠા છે. એની ઉપેક્ષા કરવી એ આપણી સઘળી સમૃદ્ધિને નષ્ટ કરવા બરાબર છે. આ આપ શું કરો છો ? પોતાનું અસ્તિત્વ ખતમ કરવાની વાત

વિચારો છો કે શું ? તમે જાઓ અને જળથી એમના ચરણ ધુઓ…' યમરાજાને ત્યારે ભાન થયું કે પોતાની કેવી મોટી ભૂલ થઈ ગઈ. તેઓ બહાર આવ્યા. યથાયોગ્ય સત્કાર કર્યો. યમરાજાએ કહ્યું કે 'મારાથી ભૂલ થઈ અને મેં તમારા તરફ ત્રણ રાત્રિ સુધી ધ્યાન ન આપ્યું. હવે એનું પ્રાયશ્ચિત એ જ થઈ શકે કે એ બદલામાં તમે મારી પાસેથી ત્રણ વરદાન માંગી લો.' અહીં મેં થોડી મારી કલ્પના જોડી છે કે યમરાજા એને પૃથ્વીલોક પર પરત જવાનું કહે છે કે કારણ કે આ તો રોષમાં કરાયેલું દાન છે. રોષમાં કરાયેલું દાન હકીકતે દાન નથી કહેવાતું. વળી યજ્ઞમાં તો બ્રાહ્મણને દાન આપવાની વાત હતી. યમરાજા કહે છે કે 'હું બ્રાહ્મણ નથી, એટલે એનો અધિકારી નથી. એટલે આપે પરત જવું પડશે, અહીં આપને પ્રવેશ નહીં મળે. તમે ત્રણ વર માંગી લો…'

નચિકેતાએ સૌથી પહેલું વરદાન માંગતાં કહ્યું કે 'મારા પિતાએ રોષમાં દાન કર્યું છે એથી એ વ્યાકુળ છે માટે આપ એવું વરદાન આપો કે જેથી એ સ્વસ્થ થઈ જાય, જે કંઈ થયું એ બધું ભૂલી જાય અને હું જ્યારે પાછો ફરું ત્યારે મારો સ્નેહથી સ્વીકાર કરે.' જેમણે યજ્ઞની વેદી પર પુત્રનો વિરોધ કર્યો હતો એ જ સુયોગ્ય પુત્રે પિતાની ચિંતા કરી. યમે કહ્યું 'તથાસ્તુ !' એક ક્ષણમાં બધું બદલાઈ ગયું. અહીં સુધી તો બધું બરાબર હતું પરંતુ એ પછી નચિકેતા એ જે બીજું અને ત્રીજું વરદાન માગ્યું છે એનાથી જ કઠોપનિષદમાં આ ઉપાખ્યાન આવ્યું છે. તત્વને બતાવવા માટે ઉપનિષદકારે બાળકના મુખમાંથી જિજ્ઞાસા મૂકી છે અને કાલદેવતાની પાસેથી એનો ઉત્તર અપાવ્યો છે.

યમે કહ્યું કે 'હવે બીજું વરદાન માંગો.' નચિકેતાએ કહ્યું કે 'ત્રિકાળ સંધ્યામાં યજ્ઞની વેદીમાં જે અગ્નિ રહેલો હોય છે એને 'ગુહાનિહિત અગ્નિ' કહે છે તો એ ગુહ્ય અગ્નિ વિશે મને જાણવાની જિજ્ઞાસા છે.' નચિકેતાના આ પ્રશ્નથી મને એમ લાગે છે કે તે જીવનનું રહસ્ય જાણવા માંગે છે. યમરાજાએ એને યજ્ઞની વેદીઓ, એમાં વપરાતી ઈંટો, વેદીઓના પ્રકારો બધું જ સમજાવ્યું. એ પછી એમણે નચિકેતાને પૂછ્યું કે 'તને આ વાત સમજમાં આવી ?' નચિકેતાએ કહ્યું કે 'મને બરાબર સમજમાં આવી ગઈ.' માત્ર એટલું જ નહિ નચિકેતાએ યમે કહેલા એ વાક્યો ફરીથી બોલીને બતાવ્યા. યમરાજા બહુ પ્રસન્ન થઈ ગયા. યમે નચિકેતાને કહ્યું કે 'હું તને એક વધારાનું વરદાન આપું છું. એ વધારાનું વરદાન એ છે કે આહુતિ આપવા માટે જે ત્રણ પ્રકારના અગ્નિનું ચયન કરવામાં આવે છે એનું નામ હું 'ત્રિણાચિકેત અગ્નિ' હું રાખું છું. આજથી સંસારમાં તારા આ નામથી જ આ અગ્નિ પ્રસિદ્ધ થશે.' મને એમ લાગે છે કે આ અગ્નિ જ જીવનનો આધાર છે, એની સ્તુતિથી જ ઋગવેદનો પ્રારંભ થયો છે : अग्निमीळे पुरोहितं એટલે કે આ કોઈ વેદીના અગ્નિની વાત નથી. બ્રહ્માંડમાં જે અગ્નિ વ્યાપ્ત છે એની તરફ સંકેત છે. એની સ્પષ્ટ વાત વધુ વિસ્તારથી મુણ્ડકોપનિષદમાં કરવામાં આવી છે. અહીં જ્ઞાનાગ્નિમાં જે આહુતિ અપાય છે એ તરફ સંકેત છે. અહીં બીજી વાત મને એ પણ લાગે છે કે ગીતામાં જે કહેવાયું છે કે 'अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः' એની તરફ પણ સંકેત છે. આપણે ત્યાં ત્રિકાળ સંધ્યાની વાત છે. એ ત્રિકાળ સંધ્યા એટલે સવાર, બપોર, સાંજની જે સંધ્યા છે એ તો છે જ. પરંતુ એક ત્રિકાળ સંધ્યા એ પણ છે જે બ્રહ્મચાર્યાશ્રમ અને ગૃહસ્થાશ્રમ વચ્ચે હોય છે. ગૃહસ્થઆશ્રમ બાદ વાનપ્રસ્થ આશ્રમની હોય છે અને એ પછી સંન્યાસઆશ્રમ સાથે સંધિ થાય છે. આ ત્રણ સંધ્યા આખું જીવન ચાલે છે. એ સંધિઓના

સમયે આપની ચર્યા બદલાય છે, આપનો આશ્રમ બદલાય છે. તો એ સમયે આપણી ભીતર જે અગ્નિ છે એનું નિયમન કઈ રીતે થઈ શકે, એ તરફ યમરાજાનો સંકેત હોય એમ લાગે છે. નચિકેતાએ તે બરાબર સમજી લીધું તેથી યમરાજાને થયું કે 'આ બાળકમાં કેટલી પ્રતિભા છે !' ટૂંકમાં આ જીવનરહસ્યની વાત છે.

એ પછી ત્રીજા પ્રશ્નમાં મૃત્યુના રહસ્યની વાત આવે છે. સૌની એ ચિરંતન જિજ્ઞાસા હોય છે કે મૃત્યુ પછી શું ? જન્મથી તો મૃત્યુ સુધી બધું આપણે જાણીએ છીએ. સૂર્ય પૂર્વથી પ્રશ્ચિમમાં જાય છે એ અર્ધસત્યને તો આપણે જાણીએ છીએ પરંતુ એ પછી તે પશ્ચિમથી પૂર્વમાં જઈ બીજે દિવસે ફરી કેવી રીતે ઉદિત થાય છે તે જાણવાની આ વાત છે. નચિકેતાએ સીધો જ પ્રશ્ન કર્યો છે :

येयं प्रेते विचिकित्सा मनुष्ये-
ऽस्तीत्येके नायमस्तीति चैके।

'મનુષ્ય જ્યારે મરી જાય છે, પ્રેત થઈ જાય છે, સંસારથી ચાલ્યો જાય છે, ત્યારે સૌના મનમાં એક પ્રશ્ન ઊભો થાય છે. કેટલાક લોકો કહે છે કે 'અસ્તિ' કેટલાક લોકો કહે છે 'નાસ્તિ'. તો આ બંને વચ્ચે પ્રશ્ન ચાલે છે. તમે કહો કે સાચું શું છે ?' મરણોપરાન્તના ગોપનિય રહસ્યની વિશે જિજ્ઞાસા સાંભળી ત્યારે યમરાજાને આશ્ચર્ય થયું કે આટલો નાનો બાળક મને આટલો ગહન પ્રશ્ન પૂછે છે ? યમરાજાએ એને કહ્યું કે 'ભાઈ, આ બાબતમાં તો દેવતાઓ પણ નથી જણતા.' આ એવી ગહનવિદ્યા છે કે જે સમગ્ર કઠોપનિષદનો સાર છે. આ વિદ્યા ફક્ત સુપાત્રને જ આપી શકાય. નચિકેતા સુપાત્ર છે કે નહીં એ માટે યમરાજાએ એની ચકાસણી કરી. તેમણે નચિકેતાને કહ્યું કે 'આ પ્રશ્ન તમે ન કરો...' નચિકેતાએ કહ્યું કે 'ના, હું તો ફક્ત એ વિશે જ જાણવા માગું છું.' યમરાજાએ ફરી કહ્યું કે 'એ બહુ જટિલ અને કઠિન વિષય છે માટે એ રહેવા દે. તારી બુદ્ધિમાં એ સમાશે નહીં' નચિકેતા કહે છે કે : 'કઠીનને સરળ કરવામાં આપ સૌથી યોગ્ય વ્યક્તિ છો. મૃત્યુ વિશે આપથી વધારે કોણ કહી શકે ? આપ તો એના મુખ્ય દેવતા છો...' યમરાજાએ ફરી કહ્યું કે 'જુઓ, આના બદલે તમે જે ચાહો તે લઈ લો. પણ આ વાત ના પૂછો...' પરંતુ નચિકેતા મક્કમ છે. નચિકેતા કહે છે: 'वरस्तु मे वरणीयः स एव' એ પછી કહે છે કે 'नान्यं तस्मान्नचिकेता वृणीते' જાણવા યોગ્ય કંઈક હોય તો તે આ જ છે માટે નચિકેતા અન્ય કોઈ બીજું વરદાન ગ્રહણ નહીં કરે.' કેટલું સુંદર ઉપાખ્યાન છે ! યમરાજાએ નક્કી કરી લીધું કે આ નચિકેતા યોગ્ય પાત્ર છે માટે એને ગુહ્યવિદ્યા આપવી જોઈએ.

સૌથી પહેલા યમરાજાએ કહ્યું કે 'તું મારો પ્રિય બાળક છે એટલે તને કહું છું. સંસારમાં બે માર્ગ હોય છે. એક માર્ગ હોય છે શ્રેયનો અને બીજો હોય છે પ્રેયનો. આ બંને માર્ગો મનુષ્ય પાસે આવે છે. જે ધીર વ્યક્તિ છે એ તેને બરાબર ઓળખે છે અને શ્રેયનો માર્ગ પકડે છે. પ્રેયનો માર્ગ પકડનાર હંમેશા મૃત્યુના પાશમાં જ બંધાયેલા રહે છે.' મને લાગે છે કે આ શ્રેય-પ્રેયનો સિદ્ધાંત સૌપ્રથમ વખત આ ઉપનિષદમાં આવ્યો છે. પુરાણોમાં આવતા ધ્રુવાખ્યાન પર આ જ બાબતની છાયા હશે એમ મને લાગે છે. એમાં જે રાજાનું નામ આવે છે 'ઉત્તાનપાદ' એટલે કે જેની અક્કલ ઊંધી છે તે. જેની અક્કલ ઊંધી હોય એ જ

એવું કરે કે સુનીતિની ઉપેક્ષા કરે અને સુરુચિ તરફ જાય. સુરુચિનો પુત્ર ઉત્તમ છે. એટલે કે સંસારમાં બધા જ લોકો પ્રેય તરફ ભાગતા નજરે પડે છે. પરંતુ સુનીતિનો પુત્ર જ ધ્રુવપદ પ્રાપ્ત કરી શકે. આ રૂપકમાં મને શ્રેય અને પ્રેયના માર્ગનું અનુસરણ થતું હોય એમ લાગે છે. આથી યમરાજા કહે છે કે 'તેં આ પ્રશ્ન પૂછ્યો છે તેથી તું શ્રેયના માર્ગને અનુસરનારો છે. તેથી આ જ્ઞાન હું તને આપીશ.'

આ જ્ઞાન આપતાં સૌથી પહેલી જે વાત યમરાજાએ કહી છે તે ગીતામાં આવે છે. એમણે એકાક્ષર બ્રહ્મથી વાત શરૂ કરી છે.

सर्वे वेदा यत्पदमामनन्ति
तपाँसि सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति
तत्ते पदँ संग्रहेण ब्रवीम्योमित्येतत् ॥

'ૐ એ પરમ પદ છે. વેદો એનું જ પ્રતિપાદન કરે છે. તપસ્વીઓ તપ એને માટે જ કરે છે. જેની માટે બ્રહ્મચર્યનું આચરણ તેઓ કરે છે તે બ્રહ્મ આ જ છે.' આ ગીતામાં પણ આવ્યું છે. ભગવાન શ્રી કૃષ્ણે એની પર ભાર મૂક્યો છે. અહીંથી આગળ યમરાજાનું આત્મા વિશેનું વિવેચન શરૂ થાય છે. આત્મા અજર અમર છે એ સંપૂર્ણ વાત ગીતાની શબ્દસહઃ જાણે કે અહીં ઊતરી આવી છે.

न जायते म्रियते वा विपश्चिन्
नायं कुतश्चिन्न बभूव कश्चित् ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो
न हन्यते हन्यमाने शरीरे ॥

આ આત્મજ્ઞાનની વાત પછી નચિકેતાએ પ્રશ્ન કર્યો કે 'આ આત્માને પ્રાપ્ત કેવી રીતે કરી શકાય ?' ત્યારે યમરાજા જે કહે છે તે મંત્ર બહુ પ્રસિદ્ધ છે. ખૂબ સરળ શબ્દોમાં આ ઉપનિષદ રહસ્યોને ઉદ્ઘાટિત કરે છે. કદાચ સામે બાળક હોવાથી યમરાજાએ ખૂબ સરળ શબ્દોમાં આ બધી બાબતો સમજાવી હશે. પરંતુ આપણા જેવા અજ્ઞાનીઓ માટે આ સરળ શબ્દો ખૂબ શ્રેયસ્કર થઈ પડે છે.

नायमात्मा प्रवचनेन लभ्यो
न मेधया न बहुना श्रुतेन ।
यमेवैष वृणुते तेन लभ्यः
तस्यैष आत्मा विवृणुते तनूँ स्वाम् ॥

'આત્મજ્ઞાનની પ્રાપ્તિ બહુ સાંભળવાથી કે તર્કથી થતી નથી. આત્મા સામેથી જેનું વરણ કરે એને આ જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે. જેને તે ચાહે છે એની સામે જ એનું સ્વરૂપ પ્રગટ કરે છે.' અહીં મને વલ્લભ સંપ્રદાયનો  પુષ્ટિમાર્ગ યાદ આવે છે. પુષ્ટિનો અર્થ જ એ છે કે સ્વયં એ જેની પર અનુગ્રહ કરે તે. આ અનુગ્રહનો માર્ગ છે. અમારે ત્યાં રાજસ્થાનીમાં કહેવત છે કે 'રાગ, રસોઈ અને પાઘડી ક્યારેક ક્યારેક જ બરાબર બંધાય છે.' રાગ એનો વિશેજ્ઞ બરાબર ગાઈ શકે છે. રસોઈ માટે 'ભોજ્યેષુ માતા' એવું

વિશેષણ વપરાયું છે. આપણી જીભ માટે બે જ વસ્તુ તો અગત્યની છે, એક તો સ્વાદ અને બીજો વાદ ! કારણ કે જીભ એ એક જ એવી છે કે જે જ્ઞાનેન્દ્રિય પણ છે અને કર્મેન્દ્રિય પણ છે. જ્યારે સ્વાદ લે છે ત્યારે તે જ્ઞાનેન્દ્રિય છે અને જ્યારે બોલે છે ત્યારે તે કર્મેન્દ્રિય છે. એ જ રીતે સારી પાઘડી બાંધવી એ ઘણું કલાત્મક કામ હોય છે. એટલે આ બધા કામમાં અનુગ્રહનું તત્વ રહેલું છે એમ મને લાગે છે. અહીં એ જ રીતે આત્માની કૃપા હોય તો આપણને એ પ્રાપ્ત થઈ શકે છે એમ કહેવાયું છે.

એ પછી વાત આવી કે 'આત્મા રહે છે ક્યાં ?' તો કહે છે કે હૃદયની ગૃહામાં આત્મા બે રૂપે રહેલો છે : 'છાયા અને ધૂપ.' એટલે કે જીવાત્મા અને પરમાત્મા. જીવાત્મા કર્મફળોને ભોગવે છે અને છાયા છે. જ્યારે પરમાત્મા અસંગ, અભોક્તા અને પૂર્ણપ્રકાશ છે. આ બંને ભિન્ન દેખાવા છતાં અભિન્ન છે. આમ કહ્યા પછી યમરાજા આપણી સામે આગળ એક સરળ રૂપક મૂકે છે. એ રૂપક છે રથ અને રથિનું. આ રૂપક પણ ખૂબ લોકપ્રિય છે અને સરળ પણ છે.

आत्मानँ रथितं विद्धि शरीरँ रथमेव तु ।
बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥
इन्द्रियाणि हयानाहुर्विषयाँ स्तेषु गोचरान् ।
आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः ॥

કેટલી સરળ વાત છે કે જેમ ઘોડાનું મુખ રથમાં સામેની બાજુ હોય છે એમ ઈન્દ્રિયો બહિર્મુખી હોય છે. એટલે એ તો વિષયોરૂપી ગોચર તરફ જવાના જ. એને બાંધનાર લગામ મન છે. બુદ્ધિરૂપી સારથિના હાથમાં એની લગામ છે. આ રીતે આ જીવનરથ ચાલે છે અને રથિની યાત્રા શરૂ થાય છે. આત્મા, ઈન્દ્રિય અને મન સાથે સંયુક્ત હોવાને કારણે જ એને ભોક્તા કહે છે. જો આ રથની લગામ ઢીલી થઈ જાય, સારથિ ઊંઘી જાય એટલે કે પ્રજ્ઞા ઢીલી થઈ જાય તો ઘોડા પોતાને મન ફાવે તેમ ભાગવા લાગે છે. એમને તો સામે પોતાના વિષયો જ્યાં દેખાય છે એ તરફ ભાગતા રહે છે. ટૂંકમાં બુદ્ધિરૂપી સારથિ જાગૃત હોય એ ખૂબ જરૂરી છે.

સંક્ષેપમાં આગળ જોઈએ તો કઠોપનિષદમાં આગળ જતાં એક મંત્ર આવે છે :

एको वशी सर्वभूतान्तरात्मा
एकं रूपं बहुधा यः करोति ।
तमात्मस्थं येऽनुपश्यन्ति धीराः
तेषां सुखं शाश्वतं नेतरेषाम् ॥

ઉપનિષદ કહે છે કે પરમાત્મા એક જ છે. અદ્વિતિય છે અને સ્વતંત્ર છે. તેઓ પોતાના એક જ રૂપથી અનેક પ્રકારની લીલાઓ કરી લે છે. જે જ્ઞાની પુરુષો પોતાના હૃદયની અંદર જોઈ શકે છે એને જ તે સનાતન પરમાનન્દ મળે છે, બીજાને નહીં.

અંતે હું બે વાત કહેવા માગું છું. એક તો આત્માને 'અંગુષ્ઠ પરિમાણ' કહ્યો છે. વળી તેને 'નિર્ધૂમ જ્યોતિ' સમાન કહ્યો છે. આ વાંચીને મને લાગ્યું કે આપણે કપાળે અંગૂઠાથી તિલક કરીએ છીએ તે એ આત્માનું પ્રતિક છે. બીજી વાત જે મેં કરી તે રથ-રથિની છે. એ એટલી લોકપ્રિય થઈ છે કે આમ આદમી સુધી પહોંચી છે. આપણે ત્યાં શબને જેની પર સુવાડીને સ્મશાન લઈ જવાય છે એને 'અર્થી' કહે છે. હકીકતે 'અર્થી' શબ્દ શબ માટે વપરાય છે. કારણ કે અર્થીનો અર્થ છે : 'અ-રથિ' એટલે કે જેણે શરીરરૂપી રથનો ત્યાગ કરી દીધો છે તે. એ નિર્જિવ રથનો જ આપણે અગ્નિસંસ્કાર કરીએ છીએ. સમયની સીમાને કારણે અહીં હું મારી વાત પૂરી કરું છું. મને આ સદભાગ્ય મળ્યું એ માટે આયોજકોનો હું આભારી છું. ધન્યવાદ.

## શ્વેતાશ્વતરોપનિષદ – પુનિતા દેસાઈ

ઉપનિષદની વાતો તો ઘણી બધી થઈ ગઈ છે પરંતુ મારા વિષય સાથે લાગતું વળગતું છે એવું એક વાક્ય મારે શરૂઆતમાં કહેવું છે કે માનવ જગત માટે ઉપનિષદોએ આ રહસ્યમયી જે અધ્યાત્મવિદ્યા છે એની બિનસાંપ્રદાયિક રીતે વિચારણા કરી છે. એ આપણા પારંપરિક જે દશ ઉપનિષદો છે એને લાગુ પડે છે. આ દશ ઉપનિષદોને મુખ્ય ગણીને બાકીના ત્રણ એમાં ઉમેરવામાં આવ્યા છે. એ છે શ્વેતાશ્વતર, કૌશિતકી અને મૈત્રેયી. પરંતુ શંકરાચાર્યે દશ ઉપનિષદો પર ભાષ્ય લખ્યું છે કારણ કે તેમાં અધ્યાત્મવિષયોનું સુપેરે નિરુપણ કરેલું છે. સાથે સાથે એમણે શ્વેતાશ્વતર ઉપનિષદ પર પણ ભાષ્ય રચ્યું છે. એ રીતે એનું મહત્વ બાકીના દશ ઉપનિષદો જેટલું ગણાવા લાગ્યું છે. શ્વેતાશ્વતરમાં ખાસ કરીને ષડદર્શનો અને વેદાંત અને તેની સાથે સાથે શ્રીમદ ભગવદગીતા, બ્રહ્મસુત્રના કેટલાક સુત્રો, શંકરાચાર્ય-રામાનુજાચાર્ય અને વલ્લભાચાર્યના જે સિદ્ધાંતો છે તે સિદ્ધાંતો માટે ઘણા બધા મંત્રો શ્વેતાશ્વેતરમાંથી લેવામાં આવ્યા છે. એ રીતે પણ આ શ્વેતાશ્વેતરનું મહત્વ સ્વીકારવામાં આવેલું છે.

હવે શ્વેતાશ્વેતર ઉપનિષદની થોડીક માહિતી આપું તો કૃષ્ણ-યજુર્વેદની સાથે એ સંકળાયેલું છે. એના છ અધ્યાયો છે અને 113 મંત્રો છે. એના મુખ્ય વિષયની વાત કરીએ તો એમાં શરૂઆતથી અંત સુધી બ્રહ્મના સ્વરૂપનું વિવિધ રીતે નિરૂપણ કરેલું છે. આ ઉપનિષદને 'મંત્રોપનિષદ' પણ કહેવામાં આવે છે. કેટલાક લોકો એવું પણ કહે છે કે 'શ્વેત' અને 'અશ્વેત' એવી બે શાખાના સંયોજનથી એને 'શ્વેતાશ્વેતર' એવું નામ આપવામાં આવ્યું છે. પરંતુ એની અંદર એક મંત્ર આપવામાં આવેલો છે, એના આધારે જ ઉપરોક્ત વિચારનું ખંડન થઈ જાય છે. એ મંત્રમાં કહ્યું છે કે :

तपःप्रभावाद् देवप्रसादाच्च
ब्रह्म ह श्वेताश्वतरोऽथ विद्वान् ।
अत्याश्रमिभ्यः परमं पवित्रं
प्रोवाच सम्यगृषिसङ्घजुष्टम् ॥

અહીં 'શ્વેતાશ્વેતર'નામના મંત્રદષ્ટા એ જ આની રચના કરી છે અને એના પરથી જ આ નામ આપવામાં આવ્યું છે. એટલે એને પરમ પવિત્ર અને સમ્યક ઋષિઓના સંગ વડે સેવિત થયેલું કહેવાયું છે. આ

ઉપનિષદનો અભ્યાસ કરતાં મને લાગ્યું કે ચીલાચાલુ જે વાતો છે એના કરતાં આ ઉપનિષદની વિશિષ્ટતાઓ ઘણી બધી છે. એ વિશિષ્ટતાઓમાં શરૂઆતથી જ આપણે જોઈશું તો જેમ અન્ય ઉપનિષદોમાં શિષ્યનો પ્રશ્ન, ગુરુનું સમાધાન હોય છે એવું અહીં નથી. અહીં પહેલા જ મંત્રમાં તમે જોશો કે એમ કહેવાયું છે કે બ્રહ્મવાદીઓ બધા ભેગા થયા અને બ્રહ્મની ચર્ચા કરવા લાગ્યા. અહીં ગુરુ-શિષ્યની જેમ પ્રશ્નોત્તરી નથી પરંતુ સૌ ભેગા મળીને જગતનું કારણ શું છે વગેરે વિશે ચર્ચા કરે છે.

किं कारणं ब्रह्म कुतः स्म जाता
जीवाम केन क्व च संप्रतिष्ठा ।
अधिष्ठिताः केन सुखेतरेषु
वर्तामहे ब्रह्मविदो व्यवस्थाम् ॥

પહેલા મંત્રમાં કહેવાયું છે કે બ્રહ્મનું કારણ શું છે ? બ્રહ્મનું સ્વરૂપ કેવું છે ? આપણે બધા શેમાંથી ઉત્પન્ન થયા ? પ્રલયકાળમાં આપણે ક્યાં હોઈશું ? શેના કારણે આપણે જીવીએ છીએ ? હે બ્રહ્મવિદો ! આપણે કોનાથી પ્રેરિત થઈને આ સુખદુઃખની વ્યવસ્થાને અનુસરીએ છીએ ? – આ રીત પહેલા મંત્રમાં આ બધા પ્રશ્નો એ લોકોએ અંદર-અંદર ચર્ચા કરીને જાણવાનો પ્રયત્ન કર્યો. મોટે ભાગે બ્રહ્મને બધા જગતનું કારણ માને છે પરંતુ એ વિચારધારાના કેટલાક વિરોધીઓ કાળને જગતનું કારણ માને છે, કેટલાક સ્વભાવને જગતનું કારણ માને છે, કેટલાક નિયતિને, કેટલાક પૃથ્વી વગેરે ભૂતોને જગતનું કારણ માને છે. કેટલાક જીવાત્માને પણ જગતનું કારણ માને છે. પરંતુ આમાંથી કોઈને પણ જગતના કારણ તરીકે માની શકાય એમ નથી. કાળ, સ્વભાવ વગેરે ભેગા મળીને કારણ બની શકે તેમ નથી. એ બધા સ્વતંત્ર નથી એથી તેઓ કારણ બની શકે નહિ. એ બધા જડ છે, જે પ્રવૃત્ત હોય છે એ હંમેશા ચૈતન્ય જ હોય છે. એ પછી વાત આવે છે જીવાત્માની. એનું પણ કાર્ય મર્યાદિત છે કારણ કે એનો બધો આધાર પાપ અને પુણ્ય પર હોય છે. એ પણ પરમાત્માને આધિન છે તેથી એ પણ પોતે સ્વતંત્ર નથી. જે સ્વતંત્ર ન હોય તે આટલા મોટા જગતની રચના કરી શકે નહિ. – આ પ્રમાણે બધા બ્રહ્મવાદીઓ ફરીથી વિચારણા કરવા લાગ્યા કે હવે કઈ રીતે શોધી કાઢવું કે જગતનું કારણ કોણ છે ? એ પછી એ લોકોએ ઈન્દ્રિયોને વિષયોમાંથી ખેંચીને મનમાં સંક્રાંત કરી. મનને આત્મામાં અને આત્માને પરમાત્મામાં, એમ કરીને ધ્યાનયોગ દ્વારા આ લોકોએ શોધી કાઢ્યું કે ત્રણ ગુણોથી ઢંકાયેલી (સત્વ, રજ, તમ) બ્રહ્મની જે આત્મશક્તિ છે એ આત્મશક્તિ જ આ જગતનું કારણ છે. એ આત્મશક્તિ બ્રહ્મની અંદર જ રહેલી છે પણ બ્રહ્મ એને પ્રેરિત કરે છે અને કાર્ય બધું પ્રકૃતિ કરે છે. આ રીતે ધ્યાન દ્વારા એ લોકોને અનુભવ થયો કે આ જગતનું કારણ આત્મશક્તિ એટલે કે પ્રકૃતિ છે. આગળ આ પ્રકૃતિ માટે 'જાલવાન' શબ્દ વપરાયો છે. જાલવાન એટલે જાળવાળો. જાળ શબ્દ અહીં માયા માટે વપરાયો છે. માયાથી ઢંકાયેલો હોય ત્યારે તે ઈશ્વર કહેવાય છે અને માયા વગરનો હોય ત્યારે તે બ્રહ્મ કહેવાય છે.

અહીં કહેવાયું છે કે પ્રકૃતિ એ જ માયા છે. જે મહેશ્વર છે એને માયાવી તરીકે ઓળખાવ્યો છે. એક મંત્રની અંદર એને 'જાલવાન' તરીકે ઓળખાવ્યો છે તો બીજા મંત્રની અંદર માયાવી તરીકે ઓળખાવ્યો છે. અહીં આપણને એક નવાઈ લાગે એવી વસ્તુ છે. તે એ છે કે પહેલા નિર્ગુણ બ્રહ્મ હોય એને આપણે

માયા વડે કે પ્રકૃતિ વડે એને માયાવી બનાવી દઈએ છીએ. પછી માયાના પ્રપંચમાંથી એને છોડાવીને નિર્ગુણ બ્રહ્મ કરીને એને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીએ છીએ. એટલે કે પહેલા વસ્તુને માયાવી બનાવો અને પછી માયાને દૂર કરો, એ માટે જ બધા ઉપનિષદો રચાયા છે. એનો ઉદ્દેશ જ્ઞાનથી માયાને દૂર કરી માયારહિત બ્રહ્મને પ્રાપ્ત કરવાનો રહ્યો છે. જીવાત્મા પરમાત્માથી જુદો નથી. પરમાત્મા એને રચે પછી એ શરીરની અંદર પ્રવેશ કરે છે.

જાળ માટે એવું કહેવાય છે કે તે દુસ્તર છે. ગીતાની અંદર પણ કહ્યું છે કે 'મમ માયા દુરત્યયા.' માયાને 'અજા' પણ કહેવાય છે. સાંખ્યયોગના ઘણા સિદ્ધાંતો શ્વેતાશ્વતર ઉપનિષદમાં જોવા પડેલા મળે છે. 'અજા' એ માયા જ છે એવું છાંદોગ્ય ઉપનિષદની અંદર કહેવામાં આવેલું છે. એમાં કહ્યું છે કે 'અજા'નો લાલ, સફેદ અને કાળો રંગ છે. એને જ છાન્દોગ્ય ઉપનિષદ 'પ્રકૃતિ' તરીકે પણ ઓળખાવે છે. બ્રહ્મવિદોએ જોયેલી દેવતાત્માશક્તિને પણ પ્રકૃતિ કે માયા તરીકે ઓળખવામાં આવે છે. માયાને અવિદ્યા તરીકે પણ ઓળખાવવામાં આવે છે. એને શક્તિ તરીકે પણ ઓળખાવવામાં આવે છે. ગીતા પર શ્વેતાશ્વેતર ઉપનિષદની ઘણી બધી અસર થયેલી જોવા મળે છે. ગીતામાં પણ કહેવામાં આવ્યું છે કે 'મારી અધ્યક્ષતા નીચે આ પ્રકૃતિ સરચરાચર જગતની રચના કરે છે. સત્વ, રજસ અને તમસ, એ ત્રણ જે ગુણો છે એ આ પ્રકૃતિની અંદરથી ઉત્પન્ન થયેલા છે.' એટલે કે માયા, પ્રકૃતિ કે અવિદ્યાને જગતના કારણ તરીકે આ બ્રહ્મવાદીઓએ જોઈ. તેમણે ધ્યાનમાર્ગ દ્વારા આ શોધી કાઢ્યું. આપણે આ બ્રહ્મવાદીઓને પણ મંત્રદ્રષ્ટા કહી શકીએ એવું મને લાગે છે. તેઓ બધી ચર્ચા જાતે જ કરે છે, તેમાં ક્યાંય પ્રશ્ન આવતો નથી.

ત્યાર પછી બ્રહ્મના સ્વરૂપનું ખૂબ જુદી જુદી રીતે વર્ણન કરવામાં આવેલું છે. બે રૂપક દ્વારા તે બતાવવામાં આવ્યું છે. એક છે બ્રહ્મચક્ર અને બીજું છે સંસારચક્ર. અહીં ચક્રની એક-એક વાત લઈને તેને બ્રહ્મ સાથે સરખાવવામાં આવી છે, જે મને ઘણી વિશિષ્ટ લાગી છે. એ ચક્રને નેમિ છે, એ નેમિ ત્રણથી ઘેરાયેલી છે. નેમિમાં લોખંડની, વચ્ચે અવકાશ અને લાકડાની પટ્ટી હોય છે. આ ત્રણ પટ્ટીઓથી ચક્રની નેમિ ઘેરાયેલી છે, તેમ કહેવાયું છે. આ જ વાત બ્રહ્મને લાગુ પડે છે. બ્રહ્મની એક નેમિ છે પ્રકૃતિ. પ્રકૃતિ ત્રણ ગુણોવાળી છે. એટલે કે ત્રણગુણોવાળી પ્રકૃતિથી બ્રહ્મ ઘેરાયેલો છે. આ એક સુંદર રૂપક છે. નેમિ બનાવવા માટે લાકડાને ટૂકડાઓ કરી, વાળી અને પછી ગોળ બનાવવામાં આવે છે. અહીં એ ટૂકડાઓને એકબીજા સાથે જોડવામાં આવે છે. આ ટૂકડાઓ સોળ ખૂણાવાળા છે એમ કહ્યું છે. બ્રહ્મમાં પણ તે છે. પાંચ મહાભૂતો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને મન. બ્રહ્મ આનાથી ઘેરાયેલો છે. આ સોળનો વિસ્તાર 'બ્રહ્મ' તરીકે ઓળખવામાં આવે છે. આ સોળ માટે પ્રશ્નોપનિષદમાં સોળ કળાઓનો ઉલ્લેખ કરવામાં આવેલો છે.

એ પછી પચાસ આરાઓની વાત કરવામાં આવી છે. આરા એટલે પૈંડાની અંદર ચક્રની કેન્દ્રિબિંદુથી પરિઘ સુધીની લાકડીઓ. એ આરાઓ ચક્રના છે. એની સંખ્યા પચાસ છે. બ્રહ્મમાં પણ તે છે. તમ-મોહ એ પાંચ પ્રકારના વિપર્યય છે તે, 28 અશક્તિઓ એટલે કે બહેરાશ-મૂંગાપણું વગેરે, 9 પ્રકારની

અંદરની ઈન્દ્રિયોની અશક્તિઓ છે તે, 8 પ્રકારની સિદ્ધિથી વિરુદ્ધ અશક્તિઓ છે તે, એમ કરીને 28 અશક્તિઓ છે. એ પછી 9 પ્રકારની તૃષ્ટિ જેમાં શબ્દ વગેરેનો સમાવેશ કરવામાં આવેલો છે અને આઠ પ્રકારની સિદ્ધિ ગણાવી છે. આ બધા બ્રહ્મના આરા તરીકે ઓળખાવવામાં આવેલ છે. 50 આરા છૂટા ન પડી જાય એ માટે એની પર ખીલા ઠોકવામાં આવે છે. એને પેટા આરાઓ તરીકે ઓળખાવ્યા છે. એને બ્રહ્મ સાથે સરખાવ્યા છે. પાંચ આપણી જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, એ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયોના વિષયો, એમ કરીને 20 એના પેટા આરાઓ તરીકે ઓળખાવવામાં આવ્યા છે.

ત્યાર પછી, જેમાં આઠ આઠ છે એવા છ અષ્ટકોની વાત આવે છે. એમાં પહેલું છે પ્રકૃતિ અષ્ટક. ત્યાર પછી છે ધાતુઓનું અષ્ટક. એ પછી ઐશ્વર્યનું અષ્ટક. એ પછી ભાવાષ્ટક, દેવાષ્ટક અને ગુણાષ્ટક. ગીતામાં જે આઠ પ્રકારની પ્રકૃતિ વિશે વાત કરી છે એની વિગત પ્રકૃતિ અષ્ટકમાં છે. ધાતુ અષ્ટકમાં શરીરની મેદ, મજ્જ વગેરે ધાતુઓ વિશે છે. અણિમા, લઘિમા, ગરીમા વગેરે આઠ ઐશ્વર્ય છે. ભાવ અષ્ટકમાં ધર્મ, જ્ઞાન વગેરે વિશે વાત છે. બ્રહ્મા, ઈન્દ્ર, યક્ષ, વગેરે આઠને દેવાષ્ટમાં છે. દયા, કરુણા વગેરે ગુણોનું અષ્ટક એટલે ગુણાષ્ટક. આ રીતે છ અષ્ટકો વડે બ્રહ્મરૂપી ચક્ર આપણને જોવા મળે છે.

એ પછી 'વિશ્વરૂપ' શબ્દ આવે છે, જેનો અર્થ અનેકરૂપવાળો એમ સમજવાનો છે. એ મુખ્યત્વે કામ માટે એટલે કે 'કામના' માટે વપરાયેલો શબ્દ છે. આ કામને પાશ કહ્યો છે. પાશ એટલે બાંધનારો. સારા ખરાબ બંને કર્મોથી મોહ ઉત્પન્ન થાય છે. એ મોહની અંદર મનુષ્ય ડૂબતો રહે છે. એને પોતાના સ્વરૂપનો ખ્યાલ રહેતો નથી. બ્રહ્મવાદીઓ આ રીતે ચર્ચા કરે છે. એ પછી સંસાર પ્રવાહને નદીરૂપે કહેવામાં આવેલ છે. નદીની જળરાશિ પાંચ પ્રકારની છે. સંસારમાં પાંચ ઈન્દ્રિયો એ પાંચ પ્રવાહો છે. કારણ કે બધી જાણકારી આપણે ઈન્દ્રિયો દ્વારા જ પ્રાપ્ત કરીએ છીએ. એનાથી આ સંસાર નદીનું પાણી બનેલું છે. નદીનો પ્રવાહ ઉગ્ર અને વક્ર હોય છે. સંસારના પ્રવાહનું પણ એવું છે. સંસારમાં રહેલી ઈન્દ્રિયો પણ પાંચતન્માત્રાથી બતાવવામાં આવેલી છે. નદી તરંગો મોજા વાળી છે. સંસાર નદી પાંચ પ્રાણો રૂપી તરંગવાળી છે. શબ્દાદિ વિષયોને પાંચ પ્રાણરૂપી તરંગો તરીકે ઓળખવામાં આવ્યા છે. નદીનું મૂળ એક જ હોય. અહીં મનને મૂળ કહેવામાં આવેલું છે. ચક્ષુ વગેરે ઈન્દ્રિયોને બુદ્ધિ તરીકે કહેવામાં આવી છે. ઈન્દ્રિયોના મૂળમાં મન રહેલું છે. નદીમાં વમળો પણ છે. શબ્દ વગેરે વિષયો વગેરે વમળો છે. ગર્ભાવસ્થાથી લઈને રોગ, મૃત્યુ વગેરે પાંચ દુઃખો નદીનો પ્રવાહ છે. અજ્ઞાન, અસ્મિતા, રાગ-દ્વેષ, અભિનિવેષ એ પાંચને પાંચ પર્વ તરીકે કહેવામાં આવ્યા છે. આવી સંસારરૂપી નદીને અમે જોઈ એમ બ્રહ્મવાદીઓ કહે છે. આ રૂપકો બીજા કોઈ ઉપનિષદોમાં આટલા વિગતવાર આપ્યા હોય એવું લાગતું નથી. તેથી હું માનું છું કે આ એક તેની વિશિષ્ટતા છે.

બીજી પણ એક વિશિષ્ટતા છે. સૌથી પહેલા રુદ્રનો ઉલ્લેખ અહીં શ્વેતાશ્વતરમાં પાંચ થી છ વખત જોવા મળે છે. અહીં રુદ્રને બ્રહ્મની સમાન જ કહ્યા છે. રુદ્ર અને બ્રહ્મ જુદા નથી. આ રુદ્ર પોતાની શક્તિ વડે જગતનું નિયમન કરે છે. રુદ્રએ સૌથી પહેલા બ્રહ્માને ઉત્પન્ન કર્યા. શક્તિ ત્રણ પ્રકારની છે, એ રીતે બ્રહ્મના પણ ત્રણ સ્વરૂપ ગણાવેલા છે. એ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. એ પછી આગળ જુદી જુદી રીતે

બ્રહ્મવાદીઓએ દેવોની પ્રાર્થના અથવા સ્તુતિ કરી છે. જે બીજી જગ્યાએ જોવા મળતું નથી. રુદ્રદેવની મહાનતા વર્ણવીને કહે છે કે 'આવા રુદ્રદેવ અમને શુદ્ધ બુદ્ધિ આપો.' આગળ કહે છે કે રુદ્રદેવના બે નામો છે જેનો અર્થ થાય છે કે તે પર્વત પર રહે છે અને સુખશાંતિ આપનાર દેવ છે. આ રુદ્રદેવને પ્રાર્થના કરે છે કે 'તમે અમારું કલ્યાણ કરો. આ સંસારના ત્રાસથી ત્રાસેલા તમારા શરણે આવીએ છીએ. તમે અમારું રક્ષણ કરો. અમારા કુટુંબનું અને ગાય આદી પશુઓનું પણ રક્ષણ કરો.' ભગવાન શિવ માટે એમ કહેવાયું છે કે ઘીની ઉપર પાતળું પડ રહેલું છે એવા તે અતિસુક્ષ્મ છે. શિવનો પણ ઉલ્લેખ આની અંદર સૌથી પ્રથમવાર થયો છે. એથી શ્વેતાશ્વતર ઉપનિષદને શૈવ ઉપનિષદ તરીકે મૂકવામાં આવેલું છે. જ્ઞાન, કર્મ, ભક્તિ અને ધ્યાન એ બધા વડે મોક્ષ પ્રાપ્તિની વાત આમાં કરવામાં આવી છે. ભક્તિનો ઉલ્લેખ આની અંદર સૌ પ્રથમ વખત કરવામાં આવેલો છે. 'यस्य देवे परा भक्तिः यथा देवे तथा गुरौ' એટલે જેવી દેવમાં તમારી ભક્તિ છે એવી તમારી અનન્ય ભક્તિ ગુરુમાં હો. અહીં કૃપાને પણ ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે. જ્યાં સુધી ગુરુની કૃપા ન થાય ત્યાં સુધી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. અહીં કહે છે કે જેવા ગુરુ સમર્થ છે એવા શિષ્યો પણ સમર્થ હોવા જોઈએ. ધ્યાનની પણ આમાં વાત છે. આખો બીજો અધ્યાય ધ્યાન વિશે આપેલો છે. મૂલાધારથી ઉપર જેમ જેમ પ્રાણ મળતો જાય તેમ તેમ ચક્રો ખૂલતા જાય. એ પછી આહાર વિહાર પણ નિયત હોવો જોઈએ તેમ કહેવાયું.

એ પછી બીજી મહત્વની વાત એમાં એ આવી કે આપણે જે કામ કરી રહ્યા છે તે યોગ્ય માર્ગે ચાલે છે કે નથી ચાલતું ? એ કેવી રીતે ખબર પડે ? એના માટે પણ કહેવાયું છે. મનોવૃત્તિની આગળ ધુમ્મસ જેવું દેખાય, ત્યાર પછી સૂર્યના જેવો પ્રકાશ દેખાય, ત્યાર પછી વાયુ અગ્નિના જેવો દાહક અને પ્રકાશક થાય, ત્યાર પછી આગિયા જેવું દેખાવા માંડે, જો આ બધું થાય તો એમ માનવું કે તમે ધ્યાનના યોગ્ય રસ્તે ચાલો છો. આટલી વાત આ ઉપનિષદે કરી છે. મારો સમય પૂરો થતાં આપ સૌનો હાર્દિક આભાર માની અહીં વીરમું છું.

## [બીજો દિવસ]

સંસ્કૃતસત્રનો બીજો દિવસ એટલે ગણેશચતુર્થી. 'ઉપનિષદ સુધા'ના બીજા દિવસની શરૂઆત ગણપતિ સ્તુતિથી થઈ હતી, જેના અંતર્ગત શ્રી જનકભાઈએ વિનયપત્રિકામાંથી ગણપતિ-સ્તૃતિનું ગાન કર્યું હતું. એ પછી સંગોષ્ઠિ-૩નો આરંભ થયો હતો. આ સંગોષ્ઠિનું સંચાલન શ્રી વિજય પંડ્યાએ કર્યું હતું. એ પછી શ્રી આર.ટી.વ્યાસે છાંદોગ્યોપનિષદ વિશે વાત કરી હતી.

### <u>છાંદોગ્યોપનિષદ – આર. ટી. વ્યાસ</u>

વિદ્વાનમિત્રો તથા ભાઈઓ અને બહેનો, છંદોનું જે ગાન કરે એને 'છન્દોગ' કહેવાય. આ છંદને ગાનારા સામવેદી બ્રાહ્મણોની આ ઉપનિષદ છે. યજ્ઞમાં ઋગવેદી બ્રાહ્મણ રૂચાઓનો પાઠ કરીને દેવોનું આવાહન કરે છે. યુજુર્વેદ જાણનાર બ્રાહ્મણ મંત્રોચ્ચારપૂર્વક યજ્ઞમાં વિધિ કરે જેને 'અધ્વર્યુ' કહેવામાં આવે છે.

સામવેદ જાણનારો બ્રાહ્મણ છંદમાં એટલે કે રાગમાં દેવોની સ્તુતિ કરે, એને 'છન્દોગ' કહેવામાં આવે છે. જે અર્થવવેદ જાણનારો છે એ બ્રહ્મા છે, એ માત્ર અર્થવવેદ જ નહિ ચારે ચાર વેદનો નિષ્ણાત હોય છે. આદિથી અંત સુધી આખા યજ્ઞની પ્રક્રિયા મંત્રોચ્ચારપૂર્વક ચાલે છે કે કેમ એ જોવાની જવાબદારી જેને માથે છે એને 'બ્રહ્મા' કહેવામાં આવે છે. આ રીતે યજ્ઞમાં છંદપૂર્વક સંગીતના નિયમો પ્રમાણે ગાન કરીને દેવોને જે પ્રસન્ન કરે એવા બ્રાહ્મણોથી સંબંધિત ઉપનિષદ એ 'છાન્દોગ્ય ઉપનિષદ'.

સામવેદના બે બ્રાહ્મણ છે: 'તાણ્ડ્ય' અને 'તલવકાર'. બ્રાહ્મણ ભાગમાં કર્મની મીમાંસા થાય. એ પછી આવે આરણ્યક અને એ પછી આવે ઉપનિષદ. આ ઉપનિષદમાં 'ઉપાસના' અને 'જ્ઞાન' એ બે બાકી રહ્યાં. કર્મ ત્રણ પ્રકારનું છે : જ્ઞાનસમુચ્ચિત કર્મ, કેવળ કર્મ અને સ્વાભાવિક કર્મ. જ્ઞાનસહિત કર્મ કરનાર પ્રજાપતિલોક સુધીના ઊર્ધ્વલોકમાં જાય છે. કેવળ કર્મ કરનારની ચંદ્ર સુધીની ગતિ, ત્યાં ફળ ભોગવીને પાછો આવે. સ્વાભાવિક કર્મ કરનારની અધોગતિ થતી હોય છે અને એ સ્થાવર એટલે કે વૃક્ષ-વનસ્પતિની યોનીને પામે. આને જ સંસાર કહે છે. એ ગતિ અનાદી અને અનંત છે. શંકરાચાર્ય એને અનાદિ-અનંત અને અનર્થ કહે છે. શાસ્ત્રનું અધ્યયન કરીને આ વાત જાણીને સંસારની ઊર્ધ્વ અને અધોગતિથી જે વિરક્ત બન્યો છે, જેને વૈરાગ્ય થયો છે એવા પુરુષને બ્રહ્મવિદ્યા આપવા માટે ઉપનિષદનો આરંભ કરવામાં આવે છે. છાન્દોગ્ય ઉપનિષદમાં આઠ અધ્યાયો છે. એમાં જે પાંચ અધ્યાયો છે એમાં ઉપાસનાઓનું વર્ણન છે. બાકીના જે ત્રણ છે એમાં જ્ઞાનનું વર્ણન છે. કારણ કે કર્મથી ચિત્તશુદ્ધિ થાય. ઉપાસનાથી ચિત્ત સ્થિર, પ્રસન્ન અને પ્રકાશયુક્ત બને. કર્મ અને ઉપાસનાનું ફળ પ્રાપ્ત થઈ જાય ત્યારે ચિત્તમાં જ્ઞાનની જ્યોત એની મેળે પ્રગટ થાય. હકીકતે જ્ઞાનનો ઉદય થાય એમ કહેવું પડે છે પરંતુ એ જ્ઞાન તો સતત હાજર જ છે. આપણું મૂળ સ્વરૂપ છે જ્ઞાન. ઉપનિષદની શરૂઆતનો મંત્ર છે :

ओमित्येतदक्षरमुद्‌गीथमुपासीत ।
ओमिति ह्युद्‌गायति तस्योपव्याख्यानम्  ॥

'ૐ અક્ષર ઉદગીથ છે, એની ઉપાસના કરવી જોઈએ. કારણ કે યજ્ઞમાં સામવેદ જાણનાર બ્રાહ્મણ 'ૐ' એમ ઉદગાન કરે છે.' – આ પ્રથમ મંત્ર છે. અહીં એમ કહ્યું છે કે 'ૐ' એ અક્ષર છે અને ઉદગીથ છે. ઉદગીથ એટલે શું ? 'ઉદ્' એટલે પ્રાણ કે જે સર્વનું ઉત્થાપન કરે છે અને 'ગીથા' એટલે વાણી. 'ૐ'ની અંદર બે તત્વો છે : 'પ્રાણ' પણ છે અને 'વાણી' પણ છે. પ્રાણ અને વાણીનું સંયોજન થાય એટલે ઓમકારનું ઉચ્ચારણ થાય. જેને બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવી છે એને માટે સારામાં સારું અવલંબન 'ૐ' છે. હવે પ્રાણ શું છે અને વાણી શું છે ? એનું વિવરણ આગળના અધ્યાયોમાં ચાલે છે. એમાં એમ કહ્યું કે આ સર્વ ભૂતોનો રસ પૃથ્વી છે કારણ કે ઉત્પત્તિ, સ્થિતિ અને લય પૃથ્વીમાં થાય છે. પૃથ્વીનો રસ જળ છે. જળનો રસ ઔષધિઓ, ઔષધિઓનો રસ અન્ન અને અન્નનો રસ પુરુષ, પુરુષનો રસ વાણી, વાણીનો રસ ઋગવેદ અને વેદોનો રસ સામ અને સામનો રસ ઓમકાર. આ ઓમકાર એ સર્વરસોમાં રસતમ છે. અહીં રસનો અર્થ છે સાર. ઓમકાર એ સર્વનો સાર છે. આ જગત ઓમકારથી વ્યાપેલું છે.

માણ્ડૂક્ય ઉપનિષદમાં ૐથી જ શરૂઆત થાય છે. ઓમકાર એ બ્રહ્મ છે. એ પછી અહીં છાન્દોગ્યમાં આગળ કહે છે કે મારો આત્મા બ્રહ્મ છે. એ આત્મા ચાર પાદવાળો છે. એ ચાર પાદ એટલે રૂપિયામાં ચાર પાવલી હોય એમ સમજવાનું છે. એ રીતે આત્માની ચાર અવસ્થાઓ છે. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય. એમ ચાર અવસ્થાઓ છે. એ પછી એમાં ચારેય પાદનું વિસ્તારથી વર્ણન આવે છે. આખા રૂપિયાનું મૂલ્ય જાણવું હોય તો એકલી જાગ્રત અવસ્થાનું વિવરણ કરીને તમે એનું મૂલ્ય જાણી ન શકો કારણ કે એ તો એક પાવલીનું મૂલ્ય થયું. એમાં તો બધી અવસ્થાઓને લેવી પડે. જાગ્રત અને સ્વપ્નમાં થાકીને પુરુષ પોતાની ઈન્દ્રિયોનો ઉપસંહાર કરીને હૃદયાકાશમાં જઈને સુષુપ્તિમાં સૂઈ જાય છે. ત્રણે અવસ્થાઓ દરમિયાન અધિષ્ઠાનરૂપે જે ચૈતન્ય છે તે આત્મા છે. તુરિય અવસ્થા ધારા રૂપે ત્રણેયની અંદર છે. તે તો આધાર છે. વળી તે ત્રણેય અવસ્થાઓથી પર પણ છે. એ નિત્ય છે, સત્ય છે અને સાક્ષી છે, ચૈતન્યરૂપ છે.

ટૂંકમાં ૐ એ પ્રાણ છે અને વાણી છે. પ્રાણ જ્યેષ્ઠ છે અને શ્રેષ્ઠ છે. એ માટે ઉપનિષદોમાં ઘણી આખ્યાયિકાઓ આવે છે કે જેમાં બધી ઈન્દ્રિયો બ્રહ્મા પાસે જઈને કહેવા લાગી કે અમારામાં શ્રેષ્ઠ કોણ, એ પછી બધી ઈન્દ્રિયના દેવતા એક પછી એક નીકળવા માંડ્યા પરંતુ શરીરને કોઈ અસર ન થઈ. મુખ્ય પ્રાણે નીકળવાની તૈયારી કરી ત્યાં તો શરીર નષ્ટ થવા માંડ્યું. એ મુખ્ય પ્રાણ પાંચ રૂપે છે પ્રાણ, અપાન, વ્યાન, સમાન અને ઉદાન. તે જ આ શરીરને ધારણ કરે છે. જેમ મકાનને મોભ ધારણ કરે છે એમ આ શરીરરૂપી મકાનને ધારણ કરનાર મોભ પ્રાણ છે. ખરેખર જો ઉપાસના કરવી હોય તો પ્રાણની ઉપાસના કરવી જોઈએ. આત્માથી સૌ પહેલા ઉત્પન્ન થનાર છે પ્રાણ. આ રીતે ઉપનિષદો પ્રાણની જ્યેષ્ઠતા અને શ્રેષ્ઠતા ઉદાહરણો આપીને સમજાવે છે અને કહે છે કે જેણે બ્રહ્મનું જ્ઞાન મેળવવું છે એણે પ્રાણની ઉપાસના આ રીતે કરવી જોઈએ. પ્રાણ કીડીથી માંડીને બ્રહ્મા સુધીના શરીરોમાં વ્યાપ્ત છે કારણ કે તે અરૂપ છે. તે સર્વ વ્યાપક છે. એટલે જ એને સમ કહેવામાં આવે છે. એ સમ શબ્દ પરથી જ સામ શબ્દ થયો છે. એમ કહેવાયું છે કે પ્રાણ-અપાનનું કેવળ નિરિક્ષણ કરવું. એ ત્યાં સુધી કરવું જ્યાં સુધી હું સર્વ પ્રાણીઓના શરીરમાં રહેલો અન્ન ખાનારો, ઈન્દ્રિયોને મારા અન્નમાં ભાગ આપનારો એ પ્રાણ હું છું, સર્વ શરીરોમાં રહેલો આત્મા એ હું છું – એ સમજાય નહિ ત્યાં સુધી કરવું. ચક્ષુનું પાપ દૂર કરવામાં આવે તો પ્રાણ ચક્ષુને સૂર્યરૂપ બનાવી દે. વાણીના દોષો પ્રાણની ઉપાસનાથી જાય તો વાણી અગ્નિ બની જાય. શ્રોત્ર વાયુ બની જાય. આ પ્રમાણે તમામ ઈન્દ્રિયો પોતપોતાના દેવસ્વરૂપમાં આવી જાય. એ કામ કરનાર પ્રાણ છે. દેહાભિમાન દૂર થઈને હું સર્વમાં રહેલો છું એવું અભિમાન થાય નહિ ત્યાં સુધી આ પ્રાણની ઉપાસના ચાલુ રાખવી જોઈએ. આ જે 'હું છું' એવો અહમ શરીરમાં થઈ રહ્યો છે એ શરીરનો ધર્મ નથી. એ જો શરીરનો ધર્મ હોય તો મડદું કેમ કહેતું નથી કે આ હું છું ? એ તો બ્રહ્મ છે. પરંતુ એ અનુભવવું પડે. માત્ર ચોપડી વાંચી લેવાથી અનુભૂતિ ન થાય. જ્યાં સુધી અહંકાર પૂરેપૂરો મરી ન જાય ત્યાં સુધી હું બ્રહ્મ છું એમ કોઈ કહી શકે નહિ. બહારનું જગત એ આપણી અંદર પ્રતિબિંબિત થતું વિચાર માત્ર છે. એની પાછળ પડો તો કદી દેશ-કાળનો અંત મળે નહિ.

એ પછી આ ઉપનિષદમાં જ્ઞાનની વાત આવે છે. શ્વેતકેતુને એના પિતાજીએ કહ્યું કે 'તું જઈને વિદ્યા ભણ.' બાર વર્ષનો હતો ત્યારે ભણવા ગયો અને ચોવીસ વર્ષનો થયો ત્યારે વેદ-વેદાંત ભણીને આવ્યો. એ ગર્વિષ્ઠ થઈ ગયેલો. એના પિતાજીને ખબર પડી ગઈ. એટલે એમણે પુત્રને કહ્યું કે તેં ગુરુને પૂછ્યું હતું કે 'એકને જાણવાથી બધાનું જ્ઞાન થઈ જાય ?' પુત્ર કહે છે કે 'એ તો મેં પૂછ્યું નહોતું, મારા ગુરુઓ જાણતા પણ નહોતા. માટે આપ જ મારા ગુરુ અને તમે જ મને કહો.' પિતા કહે છે કે 'સારું, તો સાંભળ. આ જગત ઉપન્ન થયું એ પહેલા એક જ અદ્વિતિય સત હતું.' તમે જ્યારે સુષુપ્તિમાં હોવ છો ત્યારે તમારી સામે દ્વિતિય કંઈ છે ખરું ? સુષુપ્તિમાં માણસ એમ કહે છે કે હું જોતો નથી તો એ જુએ છે છતાં જોતો નથી. દષ્ટા અને એની દષ્ટિ તો અવિનાશી છે, એનો કદી લોપ થતો નથી. પરંતુ તે છતાં એ જાણતો નથી કારણ કે એનાથી બીજું એનાથી અલગ કંઈ જ નથી કે જેને એ જુએ. કોણ કોને જુએ અને શેનાથી જુએ ? સુષુપ્તિમાં એ અનુભૂતિ અનંત એકત્વ અને આનંદરૂપ છે. જેને અનુભવાય છે તે અસીમ આનંદરૂપ સમુદ્ર છે. એમાં ડૂબકી મારીને જ આપણે રીચાર્જ થઈએ છીએ. આ જગત ઉપન્ન થયું એ પહેલા એ સત હતું. એ મેળવવાનું નથી મેળવાયેલું જ છે. પિતા કહે છે કે 'રોજ રોજ સુષુપ્તિમાં તું બ્રહ્મલોકમાં જાય છે.' પુત્રને શંકા થઈ કે જો રોજ આપણે એમાં લીન થઈ જતા હોઈએ તો પાછા કેવી રીતે આવીએ ? એની માટે દાખલો આપ્યો સમુદ્રનો કે સમુદ્રમાં નદીઓ ભળી જાય પરંતુ વળી પાછી વરાળ બનીને વરસાદ બનીને નદીઓ પાછી સમુદ્રને મળે.

ટૂંકમાં એ રીતે આ જ્ઞાનનો વિષય ઘણો રસપ્રદ છે. આ જ્ઞાનથી આપણે જાગીએ એ જ અભ્યર્થના. મારી વાત અહીં સંક્ષેપમાં પૂરી કરું છું.

## માંડુક્યોપનિષદ – શશીપ્રભા કુમાર

મને જ્યારે માંડુક્યોપનિષદ આપવામાં આવ્યો ત્યારે થોડી ગભરાહટ થઈ કારણ કે આ ઉપનિષદ સૌથી ગહન, સંક્ષિપ્ત અને સૌથી મહત્વપૂર્ણ ઉપનિષદ છે. પરંતુ એક તરફ સંતોષ પણ હતો કે એમાં ફક્ત બાર જ શ્લોક છે. જો કે એ બાર મંત્રોમાં બધા જ ઉપનિષદોનો સાર સમાયેલો છે. ગઈકાલે અહીં કહેવાયું કે મુમુક્ષુ માટે એક માત્ર માંડુક્યોપનિષદ જ બસ છે.

માંડુક્યોપનિષદની એક વિશેષતા એ છે કે એમાં કોઈ આખ્યાન નથી, રૂપક નથી કે વાર્તા નથી. એમાં કોઈ પ્રશ્ન પણ નથી. એમાં તો ફક્ત ઉત્તર જ ઉત્તરો છે. જાણે કે સાધક એ સ્તર પર પહોંચી ગયા છે કે જ્યાં એમને પ્રશ્નોની જરૂર નથી, ફક્ત એમને એ રસ મળવો જોઈએ. હું કોઈ ભાષ્યકારો પાસે ગઈ નથી પરંતુ ઉપનિષદના મૂળવચનો સુધી સીમિત રહીને જે કંઈ મેં જાણ્યું છે એનો સાર આપની સામે હું પ્રસ્તુત કરીશ. એમાં જે કંઈ ઉત્તમ છે એ ઋષિઓની પ્રજ્ઞાનું છે અને જે કંઈ આ વક્તવ્યમાં ખામી હોય તે બધી મારી અભિવ્યક્તિની અક્ષમતાઓ છે.

વૈદિક વાંગ્મયના અંતિમ પગથિયે પ્રતિષ્ઠિત ઉપનિષદ માનવીય મનિષાના ઉદાતત્તમ સ્તરોની અનુભૂતિઓની અવિકલ અભિવ્યક્તિઓ છે. ક્રાંતદષ્ટા ઋષિઓની તપઃપુત અંતપ્રજ્ઞાથી પ્રસૂત ઉપનિષદોના વચન સાર્વભોમ અને સાર્વકાલિક સંદેશોના સંવાહક હોવાથી સમસ્ત વિશ્વમાં સમાદ્રિત છે. વિશ્વના અનેક વિસૃત વિદ્વાનોએ ઉપનિષદના ગૌરવગાનમાં પોતાનો યોગ કર્યો છે અને હું નામ લેવા ઈચ્છિશ જર્મન દાર્શનિક શોપેન હાવર, કે જેમણે સંસ્કૃત નથી વાંચ્યું, જેમને ઉપનિષદ મૂળરૂપમાં વાંચવાનું સૌભાગ્ય પણ નથી મળ્યું, એમણે માત્ર અનુવાદ વાંચ્યો અને અનુવાદ એમને એટલો સ્પર્શી ગયો, પ્રભાવિત કરી ગયો કે પ્રત્યેક રાત્રિ સૂતા પહેલાં તેઓ ઉપનિષદમાંથી પ્રેરણા લેતા હતા. તેઓ કહેતા હતા કે ‘જીવનભર ઉપનિષદોએ મને શાંતિ આપી છે અને મૃત્યુના સમયે એ જ મને શાંતિ આપશે.’ આ ઉપનિષદનું જ્ઞાન એવી નિધિ છે કે ભારતીયોએ ગર્વ લેવા માટે એક સુદ્રઢ આધાર છે. જો ઉપનિષદ વિશ્વ માટે ભારતની અમૂલ્ય દેન છે તો એવા ઉપનિષદોનો સાર જો એક શબ્દમાં કહેવો હોય તો તે એક શબ્દ છે ‘ૐ’. આ ઉપનિષદમાં ઓમકારની મહિમા છે. મને મારી વાણી આ મહિમાના ગાનથી પવિત્ર કરવાનું સૌભાગ્ય મળ્યું એ માટે હું પોતાને ખરેખર કૃતકૃત્ય સમજું છું.

પ્રમુખ અને પ્રાચીન ઉપનિષદોમાં માંડુકયનું સ્થાન અન્યતમ છે. અર્થવેદના બ્રાહ્મણભાગ સાથે સંબંધિત આ ગદ્યાત્મક ઉપનિષદ આકારમાં સૌથી સીમિત પરંતુ કથ્યમાં સૌથી મહત્વપૂર્ણ કહી શકાય તેમ છે. તેના બાર મંત્રોમાં ભારતીય તત્વદર્શનના સૌથી મહત્વના સિદ્ધાંત ‘ઓમકાર રહસ્ય’ અને આત્માની ચૈતન્યરૂપતા અને સર્વવ્યાપકતાનો સાર સમાવિષ્ટ કરીને માનો ગાગરમાં સાગર ભરવાનું નિદર્શન પ્રસ્તુત કરવામાં આવ્યું છે. માંડુક્ય એટલે મુંડકથી નિષ્પન્ન થયેલ. એક વિચાર અનુસાર આ ઉપનિષદ ‘મંડુક’ નામના ઋષિથી કહેવાયું હોવાથી એ માંડુક્ય કહેવાય છે. આ ઉપનિષદનો સાક્ષાત્કાર વર્ષાના અધિપતિ દેવ વરુણને મંડુકનું રૂપ ધારણ કર્યા બાદ થયો એથી પણ એનું નામ ‘માંડુક્ય’ હોવાનું કહેવાય છે. મંડુકનો અર્થ દેડકો છે. દેડકાની ગતિ જેમ કૂદીને જવાની હોય છે તેમ માનો આ ઉપનિષદની શૈલી પણ એકથી બીજા સ્તર સુધી છલાંગ લગાવતી દેખાય છે. કદાચ એટલે પણ એનું નામ ‘માંડુક્ય ઉપનિષદ’ પડ્યું હોય. એક સંકેત એવો પણ મળે છે કે મંડુક નામક કોઈ યોગવિધિ છે અને એ યોગવિધિનો અભ્યાસ કરનાર ઋષિ મંડુક દ્વારા પ્રણિત છે તેથી ‘માંડુક્ય’ કહેવાય છે.

માંડુક્ય ઉપનિષદમાં આપણે જોઈશું કે ત્રણ સ્તર છે. જાણે કે આપણને ત્રણ માળના મકાન પર લઈ જવામાં આવી રહ્યા છે. પહેલા સ્તર પર ઓમકારનું મહાત્મય છે. બીજા સ્તર પર ઓમકાર અને આત્માની સંગતિ બેસાડવામાં આવી છે અને આત્માના ચાર પાદોનું નિરુપણ કરવામાં આવ્યું છે. ત્રીજા માળ સુધી પહોંચતા પહોંચતા ઓમકારની ચાર માત્રાઓ અને ચેતનાની ચાર અવસ્થાઓમાં સંગતિ સ્થાપિત કરતાં કરતાં ફલશ્રુતિ બતાવવામાં આવી છે કે આ જ્ઞાન મેળવવાથી શું થઈ શકે છે. મેં મુખ્યત્વે મૂળ ઉપનિષદને જ પ્રાધાન્ય આપ્યું છે તેમ છતાં જ્યાં જરૂર પડે ત્યાં આચાર્યોના વચનોનો આશ્રય જરૂરથી લીધો છે. માંડુક્યોપનિષદનો આરંભ ઓમકારના મહિમાગાનથી થાય છે. પહેલો મંત્ર છે:

ॐ इत्येतदक्षरमिदँ सर्वं तस्योपव्याख्यानं

भूतं भवद् भविष्यदिति सर्वमोङ्कार एव
यच्चान्यत् त्रिकालातीतं तदप्योङ्कार एव ॥

એટલે કે 'આ બધું જ ઓમકાર છે.' ઓમકારનો સર્વપ્રથમ પ્રયોગ યજુર્વેદમાં ઈશાવાસ્ય ઉપનિષદમાં થયો છે. વિભિન્ન ઉપનિષદોમાં ઓમના મહત્વનો નિર્દેશ થયો છે. પુરાતન ભારતીય પરંપરા અને આધુનિક કર્મકાંડ બંને ઓમકારના મહાત્મયને સમાનરૂપથી સ્વીકારે છે. ઓમનો અર્થ છે 'રક્ષા કરનાર'. એટલે જ પ્રાચીનકાળથી ઓમ દરેક વેદમંત્રની શરૂઆતમાં અથવા દરેક મંગલકાર્યની પહેલાં ઓમના ઉચ્ચારણનું વિધાન માન્ય થયું . પરમતત્વનું વર્ણન માંડુક્ય ઉપનિષદમાં ઓમ દ્વારા જ શરૂ કરવામાં આવ્યું છે અને ઓમકારથી જ એનું સમાપન કરવામાં આવ્યું છે. એમાં ઓમકારની ત્રણ માત્રાઓ અને ચોથી અમાત્રિકની ચેતનાની ચાર અવસ્થાઓ સાથે સંગતિ સ્થાપિત કરવામાં આવી છે. તેને બહુ જ આધ્યાત્મિક મહત્વ આપવામાં આવ્યું છે.

માંડુક્યના બાર મંત્રોમાં ચૈતન્યના વિષયમાં જે મહત્વપૂર્ણ બિંદુઓ પર પ્રકાશ પાથરવામાં આવ્યો છે તે નિમ્નલિખિત છે : 'ॐ इत्येतदक्षरं' એટલે કે ઓમકાર જ અક્ષર છે. એ કદી ન ક્ષય થનાર અક્ષર બ્રહ્મ છે. એ પછી કહ્યું કે : 'मिदँ सर्वं तस्योपव्याख्यानं' આ સમસ્ત દ્રશ્યમાન જગત એ 'ઓમ' અક્ષરની જ વ્યાખ્યા છે. જે કંઈ દશ્ય અને અદશ્ય છે, ભૂત-વર્તમાન-ભાવિ બધું જ ઓમકાર છે. કાળની સીમામાં રહેલી તમામ ઘટનાઓ ઓમકારની અભિવ્યક્તિ છે. એની બહાર જે કંઈ ત્રિકાલાતીત છે એ પણ ઓમકાર જ છે. ઓમકારની વ્યાપકતા સીમા અને સીમાની બહાર એમ બંને તરફ છે. એથી કહી શકાય કે સમસ્ત સંસાર ઓમકારનું વ્યાખ્યાનરૂપ છે. 'भूतं भवद् भविष्यदिति सर्वमोङ्कार एव यच्चान्यत् त्रिकालातीतं तदप्योङ्कार एव ॥' 'सर्वं हयेतद् ब्रहम' આ જાણે સમગ્ર માંડુક્યોપનિષદનું સુત્રવાક્ય છે. આચાર્ય એ વસ્તુ સમજાવવા માગે છે જે દશ્યમાન નથી, તો શરૂ ક્યાંથી કરવું ? દષ્ટથી અદષ્ટની તરફ, સ્થૂળથી સુક્ષ્મની તરફ, મૂર્ત થી અમૂર્ત તરફ. 'सर्वं हयेतद् ब्रहम' આ જે કંઈ દેખાય છે એ બધું જ બ્રહ્મ છે. જે જગતને ઓમકાર રૂપ કહ્યું તેને હવે બ્રહ્મરૂપ છે તેમ કહે છે. ઓમકારરૂપ બ્રહ્મ આ દશ્ય જગતનું અધિષ્ઠાન છે. એ પછી કહ્યું કે 'अयम आत्मा बह्म.' પહેલા બહારની વાત કરી અને હવે અંદરની વાત કરી. કહે છે કે મારો આત્મા પણ બ્રહ્મ છે. જે આપણી બહાર છે એ પણ ઓમ છે અને જે આપણી અંદર છે એ પણ ઓમ છે. બધા જીવોમાં વ્યાપ્ત આત્મા પણ બ્રહ્મ છે. એક વ્યાખ્યાકારે એમ પણ કહ્યું છે કે 'यथा पिंडे तथा बह्मांडे' એવો ઉપનિષદકારનો સંકેત છે. એ રીતે આપણો પિંડ પણ બ્રહ્મ છે. જેવી રીતે બ્રહ્માંડમાં બ્રહ્મનો વિસ્તાર વિશ્વ છે એવી રીતે પિંડમાં જીવનો વિસ્તાર છે. બ્રહ્માંડમાં બ્રહ્મ અને પિંડમાંના જીવાત્માના ચાર પગ છે. એટલે કે આ બંનેની અનુભૂતિના ચાર સ્થાન છે. આટલું કહ્યા પછી આત્મા જ બ્રહ્મ છે એ કેવી રીતે જાણવું ? એટલે એક સંકેત આપ્યો કે 'सोऽयमात्मा चतुष्पात्.' આત્મા ચાર પગો વાળો છે. એ ચાર પગ પ્રાણીઓ જેવા નથી. જેમ એક રૂપિયામાં ચાર પાવલીઓ હોય છે એ અર્થમાં આત્માને ચાર પગવાળો કહ્યો છે. શંકરાચાર્યે પણ એમ કહ્યું છે કે એ ચાર અંશ વાળો છે. હું અહીં એક ભવનનું દષ્ટાંત લઉં છું, જો કે ઉપનિષદે કોઈ દષ્ટાંત નથી લીધું. પરંતુ સમજવા માટે માની લો કે જેમ મકાનના ચાર પાયા છે તો એ ચાર પાયા પર જ મકાન ઊભું હોય છે. આ ચાર પગવાળી વાત

ઋગવેદમાં પણ મળે છે. ત્યાં એમ કહેવાયું છે કે આ સમગ્ર વિશ્વ અને સમસ્ત પ્રાણીઓ એ પુરુષનું કેવળ એક ચરણ છે. જ્યારે બાકીના ત્રણ પગ અમૃતમય દ્યુલોકમાં નિહિત છે. કહેવાનો અર્થ છે કે એક ચરણ વ્યક્ત છે જ્યારે બાકીના ત્રણ ચરણ અવ્યક્ત છે. અહીં ઉપનિષદમાં ત્રણ વ્યક્ત ચરણથી ચોથા અવ્યક્ત ચરણ સુધી આપણને લઈ જવામાં આવે છે.

અગાઉ મેં કહ્યું તેમ માંડુક્યોપનિષદનો હેતુ ચેતનાના સૂક્ષ્માતિસુક્ષ્મ સ્તરોનું વિવેચન કરવાનું છે, જે અત્યંત ગહન અને ગંભીર વિષય છે. એટલે જ ઉપનિષદવિદ્યા આચાર્યની સમીપ રહીને ધીર-ગંભીર, અંતર્મુખી અધિકારી શિષ્ય દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. અહીં દશ્યમાન જગતના સ્થૂળ પ્રદાર્થોની ચર્ચા નથી પરંતુ સર્વભૂતારન્તરાત્માનો સાક્ષાત્કાર, અપરોક્ષ અનુભૂતિ અભિષ્ટ છે જે સમસ્ત બ્રહ્માંડના બધા જ જીવોના અનુભવનો વિષય છે. એ જ કારણ છે કે ઉપનિષદોમાં પ્રતિપાદિત જ્ઞાન કોઈ દેશ, જાતિ અથવા કાલ માટે સીમિત નથી. સમસ્ત માનવો માટે પ્રાસંગિક અને પ્રેરણાપ્રદ છે.

હવે એ જોઈએ કે માંડુક્યોપનિષદ પહેલા ચરણની વ્યાખ્યા કઈ રીતે કરે છે. આત્માનું પહેલું ચરણ ‘વૈશ્વાનર’ કહેવાય છે. ‘जागरितस्थानो बहिष्प्रज्ञः सप्ताङ्ग एकोनविंशतिमुखः स्थूल भुग्वैश्वानरः प्रथमः पादः’ આ વૈશ્વાનર શું છે ? એની અનેક વ્યાખ્યાઓ છે. અનેક અર્થ છે. અગ્નિને વૈશ્વાનર કહે છે. અહીં ચૈતન્યને વૈશ્વાનર કહ્યો છે. વિશ્વના તમામ જીવોને ભિન્નભિન્ન પ્રકારથી તે લઈ જાય છે, તેથી એ વૈશ્વાનર છે. આને પ્રથમ ચરણ એટલા માટે કહ્યું કે આગળના ત્રણ ચરણોનું જ્ઞાન આના પછી જ થઈ શકે છે. વૈશ્વાનરનું સ્થાન જાગ્રત અવસ્થા છે. જાગ્રત અવસ્થામાં ચેતના માનો કે અંદરથી નીકળીને બહાર આવી જાય છે. એટલે જ એને ‘જાગ્રત સ્થાન’ કહેવાયું છે. એમાં ચૈત્યની પ્રવૃત્તિ બાહ્ય હોય છે એટલે એને ‘બહિષ્પ્રજ્ઞ’ કહ્યું. ચેતનાબહિર્મુખી હોય ત્યારે જીવાત્માના સાત અંગો હોય છે એથી એને સપ્તાંગ પણ કહેવામાં આવે છે. એક વ્યાખ્યા પ્રમાણે સાત લોક એ ચૈતન્યના અંગો છે. સ્થૂળ વિષયોનો ભોગ કરનાર એ ‘સ્થૂળભુગ’ છે. આ તેનું વિશેષણ છે. જાગૃત અવસ્થામાં તેના 19 મુખ છે તેથી ‘એકોનવિંશતિમુખઃ’ એમ કહેવાયું છે. એ 19 મુખ એટલે પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પંચ પ્રાણ, મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત. આ 19 મુખ વડે વૈશ્વાનર જાગૃત અવસ્થામાં શબ્દાદિ સ્થૂળ વિષયોને ભોગવે છે એટલે એ ‘સ્થૂળભુગ’ છે. એ તો સ્પષ્ટ છે કે આ સાતેય અંગ શરીરના છે, આત્માના નથી. એ રીતે આ 19 મુખ પણ શરીરમાં અદિષ્ઠિત જીવાત્માના ભોગના સાધનો છે, તેથી એને શરીર સાથે સંબંધિત સમજવા જોઈએ. આમ, જાગૃત અવસ્થા તો શરીરની છે, ચેતનાની નહીં. કારણ કે ચેતના તો સદા જાગૃત જ રહે છે. એટલે જ અહીં ‘જાગૃત સ્થાન’ શબ્દ વપરાયો છે. ‘અવસ્થા’ અને ‘સ્થાન’ શબ્દમાં અંતર છે. જ્યારે શરીર જાગૃત અવસ્થામાં હોય છે ત્યારે જીવાત્મા જાગૃત સ્થાનમાં હોય છે. જ્યારે શરીર સ્વપ્નાવસ્થામાં હોય છે ત્યારે જીવાત્મા સ્વપ્ન સ્થાનમાં હોય છે. જ્યારે શરીર સૃષુપ્તાવસ્થામાં હોય છે ત્યારે જીવાત્મા સુષુપ્ત સ્થાન કહેવાયો છે. આ પહેલું ચરણ છે. એનો અનુભવ આપણે વ્યવહારિક જીવનમાં કરીએ છીએ. એને સમજવું કઠીન નથી. એ પછી બીજા અને ત્રીજા ચરણમાં આચાર્ય આપણને દષ્ટથી અદષ્ટની તરફ લઈ જાય છે.

આત્માનું બીજું ચરણ ‘તૈજસ ચૈતન્ય’ સુક્ષ્મ શરીરમાં અધિષ્ઠિત છે. પહેલા સ્થૂળ શરીર અને બીજું સુક્ષ્મ શરીર. એથી એ ‘સ્વપ્ન સ્થાન’ છે. અહીં સ્થૂળ શરીર નહીં, સુક્ષ્મ શરીર સક્રિય થાય છે. એ તેજથી નિર્મિત હોય છે. એને તૈજસ એટલે જ કહ્યું કારણ કે શરીર જ્યારે સૂઈ જાય છે, ‘સ્વપ્ન સ્થાન’માં ચાલ્યું જાય છે, ત્યારે જીવાત્માનું યથાર્થ તેજોમય રૂપ જે શરીરના અંધકારમય આવરણથી ઢંકાયેલું હતું, માનો ચમકી ઊઠે છે. ભાવ એ છે કે જ્યારે શરીર સ્વપ્નાવસ્થામાં હોય છે ત્યારે જીવાત્મા જાગૃત સ્થાનથી ખસીને સ્વપ્ન સ્થાનમાં સક્રિય પ્રતિત થાય છે. એટલે જ આ બીજા ચરણને આત્માનું ‘સ્વપ્ન સ્થાન’ કહ્યું છે. એને ‘અંતઃપ્રજ્ઞ’ પણ કહ્યો. ‘અંતઃપ્રજ્ઞ’ કહેવાનો આશય એ છે કે જીવાત્માનું ધ્યાન બહારથી ખસીને અંદરની તરફ ચાલ્યું જાય છે. જાગૃત અવસ્થામાં ચૈતન્ય વૈશ્વાનર રૂપે જે સાત અંગો અને 19મુખોથી ભોગ ભોગવે છે તે સ્વપ્ન સ્થાનમાં તૈજસ ચૈતન્ય પણ એ સાત અંગો અને એ 19 મુખથી ભોગ ભોગવે છે. પરંતુ અંતર શું છે ? જાગૃત સ્થાનમાં વૈશ્વાનર ચૈતન્ય ‘સ્થૂળભુગ’ છે અને આ તૈજસ સ્વપ્ન સ્થાન ચૈતન્ય ‘પ્રવિવિક્તભુક્ત’ છે. એટલે કે અલગ અલગ ભોગ ભોગવવાવાળો છે. આ સુક્ષ્મ શરીરથી ભોગવવાવાળા માનસ જગતનો ભોગ છે. શંકરાચાર્યના મત પ્રમાણે તૈજસ ચૈતન્ય માટે વાસનારૂપ પ્રજ્ઞા જ ભોગ ભોગવતી હોય છે. એથી એનો આ સુક્ષ્મભોગ ‘પ્રવિવિક્ત ભોગ’ કહેવાય છે. સ્વપ્ન સ્થાનમાં મન સક્રિય હોય છે અને આપણે મનની મદદથી સુક્ષ્મ શરીર દ્વારા ભોગ ભોગવીએ છીએ.

હવે ત્રીજા ચરણની વાત. એ છે સુષુપ્તસ્થાન. એટલે કે સુષુપ્તાવસ્થા. એને ‘સુષુપ્તસ્થાન ચૈતન્ય’ કહ્યું છે. શરીર જ્યારે સુષુપ્તિદશામાં હોય છે ત્યારે જીવાત્મા સુષુપ્તસ્થાન તરીકે ઓળખાય છે. કારણ કે સુષુપ્ત શરીર ન તો કોઈ કામના કરે છે ન તો કોઈ સ્વપ્નને જુએ છે.

यत्र सुप्तो न कञ्चन कामं कामयते न कञ्चन स्वप्नं
पश्यति तत् सुषुप्तम् ।
सुषुप्तस्थान एकीभूतः प्रज्ञानघन एवानन्दमयो
ह्यानन्दभुक् चेतो मुखः प्राज्ञस्तृतीयः पादः ॥

શરીરની આ દશાને ‘પ્રાજ્ઞ’ કહે છે. એનો અર્થ થાય છે ‘પ્રકૃષ્ટ અજ્ઞાન’. કારણકે સુષુપ્તાવસ્થામાં શરીર જડવત થઈ જાય છે. અત્યંત અજ્ઞાનની દશામાં હોય છે. એથી એને ‘પ્રાજ્ઞ’ કહી શકાય. બીજી તરફ, ચૈતન્યની આ વિશિષ્ટ દશાનું નામ પણ ‘પ્રાજ્ઞ’ છે અને ત્યાં એનો અર્થ છે ‘ભૂત અને ભવિષ્યના સઘળા વિષયોનો જ્ઞાતા’. તાત્પર્ય એ છે કે જીવાત્મા સ્વયંને સ્થૂળ શરીર અને સુક્ષ્મ શરીર બંનેથી માનો અલગ કરી લે છે ત્યારે એની શક્તિઓ એકીભૂત બની જાય છે. એટલે જ ‘એકીભૂત’ વિશેષણ આ શ્લોકમાં વપરાયું છે. એની ચેતના ઘનીભૂત બની જાય છે. આ અવસ્થામાં જીવાત્માના ભોગનું સાધન ન તો સ્થૂળ વિષય છે ન તો સુક્ષ્મ વિષય, કેવળ ચેતના માત્ર છે એથી એને ‘ચેતોમુખ’ કહેવાય છે. સુષુપ્તિમાં જીવાત્મા પ્રજ્ઞાનઘન છે એથી એ માનો કે આનંદમય છે અને આનંદનો જ ભોગ કરે છે. એથી અહીં ‘આનન્દભુકઃ’ કહેવાયું છે. એટલે તો સુષુપ્તિમાંથી જાગીને વ્યક્તિ કહે છે કે બહુ આનંદથી ઊંઘ આવી ગઈ. આ રીતે માંડુક્યોપનિષદે ત્રણ ચરણનું વર્ણન કરતાં જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ સ્થાનોમાં ક્રમશઃ

સ્થૂળ, સુક્ષ્મ અને કારણ શરીરો દ્વારા સ્થૂળ વિષયોનું, સુક્ષ્મ વિષયોનું અને આનંદનો ભોગ કરવાવાળા ચૈતન્યના બહિષ્પ્રજ્ઞ, અંતઃપ્રજ્ઞ અને પ્રાજ્ઞ રૂપોનું વિવેચન કર્યું.

અસલી તથ્ય હવે આવનાર છે. આત્મના ચતુર્થ ચરણનું પ્રતિપાદન કરતાં પહેલાં આગળના વાક્યમાં સ્પષ્ટ કરવામાં આવે છે કે ઉપરોક્ત ત્રણ સ્થાનમાં નિવાસ કરવાવાળા જીવાત્મારૂપ જે પિંડ ચૈતન્યનો ઉલ્લેખ જે આ ત્રણ સ્તરો પર કરવામાં આવ્યો એ જ બ્રહ્માંડ રૂપમાં ઈશ્વર, સગુણ બ્રહ્મ અથવા અપર બ્રહ્મ છે. એ દષ્ટિથી આ સમષ્ટિરૂપ આત્મા અથવા સગુણબ્રહ્મ બધા જ ઐશ્વર્યોથી સંપન્ન સર્વેશ્વર છે. એ બધા જ ભેદોને જાણનાર સર્વજ્ઞ છે. સમસ્ત જીવોમાં અંતઃપ્રવિષ્ટ થઈને એમનું નિયમન કરનાર અંતર્યામી એ જ છે. બધા જ કારણોનો આધાર હોવાથી જીવોની યોનિ, ચરાચર ભૂતોનો ઉત્પાદક અને વિનાશક હોવાથી એ બધાનો પ્રભવ અને અપ્યય પણ છે. 'एष सर्वेश्वरः एष सर्वज्ञ एषोऽन्तर्याम्येष योनिः सर्वस्य प्रभवाप्ययौ हि भूतानाम्' અહીં પહેલી વાર ઉપનિષદમાં ઈશ્વરનો જીવ સાથે અને બ્રહ્મ સાથે વિશિષ્ટ્યનો સંકેત કરવામાં આવ્યો છે.

હવે ચતુર્થ ચરણની વાત. આપણે ત્રણ માળ પસાર કરી લીધા જ્યાં સુધી દાદર હતા. ચોથી મંઝિલ છે જાણે કે ખુલ્લું આકાશ. એનું વર્ણન કેમ કરવું ? વાસ્તવિક એ જ છે. એનાથી પણ કંઈક પર છે. હવે એ જોઈશું કે ઋષિ શબ્દો સાથે સંઘર્ષ કરતાં આપણા જેવા શિષ્યો આગળ આ વાત કેવી રીતે સમજાવે છે. ત્રણ ચરણની વાત કર્યા બાદ એના ચોથા ચરણમાં નિર્ગુણ બ્રહ્મનું વ્યાખ્યાન સ્વાભાવિક છે, એ જ માંડૂક્યોપનિષદનો ખાસ વિષય છે. એનું 'જેમ છે તેમ' વર્ણન કરવું શક્ય નથી, એથી નિષેધાત્મક શબ્દાવલિ વડે જ એને સમજાવી શકાય છે. અહીં હવે જોઈએ કે કેટલી વાર 'ન' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. કારણ કે તેને 'ન'કારના માધ્યમથી જ સમજી શકાય છે. 'नान्तःप्रज्ञं न बहिष्प्रज्ञं नोभयतःप्रज्ञं न प्रज्ञानघनं न प्रज्ञं नाप्रज्ञम्' એ અંતઃપ્રજ્ઞ નથી એટલે કે તૈજસનો નિષેધ અહીં થયો. આ ચોથું ચરણ એ વૈશ્વાનર જેવો બહિઃપ્રજ્ઞ પણ નથી. એ જાગૃત અને સુષુપ્તિની અવસ્થાની વચ્ચેનો પણ નથી. એ પ્રજ્ઞાનઘન પણ નથી, એટલે કે સુષુપ્તિવસ્થાનો નિષેધ થઈ ગયો. એ પ્રજ્ઞ પણ નથી એટલે કે બધા જ વિષયોનો જ્ઞાતા પણ નથી કારણ કે જ્ઞાતા અને જ્ઞાનનો ભેદ ત્યાં રહેતો નથી. એ અપ્રજ્ઞ પણ નથી કારણ કે એ તો અચેતન છે. તો એ કેવો છે ? 'अदुष्टम' કારણ કે જ્ઞાનેન્દ્રિયો એને જાણી જ નથી શકતી. 'अव्यवहार्यम' એ અદશ્ય છે તેથી એને વ્યવહારમાં પણ નથી લાવી શકાતો. 'अग्राह्यम' કર્મેન્દ્રિયોથી પણ એ ગ્રહણ કરી શકાતો નથી. 'अलक्षणम' એના કોઈ લક્ષણ કે એનું કોઈ લિંગ નથી એથી અનુમાન પણ સંભવ નથી. 'अचिंत्यम' એના વિષયમાં ચિંતન પણ સંભવ નથી. 'अव्यपदेश्यम' શબ્દોથી એનો ઉપદેશ પણ નથી કરી શકાતો. તો કરવું શું ? શું એ સર્વદા અજ્ઞેય છે ? નહીં. 'एकात्मप्रत्ययसारं જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણેય દશાઓમાં અનુભવ બદલાતા રહ્યા પરંતુ આ ભિન્નભિન્ન અવસ્થાઓમાં જે એકાત્મ પ્રત્યયરૂપમાં અવ્યભિચારી અનુભવ થયો એ એકાત્મપ્રત્યય સાર છે. 'નેતિ નેતિ' પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે તો સાધક કે શિષ્ય વિમુખ થઈ શકે છે કે આ તો કંઈ સમજમાં આવે એવી ચીજ જ નથી. એથી ઋષિ ફરી પ્રયાસ કરે છે કે કેટલાક વિશેષણોથી એ ફરી સમજાવી શકાય. એ પ્રમાણે આત્માનું ચોથું ચરણ જેને કહ્યું 'प्रपञ्चोपशमं शान्तं शिवमद्‌वैतं चतुर्थं मन्यन्ते स आत्मा स

विज्ञेयः' અહીં સંસ્કૃતનો એક એક શબ્દ ધ્યાન આપવા જેવો છે. ઉપરોક્ત વાત કહીને ઋષિ કહે છે કે આ પ્રકારે લોકો ચોથા ચરણ વિશે આમ માને છે. આત્મા અજ્ઞેય નથી વિજ્ઞેય છે. 'अद्‌वैत' શબ્દનો પ્રયોગ ઉપનિષદમાં અહીં પહેલીવાર થયો.

હવે આ ઉપનિષદમાં પ્રશ્નો નથી પરંતુ કદાચ શિષ્યો પ્રશ્ન કરી શકે કે 'આ બ્રહ્મ છે શું ?' તેથી ઋષિએ પહેલેથી જ કહી રાખ્યું હતું કે 'આત્મા જ બ્રહ્મ છે.' તો પછી વળી પ્રશ્ન થાય કે આત્મા જ બ્રહ્મ હોય તો એને જાણવો કેવી રીતે ? એટલે આ ચાર ચરણોનું વર્ણન કર્યું. એમાં ત્રણ ચરણોનું વિવેચન કર્યું અને ચતુર્થ ચરણનો સંકેત કર્યો. એ ચોથું ચરણ જ શુદ્ધ, બુદ્ધ અને શાંત શિવ ચૈતન્ય છે. હવે એ પ્રશ્ન થાય કે શરૂઆતમાં કહેલ ઓમકારની તો અહીં કોઈ વાત આવી જ નહીં ! મૂળ તો ઓમકારની મહિમા બતાવવા માટે આ બધો વિસ્તાર કર્યો હતો, અને મૂળ વાત જ વિસરાઈ ગઈ કે શું ? પરંતુ એવું નથી. હવેના ચાર મંત્રોમાં ચેતનાના એ ચાર ચરણોની સંગતિ ઓમકારની ત્રણ માત્રાઓ અને ચોથી અમાત્ર-પદ સાથે સ્પષ્ટ કરવામાં આવી રહી છે. અહીં બે શબ્દો વાપર્યા છે 'અધ્યક્ષ' અને 'અધિમાત્ર' 'सोऽयमात्माध्यक्षरमोङ्करोऽधिमात्रं पादा मात्रा मात्राश्च पादा अकार उकारो मकार इति' અક્ષરની દષ્ટિથી વિવેચન કરીએ તો આ જે આત્મા, જેનું વર્ણન કર્યું એ ઓમકાર છે અને ચરણના રૂપમાં એનું વિભાજન કરવામાં આવે તો એને 'અધિમાત્ર' કહીશું કારણ કે જે ત્રણ ચરણ બતાવ્યા છે એ જ ત્રણ માત્રાઓ છે. પહેલી માત્રા અકાર, બીજી ઉકાર અને ત્રીજી માત્રા મકાર છે. પહેલી માત્રા અકાર છે જે જાગૃતવસ્થાના વૈશ્વાનરને સૂચિત કરે છે.

जागरितस्थानो वैश्वानरोऽकारः प्रथमा
मात्राऽऽप्तेरादिमत्त्वाद्
वाऽऽप्नोति ह वै सर्वान् कामानादिश्च भवति य एवं वेद

જે જિજ્ઞાસુ કે સાધક, ઓમકારની આ પ્રથમ માત્રા 'અ' ને આ રૂપમાં જાણે છે તે પોતાની સર્વ કામનાઓને પ્રાપ્ત કરી લે છે. ઓમકારની બીજી માત્રા છે 'ઉ-કાર'. એ સ્વપ્ન સ્થાન તૈજસ ચૈતન્યની પ્રતિક છે. જેમ 'અ' કરતાં 'ઉ' થોડો ઊંચો છે તેમ તૈજસ ચૈતન્ય વૈશ્વાનર કરતાં ઉત્કૃષ્ટ છે. 'स्वप्नस्थानस्तैजस उकारो द्‌वितीया मात्रोत्कर्षात् उभयत्वाद्‌वोत्कर्षति' જે ઓમકારની આ બીજી માત્રાને સાધી લે છે તે બધા પ્રતિ સમાન ભાવોવાળો હોવાથી ઉભય સ્થિતિ પ્રાપ્ત કરે છે. ત્રીજી માત્રા છે 'મ-કાર'. એ સુષુપ્તસ્થાન 'પ્રાજ્ઞ'ની પ્રતિનિધિ છે. જે આ તૃતિય માત્રાની ઉપાસના કરે છે એ માનો સંપૂર્ણ સંસારનો પાર પામી જાય છે. આ ત્રણે માત્રાઓની ત્રણે સ્થાનો સાથે સંગતિ કર્યા બાદ ઋષિ પોતાના સમાપન વાક્યમાં ચોથી માત્રાની સંગતિ કરીને પ્રધાન ફલશ્રુતિનો નિર્દેશ કરે છે. ઓમકારની ત્રણ માત્રાઓથી પર જે અમાત્ર ઓમકાર છે એ ચતુર્થ છે. 'ॐ' બોલીએ ત્યારે 'મ' બોલ્યા પછી જે ગુંજન થાય છે એ જ એની ચતુર્થ માત્રા છે. જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિથી પર ચેતનાનું જે ચોથું સ્વરૂપ છે એ વ્યવહારમાં બતાવવાનું સંભવ નથી. એના વિષયમાં એટલું જ કહી શકાય એમ છે કે

अमात्रश्चतुर्थोऽव्यवहार्यः प्रपञ्चोपशमः शिवोऽद्‌वैत ।

एवमोङ्कार आत्मैव संविशत्यात्मनाऽऽत्मानं य एवं वेद ॥

ઓમકારનું એ અમાત્રરૂપ વાસ્તવમાં આત્મા જ છે. એ પ્રપંચની શાંતિ છે, મંગલમય છે અને અદ્વૈત સ્વરૂપ છે. જે સાધક ઓમકારને આ રૂપમાં સમજી લે છે, એ આત્મજ્ઞાન દ્વારા અંતરાત્મામાં પ્રવેશ કરે છે અને બહારના વિષયોની તરફ ભટકતો નથી. ઉપરોક્ત રીતિથી માંડુક્યોપનિષદનો સાર કહી શકાય કે ઓમકાર અક્ષર એ જ સમગ્ર બાહ્ય જગત છે. સ્થૂળ-સૂક્ષ્મ, મૂર્ત-અમૂર્ત, ત્રણે કાળમાં અને ત્રિકાલાતીત – એ તમામ ઘટનાઓ અને અવસ્થાઓ એ બધી જ ઓમકારની વ્યાખ્યા છે. આધ્યાત્મિક દષ્ટિથી ઓમકાર રૂપ અક્ષર બ્રહ્મ છે અને આત્મા બ્રહ્મ છે. જે કોઈ આ રહસ્યને જાણી લે છે તે આત્મજ્ઞાની અને પરમજ્ઞાની થઈ શકે છે. એને બીજું કશું જ જાણવાનું રહેતું નથી. માંડુક્યોપનિષદ એ ઓછા શબ્દોમાં ગહન સત્યને નિરૂપવાનો પ્રયાસ છે. ઓમકાર એ પરમાત્માનું નીજ નામ છે. સર્વશ્રેષ્ઠ નામ છે. આજે વિજ્ઞાન પ્રયોગો દ્વારા માનવીય ચેતનાના પહેલા સંકેતો પર પહોંચવા પ્રયત્ન કરે છે જેનું સમગ્ર સમન્વિત વિશ્લેષણ ઋષિઓની પ્રજ્ઞાએ પહેલેથી જ કરેલું છે. એને મેં આપની સમક્ષ રાખવા પ્રયાસ કર્યો છે. આમાં કંઈ ત્રુટિ હોય તો મારી ત્રુટિ સમજશો. ઉપનિષદનું ગંતવ્ય ઘણું દુર્બોધ છે એને સાધારણ વ્યક્તિ એક-બે વાર વાંચવાથી સમજી નથી શકતો. આપ સૌને નમન કરીને હું મારી વાણીને વિરામ આપું છું.

## <u>મુંડકોપનિષદ – ગૌતમ પટેલ</u>

‘कृष्णं वंदे जगदगुरुम’ બાપુ, સંચાલકમિત્ર અને સૌ વક્તા, ઉપસ્થિત મહાનુભાવોને પ્રણામ. આજના સમયમાં ત્રાસવાદ જેવી અનેક સમસ્યાઓનો ઉકેલ આપણે આધ્યાત્મિકતામાં શોધવો પડશે. એ આધ્યાત્મિકતા જો કોઈ આપી શકે તેમ હોય તો એ આપણા ઉપનિષદો છે. ઉપનિષદોનો ગંગાપ્રવાહ આજ સુધી સતત વહેતો રહ્યો છે, અને આજે આ ધરતી સુધી આવી પહોંચ્યો છે, જેનો એક આનંદ છે.

આપણી કોઈ પણ વાત કહેવાની એક પરંપરા છે કે ‘હું કહું છું’ એમ નહિ, પરંતુ અગાઉથી આમ કહેવાતું આવ્યું છે એમ કહીને આપણે વાતની શરૂઆત કરતા હોઈએ છીએ. આ ઉપનિષદની શરૂઆત પણ એ જ રીતે થાય છે. ‘ब्रह्मा देवानां प्रथमः संबभूव’ કહીને આ ઉપનિષદનો આરંભ થાય છે. પરંપરા બ્રહ્મા આપે છે. બ્રહ્માએ જ્યેષ્ઠપુત્ર અર્થવાને કહી, અર્થવાએ અંગિરાને કહી, અંગિરાને સત્યવાહને કહી, સત્યવાહે ભારદ્વાજ ગોત્રના આંગિરસને કહી. પછી કહે છે કે ‘शौनको ह वै महाशालो’ કેવી અદ્દભુત વાત છે ! શૌનક નામના એક ભાઈ, જેમનું ઘણું મોટું નિવાસ સ્થાન હતું. એમને જિજ્ઞાસા થઈ, એ ગયા ગુરુ અંગિરસ પાસે. જઈને તેમણે કહ્યું ‘कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवतीति’ અદ્દભુત પ્રશ્ન છે ! પૂછે છે કે ‘ભગવન, શું જાણી લેવાથી બધું જ જાણી લેવાય ?’ આ ઉપનિષદનો મૂળ પ્રશ્ન છે. ઉત્તરમાં કહેવાયું કે ‘द्वे विद्ये वेदितव्ये’ ‘બે વિધા છે : પરા અને અપરા.’ અહીં મજા એ છે કે અપરા વિદ્યાની અંદર એક યાદી આપી છે જેમ કે ઋગવેદ, સામવેદ, યજુર્વેદ, શિક્ષા, નિરુક્ત, કલ્પ, વ્યાકરણ, છંદ વગેરે… પરંતુ પરાવિદ્યાની કોઈ ટેક્સબુક નથી. ઉપનિષદ કહે છે ‘तदक्षरमधिगम्यते’ એટલે કે એ અવિનાશી પરબ્રહ્મ

તત્વથી જાણી શકાય છે. બ્રહ્મ એ વાણીનો વિષય નથી. એ અનુભૂતિનો વિષય છે. વિજ્ઞાન સાબિતી માગે, અધ્યાત્મ અનુભૂતિ માગે.

એ પરમતત્વ કેવું છે ? એ વિશે ઉપનિષદ કહે છે 'यत्तदद्रेश्यमग्राह्यमगोत्रमवर्णमचक्षुःश्रोत्रं तदपाणिपादम्' વગેરે. રામકૃષ્ણ પરમહંસની એક સરસ વાત છે. પ્રશ્ન એ છે કે આ નિષેધાત્મક પદ્ધતિ વડે શું સકારાત્મક જ્ઞાન થઈ શકે ? નેતિ...નેતિ... એટલે કે 'આ નહિ.... આ નહિ....' એમાંથી 'આ છે.... આ છે...' એવું શું જાણી શકાય ? રામકૃષ્ણ પરમહંસે સરસ ઉદાહરણ આપ્યું. એમણે એમ કહ્યું કે એક છોકરીનો વિવાહ થયો. એ પછી રિવાજ પ્રમાણે વરરાજાને મોં જોવા માટે બોલાવ્યા. વરરાજા પાંચ જણને સાથે લઈને આવ્યો. વરરાજા બહાર બેઠા છે. અંદર સખીઓ પેલી છોકરીને પૂછે છે, 'આ પહેલો ગાદીના છેડે બેઠો છે એ છે તારો મનભાવન ?' પેલી છોકરી શરમાઈને 'ના' કહે છે.
'આ બીજો લાલ ખમીસ વાળો ?'
'ના.'
'પેલો કાળા ચશ્માંવાળો ?'
'ના.'
એમ કરતાં કરતાં બધાંની 'ના' થઈ ગઈ. છેલ્લો જે રહ્યો ત્યારે પેલી છોકરી મૌન થઈ ગઈ. માથું શરમથી ઢાળી દીધું. પેલી સખીને આપોઆપ જ્ઞાન થયું કે આ જ એનો મંગેતર મનભાવન છે. નિષેધ દ્વારા પણ સત્યનું જ્ઞાન થઈ શકે છે.

કેટલાક જરૂરી મંત્રો છે એનો સ્પર્શ કરીને હું આગળ વધીશ. સાતમા મંત્રમાં કહેવાયું છે કે 'यथोर्णनाभिः सृजते गृह्णते च' જેમ કરોળિયો પોતાની જાળ પોતે બનાવે અને પોતાની અંદર લઈ લે, 'यथा पृथिव्यामोषधयः संभवन्ति' પૃથ્વીમાં જેમ ઔષધીઓ થાય છે, 'यथा सतः पुरुषात् केशलोमानि' જે પ્રકારે જીવિત મનુષ્યમાં વાળ અને રોમ ઉત્પન્ન થાય છે.... એમ આ સૃષ્ટિમાં બધું ઉત્પન્ન થતું રહે છે. આ એક જ મંત્રમાં તત્વજ્ઞાનના મહાન પ્રશ્નોના ઉત્તર છે. એમ થાય કે જેણે આ સૃષ્ટિનું સર્જન કર્યું એની પાસે કેવા સાધનો હતા ? કુંભાર ઘડો બનાવે તો માટી, ચાકડો તો જોઈએ જ. આપણે કોઈ પણ સર્જન કરીએ તો સાધન જોઈએ. પરંતુ ઉપનિષદ કહે છે કે, 'ના, એવું નથી. કરોળિયો પોતે જ પોતાની જાળ કરે છે. પોતામાં જ વિલીન કરી દે છે. એને કોઈ સાધન નથી.' એટલે કે જગતનું ઉપાદાન કારણ બ્રહ્મ છે. હવે બીજી વાત એ છે કે બ્રહ્મ એક છે તો એના સર્જનમાં આટલું વૈવિધ્ય ક્યાંથી આવ્યું ? તો ઉપનિષદ દાખલો આપે છે કે: 'यथा पृथिव्यामोषधयः संभवन्ति' એક જ પૃથ્વીમાંથી જેમ ઔષધિના અનેક પ્રકારો બને છે તેમ. હવે ત્રીજો પ્રશ્ન એ આવે છે કે એ બ્રહ્મ ચેતન હોય તો એમાંથી જડ કેવી રીતે ઉપજે ? ખરેખર તો એવું હોય કે જડમાંથી જડ પેદા થાય અને ચેતનમાંથી ચેતન પેદા થાય. એનો જવાબ આ ઉપનિષદે આપતાં કહ્યું 'यथा सतः पुरुषात् केशलोमानि' આ શરીર ચેતનમય છે અને છતાં એમાં કેશ, રોમ વગેરે જડ પદાર્થો જન્મે જ છે ! એ રીતે આ બ્રહ્મમાંથી જડ પણ જન્મી શકે. આ એક જ મંત્ર કેટલું બધું કહી જાય છે. એની પર કલાકો સુધી ચર્ચા કરી શકાય.

હવે આગળ વધીએ. એ છે કર્મકાંડ. એમાં યજ્ઞ-યાગની વાત છે. એ પ્રશ્ન થાય છે કે આ યજ્ઞ-યાગ કરવા જોઈએ ખરા ? 'Philisphy of religion' ના પ્રોફેસરોએ સમજવા જેવી વાત કરે છે. તેઓ કહે છે કે કોઈ પણ ધર્મ હોય એના ચાર અંગો છે. સૌ પ્રથમ અંગ છે એ દરેક ધર્મમાં સમાન છે. દા..ત, સાચું બોલવું એમ બધા જ ધર્મો કહે છે. અહિંસા આચરવી એમ બધા જ ધર્મો કહે છે. પ્રેમ, સત્ય, કરુણા દરેક ધર્મમાં સમાન છે. બીજું સ્તર એ છે કે દરેક ધર્મનું પોતાનું તત્વજ્ઞાન છે. દા...ત, સૃષ્ટિ કેમ ઉત્પન્ન થઈ ? તો બાઈબલ એની રીતે સમજાવે, આપણે આપણી રીતે સમજાવીએ. એ પછી ત્રીજું સ્તર આવે છે કે પોતાના તત્વજ્ઞાનને સમજાવવા માટે પુરાણકથાઓ. દા...ત 'સત્યં વદ', તો હરિશ્ચંદ્રનું ઉદાહરણ આવ્યું. એ પછી ચોથું સ્તર છે કર્મકાંડ. એ દરેક ધર્મમાં છે. ક્યાંક હોમ છે, ક્યાંક હવન છે, ક્યાંક પૂજન છે, ક્યાંક અર્ચન છે. તો પ્રશ્ન એ થાય કે શું આ કરવું જોઈએ ?..... મિત્રો, વિદ્વાનો કહે છે કે આ વિધિવિધાનો એ ધર્મનું જે તત્વ અને સાર છે એને રક્ષણ આપનાર છે. જેમ કેરી પર છાલ છે, અંદર ગોટલો છે. એ બંને ભેગા મળીને અંદર જે કેરીનો રસ છે એનું રક્ષણ કરે છે, એમ ધર્મના તત્વનું રક્ષણ આ ક્રિયાકાંડ કરે છે. હું એક મારું જ ઉદાહરણ આપું. મંદિરમાં મારા પૌત્રને લઈને જઉં છું ત્યારે હું પગે લાગું છું એટલે એ લાગે છે. એને કંઈ ખબર નથી. હું માથું નમાવું છું એટલે તે નમાવે છે. માણસ મંદિરમાં ગયો ત્યારે માથું નમાવતા શીખ્યો. હું રૂપિયો નાખું છું અને તરત એ કહે કે 'દાદા, મને આપો.' હું એને આપું છું ને એ નાખે છે. હવે જુઓ, બહુ અગત્યની વાત છે. સ્વેચ્છાપૂર્વક પોતાની વસ્તુ બીજાને આપી દેવી એ બાળક ત્યાં શીખે છે. બાકી ઘરમાં એ નાનકડી મોટર પણ કોઈને અડકવા દેતો નથી. સત્યનારાયણની કથા કરી તો એણે કહ્યું કે 'લાવો દાદા, હું પ્રસાદ વહેંચું.' બાકી એ પોતાની ચોકલેટ પણ કોઈને નથી આપતો. આ ક્રિયાકાંડો દ્વારા ધર્મના જે તત્વો છે દાન, પ્રેમ, નમ્રતા – આ બધા એમાંથી આવે છે. એટલે એની ઉપેક્ષા ન થાય. હા, ઉપનિષદે એમ જરૂર કહ્યું છે કે 'अन्धेनैव नीयमाना' એનાથી માણસ સ્વર્ગે જાય અને પાછા નીચે આવે છે માટે એનાથી દૂર રહેવું જોઈએ. 'प्लवा ह्येते अदृढा यज्ञरूपा' આ ઉપનિષદનું બહુ મોટું દર્શન છે. છેક વેદથી ચાલી આવતી પરંપરાની સામે આ વિરોધનો પહેલો સૂર હોય એવું લાગે. ઉપનિષદ કહે છે કે આ યજ્ઞ વગેરે કાચી નાવડી છે. કર્મ દ્વારા એ જ્ઞાન મળી ન શકે. તો પછી કરવું શું ? ઉપનિષદ કહે છે 'परीक्ष्य लोकान् कर्मचितान्' કર્મથી પ્રાપ્ત થતા લોકોનું પરીક્ષણ કરો. 'ब्रह्मणो निर्वेदमायान्नास्त्यकृतः कृतेन' વૈરાગ્ય થવો જોઈએ અને પછી કહે છે :

तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत्
समित्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठम्

આ મંત્રની ચર્ચા અગાઉ થઈ ચૂકી છે. ગુરુ જ શિવ છે અને શિવ જ ગુરુ છે. એની વચ્ચે કોઈ ભેદ નથી. ગુરુનો મહિમા અપાર છે. ઉપનિષદ કહે છે કે એ ગુરુ બ્રહ્મનિષ્ઠ હોવા જોઈએ. ગમે તેને ગુરુ ન કરાય, ગમે તેની કંઠી ન બંધાય.

બીજા મુંડકમાં કહેવાયું છે 'यथा सुदीप्तात् पावकाद्' જેમ ભડભડતા અગ્નિમાંથી તેજના તણખાઓ બહાર પડે તેમ આ વિશ્વ અને આ ભાવો એ બ્રહ્મમાંથી ઉત્પન્ન થયા છે. એ પછી આગળના શ્લોકોમાં વિશ્વરૂપના

વર્ણનની વાત આવે છે. એ પછી આગળ કહે છે કે 'सदसदरेण्यं' સદ-અસદથી પર જીવનમાં પસંદ કરવા જેવું એ તત્વ છે. એ આપણા વિજ્ઞાનથી વરિષ્ઠ છે. એ કેવું છે ? 'वेधव्यं' એટલે કે વિંધવા જેવું છે. 'धनुर् गृहीत्वौपनिषदं महास्त्रं' આ ઉપનિષદરૂપી ધનુષને ધારણ કરો. ઉપાસના દ્વારા તમારા બાણને તીક્ષ્ણ કરો. ભાવથી તદભાવ થઈને એ લક્ષ્યને વીંધો. 'प्रणवो धनुः शारो ह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते' પ્રણવ એ ધનુષ છે. ઓમને બધા જ ધર્મો માને છે. એ પછી ઉપનિષદ કહે છે 'अन्या वाचो विमुञ्चथा' એક આત્માને જાણો, બાકી બધું વ્યર્થ છે.

એક છોકરી હતી. યુવાન થઈ ગયેલી. એ પછી એની ભાભીને જઈને કહે કે 'તમે કેટલા નસીબદાર છો !, તમારે નણંદ છે, તમારે જેઠ છે, તમારે જેઠાણી છે, સાસુ-સસરા છે, કાકાજી-મામાજી છે. મારે તો કંઈ જ નથી !' ભાભી કહે છે કે 'બેટા, એક કામ કર. એક વર લાવી દે, તો આ બધા જ આવી જશે.' એક પરમતત્વ જીવનમાં આવી જાય પછી જીવનમાં કંઈ જ મેળવવાનું બાકી નથી રહેતું. એથી જ આ ઉપનિષદ કહે છે કે એ માત્ર આત્માને જાણો. 'तमेवैकं जानथ आत्मानमन्या वाचो विमुञ्चथामृतस्यैष सेतुः' આ અમૃતનો સેતુ છે. એ આનંદમય છે. મારા ગુરુદેવ કહેતા કે 'જેટલા આનંદમાં એટલા ઈશ્વરને ખોળે, જેટલા શોક કે મોહમાં એટલા માયાને ખોળે. જ્યાં બેસવું હોય ત્યાં બેસો. પસંદગી પોતપોતાની...' આ જાણવાથી પરિણામ શું આવશે ? 'भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः' એ તત્વને જોશો તો જીવનમાં રહેલી હૃદયની ગ્રંથીઓ તૂટી જશે. બધા સંશયો દૂર થશે. તમારા બધા કર્મોનો ક્ષય થઈ જશે. એ તત્વ કેવું છે ? ઉપનિષદ કહે છે : 'न तत्र सूर्यो भाति न चन्द्रतारकं' ત્યાં સુર્ય નથી દેખાતો, નથી ચંદ્ર દેખાતો કે નથી તારા દેખાતા. ત્યાં વિદ્યુત પણ નથી તો અગ્નિ તો ક્યાંથી હોય ? એના પ્રકાશથી બધુ પ્રકાશે છે. આ બહુ મોટી વાત છે. એ તત્વમાંથી બધું ઉત્પન્ન થાય છે. પાણી, પવન, પ્રકાશ – એણે આપણને શું શું નથી આપ્યું ? હોટલમાં વેઈટર પાણીનો ગ્લાસ મૂકે તો પણ આપણે 'થેન્ક યૂ' કહીએ છીએ. એ તત્વને આપણે કદી 'થેન્ક યૂ' કહ્યું છે ખરું ? એ બ્રહ્મ તત્વ ક્યાં છે ? તો ઉપનિષદ કહે છે કે એ અમૃતમય છે. એ સામે છે, પાછળેય છે. એ દક્ષિણે છે અને ઉત્તરે પણ છે. નીચે પણ છે અને ઉપર પણ છે. એ સર્વત્ર ફેલાયેલ છે. પૂજ્ય મોટાને સાક્ષાત્કાર થયો ત્યારે તેમણે એક શબ્દ સમાજને આપ્યો કે 'હું સર્વત્ર વિદ્યમાન છું.' આ અનુભૂતિ આપણે મેળવવાની છે.

એ પછીનો મુંડક એક સરસ વાત લઈને આવે છે. 'द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते' બે પક્ષી છે. એક પક્ષી આ સંસાર રૂપી વૃક્ષના ફળ ખાય છે. બીજું નથી ખાતું. જે ખાય છે તે પુણ્ય અને પાપથી બંધાય છે. શંકરાચાર્ય કહે છે કે 'પાપ એ બંધન છે, પુણ્ય પણ બંધન છે.' સત્કર્મને ભોગવવા માટે ફરી પાછા આવવું પડશે. મા આનંદમયી કહેતા કે 'અહીંથી તમારે રિટર્ન ટિકિટ લઈને જવું છે ? જવાનું તો નક્કી જ છે.' કામ, ક્રોધ, લોભ, મોહ એ બધી રિટર્ન ટિકિટો છે. કંઈ પણ વાસના રહી ગઈ, ફરી જન્મ લેવો જ પડશે. આ ઉપનિષદ પણ કહે છે કે પાપ-પુણ્યથી મુક્ત થવાનું છે. જો એમ થશે તો 'परमं साम्यमुपैति' એ પરમ તત્વ સાથે તમારું સામ્ય થશે. 'विजानन् विद्वान् भवते नातिवादी' કહે છે કે એને જે જાણી લે છે તે બહુ બોલતો નથી. નહીં જાણનારો જ બોલતો હોય છે. જે ખરેખર જાણે છે તે મૌન થઈ જાય છે. એક ગુરુ પાસે શિષ્ય જઈને કહે છે કે બ્રહ્મ વિશે કહો. ગુરુ કંઈ કહેતા નથી. બે-ત્રણ વાર

પૂછે છતાં જવાબ આપતા નથી. પછી અકળાઈને કહે છે કે 'હું ત્રણ-ત્રણ વાર સવાલ કરું છું ને તમે જવાબ નથી આપતા.' ગુરુ કહે છે કે 'મેં ત્રણ-ત્રણ વાર જવાબ આપ્યો, પરંતુ તું સમજ્યો જ નહિ.' ઉપનિષદ કહે છે : 'आत्मक्रीड आत्मरतिः क्रियावा नेष ब्रह्मविदां वरिष्ठः' ઉપનિષદના ખૂબ ધ્યાનમાં રાખવા જેવા શબ્દો છે : 'आत्मक्रीड, आत्मरति, आत्मवान' મુશ્કેલી એ છે કે આપણે આપણી જાતને ભૂલી ગયા છીએ. ઉપનિષદ આપણને વારંવાર ટકોરે છે. ઉપનિષદ આપણને એક જ વાત કહે છે કે તું તારી જોડે તો બેસ ! અને તું તારી જાતને તો ઓળખ ! મિત્રો, આપણે આપણો સ્વભાવ વિસરીને અભાવમાં ઘૂમી રહ્યા છીએ. આત્માનો સ્વભાવ પૂર્ણતાનો છે. એ પૂનમના ચંદ્ર જેવો પૂર્ણ છે. એને કંઈ જ જોઈતું નથી. એનામાં કંઈ જ ખૂટતું નથી. એ સ્વભાવ આપણે વીસરી ગયા અને મારે લાડી નથી, ગાડી નથી, વાડી નથી – એની પાછળ દોડાદોડ શરૂ કરી. જે દિવસે સ્વભાવ હાથમાં આવશે એ દિવસે અભાવ પાછળની દોડ આપોઆપ અટકી જશે. એ માટે જરૂર છે 'आत्मरति' થવાની અને 'आत्मक्रीड' થવાની. આ બંને થાય એને જ ઉપનિષદ 'आत्मवान' શબ્દ આપે છે. મકરન્દ દવે એમ કહેતા કે ઝાડ જેટલું અંદર ઊંડું જાય છે એટલું જ બહાર ખીલે છે. જરૂર છે આપણે ઊંડા ઊતરવાની, આપણે બહાર ખોવાઈ ગયા છીએ. પૂર્ણતા એ માનવીનું સ્વરૂપ છે અને આ સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે જ આ ઉપનિષદો છે.

એ પછી ઉપનિષદ આગળ કહે છે : 'सत्यमेव जयते नानृतं' ખૂબ જાણીતું છે. સત્ય એટલે શું ? ગીતાએ કહ્યું છે કે અસતનું અસ્તિત્વ નથી અને સત છે એનો અભાવ નથી. સત્ય ત્રિકાલાબાધીત છે. એ કોઈ કાળમાં બદલાતું નથી. અંગ્રેજીમાં ભૂતકાળની વાત હોય તોય, જ્યારે એમાં સૂર્યની વાત આવે ત્યારે 'Sun rises in the east' જ લખાય. ત્યાં ભૂતકાળ ચાલતો નથી. શંકરાચાર્ય કહે છે 'જે બાબતમાં તમારી બુદ્ધિમાં વ્યભિચાર એટલે કે પરિવર્તન આવે જ નહિ, કોઈ જ ફેર પડે નહિ, તો એ સત કહેવાય.' જો ફેર પડે તો સમજવું કે અસત. જીવનમાં આ સતની જ ઉપાસના કરવાની છે. સત એ જ પરમતત્વ છે. ગાંધીબાપુ કહેતા જ હતાને કે સત્ય એ જ ઈશ્વર છે. એ સત્ય કેવું છે ? સુક્ષ્મથી સુક્ષ્મ છે, દૂરથી દૂર છે, આંખોથી જોઈ શકાય નહિ, વાણીથી કહી શકાય નહિ એવું. કારણ કે આ અનુભૂતિનો વિષય છે. અનુભૂતિ હૃદયને થાય છે, હૃદયને વાણી નથી. વાણી જીભ પાસે છે પરંતુ જીભ પાસે એ અનુભૂતિ નથી. એટલે બોલી જ કેવી રીતે શકાય ? એ પછી આગળ ઉપનિષદ કહે છે :

नायमात्मा प्रवचनेन लभ्यो<br>
न मेधया न बहुना श्रुतेन ।<br>
यमेवैष वृणुते तेन लभ्य-<br>
स्तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम् ॥

આ બહુ જાણીતો મંત્ર છે. વૈષ્ણવધર્મના વરણનો જે સિદ્ધાંત છે એનું મૂળ અહિંયા છે તેમ બધા કહે છે. પ્રભુ જેનું વરણ કરે છે તે પામે છે. કેટલીક વ્યક્તિઓને ઈશ્વર એનું અવતાર કાર્ય સોંપીને મોકલતા હોય છે. પ્રભુ દરેક વ્યક્તિને એના અવતાર કાર્ય સોંપીને જાય છે. ગાંધીજીનું અવતાર કાર્ય સ્વતંત્રતાનું હતું, એ પૂરું થયું. આગળ હિંદુ-મુસ્લિમ એકતા એ ન કરી શકયા. સરદારનું કાર્ય ભારતને એક કરવાનું હતું. મહાપુરુષો પોતાનું અવતાર કાર્ય લઈને આવતા હોય છે. મિત્રો, મંત્રની આ જ લીટીનો એક બીજો અર્થ

પણ જાણી લેવો જોઈએ. શંકરાચાર્ય એમ કહે છે કે આ વિદ્વાન જે પરમાત્માને પસંદ કરે એ વરણથી તે તેને પામે છે, બીજા સાધનોથી નહીં. કારણકે એ તત્વ તો નિત્ય મળેલું જ છે, મેળવવાનું નથી. એ તો આપણે એને ભૂલી ગયા છીએ. ઉપનિષદ કહે છે 'तत् परमं ब्रह्म वेद ब्रह्मैव भवति' જે આ પરમ બ્રહ્મને જાણે છે તે બ્રહ્મ જ બની જાય છે. પરંતુ આ માહિતી અને જ્ઞાનમાં અંતર છે. માહિતી જ્યારે જીવનની અનુભૂતિનો એક ભાગ બને ત્યારે જ્ઞાનમાં રૂપાંતરિત થાય છે. નાનું બાળક અગ્નિને પકડે ત્યારે આપણે એને ટોકીએ છીએ, એક-બે વાર એ દાઝે છે પણ ખરો, પરંતુ એક વાર ખાત્રી થાય કે અગ્નિ બાળે છે એ પછી તે એને સ્પર્શતો નથી. That knowledge has become part of my personality. એ પછી દરેકમાં મારી એ અભિવ્યક્તિ હોય છે. એમ જે દિવસે આપણે બ્રહ્મને જાણીએ એ દિવસે બ્રહ્મ બની જઈએ – આટલું કહીને હું મારી વાત પૂરી કરું છું. नमः परमऋषिभ्यो नमः परमऋषिभ्यः અસ્તુ.

સવારની સભા બરાબર બાર કલાકે સમાપ્ત થઈ હતી. એ પછી મધ્યાહ્ન ભોજન બાદ બપોરે ચાર કલાકે સંગોષ્ઠિ-4નો આરંભ થયો હતો. આ સંગોષ્ઠિનું સંચાલન શ્રી મનસુખ સાવલિયાએ કર્યું હતું. સંગોષ્ઠિના પ્રારંભમાં શ્રી બકુલ રાવળે ઐતરેયોપનિષદ વિશે વાત કરી હતી.

## ઐતરેયોપનિષદ – બકુલ રાવળ

અહીં આ તમામ વિદ્વાન વક્તાઓને સાંભળ્યા પછી મારી હાલત અર્જુન જેવી છે ! તેનું ગાંડીવ સરકી જતું હતું, મને બોલવું કે નહીં એ સૂઝતું નથી. હું તો નવો નિશાળીયો છું. અહીં તો બધા સંસ્કૃતમાં ભાષણ કરી શકે એવી ક્ષમતાવાળા છે. મેં તો ફક્ત કૉલેજમાં સંસ્કૃત ભણાવ્યું છે. તેથી હું કોઈ વિદ્વાન હોવાનો દાવો નથી કરતો. હું વિદ્યાર્થી જેવો છું તેથી મારી કંઈક ક્ષતિ હોય તો આપ નિભાવી લેજો.

આપણે જાણીએ છીએ એમ ઉપનિષદો કોઈ સ્વતંત્ર ગ્રંથો નથી. 'ઐતરેય બ્રાહ્મણ' ઋગવેદનું પ્રસિદ્ધ બ્રાહ્મણ છે. આ બ્રાહ્મણના ભાગરૂપે 'ઐતરેય આરણ્યક' છે. આ આરણ્યકના ભાગરૂપે આવતું એક પ્રકરણ 'ઐતરેય ઉપનિષદ' છે. ઉપનિષદ શબ્દનો ગૂઢ અર્થ 'રહસ્ય-વિદ્યા' એવો થાય છે. ઋગવેદના બ્રાહ્મણ વિભાગમાં ઐતરેય ઉપનિષદનો સમાવેશ કરવામાં આવ્યો છે. એના છ વિભાગ છે. ભગવાન શંકરાચાર્ય એટલે જ એને આત્મશતક કહે છે. ઐતરેય ઉપનિષદના રચાયિતા જાણીતા છે. પરંતુ વાસ્તવમાં ઉપનિષદો પર કોઈએ પોતાની સહી કરી નથી. આમ છતાં ઉપનિષદના રચાયિતા યાજ્ઞવલક્ય, કઠોપનિષદના યમરાજા, પ્રશ્નોપનિષદના પિપ્પલાદ એવા નામ વાંચવા મળે છે ખરા.

આપણી રૂઢીગત માન્યતાનુસાર ઉપનિષદની રચના મહિદાસે કરી હતી. એ ઈતરાનો પુત્ર હતો. તેઓ બ્રાહ્મણ નહોતા. પાંચ વર્ષના થયા ત્યારે તેઓ એક દિવસ તેમના યજમાન તરીકે મહાકુંભમાં યજ્ઞ કરાવતા હતા. ત્યારે આ બાળકને પિતાના ખોળામાં બેસવાની ઈચ્છા થઈ. આપણે જાણીએ છીએ કે ધ્રુવને પણ આવી જ ઈચ્છા થઈ હતી. આ બાળક ઈતરાના કુખે જન્મયું હોવાથી પિતાના ખોળામાં બેસવાની એને અનુમતી ન મળી કારણ કે 'ઈતરા' એટલે પરસ્ત્રી. નિરાશ થયેલો બાળક ડૂસકાં ભરતો

ભરતો મા પાસે જાય છે. કાલીઘેલી ભાષામાં આ બાબતની જાણ કરે છે. માતૃહૃદય ક્રોધિત થઈ ગયું અને નિર્દોષ બાળકના અપમાનનો બદલો લેવાનું નક્કી કર્યું. એને પોતાની નબળાઈ પણ ધ્યાનમાં આવી એથી એ જમીન પર પડી અને પોતાની ઈષ્ટદેવી મા-ભોમને ભેટી પડી. ભક્તને આશીર્વાદ આપવા માટે મા-ભોમ સ્વયં પ્રગટ થઈ. ઈતરાની વિનંતીથી ધરતીના સેવક એવા મહિદાસને આપણી સંસ્કૃતિનું સનાતન રહસ્ય ધરાવવાની મા-ભોમે દીક્ષા આપી. આ બાળક પરિપૂર્ણ થઈને તરછોડાયેલા નિમ્નકક્ષાના સામાન્ય ગુલામ તરીકે જેને પોતાની ભાષામાં પરિપૂર્ણતાના આનંદ સિદ્ધાંતની ઘોષણા કરી તે આ બાળક. આ કથાનકથી એટલું સ્પષ્ટ થાય છે કે ઈતરાનો પુત્ર ઐતરેય બ્રાહ્મણ ન હતો. પરંતુ તેનું નામ મહિદાસ એટલે ભૂમિપુત્ર હતું. આપણી પેઢીના મનમાં તેની માટે વિશેષ અનુકંપા જાગવી જોઈએ. એની માતા એમ કહેવાય છે કે કુંભાર જાતિની હતી. આવું સ્વામી ચિન્મયાનંદે લખેલું છે. ઈતરા એટલે અન્ય. એ સંકેત પરથી જ સ્પષ્ટ થાય છે કે બ્રાહ્મણ ન હતી પરંતુ તે અન્ય હતી. આપણે ત્યાં તો કહેવાયું છે કે જન્મથી ભલે શુદ્ર જન્મ્યો હોય, પરંતુ માણસ સંસ્કારથી બ્રાહ્મણ બને છે. આથી આ ઉપનિષદમાં કુંભારના જીવનમાંથી લીધેલ ઉપમાઓ અને રૂપકો પણ આવે છે.

ઐતરેય ઉપનિષદ એ સામાન્ય માનવીનું શાસ્ત્ર છે. ચિન્મયાનંદજી તો એમ કહે છે કે 'એ શ્રમજીવીનું બાઈબલ છે. ઈસ્લામનું કુરાન છે.' ઝૂંપડપટ્ટીમાંથી ઉદભવેલ સંસ્કૃતિનું ગાન એ આપણા ઉપનિષદો છે. ઐતરેય ઉપનિષદના આરંભના શાંતિપાઠમાં જાણીતા શ્લોક નથી, પરંતુ તે ખૂબ સુંદર છે.

वाङ् मे मनसि प्रतिष्ठिता मनो मे वाचि प्रतिष्ठितमाविरावीर्म एधि
वेदस्य म आणीस्थः श्रुतं मे मा प्रहासीरनेनाधीतेनाहोरात्रान् संदधाम्यृतं वदिष्यामि सत्यं वदिष्यामि
तन्मामवतु तद्वक्तारमवत्ववतु मामवतु वक्तारमवतु वक्तारम्

ॐ शान्तिः शान्तिः शान्तिः

આમાં આપણી આખી વૈશ્વિક ભાવના છે. 'જે વક્તા છે એનું પણ રક્ષણ કરો અને મારું પણ રક્ષણ કરો' એમ કહેવાયું છે. મારી વાણી મારા મનમાં પ્રસ્થાપિત થાઓ, મારું મન મારી વાણીમાં પ્રસ્થાપિત થાઓ. આ સમજવા જેવી વાત છે. મન અને વાણીનો સમન્વય એ આ ઉપનિષદનો મૂળભૂત હેતુ છે. એ પછી કહે છે કે 'હે બ્રહ્મ તું મારી સમક્ષ પ્રગટ થા.' ઉપનિષદનો ઋષિ બ્રહ્મને આદેશ આપી શકે છે. 'હે મન-વાણી, વેદમાં નિર્દિષ્ટ સતની અનુભૂતિ કરવાની મને શક્તિ આપ. મેં જે કંઈ શ્રવણ કર્યું છે તે વિસરાય નહીં તેવા આશિષ આપ. મને અભ્યાસમાં રાત-દિવસ ગુંથાઈ જવા દે. હું સતનો જ વિચાર કરું અને સત્ય જ બોલું. આ સત મારું રક્ષણ કરો, મારા ગુરુનું રક્ષણ કરો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ |'

ઉપનિષદના અભ્યાસનો આરંભ કરતા અગાઉ શિષ્યો ગુરુના ચરણે જઈને આશીર્વાદ પ્રાપ્ત કરતાં હતાં અને શાંતિપાઠનું સહપઠન કરતા હતા. આ શાંતિપાઠને ઉપનિષદકાળમાં દેખાતી બૌદ્ધિક પ્રામાણિકતાનું ઉમદા દષ્ટાંત કહ્યું છે. સ્વસ્થજીવન માણતા સાધકોના હૃદય અને બુદ્ધિમાં આવશ્યક ગુણવત્તાઓ આપોઆપ વિકસતી. ગુરુચરણે બેસીને શાસ્ત્રોનો અભ્યાસ બરાબર કરી શકે છે. તેના પરિણામે

આત્મશ્રદ્ધા ઉદ્ભવે છે. એ પછી કહે છે કે 'श्रुतं मे मा प्रहासी' શ્રવણ મહત્વનું છે. નવધા ભક્તિમાં શ્રવણ પહેલું છે. જૈન ધર્મમાં જે શ્રવણ કરે છે એને 'શ્રાવક' કહે છે. શ્રવણ કરે છે તે સાચા અર્થમાં પામી શકે છે. વેદાંત એ જીવનનું સંપૂર્ણ અને પરિપૂર્ણ વિજ્ઞાન હોઈને પ્રત્યેક દિવસનો અભ્યાસ તે પછીના દિવસની ગુરુની દલીલો અને સમજૂતીથી સીધો સંબંધ ધરાવે છે. આજનો અભ્યાસ ગઈકાલના અભ્યાસના અનુસંધાનમાં આવે છે. એ પછી કહે છે કે 'अनेनाधीतेनाहोरात्रान् संदधाम्यृतं' 'મારા અભ્યાસમાં મને રાત-દિવસ ખૂંપી જવા દો. હું માત્ર સતનો જ વિચાર કરું. સત્ય જ બોલું.' બાળપણથી આપણને આ સંસ્કારો આપવામાં આવે છે. 'કીડીને મારીએ તો પણ પાપ લાગે', એવી વાતોથી નાનપણમાં સંસ્કારોનું બીજારોપણ થાય છે. એ પછી કહે છે કે જ્યારે મન, બુદ્ધિ અને વાણી આ ત્રણેનો સમન્વય થાય છે ત્યારે માણસ સજ્જ થતો હોય છે. આમ સાધક જ્યારે પોતાનું સમગ્ર જીવન પોતાની અંદરના પ્રભુને નિરંતર અર્પણ કરે છે ત્યારે તેનું પોતાનું અને તેના ગુરુનું રક્ષણ તેનો આત્મા કરે છે.

ઐતરેય ઉપનિષદના તેત્રીસ મંત્રો છે. જો હું ફક્ત મંત્રો જ બોલું તો પણ મારો સમય પૂરો થઈ જાય ! એના પહેલા પ્રકરણના પહેલા વિભાગનો મંત્ર આ પ્રમાણે છે : 'ॐ आत्मा वा इदमेक एवाग्र आसीन्नान्यत्किंचन मिषत् । स ईक्षत लोकान्नु सृजा इति ॥' આરંભમાં આ વિશ્વ માત્ર આત્માના સ્વરૂપમાં જ હતું. અન્ય કશાનું ત્યારે અસ્તિત્વ હતું નહિ. સૃષ્ટિના અગાઉ આત્મા પર કોઈ તત્વ હોય તો તેનું સ્વરૂપ સીમિત અને નાશવંત થઈ જાય. આત્મા અનંત છે. ગીતામાં ભગવાને એ જ કહ્યું છે, જે આપણે સૌ જાણીએ છીએ. એ આત્માએ વિચાર્યું કે હું આ સૃષ્ટિનું સર્જન કરીશ. આ ઉપનિષદમાં બે વસ્તુ મહત્વની છે : એક છે સર્જન ક્રિયા અને બીજી છે પ્રજનન ક્રિયા. આ ઉપનિષદમાં પ્રજનનક્રિયાની પણ વાત આવે છે. તમામ દર્શનોએ સ્વીકાર્યું છે કે સૃષ્ટિના સર્જનનું વર્ણન આપણા સમયના સંદર્ભમાં કરતા હોઈએ તો એક રીતે સમયનું પણ સર્જન થાય છે. એ પછી કહેવાયું છે કે એ આત્માએ સૃષ્ટિનું સર્જન કરતા પહેલાં અમ્ભ, મરીચિ, મરમ અને આપઃ ની રચના કરી. સ્વર્ગથી પર 'અમ્બ' છે, સ્વર્ગ એનો આધાર છે. 'મરીચિ' વાયુમંડળનો પ્રદેશ છે. 'મરમ' એ પૃથ્વી છે અને પૃથ્વીના તળે છે 'આપઃ' એટલે કે જળ. પરમ ચૈતન્ય ક્રિયાન્વિત થઈને વાસનાઓ, સંકલ્પો અને કામનાઓનો સમુહ બનીને જીવ બને છે. એવા લોકોની રચના કરે છે જ્યાં તમામ વાસનાઓને તેમની પરીપૂર્તિ માટેનું ક્ષેત્ર મળી જાય.

બીજા મંત્રમાં ઋષિ જણાવે છે કે સર્જનહારે આ વિચાર્યું કે હું સૃષ્ટિનું સર્જન કરું, એ પછી એણે સર્જન કર્યું. સૃષ્ટિનું સર્જન કર્યા પછી એણે વિચાર્યું કે હવે લોકપાલનું સર્જન કરું. જળમાંથી પુરુષને પ્રગટાવ્યો. એ પછી જનેન્દ્રિયનો આવિર્ભાવ થયો. એમાંથી શુક્રાણુઓ જન્મ્યા અને શુક્રાણુઓમાંથી જળતત્વ ઉદભવ્યું. આ રીતે રચાયેલા દેવતાઓ ચંચળ એવા મહાસાગરમાં ઊતર્યા. તેમને ભુખ અને તરસથી રિબાવ્યા. 'ता एता देवताः सृष्टा अस्मिन्महत्यर्णवे' એટલે તેઓએ સર્જકને કહ્યું કે 'અમારે માટે એવું સ્થાન રચો કે જ્યાં અમે સ્થાયી થઈને ભોજન કરીએ.' સૃષ્ટિના સર્જકે ગાયની રચના કરી. આ જોઈને પેલાઓએ કહ્યું કે 'અમને સંતોષ નથી થયો.' પછી અશ્વની રચના કરી. તો પણ તેઓએ ના પાડી. એ પછી મનુષ્યની રચના કરી. દેવતાઓએ કહ્યું કે 'પ્રભુ, આ રચના અમને ગમી.' હવે તમે તમારા આગવા સ્થાનોમાં પ્રવેશો એમ સર્જકે દેવતાઓને કહ્યું. એ પછી અગ્નિ વાણીમાં પરિવર્તિત થઈને

મુખમાં પ્રવેશ કર્યો. વાયુએ ઘ્રાણ બનીને નાસિકામાં પ્રવેશ કર્યો. સૂર્ય દષ્ટિ સ્વરૂપ ધારણ કરીને ચક્ષુમાં પ્રવેશ કર્યો. દિશાઓ શ્રવણશક્તિ બનીને કર્ણમાં પ્રવેશી. ઔષધી અને વનસ્પતિ સ્વરૂપ દેવતાઓ વાળ બનીને ત્વચામાં પ્રવેશ્યા. ચંદ્ર મન બનીને હૃદયમાં પ્રવેશ્યું. મૃત્યુ સ્વરૂપ દેવતા અપાન બનીને નાભીમાં પ્રવેશ્યા. જળ દેવતા શુક્રાણુ બનીને જનેન્દ્રિયમાં પ્રવેશ્યા. આટલું થયા પછી અપાન વાયુની વાત આવે છે. આપણે જમતી વખતે જે બોલીએ છીએ કે 'પ્રાણાય સ્વાહા...અપાનાય સ્વાહા.... વ્યાનાય સ્વાહા... ઉદાનાય સ્વાહા.... સમાનાય સ્વાહા....' ક્ષુધા અને તૃષાએ સર્જનહારને કહ્યું કે અમારા બંને માટે પણ સ્થાન શોધી કાઢો. સર્જનહારે કહ્યું કે 'હું તમને બંનેને આ દેવતાઓની સાથે જ રાખીને ભાગીદાર બનાવું છું.' આથી ગમે તે દેવને અર્ધ્ય આપવામાં આવે ત્યારે ક્ષુધા અને તૃષા એમાં ભાગ પાડે છે. આ રીતે સર્જનહારના આદેશથી વિવિધ શક્તિઓએ શરીરમાં પ્રવેશ કર્યો ત્યારે ભૂખ અને તરસ મૂંઝવણમાં મુકાઈ ગયા. ત્યારે તેમણે રહસ્યાત્મક અને કાવ્યાત્મક વાણીમાં સર્જનહારને પ્રશ્ન કર્યો કે 'અમે ક્યાં જઈશું ? અમને પણ કોઈ સ્થાન આપો.' સર્જનહાર કહે છે કે 'તમામ કેન્દ્રો ગોઠવાઈ ગયા.' ક્ષુધા અને તુષા માટે કોઈ આગવું કેન્દ્ર રચવાને બદલે તેમને કહ્યું કે 'તમે બધા જ કેન્દ્રોમાં રહીને આનંદ કરો. એથી કોઈ પણ જ્ઞાનેન્દ્રિય દ્વારા પ્રાપ્ત થતો સંતોષ તમારો સંતોષ બની રહે.' આ બધી વાતોમાં આખું મનોવિજ્ઞાન છે. સ્વામી ચિન્મયનાન્દે એની આખી મનોવૈજ્ઞાનિક ભૂમિકા પણ સમજાવી છે.

હવે પહેલા પ્રકરણો ત્રીજો વિભાગ જોઈએ. 'स ईक्षतेमे नु लोकाश्च लोकपालाश्चान्नमेभ्यः सृजा इति ।।' સર્જનહારે જણાવ્યું કે 'સૃષ્ટિ અને દેવતાઓની રચના થઈ ગઈ. હવે તેમને માટે હું અન્ન ઉત્પન્ન કરીશ.' અન્ન ઉત્પન્ન કેવી રીતે કરવું ? સ્વાભાવિક છે કે એમાં જળની જરૂર તો રહે જ. જળમાંથી જે પદાર્થ ઉત્પન્ન થયો તે 'અન્ન' કહેવાયો. અહીં જળતત્વ જગતની રચના કરતા પંચમહાભૂતનું પ્રતીક છે. એ અન્નએ જ્યારે અદશ્ય થવાનો પ્રયત્ન કર્યો ત્યારે વાણીએ એને પકડવાનો પ્રયત્ન કર્યો. વાણીથી જો પકડાત તો અન્નની માત્ર વાતો કરીને જ આપણને સંતોષ થઈ જાત ! એ પછી અપાન વાયુ દ્વારા ગ્રહણ કરવાનો પ્રયત્ન થયો, તો જણાયું કે અપાન વાયુ જ અન્નને ગ્રહણ કરી શકે છે. અન્ન દ્વારા જીવન ટકાવી રાખવાનો યશ અપાન વાયુને જાય છે.

એ પછી સર્જનપ્રક્રિયા વિશે વાત કરતા ગુરુ એમ કહે છે કે 'હવે હું પ્રજનનક્રિયાની વાત કરું છું તો જે સગર્ભા સ્ત્રીઓ હોય તે બહાર જતી રહે.' એનો અર્થ એમ થયો કે એ સમયે આશ્રમોમાં સર્ગભા સ્ત્રીઓ પણ આવતી હતી. વિજ્ઞાન આજે એમ કહે છે કે સગર્ભા સ્ત્રી જે સાંભળે, જે જુએ, જે બોલે એની આવનારા બાળક પર અસર પડે છે. આપણે ત્યાં હજારો વર્ષ પહેલાં ગુરુએ આ વાત કરી. એ સંદર્ભમાં પુરાણોમાં વાત આવે છે કે મૂલ્યો વગરની એક આખી અધાર્મિક પેઢીને હિરણ્યકશ્યપુ નામનો રાક્ષસ ઉછેરી રહ્યો હતો. એ રાક્ષસના પંજામાંથી બાળકને ઉગારવા માટે સગર્ભા સ્ત્રીની સુવાવડ થતાં સમાજથી એને અલગ રાખવામાં આવતી. આજે પણ છોકરી ગર્ભવતી બને એટલે એને પિયર મોકલી દેવાનો રિવાજ છે. જ્યાં સુધી એની સુવાવડ ન થાય ત્યાં સુધી એ ત્યાં રહે અને પછી સાસરે આવે છે. ગુરુ કહે છે કે 'શુક્રાણુ એ આપણું લઘુ સ્વરૂપ છે. જ્યારે તેને સ્ત્રીના ગર્ભાશયમાં પ્રવાહિત કરવામાં આવે છે ત્યારે મનુષ્યનો જન્મ થાય છે. આ એનો પ્રથમ જન્મ છે. એ પછી એનો દ્વિતિય અને તૃતિય જન્મ થાય છે.'

પોતાના પિતાના આત્મા સમાન પુત્રને પાવનકારી કાર્યો કરવા માટે પિતાની અવેજીમાં મૂકવામાં આવે છે. પોતાના કર્તવ્યોનું પાલન કરી, પિતા વૃદ્ધ થઈ મૃત્યુને શરણે જાય છે. મૃત્યુ પછી તેનો પુનર્જન્મ થાય છે. આ તેનો ત્રીજો જન્મ છે.

ટૂંકમાં આ ઐતરેય ઉપનિષદ છે. અહીં મારી વાત હું પૂરી કરું છું. ઉપનિષદો ગહન છે તેથી મેં મારી રીતે આ વાત થોડી રમૂજપૂર્વક રજૂ કરી છે.

## <u>બૃહદારણ્યકોપનિષદ – વિજય પંડ્યા</u>

પૂ.બાપુને પ્રણામ, આપ સૌને વંદન, મારી સાથેના વક્તાઓને નમસ્કાર. એક અડાબીડ અરણ્ય છે. બૃહદ અરણ્ય છે. એમાં ક્યાંક એક જ પ્રકારના વાંસના વૃક્ષોનું ઝૂંડ ઊગી નીકળ્યું છે. બીજી તરફ વડની વડવાઈઓનું મોટું વટવૃક્ષ છે. ત્રીજી તરફ ઝાડી-જાળા, વેલીઓ પણ છે. ક્યાંક સુંદર વનરાજીવાળું ઉપવન પણ છે. આવું બૃહદારણ્યક ઉપનિષદ વિશે કહી શકાય. બૃહદારણ્યક ઉપનિષદનું બાહ્ય સ્વરૂપ એ છે કે તે શતપથ બ્રાહ્મણનો આ ભાગ છે. આરણ્યક તો ખરું જ. બીજી વિશેષતા આ ઉપનિષદના બાહ્ય કલેવરની એ છે કે એમાં ત્રણ કાંડ છે : મધુ કાંડ, મુનિ અથવા યાજ્ઞવલ્ક્ય કાંડ, ખિલ કાંડ. દરેક કાંડના બે-બે અધ્યાય એમ કુલ છ અધ્યાયો છે. દરેક અધ્યાયના ખંડોને 'બ્રાહ્મણ' એવું નામ આપવામાં આવ્યું છે. એટલે એ બ્રાહ્મણ પણ છે, આરણ્યક છે અને ઉપનિષદ તો ખરું જ ! એટલે કે બૃહદારણ્યક ઉપનિષદમાં બધું જ છે. આ એની વિશેષતા છે.

બીજી વિશેષતા એ છે કે આ બૃહદ અડાબીડ અરણ્ય છે એમાં ક્યાંક ગુફા છે. ઉપનિષદની ભાષામાં એને ગુહા કહી શકાય. એ ગુહામાં ક્યાંક પાછું કોઈક ચૈતન્ય તત્વ છે. બૃહદ એટલે કે બ્રહ્મ અને વૈશ્વિક ચૈતન્ય. ગુફામાં રહેલું ચૈતન્ય એટલે આત્મા, જે અતિ સુક્ષ્મ. એ રીતે બૃહદ અને સુક્ષ્મ, મહત અને અણુ. મને લાગે છે કે દાર્શનિક શાસ્ત્રોના વિકાસના ઈતિહાસમાં સૌથી મોટું પ્રદાન જો કોઈ ઉપનિષદનું હોય તો તે બૃહદારણ્યક ઉપનિષદનું છે. વૈશ્વિક ચૈતન્ય અને વૈયક્તિક ચૈતન્ય એટલે કે બ્રહ્મ અને આત્મા એ બંનેના એકત્વનું નિરૂપણ કરતું અને અદ્વૈત સાધતું આ ઉપનિષદ છે. તે એનું સૌથી વધારે અસરકારક પ્રદાન છે. વિદ્વાનોએ કહ્યું છે તેમ બૃહદારણ્યક ઉપનિષદ કદાચ પ્રાચીનમાં પ્રાચીન ઉપનિષદ છે. આટલી એની મુખ્ય બાબત વિશે વાત છે.

બૃહદારણ્યક ઉપનિષદનો આરંભ અદ્દભુત છે. આપણને એમ થાય કે કઈ સર્જક ચેતનામાં આ વાત રજૂ થઈ છે ! એક રૂપકથી આ ઉપનિષદ શરૂ થાય છે. 'ઉષા એ યજ્ઞના પવિત્ર અશ્વનું મસ્તક છે' એમ સૌથી પહેલી પંક્તિમાં કહેવાયું છે. 'એની આંખ સૂર્ય છે. એનો વાયુ એ પ્રાણ છે. એનું ખુલ્લું મુખ એ વૈશ્વાનર અગ્નિ છે. સંવત્સર એ એનું શરીર છે. સ્વર્ગ એની પીઠ છે. અંતરિક્ષ ઉદર છે. પૃથ્વી એની ખરી છે. દિશાઓ એના પડખાં છે. બાકીના જે ખૂણાઓ છે તે એની પાંસળીઓ છે. ઋતુઓ છે એ અંગો છે. મહિનાઓ અને પખવાડિયાઓ એ એના સાંધાઓ છે. રાત અને દિવસ એ એના પગ છે. નક્ષત્ર એનાં

હાડકા છે. વાદળો એના માંસ છે. પેટનું ન પચેલું અન્ન તે રેતી છે. નદીઓ એની નસ છે. કાળજુ અને બરોડ તે એના પર્વતો છે. ઔષધિઓ અને વનસ્પતિઓ તે તેના રૂવાંડા છે. સવારનો ઉગતો સૂર્ય તે એના શરીરનો આગલો ભાગ છે. આથમતો સૂરજ એ એના શરીરનો, અશ્વનો પાછળનો ભાગ છે. એ જ્યારે બગાસું ખાય છે ત્યારે વિજળી થાય છે. એ જ્યારે આખું શરીર હલાવે છે ત્યારે ગર્જનાઓ થાય છે. જ્યારે તે મુત્રવિસર્જન કરે છે ત્યારે વરસાદ વરસે છે. જ્યારે તે હણહણાટી કરે છે, એ એની વાણી છે.' આ અશ્વનું આવું રૂપક અહીં અપાયું છે. અહીં બધા સમયના એકમ લીધા છે. અહીં અશ્વને શું ગણવું એ પ્રશ્ન છે. કોઈ એક જ અર્થઘટનમાં સીમિત રહી શકે એવું આ રૂપક લાગતું નથી. એને જગતનું રૂપક પણ ગણી શકીએ. ઋષિ અહીં કહે છે કે એ યજ્ઞનો અશ્વ છે. એટલે એ સાથે યજ્ઞ સંસ્કૃતિને પણ જોડી શકાય.

આ ઉપનિષદ પરંપરાનું અનુસંધાન તો કરે છે, પરંતુ પરંપરાથી વિચ્છેદ પણ કરે છે. ઉપનિષદો વિશે એમ કહેવાયું છે કે તે ત્રણ 'R' છે. 'Revelation' એટલે કે શ્રુતિ. ઉપનિષદને શ્રુતિનું મસ્તક કહ્યું છે. બીજો R છે એ 'Rebellion' એટલે કે બળવો. કર્મકાંડની પરંપરાની અતિશયતા સામે ઉપનિષદે વિચ્છેદ પણ સાધ્યો છે, બળવો પોકાર્યો છે. ત્રીજો R છે 'Renaissance' એટલે કે પુનરુથ્થાન છે. ઉપનિષદોએ નવજાગરણનો કાળ છે. મહર્ષિ અરવિંદ કહે છે કે શેરીની બહાર નીકળેલા બાળકને હાથી જોવા મળી જાય એવું અહીં વિરાટ અશ્વના રૂપનું આ ઉપનિષદના આરંભમાં વર્ણન આવ્યું છે, જે ચકિત કરનારું છે. એનો સાચો અર્થ હજુ આપણે નથી કરી શક્યા.

એ પછી જીવનું પરિમાણ આપ્યું છે. વાળની ટોચના સો ભાગ કરો, એમાંથી એક ભાગ લો, એ ભાગના વળી સો ભાગ કરો, એટલું જીવનું પરિમાણ છે. શ્વેતાશ્વતર ઉપનિષદે આટલે સુધી કહ્યું છે. અહીં ઋષિ ઉમેરે છે કે આટલો સુક્ષ્મ જીવ એ અનંતને માટે શક્તિમાન બને છે. કઠોપનિષદ કહે છે કે જે સુક્ષ્માતિસુક્ષ્મ છે એ જીવ આ જગતમાં આવેલી મોટામાં મોટી વસ્તુ કરતાં પણ મોટો છે, અને એ બંને એક છે. આ વસ્તુ કેવી રીતે થઈ શકે ? બ્રહ્મન અને આત્મનનું અદ્વૈત ઋષિ અનેક રીતે સિદ્ધ કરે છે. બધા જ ઉપનિષદો જુદા જુદા સ્થળે, જુદા જુદા સમયે રચાયેલા પરંતુ આ બધા જ ઋષિઓની એક જ ખોજ છે અને તે છે અદ્વૈતની. બ્રહ્મન અને આત્મનના અદ્વૈતની. બધા જ મુખ્ય ઉપનિષદોમાં આના સંકેતો મળે છે. બ્રહ્મન એટલે જે સતત વિકસતું રહે છે અને જે સતત વૃદ્ધિ પામતું રહે છે તે. બીજી બાજુ આત્મન છે. એ બંને જુદા જુદા છેડેથી જાણે પ્રવાસ કરે છે અને છેવટે બંને એક થઈ જાય છે. એ અદ્વૈત એ આપણા ઋષિઓની મોટી શોધ છે.

હવે બીજા કાંડની વાત. એ 'મુનિ કાંડ' અથવા 'યાજ્ઞવલ્ક્ય કાંડ' નામે ઓળખાય છે. જનકરાજાની સભામાં તત્વચિંતકો બ્રહ્મની ચર્ચા કરી રહ્યાં છે. જનકરાજાની જિજ્ઞાસા છે કે આ સર્વે ચિંતકોમાં બ્રહ્મનિષ્ઠ એટલે કે બ્રહ્મને સૌથી વધુ જાણનારો કોણ છે ? એની પરીક્ષા કરીએ. રાજાએ જાહેર કર્યું કે એક હજાર ગાયો છે અને પ્રત્યેક ગાયોના શિંગડે સોનામહોર લગાવેલી છે, જે બ્રહ્મિષ્ઠ હોય તે આ ગાયોને લઈ જઈ શકે. યાજ્ઞવલ્ક્ય એ સભામાં હતા. એમણે એમના શિષ્યને કહ્યું કે 'હાંકી લે આ ગાયોને !' એમના સમકાલીન તત્વચિંતકો પણ વિદ્વાન હતા. એમાંથી એકે યાજ્ઞવલ્ક્યને પૂછ્યું કે 'યાજ્ઞવલ્ક્ય, શું તમે એમ

માનો છો કે તમે સૌથી વધારે બ્રહ્મિષ્ઠ છો ?' યાજ્ઞવલ્ક્ય કહે છે કે 'બ્રહ્મિષ્ઠ હોય એને મારા નમસ્કાર હજો. મને તો ગાયો જોઈએ છે…' યાજ્ઞવલ્ક્યમાં મને એ વાત સારી લાગી છે કે એમનામાં આવી રમૂજવૃત્તિ છે. એ પછી જે ચર્ચા આરંભ થાય છે એમાં નક્કી થાય છે કે 'તમે બ્રહ્મિષ્ઠ છો એમ સાબિત ન થાય ત્યાં સુધી ગાયો લઈ જઈ ન શકાય.' એમાંથી જે સંવાદો થયા છે, એ મને લાગે છે કે જગતે આવા સંવાદો કદી સાંભળ્યા નથી. એમાં નવ સંવાદો આવે છે. કુલ આઠ વ્યક્તિઓએ નવ વખત યાજ્ઞવલ્ક્ય સાથે ચર્ચા કરી છે. એમાં એક ઉષસ્ત-ચાક્રાયણ કરીને છે એ યાજ્ઞવલ્ક્યને એક પ્રશ્ન પૂછે છે જે વિચારવા જેવો છે. એ પૂછે છે કે 'જે સાક્ષાત આપણી નજર સામે બ્રહ્મ છે, જે સર્વના અંતરમાં આત્મા છે તે બ્રહ્મ વિશે મને સમજાવો.' યાજ્ઞવલ્ક્ય ઉત્તર આપતા કહે છે એક સરસ નાનકડું વાક્ય કહે છે. ઉપનિષદમાં આવા અસંખ્ય નાના વાક્યો છે. કોઈ પણ ખંડમાંથી આવા ગહન સત્યો આપણને મળશે. યાજ્ઞવલ્ક્ય કહે છે કે 'આ તારો આત્મા સર્વાન્તર છે.' અહીં ફરીથી ઋષિ વૈશ્વિક ચૈતન્ય અને વૈયક્તિક ચૈતન્ય વચ્ચે અદ્વૈત સિદ્ધ કરે છે. ઋષિ આ વાત જુદી જુદી રીતે પ્રસ્થાપિત કરવા માગે છે. અહીં ઋષિ કહે છે 'एषः ते आत्मा सर्वान्तरः' ઉષસ્ત-ચાક્રાયણ ફરી પૂછે છે કે 'કયો આત્મા સર્વાન્તર છે ?' યાજ્ઞવલ્ક્ય વૈયક્તિક ચૈતન્યની વાત કરતાં કહે છે કે 'જે પ્રાણોનો પણ પ્રાણ છે તે આત્મા સર્વાન્તર છે, જે અપાનનો પણ અપાન છે તે આત્મા સર્વાન્તર છે…' અહીં આ પ્રાણ, અપાન, ઉદાન વગેરે વૈયક્તિક ચૈતન્યની વાતો છે. હજુ ઉષસ્તને સંતોષ થતો નથી. ઉષસ્ત કહે છે કે 'તમે તો સાધારણ માણસો જેવી વાત કરો છો. આ સભા સાધારણ માણસોની નથી.' એ પછી યાજ્ઞવલ્ક્ય ગહન ચિંતનમાં સરી પડે છે. આ ઉપનિષદમાં એવું ઘણીવાર બને છે કે ઋષિ સ્વગતોક્તિમાં સરી પડે છે. ઋષિ આજુબાજુનું ભાન ભૂલીને પોતાની અંદર લીન થઈ જાય છે. છેલ્લે યાજ્ઞવલ્ય કહે છે કે, 'એ સર્વાન્તરાત્મા એ છે કે જે દૃષ્ટિના દષ્ટાને તમે જોઈ શકતા નથી.' આપણે જોવાનું કાર્ય કરીએ છીએ દષ્ટિથી પરંતુ એને જોવાનું કાર્ય કોણ કરે છે ? યાજ્ઞવલ્ક્ય કહે છે કે : 'સાંભળનારના સાંભળનારને તમે સાંભળી શકતા નથી. જે મનનની ક્રિયાના વિચારનારને તમે વિચારી શકતા નથી. જાણવાની જે ક્રિયા છે એ જાણવાની ક્રિયાના જાણનારને તમે જાણી શકતા નથી.' આ ઉડ્ડયન યાજ્ઞવલ્ક્યે કર્યું છે. ઉપનિષદોને એટલે જ ગિરિમાળા કહી છે. કોઈકે કહ્યું છે કે ભારતનો આત્મા હિમાલય છે. એ રીતે એમ પણ કહેવામાં આવ્યું છે કે આત્માનો હિમાલય એ ઉપનિષદો છે. બૃહદારણ્યક પોતે જ સમસ્ત તત્વચિંતનનું એક શિખર છે. યાજ્ઞવલ્ક્ય કહે છે કે 'આના સિવાયનું બીજું બધું દુઃખદ છે.' 'एषः ते आत्मा सर्वान्तरः' વૈયક્તિક અને વૈશ્વિક ચૈતન્ય વચ્ચે અદ્વૈત સાધવા ઋષિ આ રીતે સતત કોશિશ કરે છે.

એ પછી ચર્ચા આગળ ચાલે છે અને ઉદ્દાલક-આરુણિ આવે છે. તેઓ અન્ય ઉપનિષદની જેમ અહીં પણ બરાબર પ્રશ્ન કરે છે. એમાં 'અંતર્યામી'ની ચર્ચા કરે છે. એ વેદાંતની પ્રસિદ્ધ ચર્ચા છે. એ ચર્ચામાં પણ અંતે એમ કહેવામાં આવે છે કે 'જે અંતર્યામી અંદરથી પૃથ્વીનું નિયમન કરે છે તે एषः ते आत्मा सर्वान्तरः એવો તારો આત્મા સર્વાન્તર છે.' ફરી એક વાર એમણે વૈશ્વિક ચૈતન્ય સાથે વૈયક્તિક ચૈતન્યનું ઐક્ય સાધ્યું. યાજ્ઞવલ્ક્યએ આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક, એમ ત્રણેય રીતે એકત્વ સાધ્યું છે. આ ત્રણે વખતે યાજ્ઞવલ્ક્ય કહેતા રહે છે કે 'જે આની અંદર છે, જે આનાથી જુદો છે, જે આનું નિયમન કરે

છે એ આત્મા અમૃત છે.' જેમ કે આધિભૌતિકની વાત કરતી વખતે યાજ્ઞવલ્ક્ય કહે છે કે 'જે બધા પ્રાણીઓમાં રહેલો, બધા પ્રાણીઓથી જુદો, જેને બધા પ્રાણીઓ જાણતા નથી, જેના સર્વ પ્રાણીઓ શરીર છે, જે બધા પ્રાણીઓનું અંદરથી નિયમન કરે છે – હે ઉદ્દાલક-આરુણી, આવો તારો આત્મા એ અમૃત છે.' એમ કુલ 21 વખત આ રીતે ચર્ચા કરે છે.

'અદ્વૈત' શબ્દ પહેલવહેલો માંડુક્યોપનિષદમાં વપરાયેલો છે. બૃહદારણ્યકમાં ક્યાંય અદ્વૈત શબ્દ નથી વપરાયો. એ પછી યાજ્ઞવલ્ક્ય આગળ કહે છે કે 'બ્રહ્મ 'અદૃષ્ટ' એટલે કે અદશ્ય છે. એને કોઈ જોઈ શકતું નથી, એ તો જોનારો છે. એને સાંભળી શકાતો નથી, એ સાંભળનાર છે. એનો વિચાર કરી શકાતો નથી, એ વિચાર કરનાર છે. એને જાણી શકાતો નથી, એ સઘળુંય જાણનાર છે. એના સિવાય બીજો કોઈ જોનાર છે નહીં, એના સિવાય બીજો કોઈ સાંભળનાર છે નહીં, એના સિવાય બીજો કોઈ વિચારનાર પણ છે નહીં. એના સિવાય બીજો કોઈ જાણનાર પણ છે નહીં. છેલ્લે કહે છે કે 'એવો તારો આત્મા અમૃત છે, એના સિવાયનું બાકીનું બધું દુઃખ ભર્યું છે.' જ્યાં સુધી અદ્વૈત સિદ્ધ ન થાય ત્યાં સુધી અન્ય બધું દુઃખરૂપ છે. એ પછી એમાં ગાર્ગીના પ્રશ્નો છે. એ પણ એક સુંદર ભાગ છે.

એ પછી યાજ્ઞવલ્ક્ય-મૈત્રેયીનો સંવાદ છે એ પણ અદ્દભુત છે. પતિ-પત્નીનો આવો સંવાદ જગતે કદી સાંભળ્યો નથી. એ પણ એક શિખર છે. ઘણા વિદ્વાનોએ યાજ્ઞવલ્ક્ય-મૈત્રેયીના સંવાદને આ ઉપનિષદનું ઉચ્ચતમ શિખર કહ્યો છે. બૃહદારણ્યકની જે છેલ્લી વાત આવે છે તે એ છે કે બ્રહ્મને જાણી શકાતો નથી કારણ કે જાણવું એ દ્વૈતી ક્રિયા છે. બ્રહ્મન કદી 'ઓબ્જેકટ' બની શકે નહીં. બ્રહ્મન કદી કર્મ બની શકે નહિ. બ્રહ્મન હંમેશા 'સબ્જેકટ' જ હોય. બ્રહ્મન હંમેશા કર્તા જ હોય. એટલે એને કદી જાણી શકીએ નહીં. જાણવું એટલે બનવું. 'To know is to be' એ સિવાય બીજો કોઈ રસ્તો નથી. છેલ્લી અદ્વૈતની આ વાત આવે છે. આપ સૌનો આભાર.

## <u>તૈત્તિરીયોપનિષદ – વસંત પરીખ</u>

આ બે દિવસથી સતત આપણે બ્રહ્મવિચારમાં અવગાહન કરી રહ્યા છીએ. એનાથી એક મૂંઝવણ થાય છે કે આ શબ્દના અરણ્યમાં ખોવાઈ ગયેલી સોયને શોધશું કઈ રીતે ? રવીન્દ્રનાથ ટાગોરે એક જગ્યાએ એક વાત કહી છે, જે તમે જાણતા જ હશો. તમે ન જાણતા હોવ એવું કશું જ હું નથી બોલવાનો ! ટાગોરે એમ કહ્યું કે 'હે પરમાત્મા, તારી ભાષા તો સમજાય એવી છે. સરળ છે. પરંતુ તારી ભાષા સમજાવનારાઓની ભાષા સમજાતી નથી !' ઉપનિષદની પાસે સીધા જઈએ તો બહુ મજા આવે. પરંતુ બધા ભાષ્યો એક સાથે વાંચીએ તો આપણે મરાઈ જઈએ ! બધા ભાષ્યો એની જગ્યાએ ઉત્તમ છે. બધા ભાષ્યો એક સાથે વાંચીએ તો આંટી પડે અને છેડો ગૂંચવાઈ જાય એમ ગૂંચવાઈ જવાય. એટલે મને થયું કે સીધે સીધા ઉપનિષદ વાંચુ એ જ સારૂં. અહીં વિદ્વાનોના વક્તવ્યો સાંભળી હું તો ગભરાઈ ગયો પરંતુ શ્વેતાશ્વેતર ઉપનિષદના છેલ્લા વાક્યે મને શાંતિ મળી. એમાં ઋષિ એમ કહે છે કે 'આ બધી વાત મેં કરી એ તો 'तप प्रभावात, देव प्रसादात' તપના પ્રભાવને કારણે અને દેવના પ્રસાદને કારણે.' એટલે મેં

વિચાર્યું કે આમાં મને કહ્યું લાગુ પડે ? તપ તો આપણને માફક ન આવે. હવે તપ કરું, જેમ કે હું ઉપવાસ કરું તો બીમારીના ઉપવાસને કોઈ તપ ન ગણે !! બાકી પરમાત્માની કૃપા હોય, એની ઈચ્છા હોય તો આમાં કાંઈક આપણને સુઝ પડે.

આ ઉપનિષદ આપણને એવું કહે છે કે તમે જેટલું જાણો છો એ બધું ભૂલી જાઓ તો તમે મારામાં પ્રવેશી શકો. આ સિવાય બીજું કંઈ થઈ શકે નહીં. આપણા ઉપનિષદોમાં આવે છે કે જાણે છે તે પામે છે. પરંતુ મારો અંગત અનુભવ એવો છે કે જે જાણે છે તે પામવાથી બહુ આઘો રહી જાય છે, જે પામે છે તે આપોઆપ જાણી જાય છે. આ અનુભવની વાત છે એટલે એમાં બીજો કોઈ અર્થ તમારે ન કરવો. જાણવાથી પમાતું નથી, જાણવાથી કેવળ જણાય જ છે. એ ભાષણ કરવામાં કામ આવે છે. એ પામવામાં કામ નથી આવતું. જે પમાઈ જાય છે તે પમાઈ જાય છે, એ કેમ પમાઈ જાય છે એ ખબર નથી પડતી. એટલે તો ઉપનિષદ શબ્દનો એક અર્થ છે 'રહસ્ય'. જેને ઉકેલી ન શકાય એને રહસ્ય કહેવાય, જેને ઉકેલી શકાય એને સિદ્ધાંત કહેવાય. રહસ્યને રહસ્ય રહેવા દ્યો. એને ઉકેલો મા, એને માણો. તૈત્તિરીય ઉપનિષદ એ રહસ્યને માણવાની ઉપનિષદ છે. એટલે આપણે એમાં ઊતરીએ છીએ ત્યારે ગંભીર થવાની બિલકુલ જરૂર નથી. એમાં 'આનંદ-મીમાંસા' છે. પછી તો ઋષિ મીમાંસા શબ્દ પણ નથી વાપરતા. આનંદનું કંઈ પિષ્ટપેષણ કરાય ? ઘણા લોકો હાસ્યરસ પર એવી ગંભીરતાથી ભાષણ કરે કે આપણને એમ થાય કે કોઈ દિવસ જિંદગીમાં આપણે હસી જ નહીં શકીએ ! અનેક પ્રકારોની વાત કરે અને અધરું અધરું બોલે. રહસ્યને માણવાનું હોય. આનંદને માણવાનો હોય. આનંદની વ્યાખ્યા ન હોય. આ આખુંય ઉપનિષદ આનંદોપનિષદ છે.

બધાએ કહ્યું કે આ ઉપનિષદની વાણી કવિતા છે. વાત બિલકુલ સાચી છે. રહસ્ય બહુ બહુ તો કાવ્ય દ્વારા અભિવ્યક્ત થઈ શકે. આ બધી મૂંઝવણ એટલા માટે છે કે જે શબ્દાતીત છે એને શબ્દો દ્વારા ઓળખવાના પ્રયાસો આપણે કરીએ અને એને કારણે ઉત્પન્ન થતું કન્ફ્યુઝન આપણને શુદ્ધ આનંદ સુધી પહોંચવા દેતું નથી. આ કન્ફયુઝનમાંથી મુક્ત થવાની આ ઉપનિષદ છે. હું આ ઉપનિષદ માટે એક શબ્દ વાપરું છું કે આ 'ગાતું ઉપનિષદ' છે. તૈત્તિરીયોપનિષદ ગીત-કવિતા છે. એ ગીત છે. એક ઋષિના હૃદયમાં જે હિલ્લોળ ઉત્પન્ન થયો એ ગીત રૂપે પ્રગટ થયો. એ આ તૈત્તિરીયોપનિષદ છે. કાશ્મીરી શૈવદર્શનમાં એક સુત્ર છે કે 'આત્માનો ઉલ્લાસ છે એ જ આત્મસાક્ષાત્કાર છે.' આ સિવાય બીજું કંઈ નથી.

તૈત્તિરીયઉપનિષદ નાનું ઉપનિષદ છે. એમાં એકેએક મંત્રનું અહીં વિવરણ કરવું નથી. પરંતુ એમાં જે બે-ત્રણ સરસ વાતો મળી છે, કેવળ એના તરફ મારે આપનું ધ્યાન કેન્દ્રિત કરવું છે. આ એક એવી સરસ ઉપનિષદ છે કે જેમાં આ સંસાર કે સૃષ્ટિ મિથ્યા છે કે ખોટી એવું નથી કીધું. 'સંસાર પણ પરમતત્વનો જ આવિષ્કાર છે, એ પણ માણવા જેવો છે', એમ આ ઉપનિષદ કહે છે. એમાં પછી સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન આવે છે પરંતુ એ માણવાનું છે. ઋષિ કહે છે કે એને પણ તમે માણો. એનાથી ભાગો નહિ. આ વાત આ ઉપનિષદ બહુ સરસ રીતે કરે છે. ફિલ્મ ચિત્રલેખામાં એક ગીત આવે છે કે

'અપમાન રચયિતા કા હોગા અગર રચના કો તુમ ઠુકરાઓગે, સંસાર સે ભાગે ફીરતે હો, ભગવાન કો ક્યા તુમ પાઓગે !' આ સંસાર એની રચના છે. એ રચના એના સંકલ્પથી કે એની ઈચ્છાથી કે એની ઈશાની શક્તિ – જેનાથી થઈ હોય એનાથી, પરંતુ એને છોડવાની વાત આ ઉપનિષદ કરતું નથી. સંસારની આરપાર નીકળી જવાનું છે. આવી સરસ વાત ગુરુમુખે કહેવાય છે. બધા ઉપનિષદમાં ગુરુ-શિષ્ય સંવાદ તો આવે જ છે. પરંતુ અહીં તો ગુરુનો શિષ્ય પ્રત્યે અપાર પ્રેમ પ્રગટ થયો છે. ગુરુ શિષ્ય પર એટલા બધા પ્રસન્ન થાય છે કે દિલની વાત કહેતા હોય એમ બધું જ કહી દે છે. શિષ્ય પ્રત્યેનો એનો નિર્વ્યાજ પ્રેમ અહીં પ્રગટ થતો હોય એવા એના દરેક વાક્યમાંથી જોવા મળે છે. અહીં સમષ્ટિ અને વ્યક્તિ વિશે વિચારીએ તો એ બંને વચ્ચે ભેદ છે જ નહિ. અનુભવના ઊંડાણમાં એ બંને ભેદ ઓગળી જાતા હોય છે. એટલે કે અદ્વૈતથી પણ ઉપરથી આ વાત છે. અદ્વૈતમાં દ્વૈતનો નકાર થાય છે પરંતુ નકાર કોનો થાય ? જે હોય એનો નકાર થાય. જે નથી એનો નકાર ન થાય. અદ્વૈતમાં દ્વૈતનો અર્થ એમ થયો કે એનો સ્વીકાર કર્યા પછી એનો નકાર કર્યો. માટે સૃષ્ટિનો સ્વીકાર કર્યા પછી જો એનો નકાર કરવો હોય તો એની વ્યાપકતામાં એને ઓગાળી દઈને જ નકારની ભાષા તમે બોલી શકો. આ વાત આ ઉપનિષદ કરે છે. ગુરુ કહે છે કે 'આ વાત મેં તને કરી પરંતુ આ મારો અનુભવ છે. મારો અનુભવ હું તારામાં સંક્રાન્ત ન કરી શકું.' શક્તિપાતથી કુંડલિની જાગૃત થતી હોય તો થતી હોય પરંતુ શક્તિપાતથી સમાધિ સંક્રાન્ત ન થાય. એ તારે જ કરવી પડે. માટે શિષ્યને તૈયાર કરવા માટે આ ઉપનિષદમાં ઉપદેશો આપ્યા છે. આ બધા ઉપદેશના મંત્રો ગાઈ શકાય એમ છે પરંતુ હું મારા સ્વરમાં ગાઉં તો એ ઋષિનું અપમાન થાય અને તમારી આખી સાંજ બગડે !!

ઋષિએ શિષ્યને કહ્યું કે : 'હવે હું તને સંહિતોપનિષદ કહું છું. અહીં શંકરાચાર્યની એક વાત મને કહેવાનું મન થાય છે. હું માનું છું કે ઋષિઓએ સાક્ષાત્કાર કર્યો એવો શંકરાચાર્યે કર્યો હશે એવી પ્રતીતિ મને થયા કરે છે એટલે એમની વાણી હું વચમાં લઉં છું. બીજાના ભાષ્યોમાં મને એવી શ્રદ્ધા નથી. શંકરાચાર્યે ક્યારેય એમ નથી કહ્યું કે હું આ બધું મારા અનુભવો પરથી કહું છું. આ એક એવી વિભૂતી હતી કે જેણે કદી એમ નથી કહ્યું કે હું આત્મસાક્ષાત્કાર કરી ચૂક્યો છું. જેને આત્મસાક્ષાત્કાર થયો હોય એ કદી એમ ન કહે કે મને આત્મસાક્ષાત્કાર થયો છે. યોગી કદી એમ ન કહે કે હું યોગી છું. સંત કદી એમ ન કહે કે અમે સંતો છીએ. એમાં પહેલી શરત જ એ છે કે તમે જે છો એને તમે ગાળી નાખો, માટે તમે જે છો એ તમે રહેશો. શંકરાચાર્ય કહે છે કે 'ગુરુ અહીં એમ કહે છે કે સંહિતા-ઉપનિષદ આપણે બંને સાથે ભણીશું. એમાં જે કંઈ પણ પ્રકાશ થશે તે આપણા બંનેનો સહિયારો હશે. આપણી વિદ્યાની જે ધાર છે તે એક સાથે તેજસ્વીની બનશે.' આમ શંકરાચાર્ય તૈત્તિરીયોપનિષદ વિશે કહે છે. એ પછી ઋષિ શિષ્યને કહે છે કે આને માટે તારે એક જ કામ કરવાનું છે કે 'દષ્ટિને વિશાળ કરવાની છે. તું જે જુએ છે એમાં સંતોષ પામતો નહિ. આ સંહિતા એટલે કે દ્વન્દ્વો પાંચ પ્રકારના છે. અધિલોક, અધિજ્યોતિ, અધિવિદ્ય, અધિપ્રજ અને અધ્યાત્મ. સંહિતાનો અર્થ છે કે આ બધા દ્વન્દ્વો સાથે મળીને કામ કરે છે. દ્વન્દ્વ હોવા છતાં દ્વન્દ્વયુદ્ધ કરતાં નથી ! એટલે એ સંહિતા છે. આ બધા દ્વન્દ્વો અન્યોન્યને પૂરક થઈને એક સૂત્રમાં વણાઈ જાય છે. એ જે સુત્ર છે એને તું ઓળખજે.' આ બધી વાત ગુરુ કહે છે.

પ્રત્યેક દર્શન જ્યારે ઊંડાણમાં ઊતરી જાય છે અને શબ્દોથી વ્યક્ત કરવામાં મૂંઝવણ અનુભવે છે ત્યારે એ પ્રતિકોનો ઉપયોગ કરે છે. બધા જ દર્શનો અને ધર્મોમાં પ્રતિકોનો ઉલ્લેખ કરવો જ પડે છે. પ્રતિકથી જ આ બધું સમજાવી શકાય. આજે આપણે પ્રતિકોના અનેક ઊંધા અર્થો કર્યા છે. પ્રતિકો તો સાચા હતા પરંતુ અર્થઘટનો ખોટા થઈ ગયા. આપણે ફાસ્ટફુડ ખાતા થઈ ગયા એટલે અર્થઘટનો ખોટા થયા ! આપણી બુદ્ધિ તેજસ્વીની રહી નહીં, દુષિત થઈ ગઈ અને દુષિત બુદ્ધિથી કરવામાં આવેલા અર્થઘટનો પણ દુષિત હોવાને કારણે મૂળની નિર્મળતા સુધી આપણે પહોંચી શક્યા નહીં. એને કારણે ધર્મહાનિ આપણાથી અજાણતા થઈ ગઈ.

આ ઉપનિષદનો ઋષિ આનંદથી જ વાત કરે છે. ઉત્સાહ અને આત્મોલ્લાસથી જ એ વાત કરે છે. ગુરુ સામે ચાર-પાંચ શિષ્યો બેઠા છે. આવી અધ્યાત્મવિદ્યા ભણવા માટે તો કોણ આવે ? પરંતુ તે છતાં ગુરુને ખૂબ ઉલ્લાસ આવ્યો છે આ બ્રહ્મવિદ્યાની વાત કરતા. એ તો પામી ચૂકેલા છે. ઉપનિષદનો ઋષિ કહે છે કે બ્રહ્મનો અનુભવ મને થયો છે. ઋષિને કંઈ સાબિત કરવાનું નથી. જે સિદ્ધ થયેલું ન હોય એને સાબિત કરાય. સિદ્ધને સાબિત ન કરાય, નહીં તો એ સિદ્ધ થયેલું ન કહેવાય. આ ઋષિ સિદ્ધોની ભાષામાં વાત કરતા હોય છે. એમને પ્રમાણ કે તર્કની જરૂર નથી. ચર્ચાથી કંઈ ભગવાન સાબિત ન થાય. ચર્ચા કરવાથી લાડવાનું પૌષ્ટિક તત્વ આપણામાં ન આવે, એ તો ખાઈએ તો જ આવે ! ઋષિ જ્યારે 'હું બ્રહ્મ છું' એમ કહે છે ત્યારે એની પાછળ એમના તપનું, અનુભવનું, સાક્ષાત્કારનું એમની સમાધિનું વજન હોય છે. ઋષિને આ ભૂમિકાએ પોતાના શિષ્યોને લઈ જવા છે. ઉપનિષદનો મોટામાં મોટો ઉપકાર હોય તો એ છે કે એ બિલકુલ સ્વાર્થી નથી. જે મળ્યું તે વિદ્યાર્થીઓને વહેંચવું છે. એ પછી આ ઉપનિષદમાં સરસ વિધાન આવે છે. ગુરુ ઊભા થઈ ગયા, નાચવા લાગ્યા અને હાથ ઊંચા કરીને શિષ્યોને કહે છે કે 'ઓ મારા શિષ્યો તમે ક્યાં છો ? તમે આવો... આવો.. હે અંતેવાસીઓ... મને અમૃત મળ્યું છે. મારે વહેંચવું છે... મારે વહેંચવું છે....'

आ मा यन्तु ब्रह्मचारिणः स्वाहा ।
वि माऽऽयन्तु ब्रह्मचारिणः स्वाहा ।
प्र माऽऽयन्तु ब्रह्मचारिणः स्वाहा ।
दमायन्तु ब्रह्मचारिणः स्वाहा ।
शमायन्तु ब्रह्मचारिणः स्वाहा ॥

આ રીતે આખું ગીત ચાલે છે. એટલે આ ઉપનિષદને મેં 'ગાતું ઉપનિષદ' કહ્યું છે. શમ-દમને વરેલા હોય એવા વિદ્યાર્થીઓ મારી પાસે આવો... આમ કહીને ગુરુએ શરત પહેલા કહી દીધી. લાયકાત કીધા પછી આમંત્રણ આપવામાં આવ્યું છે. આમાં ટકા નથી જોવાતા. પ્રાચીન અને અર્વાચીન શિક્ષણ પદ્ધતિમાં આટલો જ ફેર છે કે અર્વાચીન પદ્ધતિ ટકા જુએ છે અને પ્રાચીન શિક્ષણ પદ્ધતિ હૃદય જુએ છે. ગુરુ હાથ ઊંચા કરીને એવા લાયક શિષ્યોને બોલાવે છે. સાચા ગુરુ સાચા શિષ્યની શોધમાં હોય છે. જો કે અત્યારે પણ સેલ્ફ ફાયનાન્સના ગુરુઓ કહે છે કે 'આવો.... આવો.... હે ડોનેશન આપનારાઓ તમે ક્યાં છો ? તમે આવો.... હું તમને કોમ્પ્યુટર શીખવીશ.... હું તમને આઈ.ટી. શીખવીશ..... તમને પેકેજ

મળે એવી યુક્તિવાળી અવિદ્યા શીખવીશ....!!' અત્યારે પણ આ જ વાત છે. પ્રાચીન અને અર્વાચીન આ બાબતમાં સમાન છે પરંતુ હેતુ બદલાઈ ગયા છે. ભાષા તો એની એ જ રહે છે !

એ પછી ઋષિ આગળ 'કુંડલિની યોગ' વિશે વાત કરે છે. 'કુંડલિની યોગ' વિશે પહેલવહેલો ઉલ્લેખ અહીં કરવામાં આવ્યો છે. આ તૈત્તિરીયોપનિષદની પણ વિશેષતા છે કે કેવળ જ્ઞાન મેળવો એમ નહિ, ધ્યાન કરો એમ પણ તે કહે છે. એ પછી એમાં અનેક ઉપાસનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પરંતુ એમાંથી બધી ન કરાય, નહીં તો એકેય ન થાય ! એમાંથી એકાદ પસંદ કરાય. બધાને માન અપાય પણ એકને વળગી રહેવાય. બધા રસ્તે તમે કેવી રીતે ચાલી શકો ? એક જ રસ્તે ચલાય ને ? હું બધા રસ્તે ચાલવા માંડું તો હું હોઉં ત્યાંય ન રહું ! મંઝિલ પર તો ન જ પહોંચું પણ રસ્તેય ઠેકાણે ન રહું. એટલે જે તમને ઠીક લાગે તે ઉપાસના તમારે પસંદ કરવી જોઈએ. એમાં ઋષિનો પક્ષપાત નથી, પરંતુ ઋષિ કહે છે કે મને જે ઠીક લાગી છે તે ઉપાસના પ્રણવ એટલે કે ઓમકારની ઉપાસના છે. ચિત્તની અંદર ઓમની સ્થાપના કરીને કેવળ શબ્દ બ્રહ્મ નહીં પરંતુ એને અનુભવ બ્રહ્મ કેવી રીતે બનાવી શકાય એની વાત ઋષિ કરે છે. એ આપણા વ્યક્તિત્વને કેવી રીતે રૂપાંતરિત કરી દે છે એની જુદી જુદી વિગતો અહીં આપવામાં આવી છે, જે જોવાલાયક છે. ઓમનો એક અર્થ છે 'સ્વીકૃતિ'. આ એક અદ્દભુત વાત ઉપનિષદોએ કહી છે કે તમે જ્યારે 'ૐ' બોલો છો ત્યારે તમે બધાનો સ્વીકાર કરો છો. ત્યારે તમે ગુણોનો તો સ્વીકાર કરો છો, દોષોનોય સ્વીકાર કરો છો. ત્યારે તમે સજ્જનનો સ્વીકાર કરો છો, પણ સાથે દૂર્જનનોય સ્વીકાર કરો છો. તમે કોઈ જ પક્ષપાત રાખતા નથી કારણ કે તમને ખબર છે કે બધું જ છેવટે એ પરમતત્વનો જ વિલાસ છે. જે દુષ્ટતા છે એ ત્યાંથી નવો વળાંક લઈને આવેલી છે જે અંતતોગત્વા પાછી નિર્મળ થઈને સજ્જનતા થઈ જવાની છે. દુષ્ટો અધવચ્ચે દુષ્ટ હોય છે, અંતિમ ભૂમિકાએ નથી હોતા. મૂળ તો અધવચ્ચેથી કોઈને આપણે પકડીએ છીએ એને કારણે આપણે દુઃખી થઈએ છીએ. આપણને કોઈ ખરાબ લાગે છે પરંતુ એ મધ્યમાં આવ્યો એટલે ખરાબ લાગે છે, એને અંત સુધી જાવા દ્યો, એ ડાહ્યો થઈ જાશે. કંઈ જ અભદ્ર નથી, બધું જ ભદ્ર છે. તમને જે ખરાબ લાગે છે એ પણ સારો જ છે. આ જે ઓમ છે એ સમાધાન નથી, ઓમ એ સંવાદ છે. એવું આ ઓમનું તૈત્તિરીયોપનિષદના ઋષિનું અર્થઘટન છે, એ મેં આપની પાસે યથાશક્તિ-યથામતિ કહ્યું.

ગુરુ આગળ કહે છે કે 'પ્રત્યેક ઉપાસના કે ઊઠતી વૃત્તિ સાથે સ્વાધ્યાય જોડવો.' સ્વાધ્યાયનું બહુ જ મહત્વ આ ઉપનિષદે સ્વીકાર્યું છે. સ્વાધ્યાયનો અર્થ છે સતત સતત સદચિંતન કરવું. વેદાભ્યાસ કરવો એ તો સ્વાધ્યાય છે જ પરંતુ સ્વનો અધ્યાય એટલે પોતાના વિશે પણ સતત ચિંતન કર્યા કરો. સતત જાગૃતિ રાખ્યા કરો. 'હું જે કરું છું એ બિલકુલ સભાનાવસ્થામાં કરું છું, હું બેભાનવસ્થામાં કંઈ કામ કરતો નથી.' એમ વિચારો. જમ્યા પછી કોઈ આપણને કોઈ પૂછે કે કયું શાક ખાધું અને આપણે માથું ખંજવાળવા માંડીએ અને પછી આપણે કહીએ કે અમે તો અલગારી કહેવાઈએ તો એ તમે અલગારી ના કહેવાઓ, તમે ભોટ કહેવાઓ ! જાગૃતિ તો હોવી જોઈએ. એમ કંઈ વાત વાતમાં અવધૂત અને અલગારી ન થઈ જવાય. થોડું સમજવું જોઈએ. ઋષિ કહે છે કે ઉત્તમની તમે આરાધના કરો પરંતુ તમે

સ્વાધ્યાય અને પ્રવચનને ચૂકતા નહીં. પ્રવચન એટલે ભાષણ નહીં પરંતુ ગુરુએ તમને સંભળાવેલા વિદ્યાના વચનો યાદ રાખ્યા કરો.

ऋतं च स्वाध्यायप्रवचने च । सत्यं च स्वाध्यायप्रवचने च । तपश्च स्वाध्यायप्रवचने च । दमश्च स्वाध्यायप्रवचने च।
शमश्च स्वाध्यायप्रवचने च । अग्नयश्च स्वाध्यायप्रवचने च । अग्निहोत्रं च स्वाध्यायप्रवचने च ।
अतिथयश्च स्वाध्यायप्रवचने च । मानुषं च स्वाध्यायप्रवचने च ।

આ બધું ગુરુ કહે છે એ શિષ્યમાં હજી સંક્રાન્ત નથી થયું. એ માટે શિષ્યે પ્રયત્ન કરવાનો છે. આપણે પણ એ રીતે નાની નાની વાતોમાં જીવનમાં સ્થિરતા મેળવવાની છે, તો જ અહીં આવેલું યોગ્ય ગણાય. નાનીનાની વાતોમાં ફેરફાર થાય તોય ઘણું છે. આપણે કંઈ જાતવેદ બ્રહ્મ નથી થવું, આપણે જાતવેદ ડાહ્યા થઈએ તોય ઘણું છે ! આટલું કરીએ તોય ઘણું. ગુરુ શિષ્યને કહે છે કે 'હવે તું ગૃહસ્થાશ્રમી થઈશ.' એમ કહીને ગુરુએ જે ઉપદેશ આપ્યો એ દીક્ષાંત પ્રવચન નામે ઓળખાય છે જે બહુ જ પ્રસિદ્ધ છે. કેટલીય શાળા, મહાશાળા કે કૉલેજોમાં વિદાય વખતે આ પત્રિકા આપવામાં આવે છે. એ કેવળ હું વાંચી સંભળાવું છું.

सत्यं वद । धर्मं चर । स्वाध्यायान्मा प्रमदः ।
आचार्याय प्रियं धनमाहृत्य प्रजातन्तुं मा व्यवच्छेत्सीः ।
सत्यान्न प्रमदितव्यम् । धर्मान्न प्रमदितव्यम् ।
कुशलान्न प्रमदितव्यम् । भूत्यै न प्रमदितव्यम् ।
स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम् ॥

આ ઉપદેશ વર્ષો પહેલા ઋષિએ શિષ્યોને આપ્યો એ આજે પણ સાંપ્રત સમયમાં એટલો જ પ્રસ્તુત છે. સત્યંવદ કોણ ના પાડે ? હાળોહાળ ખોટું બોલતો હોય એ પણ એમ કહે કે સાચું તો બોલવું જ જોઈએ, પછી ધીમે રહીને એ કહે કે 'તમારે' ! ઋષિ કહે છે અભિપ્રાય, પૂર્વગ્રહ, કલ્પના સત્ય નથી. બીજાને કષ્ટ આપવા માટે ઉચ્ચારેલું સાચું વચન પણ સત્ય નથી. જીવનની આધારશીલા સત્ય છે. વ્યક્તિ અને સમાજ બંનેની આધારશીલા સત્ય છે. ઋષિ કહે છે કે 'જે ઋત છે એટલે કે જે પ્રકૃતિના નિયમો છે એને અનુરૂપ રહીને તારી જીવનયાત્રા કરજે.' આ બાબતમાં પર્યાવરણ, નોન-કરપ્શન આપોઆપ આવી જાય. જીવન જીવવા માટે જે અનિવાર્ય શરતો છે એનું પાલન કરવું એનું નામ છે સત્યપાલન. એ આપણે નથી કરતા એટલે આજકાલ બધા પ્રોબ્લેમ થયા છે. આ પ્રકારનું સત્ય બોલવું જોઈએ. જ્યારે આ પ્રકારનું સત્ય બોલવાનું આવે ત્યારે ખૂબ વિચારપૂર્વક બોલવાનું હોય છે. તેથી જે સત્ય બોલતો હોય છે તે ઓછું બોલતો હોય છે. જે સત્યવાદી છે તે મિતવાદી પણ હોય છે. આગ્રહથી મુક્ત વાક્ય હોય એ સત્યનું પ્રફુલ્લન છે. વાણી ફક્ત સત્યપૂત હોય એટલાથી નહીં ચાલે, તેથી આગળ કહે છે કે 'ધર્મનું આચરણ કરો.' બોલવું સત્ય અને આચરવું ધર્મ. ધર્મની આપણે ચર્ચા નથી કરવી. ધર્મ એટલે સદવર્તનનો નિયમ. તમારું આચરણ એવું હોય કે જે કોઈને દુઃખ ન આપતું હોય, છેલ્લામાં છેલ્લા માણસને પણ ક્ષુભિત ન કરતું હોય, આવા પ્રકારનું આચરણ ધર્મ કહેવાય. ગાંધીજી કહેતા કે 'કોઈ પણ કાર્ય કરતી વખતે વિચાર કરવો કે છેલ્લામાં છેલ્લા માણસનું અહિત નથી થવાનું ને ?' આ પ્રકારનું

આચરણ હોય એને ધર્મ કહેવાય. બોલી તો નાખીએ પરંતુ જીવનમાં એનું અવતરણ કરવું જોઈએ. એ પછી એક વ્યવહારિક સૂચન કરે છે. ગુરુ કહે છે કે 'તું જરૂરથી જા, ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર, સારી રીતે જીવજે. પરંતુ તને એક વાત કહી દઉં કે જો તને ઈચ્છા પડે તો, ઠીક લાગે તો આ ગુરુના યોગક્ષેમનું પણ ધ્યાન રાખજે.' ગુરુ ફી ઉઘરાવતા નહોતા. ગુરુ જાહેરાત નહોતા કરતા. શિષ્યો ગુરુનું ધ્યાન રાખતા. અપેક્ષા ન રાખોને એટલે બધું પૂરું થાય. માગ માગ કરો તો કંઈ ન આવે. જાવા દ્યો તો બધું આવે. પરંતુ એવી હિંમત જોઈએ 'ના' પાડવાની. એ બહુ તકલીફ વાળું કામ છે. એ હિંમત કેળવવી બહુ આકરી છે. એ પછી ગૃહસ્થાશ્રમમાં જાય છે એટલે 'માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ, આચાર્ય દેવો ભવ'ની વાત ગુરુ કહે છે. ભારતીય સંસ્કૃતિમાં ઊછરેલા માણસને આ બધું કંઈ કહેવાનું હોય નહિ, ન પાળતા હોય એ જુદી વાત છે ! પરંતુ એને ખબર તો હોય જ. 'અતિથિ દેવો ભવ'નો અર્થ વિનોબા એમ કરે છે કે અતિથિ સમાજનો પ્રતિનિધિ છે એટલે અતિથિને દેવ માનીને સમાજ પ્રતિ તારું ઋણ ચૂકવજે.

એ પછી પંચકોશની વાત આવે છે. પંચકોશની વાત આ ઉપનિષદે ખૂબ સુંદર રીતે કરી છે. એક વૈજ્ઞાનિકે એમ કહ્યું છે કે 'જે પોતાની મેળે સ્વતંત્ર રીતે પોતાનું કાર્ય કરે છે તે દ્રવ્ય છે.' આ બિલકુલ બ્રહ્મની વ્યાખ્યાની લગોલગ જાય છે. આ આખુંયે વિશ્વ ચિદઅણુનું બનેલું છે. ચિદઅણુ એટલે ચેતનથી ધબકતા અણુ. એ વૈજ્ઞાનિક કહે છે કે 'આ ચેતનતત્વ જળમાં હોય છે ત્યારે સુષુપ્ત હોય છે. એ વનસ્પતિમાં હોય છે ત્યારે અર્ધજાગૃત હોય છે. એ પશુમાં હોય છે ત્યારે સંચરિત હોય છે. એ મનુષ્યમાં આવે છે ત્યારે વિચાર કરતું થાય છે.' આ ચેતનની ચાર ભૂમિકા છે. આ ચારથી ઊપરની એક ભૂમિકા છે જે પરમ આનંદની ભૂમિકા છે. આ વાત કોસ્મોલોજીની દષ્ટિએ પંચકોશમાં લાગુ પડે છે. 'કોશ'નો અર્થ અહીં શંકરાચાર્યે તલવારનું મ્યાન એવો કર્યો છે. મ્યાનની અંદર જેમ તલવાર રહે એમ આ પંચકોશમાં આત્મા રહે છે. એ કોશ એની ધારને કે તેજને બુઠ્ઠું કરી શકતો નથી. પરમ પુરુષ તો એ છે જ, પરંતુ એની પર આવરણો આવી ગયા છે. આ સંસારના પદાર્થો સાથે આપણું તાદાત્મય એનું નામ કોશ અને પદાર્થને સાક્ષીભાવે જોવો એનું નામ મોક્ષ ! પદાર્થો સાથે તાદત્મ્ય થઈ જાય છે કે હું આ પદાર્થ છું ત્યારે એ આવરણ બની જાય છે. ત્યારે એ કોશ બની જાય છે. એ અન્નમય, પ્રાણમય, મનોમય વગેરે પાંચકોશની વિદ્યા છે. 'The world is too much with us' અન્નમય કોશ એટલે આ આખુંય વિશ્વ. આ જગત આપણને એટલું બધું ઘેરી વળ્યું છે કે એનાથી જુદૃં કંઈક હોઈ શકે એનું ભાન આપણે ચૂકી ગયા છીએ. એ કારણે અન્નમય કોશમાં આપણે બદ્ધ થઈ ગયા હોવાથી જેને આપણે આનંદ માનીએ છીએ તે આનંદાભાસ હોવાથી આપણા ખાલીપાને કાયમ માટે દૂર કરી શકતું નથી. આ અન્નમય કોશનું પરિણામ છે. એનાથી આગળ આવે પ્રાણમય કોશ. પ્રાણ એટલે લાઈફ-ફોર્સ, શક્તિ અને ઉત્સાહ. એ પ્રાણની ઊર્જા પણ અંધ ઊર્જા છે. એ ગમે ત્યાં આપણને ભરાવી દે છે. તેથી એનાથી આગળ મનોમય કોશ છે, એમાં આખું મનોવિજ્ઞાન આવી જાય છે. મનને એકાગ્ર કરીએ તો બ્રહ્મ સુધી લઈ જાય અને જો એની ચંચળતાને માન્ય કરીએ તો જેમ ઘોડાઓ રથને છિન્નભિન્ન કરી નાખે છે એમ આપણા વ્યક્તિત્વના તમામ પાસાઓને છિન્નભિન્ન કરી શકે. એ પછી વિજ્ઞાનમય કોશની વાત આવે છે. જ્યારે વિજ્ઞાનમય કોશની વાત આવે છે ત્યારે કેટલાક વિદ્વાનો સાયન્સ, ટેકનોલોજી અને ભૌતિક શાસ્ત્ર એવા અર્થો કરે છે.

પરંતુ હકીકતે એવો અર્થ નથી. આ ઋષિને વિજ્ઞાન એટલે તમે જે અર્થમાં 'સાયન્સ' કહો છો એ નથી કહેવું. અહીં વિજ્ઞાનનો અર્થ શંકરાચાર્ય કહે છે કે 'નિશ્ચયાત્મિકા બુદ્ધિ.' વિજ્ઞાન શબ્દ અનેક અર્થમાં વપરાયો છે. પરંતુ બુદ્ધિ પણ ભ્રષ્ટ થઈ શકે છે એટલે વિજ્ઞાનમય કોશ પણ સંપૂર્ણ નથી. એ પછી આનંદમય કોશ આવે છે. આનંદ એટલે પ્રશાંતિ. આ આનંદની વાત જુદી છે. આનંદનો વિરોધી કોઈ શબ્દ નથી. સુખનો વિરોધી દુઃખ હોઈ શકે, હર્ષનો વિરોધી શોક હોઈ શકે. આનંદનો વિરોધી એટલે આનંદનો અભાવ, આ સિવાય કોઈ શબ્દ નથી. સુખના કોઈ ઠેકાણાં નથી, એ ગમે ત્યારે દુઃખમાં ફેરવાઈ જાય. આનંદ નિરપેક્ષ જ હોય. એની મીમાંસા ન હોય, એની અનુભૂતિ હોય. એનો ઉલ્લાસ હોય. એનું ગાન હોય.

આ આનંદની વાત કરતાં કરતાં ઋષિ એક એવી ચરમ સીમાએ પહોંચ્યા કે એ ગાવા લાગ્યા. આ ઉપનિષદનો અંત સામગાનથી થાય છે. તમામ ઉપનિષદોમાં કોઈ એવું ઉપનિષદ નથી કે જેનો અંત ગાનથી આવતો હોય. ખુબ સુંદર સામગાન કર્યું છે. એ જોઈએ....

हा ३ वु हा ३ वु हा ३ वु ।
अहमन्नमहमन्नमहमन्नम् ।
अहमन्नादो३ऽहमन्नादो३ऽअहमन्नादः ।
अहँ श्लोककृदहँ श्लोककृदहँ श्लोककृत् ।
अहमस्मि प्रथमजा ऋता३स्य ।
पूर्वं देवेभ्योऽमृतस्य ना३भायि ।
यो मा ददाति स इदेव मा३ऽऽवाः ।
अहमन्नमन्नमदन्तमा३द्मि ।
अहं विश्वं भुवनमभ्यभवा३म् ।
सुवर्न ज्योतीः । य एवं वेद । इत्युपनिषत्

અહો ! અહો ! અહો ! હું અન્ન છું, હું અન્ન છું, હું અન્ન છું. હું અન્નને ખાવાવાળો છું, હું અન્નને ખાવાવાળો છું, હું અન્નને ખાવાવાળો છું. ભોજન અને ભોક્તાનો સંયોગ પણ હું છું. એ પ્રશસ્યયોગ હું જ, હું જ, હું જ છું. સૃષ્ટિનું હું જ છું પ્રથમ સંતાન. દેવોનીયે પહેલા થયું હતું મારું સર્જન. હું તો છું કેન્દ્ર અમૃતનું, ઋતનું. જે મારું કરે છે દાન તેને હું રક્ષું છું, નક્કી માન. અન્નનો જે કરે આહાર, તેને જ હું મારો કરું છું આહાર. આ બ્રહ્માંડની નથી મને કોઈ ખેવના. હું સ્વયં પ્રકાશમય છું, સુવર્ણદીપ છું, સૂર્ય છું. જે કોઈ આ સત્યને જાણે તેણે જ જાણ્યું કહેવાશે. આ જ ઉપનિષદ છે. આ જ રહસ્ય છે. ઓમ શાંતિ શાંતિ શાંતિ.

## [ત્રીજો દિવસ]

સંસ્કૃત સત્રના ત્રીજા દિવસની શરૂઆત 'શ્રી સુક્તમ'ના ગાનથી થઈ હતી. ત્યારબાદ બરાબર નવ વાગ્યે સંગોષ્ઠિ-5નો આરંભ થયો હતો, જેની પ્રસ્તુતિ ડૉ. વસંત પરીખે કરી હતી. આ સંગોષ્ઠિના અંતિમ વક્તા શ્રી લક્ષ્મેશ જોશીએ 'શૈવોપનિષદ' પર પોતાના વક્તવ્યનો આરંભ કર્યો હતો.

## શૈવોપનિષદ – લક્ષ્મેશ જોશી

‘બુદ્ધિમતાં વરિષ્ઠમ’ એવા હનુમાનજીના ચરણોમાં વંદન, બાપુના ચરણોમાં વંદન. સૌપ્રથમ એક વાત મને કહેવાનું મન થાય છે કે જનકરાજાની સભામાં વિદ્વાનો ભેગા થતા અને ચર્ચા કરતા હતા. આજે ગુજરાતમાં ઘણી બધી સંસ્થાઓ છે. જેની પાસે ઘણા પૈસા છે, જે લોકો આચાર્યો છે, શા માટે તેઓ ઉપનિષદ અને વેદોના સત્રો કરતા નથી ? આખા વિશ્વમાં અને ભારતમાં ઉપનિષદોનું જ્ઞાન એ કોઈ સંપ્રદાયનું નથી. બાપુની પ્રશંસા કરવા માટે નહીં પરંતુ હું સાચું કહું છું કે ગુજરાતમાં ઘણી બધી સંસ્થાઓ છે છતાં કોણ આવું કરે છે ? ખાવાનું-પીવાનું, રહેવાનું, સાંભળવાનું, બધી જ વ્યવસ્થા અહીં કરવામાં આવે છે. આવું ક્યાં કોઈ ઠેકાણે થાય છે ? ગુજરાતમાં તો મેં બીજે ક્યાંય જોયું નથી. આ ખરેખર તમને સાચું કહું છું. એવા સત્રો થાય તો લોકો જાણી શકે કે વેદ અને ઉપનિષદમાં શું છે.

હવે શૈવોપનિષદની વાત કરું. કુલ ચૌદ ઉપનિષદો ‘શૈવોપનિષદ’ તરીકે ઓળખાય છે. એની સંક્ષેપમાં વાત હું કરીશ. શૈવોપનિષદ વિશે સંશોધન કરવું એટલે રેતીના ઢગલામાંથી સોનાની કણી શોધવા જેવું છે. આ ચૌદ ઉપનિષદોમાં બે-ત્રણ ઉપનિષદો સારા છે. એ સિવાયનાને ઉપનિષદ કહેવા કે નહિ એ પ્રશ્ન છે. તમને હું બતાઉં તો તમે કહેશો કે વાત સાચી છે. આ કહેવાતા ઉપનિષદો પ્રજામાં દંભ ફેલાવનારા, પ્રજામાં પ્રમાદ અને આળસ ફેલાવનારા ઉપનિષદો છે. જેમ ‘કૂતરાથી ચેતો’ એમ કહીએ છીએ તેમ આ ઉપનિષદોથી ચેતતા રહેવા જેવું છે. ‘કાલાગ્નિ રુદ્ર ઉપનિષદ’ એવા પાંચેક ઉપનિષદોમાં કહ્યું છે કે માત્ર ભસ્મ, રુદ્રાક્ષ ધારણ કરવાથી મુક્તિ અથવા બ્રહ્માનંદ પ્રાપ્ત થાય છે. લો બોલો ! આમ થતું હોય તો તો બધું કામ ટૂંકમાં પતી જાય !! આપણા પ્રાચીન ઉપનિષદોમાં ૐની ઉપાસનાની ઘણી બધી વાતો થઈ, એ બધી વાતો સાચી છે. પરંતુ મહત્વની વાત એ છે કે વેદોનું જે રહસ્ય છે, વેદોનો જે સાર છે, એ ઉપનિષદોમાં આવે છે. ઉપનિષદો ન રચાયાં હોત તો વેદો કર્મકાંડ કે મંત્રો બોલવા માટે હોત ખરાં પરંતુ ઉપનિષદો આવી ગયા એટલે વેદોનો સાર આવી ગયો. ભગવાન આદિ શંકરાચાર્ય આવ્યા કે જેમણે ઉપનિષદના રહસ્યને જાળવી રાખ્યું. આ બહુ મોટી વાત છે.

સુત્ર એટલે બ્રહ્મસુત્ર અને શ્રુતિ એટલે ઉપનિષદો. એ બંનેમાં જ્યારે વિરોધાભાસી વિધાનો મળે ત્યારે ભગવાન શંકરાચાર્યે શ્રુતિનો પક્ષ લીધો છે. શંકરાચાર્ય કહે છે કે ‘જે ઈશ્વરની શક્તિને ન માને એ પોતે જ અસદ થઈ જાય, એનું અસ્તિત્વ બહુ રહે નહિ.’ જે પરમાત્માની શક્તિને માને છે એને સંત કહેવાય છે. શંકરાચાર્ય કહે છે કે ‘આનંદમય કોશનું જે પૂચ્છ છે એ પરમ તત્વ છે.’ પાણીમાં બે માછલી બેઠી બેઠી વાત કરતી હોય અને બીજી માછલીને પૂછતી હોય કે તેં દરિયો જોયો છે ? આપણી હાલત એવી છે. આપણે બધા ચૈતન્યના સાગરના પરપોટા છીએ. સઘળે એનું ચૈતન્ય છે. માત્ર અજ્ઞાનનું આવરણ આપણને જુદા પાડે છે. બાકી, સર્વત્ર આનંદના મોજાઓ ચાલે છે. આપણે એની અંદર, જેમ સાગરમાં માછલી હોય, એમ બેઠા છીએ. આપણે બહુ મોટી વિચારણાઓ કરીએ છીએ કે બ્રહ્મ શું છે, પરંતુ આપણે એની અંદર જ છીએ. કરવાનું હોય તો એ છે કે એનો અનુભવ કરવાનો છે.

ઉપનિષદોની જ્યાં પ્રશંસા કરેલી છે ત્યાં કદીયે તમે માનશો નહિ કે શૈવોપનિષદની કે વૈષ્ણવોપનિષદની પ્રશંસા કરેલી છે. જે જે પાછળના ઉપનિષદો છે એની પ્રશંસા નથી પણ પ્રાચીન ઉપનિષદોની પ્રશંસા કરી છે. જર્મનીનો વિદ્વાન શોપનહોર એમ કહે છે કે 'મનુષ્ય જીવનને લાભ કરે અને મનુષ્યના જીવનને ઊંચે લઈ જાય એવો આખી દુનિયામાં ઉપનિષદો જેવો કોઈ બીજો અભ્યાસ નથી. ઉંચામાં ઊંચી બુદ્ધિની નીપજ એ આ ઉપનિષદો છે.' આ કોઈ મત, સંપ્રદાય કે શંકરાચાર્ય નથી કહેતા, આ જર્મનીનો વિદ્વાન કહે છે. એ પછી કહે છે કે 'આખી દુનિયાનો જો કોઈ ધર્મ થવાનો હોય તો એ ઉપનિષદોનો ધર્મ છે.'

ઉપનિષદોમાં બ્રહ્મનું વર્ણન છે. કોઈ એક દેવનું વર્ણન નથી. 'બ્રહ્મ શિવ છે અને વિષ્ણુ નથી', એવું માનનારા માણસો માટે આ ઉપનિષદો હોઈ જ ન શકે. સંપ્રદાયનું ઉપનિષદ હોઈ જ ન શકે. 'શૈવોપનિષદ' નામમાં જ વિરોધાભાસ છે. એને ઉપનિષદ કહેવાય જ નહી. એને તમે શૈવ કેવી રીતે કહી શકો ? ઉપનિષદની જે અનંત વ્યાપકતા છે એમાં આ તો શૈવની દીવાલ બાંધવા જેવું થયું. ભાગવતમાં એક કથા આવે છે કે વાસુદેવની સામે એક નકલી વાસુદેવ થયા હતા. એ રીતે કેટલાક પ્રસિદ્ધ કથાકારોની પાછળ બીજા કથાકારો ઊભા થતા હોય છે, એ જ નામથી. તમે સમજી શકો છો ને ? પરંતુ જે પ્રસિદ્ધ કથાકાર હોય એનું જન્મોનું પુણ્ય હોય છે. બાપુની જેમ કોઈ શાલ ઓઢીને નીકળે તો એનાથી કંઈ થતું નથી. એ ઘણા જન્મો બાદ આવતી સ્થિતિ છે. એ માટે અંદર ઘણું કરવું પડે છે. એ જ રીતે આ ઉપનિષદો એ બધા નકલી ઉપનિષદો છે. અંદરના ગર્ભમાં કંઈ સત્વ દેખાતું નથી એવા આ ઉપનિષદો છે.

પ્રાચીન ઉપનિષદો કહે છે કે બહુ શબ્દોની માથાકૂટ કરવાની જ નહીં. શબ્દો શું બોલવાના ? સાચા ઉપનિષદો કહે છે કે તમારે વાંચીને ડહાપણ કેળવી લેવું જોઈએ. બાકી આખી જિંદગી વાંચ વાંચ કરવાથી કે પ્રવચનો આપવાથી એ સધાતું નથી. એ બધું ક્યાં સુધી ? એનું રહસ્ય જાણીને ડહાપણ કેળવવું જોઈએ. શંકરાચાર્ય લખે છે કે 'પ્રજ્ઞા એટલે શું ? પ્રજ્ઞા એટલે પછી વાંચવું ન પડે એવું.' કોઈ જિજ્ઞાસા થાય જ નહીં એવું. કોઈ જિજ્ઞાસા ન થાય એને પ્રજ્ઞા કહેવાય. ડૉ. એસ્તેર સોલોમન નામના બહેન કહે છે કે 'જેના જીવનમાં આર્જવતા હોય એટલે કે ઋજુતા હોય ત્યારે સમજવું કે ઉપનિષદ આવ્યું છે. જ્યાં સુધી મનમાં કુટિલતા હોય ત્યાં સુધી ઉપનિષદ ઊતર્યું નથી.' પ્રાચીન ઉપનિષદોમાં બ્રહ્મવિદ્યા એ મુખ્ય વિષય છે. આ કહેવાતા ઉપનિષદોમાં મુખ્ય વિષય રુદ્રાક્ષ છે, ભસ્મ છે !! ભસ્મવિદ્યાને બ્રહ્મવિદ્યા કહેવી કે કેમ ? ભસ્મનો તિરસ્કાર નથી પરંતુ ભસ્મથી મોક્ષ મળી જાય એ કહેવું એ ખોટું છે. એનાથી આખો સમાજ આળસુ અને પ્રમાદી બને. 'A critical study of later upnishadas' નામના પુસ્તકના 28મા પાના ઉપર લખ્યું છે કે 'The authors of the later upnishadas has abused thay name of upnishadas.' પાછળના ઉપનિષદોએ ઉપનિષદના ઊંચા નામનો દૂરુપયોગ કર્યો છે. એમાં વેદના મંત્રો ખોટી રીતે મુકાયા છે. વેદના મંત્રો આવે એટલે તમને એમ લાગે કે આ તો વેદનું લખેલું છે એટલે ખોટું કેવી રીતે હોય ? પણ આ તો વચ્ચે વચ્ચે એવો આભાસ ઊભો કરવા માટે છે. મૂલ્યહિન અને નકામા એવા સિદ્ધાંતોનો પ્રચાર કરવા માટે આવા નકલી ઉપનિષદો વેદના મંત્રોનો દૂરઉપયોગ કરે છે.

વેદના જ્ઞાન પર વિદેશીઓના આક્રમણ થયાં એ કરતાં વધારે આક્રમણો સનાતન ધર્મના પંડિતો તરફથી થયા છે. આ ઉપનિષદોની રચના એ જડ કર્મકાંડનું ચેતનવાદ પર એક પ્રચ્છન્ન આક્રમણ છે. જો ભારતની પ્રજામાં ઉપનિષદોનું રહસ્ય ઊતરે તો આવો ભ્રષ્ટાચાર હોઈ શકે નહિ. રાજ્યની વ્યવસ્થા આવી હોઈ જ ન શકે. ઉપનિષદોનું રહસ્ય કંઈ ઊતર્યું જ નથી. લોકોને આ બધું સાંભળવાનો રસ રહ્યો નથી. સવારમાં ઊઠીને જે શેરબજારનું છાપું જોતા હોય એને શું તમે ઉપનિષદની વાત કરી શકો ? ઉપનિષદોનું રહસ્ય જો પ્રજામાં ઊતર્યું હોય તો પ્રજા આવી નિર્બળ, ઈર્ષાળુ, દંભી એવી કદી હોઈ શકે નહિ. આ બધું જોતા એમ લાગે છે કે ઉપનિષદોનું રહસ્ય પ્રજામાં ઊતર્યું નથી. આ આક્રમણો વર્ષોથી થાય છે. આ અહીં પ્રોગ્રામ થાય છે એનાય ટીકાકારો હોય છે ! અઢી હજાર વર્ષ પહેલા યાસ્ક મુનિએ નિરુક્તમાં લખ્યું, 'વેદનું અધ્યયન કરે પણ અર્થ ન જાણે એ થાંભલો છે. ગધેડું જેમ સાકર લઈ જાય પરંતુ એને સાકરનો સ્વાદ કેવો હોય એની ખબર પડે નહીં, એવી આ વાત છે.' જડ કર્મકાંડીઓ આજે આખા સમાજ પર વર્ચસ્વ ભોગવે છે. કર્મકાંડીએ યજ્ઞમાં પણ કલાક-બેકલાક જીવન વિશે કંઈક કહેવું જોઈએ.

હવે કાલાગ્નિ-રુદ્ર ઉપનિષદની વાત કરું. એ ઉપનિષદમાં વિનિયોગ આપેલો છે. કર્મકાંડીઓ આ વિનિયોગ પર જામી પડ્યા છે. બીજું બધુ કંઈ ન આવડે તો ચાલે વિનિયોગ આવડી જવો જોઈએ ! વિનિયોગ માત્ર મોઢે કરવાનો એમ નહિ, એમાંથી કંઈક સાર ગ્રહણ કરવાનો હોય. કાલાગ્નિ-રુદ્ર ઉપનિષદમાં વિનિયોગ આવે છે ! બાકી ઉપનિષદમાં શાનો વિનિયોગ હોય ? આ વિનિયોગ લખ્યો એ બતાવે છે કે કર્મકાંડની જબરજસ્ત અસર નીચે આ ઉપનિષદો લખાયા છે. નવાઈની વાત એ છે કે આમાં 'અનુષ્ટુપ છંદ' એમ લખ્યું છે પણ અંદર દશ ગદ્યખંડો છે પણ એમાં ક્યાંય અનુષ્ટુપ છંદ નથી. લખ્યું હોય તો અનુષ્ટુપ છંદ હોવો જોઈએ ને ? ગાયત્રીમાં તમે કહો તો ગાયત્રીમાં ચોવીસ અક્ષર હોવા જોઈએ. લોકો પણ વાંચ્યા વગર બધું આમ જ ચલાવી લેતા લાગે છે ! સંસ્કૃતમાં કોઈ બોલે કે લખે અથવા અંગ્રેજીમાં કોઈ બોલે કે લખે, જરાય અંજાઈ જવા જેવું નથી. કારણ કે એ લોકો પણ ગોટાળા કરતા હોય છે. છાન્દોગ્ય ઉપનિષદમાં એક વાર્તા આવે છે કે એક બ્રાહ્મણ બહુ ભૂખ્યો છે. એની પાસે ખાવાનું કંઈ નથી. એક ઠેકાણે એક મહાવત બેઠો બેઠો અડદ ખાતો હતો. આ બ્રાહ્મણે કહ્યું કે 'તું અડદ ખાય છે તો તું મને થોડા આપ.' પેલો કહે કે 'તમે તો ભૂદેવ છો ને ?' પણ બ્રાહ્મણ કહે કે 'ના, ના તું આપ.' મહાવતે આપ્યા. બ્રાહ્મણે અડદ ખાઈ લીધા. એનામાં શક્તિ આવી ગઈ. પછી મહાવત કહે કે 'પાણી લો, મહારાજ.' બ્રાહ્મણ કહે પાણી નહી લઉં.

'કેમ ?'

તો કહે 'હું બ્રાહ્મણ છું.'

'અરે પણ અડદ તો ખાઈ ગયા ?'

બ્રાહ્મણ કહે કે 'જો અડદ ન ખાત તો હું જીવતો ન રહેત. હવે પાણી વિના હું જીવી શકું એમ છું. ખવાય તો ત્યારે જ્યારે આપતકાલ આવે.' એમ કહી બ્રાહ્મણ ઘેર ગયો. થોડા અડદ પત્નીને આપ્યા. બીજે દિવસે એ અડદ ખાધા. પછી રાજાને ત્યાં યજ્ઞ ચાલતો હતો ત્યાં ગયો. ત્યાં જઈને સામવેદના

પ્રતિહર્તાને પૂછ્યું 'આ જે મંત્ર તું બોલે છે એના દેવતાને નહિ જાણે તો તારું માથું પડી જશે.' દેવતાનો અર્થ અહીં છે ચેતન. જેનામાં ચૈતન્યની સ્ફૂર્તિ વધારે થાય એનામાં આપોઆપ સદગુણો આવે. પેલો કહે કે હું દેવતા જાણતો નથી. એ ચૂપ થઈ ગયો. પછી ઉદગાતાને પૂછ્યું, ત્રીજાને પૂછ્યું... બધા શાંત થઈ ગયા. આખો યજ્ઞ શાંત થઈ ગયો. બ્રાહ્મણો બોલતા બંધ થઈ ગયા. ત્યારે યજમાન રાજા ઊઠ્યો અને હાથ જોડીને એની પાસે ગયો. રાજાએ કહ્યું, 'હું આપને જાણવા માગું છું કે આપ કોણ છો ?' પેલો કહે છે કે હું ઉષસ્તિ-ચાક્રાયણ છું. રાજા કહે છે કે 'પ્રધારો પ્રભુ, આપ યજ્ઞ કરો.' આ વાર્તા પરથી સૂચિત એ થાય છે કે જડકર્મકાંડીઓ અને ચેતનકર્મકાંડીઓ એ છાન્દોગ્ય ઉપનિષદના જમાનામાં પણ હતા ! કેટલાક ઉપનિષદોમાં કર્મકાંડ એટલું વધી ગયું કે એણે ઉપનિષદના જ્ઞાનને દબાવી દીધું.

બૃહદારણ્યક ઉપનિષદમાં નવમા બ્રાહ્મણમાં, ત્રીજા અધ્યાયમાં એક શાકલ્ય નામનો બ્રાહ્મણ એ પ્રશ્નો જ પૂછ્યા કરે. બસ પ્રશ્નો જ પૂછ્યા કરે.... એને બીજો ધંધો જ નહિ. બસ પૂછ્યા જ કરે..... એવા ઘણા માણસો હોય છે કે જે ફક્ત પૂછવા ખાતર પૂછ્યા કરે. એમને પોતાને ખબર ન હોય કે એમણે શું પૂછ્યું. એમને તો બસ સામા માણસને પજવવાનો હોય. બહુ પ્રશ્ન પૂછ્યા તોય યાજ્ઞવલ્ક્યે બધાના ઉત્તર આપ્યા. પછી એની પાસે કોઈ પ્રશ્નો રહ્યા નહીં ત્યારે યાજ્ઞવલ્ક્ય કહે, 'એ પ્રેત !' યાજ્ઞવલ્ક્ય જેવા માણસ આવું સંબોધન કરે એટલે એમને કેટલો કંટાળો આવ્યો હશે એના પ્રશ્નોથી ! યાજ્ઞવલ્ક્ય કહે, 'એ પ્રેત ! હવે હું તને ઉપનિષદોમાં વર્ણવેલ પુરુષ પૂછું છું. જો તું તે મને કહી નહીં શકે તો તારું માથું પડી જશે.' બૃહદારણ્યક ઉપનિષદના ત્રીજા અધ્યાયના નવમા ખંડમાં શાકલ્ય જનકની સભામાં ખરેખર મરી ગયો. એના વિદ્યાર્થીઓ કોથળામાં નાખીને શબને ઘરે લઈ જતા હતા અને વચ્ચે રાત્રે ધર્મશાળામાં સૂઈ ગયા. ત્યાં ચોર લોકો આવ્યા. ચોર લોકોને એમ કે કોથળામાં બહુ માલ છે. એટલે કોથળો ઉપાડી ગયા. એના હાડકા ઘેર પણ પહોંચ્યા નહીં ! અહીં મુખ્ય વાત એ કહેવી છે કે યાજ્ઞવલ્ક્ય એ ચેતન કર્મકાંડના પ્રતિનિધિ છે. આ શાકલ્ય વગેરે જડ કર્મકાંડીઓ હતા. આ યુદ્ધ આપણે ત્યાં ઘણા વર્ષોથી ચાલી રહ્યું છે.

એ પછી આવ્યું જૈમિનીનું મીમાંસા દર્શન. કર્મકાંડ કોઈ કરે તો એણે મીમાંસા દર્શન ભણવું જોઈએ. મીમાંસા દર્શનના બાર અધ્યાય બ્રાહ્મણે ભણવા જોઈએ પછી કર્મકાંડ કરવો જોઈએ. એમ થાય તો એ કર્મકાંડમાં દિવ્યતા આવે. એ પૂર્વમિમાંસામાં એક વાક્ય એવું આવે છે કે 'વેદનું પ્રયોજન ક્રિયા જ છે.' ક્રિયા મુખ્ય છે કે વસ્તુ મુખ્ય છે ? એ દુનિયાનો મહાપ્રશ્ન છે. મીમાંસા એમ કહે છે કે ક્રિયા જ મુખ્ય છે અને જેમાં ક્રિયા ન હોય એ બધું નિરર્થક છે. હવે થાય એવું કે બ્રહ્મના વર્ણનમાં તો ક્રિયા ન આવે. એટલે મીમાંસા એમ કહે કે બ્રહ્મનું વર્ણન બધું નકામું છે ! જો તમારે સાર્થક બનાવું હોય તો અર્થવાદ બનાવો. જેમ લગ્નમાં વરરાજા માટે જાનૈયાઓ પ્રશંસાના ગીતો ગાતા હોય છે એમ. એને અર્થવાદ કહેવાય. જડ કર્મકાંડનું આક્રમણ મીમાંસામાં ચેતન બ્રહ્મવાદ પર થયેલું છે. એની સામે શંકરાચાર્ય આવ્યા. શંકરાચાર્યે બ્રહ્મસુત્ર શાંકરભાષ્યમાં એમ કહ્યું કે 'ક્રિયાઓ મુખ્ય હોય એ તમારા યજ્ઞોમાં, ઉપનિષદોમાં નહિ.' શંકરાચાર્યે ભારપૂર્વક ખંડન કર્યું કે 'ઉત્પત્તિની ક્રિયા કે સંસ્કારની ક્રિયા કે અન્ય કોઈ ક્રિયા આ બ્રહ્મમાં લાગુ પડી શકે નહિ. બ્રહ્મને ક્રિયાથી પ્રાપ્ત કરી શકાય નહિ.' જો શંકરાચાર્ય ન હોત તો આપણે બધા કર્મકાંડમાં સરી પડ્યા હોત અને હાથમાં પાણી લો અને આચમન કરો... એમ કરીને બેસી

રહ્યા હોત ! શંકરાચાર્યે કહી દીધું કે આ ખોટું છે. શંકરાચાર્યે એવું ખંડન કર્યું કે હજી આજની તારીખે પણ ગુજરાતની કોઈ યુનિવર્સિટીમાં મીમાંસા દર્શન ભણાવાતું નથી. બીજા દર્શનો ભણાવે, કોઈ મીમાંસા ભણાવે નહિ. શંકરાચાર્યે બરાબર ઝાટકી નાખ્યું. ટૂંકમાં, જેમ મેં અગાઉ કહ્યું તેમ, આ બધા શૈવોપનિષદો એ પ્રાચીન ઉપનિષદો પરનું પ્રચ્છન્ન આક્રમણ છે.

એ પછી પશ્ચિમના વિદ્વાનોનું આક્રમણ આવ્યું. જે વેદોનો સાર હોય એ આવવા ન દીધો. જે ઉત્તમ હોય એને આવવા ન દીધું. આપણી સંસ્કૃતિને દબાવી દેવા માટે પશ્ચિમના વિદ્વાનોએ બહુ પ્રયત્ન કર્યા છે. આ બધા શૈવોપનિષદમાં બ્રહ્મવિદ્યા જ નથી. ઉપનિષદના અર્થ વિશે શંકરાચાર્ય લખે છે : 'પાસે જવું, જે શીખવા આવ્યા છો એમાં ગુરુનિષ્ઠા, નિશ્ચયપૂર્વક જે અનુશીલન કરે તેની અવિદ્યાનો વિનાશ કરતો હોવાથી એવી બ્રહ્મવિદ્યાને ઉપનિષદ કહેવાય.' ઉપનિષદ એટલે બ્રહ્મવિદ્યા અને બ્રહ્મવિદ્યા એટલે ઉપનિષદ. આ શૈવોપનિષદમાં તો ક્યાંય એ બ્રહ્મવિદ્યા આવતી નથી. એટલે એને ઉપનિષદ કહી શકાય નહિ. જેમ ગંધનું લક્ષણ ન હોય તો પૃથ્વી કહી શકો નહિ એમ બ્રહ્મવિદ્યા ન આવતી હોય તો ઉપનિષદ કહી શકો નહિ. આ બધા ઉપનિષદોમાં ફક્ત લખવા ખાતર જ લખ્યું છે કે આ ઉપનિષદનો સંબંધ સામવેદ સાથે અને અર્થવવેદ સાથે છે. હકીકતે એ સંબંધ શોધવો પડે. સામવેદ કે કોઈ વેદનું નામ લખી દે એટલે કોઈ પૂછે નહિ. તપાસ કરવા કોણ જાય ? એટલે આ બધું આવું અગડંબગડં ચાલે છે.

આ શૈવોપનિષદમાંના એક અક્ષરમાલા ઉપનિષદમાં 108 મણકાની માળાની વાત છે. એમાં એણે પચાસ અક્ષરો બનાવ્યા. છત્રીસ વ્યંજનો અને ચૌદ સ્વરો. પછી એના બમણા કર્યા. કેમ બમણાં કરો ? એમ પૂછવાનું નહીં ! તો કુલ 100 થયા. પણ માળા તો 108ની થાય. તો શું કરવું ? તો કહે દરેકના પ્રતિનિધિ અક્ષર લઈ લો. જેમ કે સ્વરનો પ્રતિનિધિ 'અ' લઈ લો. 'ક, ચ, ટ, ત, પ' એ વર્ગમાંથી 'ક' લઈ લો. એ રીતે દરેકમાંથી પ્રતિનિધિ લીધા અને આઠ થાય એટલે 108ની માળા થઈ ગઈ ! પરંતુ હવે પ્રશ્ન થયો કે મેરુનો પારો કયો ? એ તો રહી ગયો. તો કહે કે 'ક્ષ' એ મેરુનો પારો. પરંતુ ક્ષ તો જોડાક્ષર છે. ઘણા વિદ્યાર્થીઓ એમ.એ. થઈ જાય તોય એમને 'ક્ષ' કે 'જ્ઞ'ની ખબર ન પડે. 'ક્ષ' તો 'ક' અને 'ષ' જોડાઈને બને. એ તો અંદર પહેલેથી આવી જ ગયા છે ! ટૂંકમાં, ખિચડી ચડતી હોય તો બધા ચોખા જોવાના ન હોય. એક બે ચોખા દબાવીને જોઈ લઈએ એટલે ખ્યાલ આવી જાય. એ રીતે હું અહીં એક-બે ઉપનિષદ વાચું એટલે સમજી લેવાનું કે બધા ઉપનિષદ થઈ ગયા. એ પછી અક્ષરમાલા ઉપનિષદમાં માળાની પ્રતિષ્ઠાની વાત આવી. પ્રતિષ્ઠાની વાત આવે એટલે તમારે સમજવાનું કે આ ઉપનિષદ નથી પરંતુ કર્મકાંડ છે. અન્ય ઉપનિષદોમાં પણ આવી કર્મકાંડની જ વાતો આવે છે. ક્યાંક તો વળી એમ લખ્યું કે વેદો-ઉપનિષદોને અડકવું નહિ ! વેદો-ઉપનિષદોનું અધ્યયન બધા જ કરી શકે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ર પણ કરી શકે. જિજ્ઞાસા એ જ સમિધ છે. ભડભડતી જિજ્ઞાસા એ જ સમીધ છે. એ જ એની યોગ્યતા છે. એ પછી એમાં બધી વાર્તાઓ વગેરે છે પરંતુ એનો કોઈ અર્થ નથી. એટલે હું અહીં મારું વક્તવ્ય સમાપ્ત કરું છું. આપ બધાએ મને સાંભળ્યો અને મને આ અવસર મળ્યો એથી મને ખૂબ આનંદ થાય છે. ઓમ તત્સત.

[વાચસ્પતિ પુરસ્કાર પ્રદાન વિધિ ]

અંતિમ સંગોષ્ઠિના સમાપન બાદ પ્રતિવર્ષ અપાતા 'વાચસ્પતિ પુરસ્કાર'ની પ્રદાન વિધિ યોજાઈ હતી. આ વર્ષે ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પુરસ્કૃત વિદ્વાન ડૉ. રમેશ સુંદરજી બેટાઈને આ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો હતો. નાદુરસ્ત તબિયતને કારણે તેઓ ઉપસ્થિત નહોતા રહી શક્યા, તેથી તેમના સુપુત્ર શ્રી મનોજ રમેશચંદ્ર બેટાઈને તે પૂ. બાપુના હસ્તે સુપ્રત કરવામાં આવ્યો હતો. પ્રદાન વિધિ અગાઉ વિવિધ મહાનુભાવોએ ડૉ. રમેશજી બેટાઈનું અભિવાદન કર્યું હતું. શ્રી અજિતભાઈ ઠાકોરે 'પુરસ્કારપત્ર'નું વાચન કર્યું હતું. શ્રી હરિશ્ચંદ્રભાઈ જોશીએ અગાઉના વર્ષોમાં અપાયેલા 'વાચસ્પતિ પુરસ્કાર'ની વિગતો આપી હતી અને પછી તેમણે શ્રીબેટાઈનો વિસ્તૃત પરિચય આપ્યો હતો, જે આ પ્રમાણે છે :

જન્મ : ૫ ફેબ્રુઆરી, 1926.

અધ્યયન : (1) બી.એ. પ્રથમ વર્ગ (સંસ્કૃત) (2) એમ.એ., દ્વિતિય વર્ગ (સંસ્કૃત), (3) પીએચડી, વિષય : 'Social Thoughts and Philosophy of Manu' (4) એમ.એ., દ્વિતિય વર્ગ (હિન્દી) (5) રત્ન, પ્રથમ વર્ગ (હિન્દી)

કારકિર્દી : (1) 25 વર્ષ (1950 થી 1975) સ્નાતક કક્ષાએ અધ્યાપન, (2) 35 વર્ષ (1955 થી 1990) અનુસ્નાતક કક્ષાએ અધ્યાપન, (3) 12 વર્ષ (1954 થી 1966) જગતના ધર્મો પ્રી-બી.એ.માં અને ધર્મસ્મૃતિ બી.એ.માં, (4) પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓનું માર્ગદર્શન – કુલ 10 વિદ્યાર્થીઓએ સફળતા પ્રાપ્ત કરી.

ડૉ. રમેશ સુંદરજી બેટાઈ વિદ્યાર્થી અવસ્થાથી જ સંશોધનવૃત્તિ ધરાવતા હતા. તેમને સાહિત્ય-પ્રેમ તેમના પિતાશ્રી સુંદરજી બેટાઈ પાસેથી વારસામાં મળ્યો હતો. તેમણે ગુજરાતી, સંસ્કૃત, હિન્દી અને અંગ્રેજી ભાષા ઉપર યોગ્ય અધિકાર પ્રાપ્ત કર્યો અને પરિણામે તેઓની અધ્યાપક તરીકેની કારકિર્દીમાં 23 જેટલા ગ્રંથો તેઓશ્રીએ આપણને આપ્યાં છે. તેઓએ દ્વારકાના પરમપૂજ્ય જગદગુરુશ્રી શંકરાચાર્ય મહારાજ દ્વારા સ્થાપવામાં આવેલ શ્રી દ્વારકાધીશ ઈન્ડોલોજીકલ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં નિયામક તરીકે વર્ષો સુધી સેવાઓ આપી. આ પછી તેઓ અમદાવાદની સુપ્રસિદ્ધ શોધસંસ્થા શ્રી લાલભાઈ દલપતભાઈ ભારતીય વિદ્યામંદિરમાં પણ નિયામક તરીકે સેવાઓ આપી ચૂક્યા છે. હાલ 85 વર્ષની જૈફવયે સંપૂર્ણ સેવા નિવૃત્ત છે. તેઓના સંસ્કૃત ભાષા અને સાહિત્યના ક્ષેત્રના પ્રદાન બદલ ભારતના રાષ્ટ્રપતિએ તેમને 'Certificate of Honour' થી નવાજ્યા છે. ડૉ. રમેશ બેટાઈના પિતાશ્રી સુંદરજીભાઈની ઈચ્છા હતી કે, દીકરાએ મેડીકલમાં અભ્યાસ કરીને ડૉક્ટર થવું. તેઓને મેડીકલમાં પ્રવેશ પણ મળતો હતો, પરંતુ એ ઉંમરથી જ સંસ્કૃત પ્રત્યેના આકર્ષણથી સંસ્કૃતનો અભ્યાસ, અધ્યયન, અધ્યાપન, સંશોધન તેમણે કર્યું છે. સંસ્કૃતની સેવામાં જ તેઓ જીવનની સફળતા, ધન્યતા અને આનંદ પામ્યા છે.

ડૉ. બેટાઈ સ્વભાવે સાલસ, મળતાવડા અને મિત્રો માટે સદાય સહાયક રહ્યા છે. તેમના સંપર્કમાં આવનાર સહુ કોઈ તેમના માટે ઊંચો અભિપ્રાય ધરાવે છે. તેમના પ્રદાનમાં 'Gita and Gandhiji' નામનો ગ્રંથ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા 1970માં પ્રકાશિત થયો છે. 2002માં બીજી આવૃત્તિ નેશનલ ગાંધી મ્યુઝિયમ, નવી દિલ્હી દ્વારા પ્રકાશિત થઈ છે. આદિ શંકરાચાર્યના સુપ્રસિદ્ધ ગ્રંથ 'વિવેકચૂડામણિ'નો ગુજરાતી અનુવાદ તૈયાર કર્યો હતો. તેમાં વિવેચનાત્મક નોંધ અને શંકરાચાર્યના તત્વજ્ઞાનનું વિસ્તૃત વિવેચન આપવામાં આવ્યું છે. 'Immortal Doctrines of Hinduism'નું પ્રકાશન શ્રી દ્વારકાધીશ ઈન્ટીટ્યુટ ઓફ ઈન્ડોલોજી, દ્વારકા દ્વારા 2004માં કરવામાં આવ્યું છે. આદિ શંકરાચાર્ય કૃત 'આત્મબોધ જયરંજની સંસ્કૃતવૃત્તિ' સાથેનું પ્રકાશન પોતે 1999માં કર્યું છે. તેઓનો 'Essence of Jainism' નામનો ગ્રંથ એલ.ડી. ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડોલોજી, અમદાવાદ દ્વારા 1998માં પ્રકાશિત કરવામાં આવ્યો છે.

ડૉ. રમેશ બેટાઈનો પી.એચ.ડીનો શોધપ્રબંધ નામે 'Social Thoughts and Philosophy of Manu' એ 700 પાનાનો ગ્રંથ છે અને તેનું પ્રકાશન 1970માં ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું છે. તેઓએ યુ.જી.સી.ના રિસર્ચ પ્રોજેક્ટ તરીકે તૈયાર કરેલ 'Criminal Law in Ancient India' નું પ્રકાશન 2003માં ભારતીય કલા પ્રકાશન, દિલ્હીએ કર્યું છે. વળી, 'ભારતમાં પ્રાચીન સમાજિક સંસ્થાઓ' વિષય ઉપરનું તેઓનું સંશોધન યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે. 'વાગ્ભટાલંકારની જ્ઞાનપ્રમોદિકા' નામની ટીકાનું સંપાદન કરીને સહુ પ્રથમવાર તેને ડૉ. બેટાઈ પ્રકાશમાં લાવ્યા છે, જેનું પ્રકાશન એલ.ડી. ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડોલોજીએ 1987માં કર્યું છે. 'રસકલિકાલંકરણ' નામના 16મી સદીના રસ જેવા વિષયનું ગહન ચિંતન આપતા ગ્રંથનું સંપાદન તેઓએ કર્યું છે. અમરચંદ્ર યતિ કૃત 'કાવ્યકલ્પલતાવૃત્તિ'નું, શુભવિજયગણિ કૃત 'મકરંદવૃત્તિ' અને સ્વોપજ્ઞ 'પરિમલવૃત્તિ સહિત'નું સંપાદન ડૉ. બેટાઈએ કર્યું છે, જેનું પ્રકાશન એલ.ડી. ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડોલોજી દ્વારા 1997માં કરવામાં આવ્યું છે. વળી 'પદ્મનંદીના આત્મબોધ'નું સંપાદન એલ.ડી. ઈન્સ્ટિટ્યુટના 'સંબોધિ' માટે ડૉ. બેટાઈએ કર્યું છે. 'ભારતીય સાહિત્યવિચાર મંજૂષા' નામના 1500 પાનાના બે ભાગ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદે 1975માં પ્રસિદ્ધ કર્યા છે, જેનું સંપાદન ડૉ. બેટાઈનું છે.

'Writing of University Level Books by Indian Author' નામની યુ.જી.સી.ની યોજના હેઠળ 'આનંદવર્ધનનો ધ્વન્યાલોક-લોચન ટીકા સાથે' એ વિષય ઉપર વિસ્તૃત અધ્યયન સાથેનો તેઓનો ગ્રંથ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા 1999માં પ્રકાશિત થયો છે. છે.પોપ્યુલર બુક સ્ટોર, સુરત દ્વારા 'કાવ્યપ્રકાશ-1-2-3 અને 10'ની આવૃત્તિ તૈયાર કરવામાં આવી હતી, જે ડૉ. રમેશ બેટાઈએ તૈયાર કરેલ છે. ડૉ. રમેશ બેટાઈના 'Bharatiya Kavyamimansa – Some Problems' ગ્રંથ માટે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ સહાયતા આપેલ અને તેનું પ્રકાશન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડોલોજી, દ્વારકા દ્વારા કરવામાં આવ્યું છે. 'હર્ષવર્ધન-એક અધ્યયન'માં શ્રી હર્ષવર્ધનના ત્રણે નાટકોનું વિસ્તૃત વિવેચનાત્મક અધ્યયન તેઓએ આપ્યું છે, જેનું પ્રકાશન ગુજરાત વિદ્યાપીઠ દ્વારા કરવામાં આવ્યું છે. 'સાહિત્યનો આસ્વાદ' નામનો ગ્રંથ તેઓના અનેક

સ્થળે આપેલાં પ્રવચનોનો સંગ્રહ છે, જે તેઓએ સ્વયં પ્રકાશિત કર્યો છે. ડૉ. બેટાઈનો 'ધ્વનિ અને પાશ્ચાત્ય ચિંતન' પૂર્વ અને પશ્ચિમના વિવેચનનું તુલનાત્મક અધ્યયન પૂરું પાડતો ગ્રંથ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની સહાયતાથી પ્રકાશિત થયેલ છે. સહુ પ્રથમવાર વામનની 'કાવ્યાલંકાર સૂત્રવૃત્તિ'નો ગુજરાતી અનુવાદ ડૉ. રમેશ બેટાઈએ તૈયાર કર્યો છે. પ્રકુલ ભટ્ટ વિરચિત 'અભિધાવૃત્તિમાતૃકા'નો ગુજરાતી અનુવાદ વિવેચનાત્મક નોંધ અને વિદ્વતાપૂર્ણ પ્રસ્તાવના સાથે સર્વપ્રથમવાર ડૉ. રમેશ બેટાઈએ તૈયાર કર્યો છે.

આ ઉપરાંત, ડૉ. બેટાઈએ 'The Asesthetic-Benedetto Croce'નો ગુજરાતી અનુવાદ, ભારતીય કાવ્યમીમાંસા-કેટલાક પ્રશ્નો, સંસ્કૃત સાહિત્યનો વિવેચનાત્મક ઈતિહાસ ભાગ-1-2, ઉત્તરરામચરિત-એક અધ્યયન, kalidasa by G.C. Jhala નો ગુજરાતી અનુવાદ, Hinduism is Humanism, સુરેશ્વરાચાર્યની નૈષ્કર્મ્યસિદ્ધિના પ્રથમ બે પ્રકરણ જેવા ગ્રંથો આપણને આપ્યા છે. ડૉ. રમેશ બેટાઈના અનેક શોધપત્રો અંગ્રેજી કે ગુજરાતીમાં ભારતના અને ગુજરાતના પ્રતિષ્ઠિત સામાયિકોમાં પ્રકાશિત થયા છે. તેઓએ અનેક પરિસંવાદોમાં ઉપસ્થિતિ આપી છે અને અધ્યક્ષસ્થાન શોભાવ્યું છે. ગુજરાત રાજ્યની એકથી વધુ યુનિવર્સિટીઓમાં અભ્યાસ સમિતિના સભ્ય તરીકે સેવાઓ આપી છે. ભારતની અનેક યુનિવર્સિટીના પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓના શોધનિબંધનું પરીક્ષણ કર્યું છે. તેમજ પ્રોફેસર, રીડર કે અધ્યાપકની નિમણુંકોમાં વિષય નિષ્ણાત તરીકે સેવાઓ આપી છે.

ડૉ. રમેશ બેટાઈને અનેક પારિતોષિકો અનેક સંસ્થાઓ તરફથી એનાયત થયા છે. જેમાં (1) ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સંસ્કૃત ભાષા અને શાસ્ત્રના વિદ્વાન તરીકેનું પ્રમાણપત્ર, 1992. (2) યુનિવર્સિટી ગ્રાન્ડસ કમિશન દ્વારા રિસર્ચ ફેલોશીપ (1979-1980) (3) કેન્દ્ર સરકાર દ્વારા 'Gita and Gandhiji' માટે ગુજરાત વિદ્યાપીઠ દ્વારા એવોર્ડ, (4) ગુજરાત રિચર્ચ સોસાયટીનો ઉત્તમ શોધપત્રનો 1961નો ચંદ્રક, (5) હરિૐ આશ્રમ, નડિયાદ પ્રેરિત એસ.પી. યુનિવર્સિટી દ્વારા 'Law of Crimes from Manu to Yajnavalkya to Narada-A Positive Transition' નામના શોધપત્ર માટે પારિતોષિક (6) 'કાવ્યમાં શબ્દ, અર્થ અને શબ્દાર્થ' – શોધપત્ર માટે હરિૐ આશ્રમ, નડિયાદ પ્રેરિત એસ.પી. યુનિવર્સિટી દ્વારા પારિતોષિક વિગેરે પારિતોષિકોનો સમાવેશ થાય છે.

ડૉ. રમેશ બેટાઈ, પત્ની જયાબહેન, પાંચ પુત્રો, સાત પૌત્રો, બે પૌત્રીઓ, એક પ્રપૌત્ર અને એક પ્રપૌત્રીનું વિશાળ કુટુંબ ધરાવે છે. હાલ તેઓ 1001, અનમોલ ટાવર્સ, નારણપુરા ટેલિફોન-એક્ષચેન્જ સામે, નારણપુરા, અમદાવાદ ખાતે નિવાસ કરે છે અને પોતાનું શેષ જીવન વ્યતીત કરી રહ્યા છે.

[પૂ. મોરારિબાપુનું પ્રાસંગિક વક્તવ્ય]

શ્રીરામચંદ્ર શરણં પ્રપદ્યે
શ્રીરામદૂતં શરણં પ્રપદ્યે

‘સંસ્કૃતસત્ર-11’ કે જેની શરૂઆત આદરણીય ભાણદેવ દ્વારા થઈ અને સમાપન આદરણીય લક્ષ્મીદેવ દ્વારા થયું ! મારા હાથમાં ઘડિયાળ છે. એનો આદિ અને અંત ભાગ હું પકડું તો મધ્યભાગ અનાયાસ હાથમાં આવે છે. એ રીતે પહેલું પ્રવચન સુંદર અને લક્ષ્મેશબાપાનું આ અંતિમ પ્રવચન પણ સુંદર અને એની વચ્ચે કેટકેટલાય વિદ્વાનોએ આપણને આનંદ આપ્યો. એ બધું જ આપણે આનંદપૂર્વક માણ્યું. સમગ્ર સત્રના સમાપનમાં એક આરંભ થયો છે કે ‘વાચસ્પતિ એવોર્ડ’ દ્વારા સંસ્કૃતના એક ઋષિની વંદના કરાય. આદરણીય ગૌતમભાઈ સહિત આ બધા જ વડીલો ભેગા મળીને આખી યોજના વિચારે અને પ્રતિવર્ષ આવો એક સત્વપ્રધાન સમારંભ અહીં યોજાય છે, એનો મને વ્યક્તિગત રીતે અત્યંત આનંદ છે.

આદરણીય ગૌતમભાઈએ કહ્યું કે ‘ગણેશચતુર્થી જ્યાં સુધી હોય ત્યાં સુધી આ બધું અહીં ચાલુ રહે.’ પરંતુ ગણેશ માટે હું કંઈ ન કહી શકું, પણ આજનો દિવસ ઋષિ પંચમીનો છે. મારા દેશમાં અને મારા વિશ્વમાં જ્યાં સુધી ઋષિની વિચારધારા કોઈ પણ માધ્યમથી ચાલુ રહે ત્યાં સુધી, આ કૈલાસ ગુરૂકૂળ હોય તો, આ કૈલાસ ગુરૂકૂળ એને નિભાવવાનો નેવું ટકા પ્રયાસ કરશે, એવો હું મનોરથ સેવું છું. ‘મનોરથ’ વૈષ્ણવી શબ્દ છે. એ પૂરો થાય તોય એની કૃપા અને ન થાય તોય એની કૃપા. હું આમ બે શબ્દ કહ્યા કરું કે ‘ઈશ્વર કૃપા’ અને ‘ઈશ્વર ઈચ્છા.’ આપણી માન્યતા પૂરી થાય તો ‘ઈશ્વર કૃપા’ અને આપણી ધારણા પૂરી ન થાય તો ‘ઈશ્વર ઈચ્છા.’ પણ હમણાં એક વર્ષથી મેં એમાંય ફેરફાર કર્યો છે કે આપણી ધારણા પૂરી ન થાય તો ‘ઈશ્વર ઈચ્છા’ એમ કહીએ છીએ તેમાં ક્યાંક નિરાશા છે. એના પુત્ર તરીકે આપણે નિરાશ શું કામ થઈએ ? એટલે કોઈ પણ પરિસ્થિતિમાં હું હમણાં શબ્દ વાપરું છું કે આ પણ ‘ઈશ્વરકૃપા’ છે. ‘ઈશ્વર ઈચ્છા’ મેં મારા વ્યક્તિગત જીવનમાંથી હટાવી દીધું છે. બધી જ ઈશ્વરકૃપા છે.

આ યાત્રામાં ત્રીજે દિવસે અહીં ઋષિની વંદના થાય છે એમાં આ વર્ષે પૂજનીય રમેશબાપા બેટાઈ, એમની વંદના અહીં થઈ. નાદુરસ્ત તબિયતને લીધે તેઓ અહીં આવી શક્યા નહિ પરંતુ એમણે એનો સ્વીકાર કર્યો અને એમના સુપુત્ર અને પરિવારના અન્ય સદસ્યો આવ્યા છે. રમેશબાપાને હું પ્રણામ કરીને અને પરિવારજનોનું સ્વાગત કરું છું. આ અમારી વંદના આપે કબૂલ કરી એ માટે આ મોરારિબાપુ આપના ચરણમાં પ્રણામ કરે છે. આપ આવી શક્યા નથી પરંતુ હું અમદાવાદ જઈશ અને આપના બધા વતી એમના ચરણમાં પ્રણામ કરી આવીશ એટલે મને વધારે સંતોષ થાય.

ઉપનિષદ સુધાનો વિષય નક્કી કરવા માટે આદરણીય બધા જ વડીલો બેઠા હોય છે અને દર વર્ષે કોઈને કોઈ પ્રેરણાપ્રદ વિષયનો ચુનાવ થાય છે. એવી જ રીતે ચયન કમિટિ કયા ઋષિની વંદના કરવી

એનો પણ નિર્ણય કરે છે અને એ સાંભળીને, સ્વીકારીને મારા આનંદમાં વધારો થાય છે. આ વખતે ઉપનિષદ વિશેની ચર્ચા થઈ. હું ન ભૂલતો હોઉં તો વર્ષો પહેલા આનંદમયી માના આશ્રમના આયોજનમાં કનખલ, હરિદ્વારમાં રામકથા હતી, એ વખતે 'માનસ-ઉપનિષદ' વિશે કંઈક બોલાયેલું. આપ સૌને સાંભળ્યા પછી વળી એક મનોરથ ઊભો થયો છે કે હવે મારે નવેસરથી નવી રીતે, આપને સૌને સાંભળ્યા પછી, આપના પાસેથી પ્રસાદ પામ્યા પછી, હું ક્યાંક ફરી વખત કોઈ એવા તીર્થમાં મારી વાણીને પવિત્ર કરવા માટે 'માનસ-ઉપનિષદ'ની કથા કહીશ. એની પાછળના મારા કારણો છે. હું સતત સાંભળતો હોઉં છું. ભાણદેવજીથી લઈને લક્ષ્મેશબાપા સુધી જે મેં ઉપનિષદો વિશે સાંભળ્યું ત્યારે મને સતત પડઘા પડે કે આ વાત તો તુલસીએ માનસમાં ઉપનિષદમાંથી લીધી છે ! 'માનસ-ઉપનિષદ' એટલે કોઈ નવું ઉપનિષદ નહીં, પરંતુ માનસમાં આપણા પ્રધાન ઉપનિષદોના કેટલા સુંદર સંદર્ભો તુલસીએ પ્રસાદરૂપે લીધા છે અને આપણને વહેંચ્યા છે, એને હું મારી બોલીમાં થોડું વધારે સરળ કરીને હું એને વહેંચવાનો પ્રયાસ કરીશ. તેથી મને અહીંથી નવી પ્રેરણા મળી. દશ ઉપનિષદ તો હું ચોક્કસ કહી શકું કે જેના સીધા સાત્વિક ઉતારાઓ તુલસીએ રામચરિત માનસમાં ઉપાડ્યા છે. એ પંક્તિઓ મારા સ્વાન્તઃ સુખ માટે, મારા મનને બોધ થાય એ માટે અને મારી વાણીને પવિત્ર કરવા માટે બહુ જ ઉપયોગી થશે. એક અનુષ્ઠાન, તમારા આશીર્વાદથી પાછું 'માનસ-ઉપનિષદ'નું કરવાનો છું.

લક્ષ્મેશબાપા, આપે જે શુષ્ક કર્મકાંડની વાત કરી, કે જે ઉપનિષદના નામે આવી ગયું, એની આપે ખૂબ વિવેકપૂર્ણ વાત કરી, પરંતુ તુલસીને હું તરત જ સ્મરતો હતો કે તુલસીએ વશિષ્ટના મુખે એક વાત કહી. વશિષ્ટ એ રઘુકુલના ઉપરોહિત છે. જ્યારે વશિષ્ટજી રામને બ્રહ્મ રૂપે ઓળખી ગયા ત્યારે એક વાત કહે છે કે 'રામ, હું બ્રહ્માનો પુત્ર છું. એ પરંપરાનો છું. હું કોઈના કૂળમાં કર્મકાંડ કરાવી દક્ષિણા ઉઘરાવું એટલો સામાન્ય તું મને સમજીશ નહીં.' જેને ત્યાં કામધેનુ ગાય છે એને વળી શું ? એ કામધેનુ મંથનમાંથી નીકળેલી. હું બહુ વિચાર કરતો નથી પરંતુ હું હમણાં આમ બહુ વિચારે ચડ્યો છું. ગ્રંથોના સૂત્રો વાંચીએ, સાંભળીએ ત્યારે એની પર વિચારવાનું ગમે છે. વિચારની ગલીઓમાં શ્રદ્ધા લઈને ઘૂમવું એ ભટકાવ નથી પરંતુ ક્યાંક પહોંચવાની યાત્રા છે. તેથી હું વિચાર્યા કરું છું કે ધન્ય છે આ ઉપનિષદોનો દેશ, આ ઋષિઓનો દેશ કે જ્યાં ચૌદ રત્નોમાં વિષને પણ સ્થાન મળે છે. લક્ષ્મીને સ્થાન મળે એ સમજી શકાય. કલ્પતરુને સ્થાન મળે એ સમજી શકાય. કામધેનુને સ્થાન મળે એ સમજી શકાય. સારંગ-ધનુષને સ્થાન મળે એ સમજી શકાય. ધન્વંતરિને સ્થાન મળે એ સમજી શકાય. પંચજન્યને સ્થાન મળે એ સમજી શકાય. આ દેશ જ આ કરી શકે કે જ્યાં હળાહળને પણ રત્ન ગણવામાં આવ્યું છે. જો એનો શિવની જેમ ઉપયોગ કરતાં આવડે તો પ્રત્યેક જીવ શવ ન રહેતાં શિવ બને. હું બહુ વિચારું છું કે વિષને રત્ન કહેવું એ તો કોઈ સાહસી ઋષિ જ કરી શકે. મારો કહેવાનો અર્થ એ છે કે જે વશિષ્ટજી પાસે આટલી મોટી સાત્વિક સિદ્ધિ હોય એ કોઈના કૂળનું ઉપરોહિત્યકર્મ સ્વીકારે ? એમણે આખું જીવન રઘુકૂળનું ઔપરિહત્ય કાર્ય કર્યું. પરંતુ રામને બ્રહ્મ તરીકે ઓળખ્યા ત્યારે એક ખુલાસો કર્યો કે 'રાઘવ, હું મૂરખ નહોતો કે કોઈ રાજાને ઘેર હું કર્મકાંડ કરું. એના છોકરાઓની છેડાછેડી છોડાવવા જાઉં એવો હું નથી, પણ મેં જ્યારે ઉપરોહિત્યકર્મની પિતામહ બ્રહ્માને ના પાડી ત્યારે બ્રહ્માએ કહ્યું કે વશિષ્ટ, ભૂલ ન કર. જે

કૂળમાં ઉપરોહિત્યકર્મ કરાવવા તું જાય છે એ કૂળમાં બ્રહ્મનું આગમન થવાનું છે.' તેથી તેઓ બોલ્યા છે કે ઉપરોહિત્યકર્મ અતિમંદ છે. ટૂંકમાં દસ ઉપનિષદોમાંથી ક્યાંક ક્યાંક તો એમ લાગે કે માનસમાં સીધો અનુવાદ ઊતર્યો છે.

ઉપનિષદો તુલસી સુધી જ શું કામ ? આ ઉપનિષદો તો લોક કવિઓ સુધી ઊતર્યા છે. મનસુખબાપાએ પણ ભોજાભગત અને અખો વગેરેનો ઉલ્લેખ કરીને આ વાત અહીં કહી. કવિ કાગે ઉપનિષદનો વિચાર પોતાના એક ગીતમાં મૂક્યો છે. એમણે જે કહ્યું છે એ આપને ગાઈને કહું. મેં હમણાં જ એક નિવેદન કર્યું હતું કે દેશનો યોગી અને દેશનો ઋષિ ગાતો હોવો જોઈએ, નાચતો હોવો જોઈએ, મુસ્કુરાતો હોવો જોઈએ અને એની નહીં, આપણી ચિંતા કરતો હોવો જોઈએ. સાધુ કોઈ દિવસ ઉગ્ર ન હોય પરંતુ લોકમંગલ માટે વ્યગ્ર હોય. તેથી હું એ ગીત આપને ગાઈને કહું :

પૃથ્વી તણો પિંડો કર્યો
રજ લાવતો ક્યાંથી હશે ?
જગ ચાક ફેરવનાર
એ કુંભાર બેઠો ક્યાં હશે ?
આકાશના ઘડનારના ઘરને
ઘડ્યા કોણે હશે ?
અવકાશની માતા તણા
કોઠા કહો કેવડા હશે ?
કહે કાગ સર્જક સર્પનો
કેવો કઠીન ઝેરી હશે
પવને સુગંધ પ્રસરાવતો
મારો લાડીલો કેવો લહેરી હશે
આ જાણવા જોવા તણી
દિલ ઝંખના ખટકી રહી
બ્રહ્માંડમાં ભટકી અને
મારી મતિ અંતે અટકી રહી

કહેવાનો અર્થ, ઉપનિષદનો વિચાર છેક લોક બોલી સુધી પહોંચ્યો. વ્યક્તિ જેટલો નિર્વિચાર થાય એટલો એની અંદર ઋષિ બોલે. જ્યાં સુધી આપણા વિચારોની ભીડ હોય ત્યાં સુધી ઋષિ બોલે નહીં. તમે ગામડામાં જોયું હશે કે માલધારી ભાઈઓ ચોમાસામાં ઊઘાડ નીકળે એટલે ગાયો-ભેંસોને ચરાવા મૂકીને ટેકરા પર લાકડીને ટેકે બેસીને એકલા ગાતા હોય છે. એમના ગાન પાછળ કોઈ સાંભળનાર નથી, એનો કોઈ હેતુ નથી, એને કોઈ એવોર્ડ મળવાનો નથી, એનું કોઈ સન્માન કરવાનું નથી, એને કોઈ માળા પહેરાવવાનું નથી. ગાય-ભેંસ તો કંઈ વાહ-વાહ કહેવાના નથી ! એ ક્યારે ગાઈ શકતો હશે ? એ વખતે

એનામાં વિચારો સાવ ઓછા થયા હશે. જેટલી વિચારોની ભીડ ઓછી એટલો ઋષિને આપણે પ્રગટવાનો મોકો આપતા હોઈએ છીએ.

મારા મનમાં ઘણા વખતનો મનોરથ છે કે મારે તરણેતરનો મેળો જોવો છે. બાળપણમાં ઘણા મેળા કર્યા. પરંતુ હવે જવાતું નથી કારણે કે મેળો શરૂ થાય ત્યારે અહીં આ મેળો શરૂ થાય ! મને એમ લાગે છે કે મારું તરણેતર આ જ છે. એટલે હું ગાયા કરું છું કે 'મારું તલગાજરડું મને વ્હાલું, હું વૃન્દાવન નહિ રે આવું....' મને તલગાજરડા રહેવાનો બહુ જ આનંદ આવે છે. મને મારા ગામમાંથી બહુ જ મળે. હમણાં આઠ-દસ દિવસ પહેલા એક બેન આવી. મારા ગામની જ એક દીકરી. પરણીને બહાર ગયેલી. હું તો ઓળખું નહિ. મને બહુ અધિકારપૂર્વક કહે, 'બાપુ, તમે મને ઓળખી ? કદાચ તમે મને નહિ ઓળખો પરંતુ આપના નાનાભાઈઓ અને અમે બધા સાથે ભણતાં... અમે તમારી શેરીમાં રમતા.'
મેં કહ્યું : 'હા, બેટા. બરાબર. કંઈ કામ છે ?'
'કંઈ કામ નથી' એણે કહ્યું, 'પરણીને સાસરે ગઈ છું. એક ખેતરને શેઢે નાનું મકાન કર્યું છે, ત્યાં પંદરેક વીંઘા જમીન છે ત્યાં અમે રહીએ છીએ. હમણાં હમણાં ટીવી લીધું છે. બાપુ, ટીવીમાં તમારી કથા આવે છે. એ કથામાંથી એક વસ્તુ શીખી.'
મેં પૂછ્યું : 'શું ?'
'તમે એમ કહ્યા કરો છો કે અગિયાર વખત હનુમાન ચાલીસા કરવા પણ એ મારાથી કંઈ થાય નહીં.'
'તો તું શું કરે ?'
'તમે કીધું એટલે હનુમાન ચાલીસા તો કરું પણ અગિયાર કે એકસો-આઠ એવું કશું નક્કી નહીં.'
'તો ?'
'મારું મોઢું દુઃખી જાય ત્યાં સુધી કરું છું.....!!' સાહેબ ! આ મોટું એક પ્રમાણ મને મળ્યું. અનુષ્ઠાનની વિધિ મળી. મેં કહ્યું કે બેટા, તેં મને પ્રેરણા આપી. કેટલી મોટી વાત ! મોઢું દુઃખે ત્યાં સુધી કરું છું ! એટલે એ મૂળમાં જવાનો બહુ આનંદ છે.

મારો કહેવાનો અર્થ છે કે ગઝલ ગાનાર, બે દોહા બોલી જનાર ને કદાચ મૂળ ઉપનિષદનો ખ્યાલ પણ નહીં હોય પરંતુ એની ભૂમિકા અમુક સમય માટે સર્જાતી હશે કે જેમાંથી ઋષિને બહાર આવવાની ઈચ્છા થતી હશે. ઉપનિષદની બહુ જ પ્રેરણા આપે એવી સુધાનું પાન આપણે કર્યું. આ તો અહીંયા સગવડ છે, પ્રભુની કૃપા છે એટલે બધું કરીએ છીએ, પરંતુ આવું જ્યાં થતું હોય ત્યાં મને જવાની ઈચ્છા થાય. મને શ્રવણ બહુ ગમે. શ્રવણ એક વિજ્ઞાન છે. શ્રવણ એક પ્રકારની વિદ્યા છે. આપણી તકલીફ શું છે કે આપણે સાંભળતા જ નથી. અહીં બોલનારાને જ આપણે બરાબર સાંભળી કે સમજી શકતાં નથી તો જે અબોલ વક્તવ્યો છે એને ક્યારે સાંભળશું ? આ વૃક્ષો બોલે છે, આ નદીઓના પ્રવાહો બોલે છે, સમંદરના તરંગો બોલે છે, પક્ષીઓનો કલરવ બોલે છે. અરે સાહેબ ! સાંભળતા આવડે તો કૂતરાંઓના ભસવામાં પણ કંઈક પડ્યું છે, સિંહની દહાડમાં પણ કંઈક પડ્યું છે. આખું અસ્તિત્વ મુખર છે. માણસ ખોટેખોટો વચ્ચે બોલવાની કોશિશ કરે છે. ટૂંકમાં, મને ગમે ત્યાં જઈને મોકો મળે ત્યારે સાંભળવાની ઈચ્છા થાય. આવી મારી એક રુચિ છે. મારો સ્વભાવ છે. અહીંયા હોય ત્યારે તો હું બહુ જ પ્રસન્નતા અનુભવું છું. ભગવાન

કરે આ પ્રવાહ આપ સૌની શુભકામનાથી, આશીર્વાદથી ચાલતો રહે એવી હનુમાનજીના ચરણોમાં પ્રાર્થના.

છેલ્લે 'વૃણુતે'ની વાત આવી એ પરથી એટલું કહેવું છે કે ખાલી આપણે જ એને ચાહીએ છીએ એવું નથી. એ પણ પ્રેમનો ભૂખ્યો છે. આપણે તો શું પ્રેમ કરીએ, યાર ? વહેમમાં હોઈએ છીએ ! એ સૌને પ્રેમ કરે છે. એ તત્વ આવું કરવા માટે ક્યાંક ગુરૂકૂળનું વરણ કરતું હોય એવું લાગે છે. આ નાળિયેરીઓનું નિમંત્રણ એણે સ્વીકાર્યું છે. અહીં ભણતા સાધુસમાજના ગરીબ બાળકો, જે કોઈ દિવસ શિક્ષા નહોતા લઈ શકતા, લોટ અને રોટલા ઉઘરાવી, પોષણ કરી બીજાને ટૂકડો આપતાં. અમારે પણ એમ જ હતું. અમારે તો તાવડી અને તાંબડી બે જ હતું. સાહેબ ! એ તાવડીમાં રોટલો પાકે એ એકલા ન ખવાય. મંદિરે કોણ બેઠું છે એ પૂછીને ખવડાવીને ખવાય. એ પ્રકારના બાળકો અહીં ભણે છે એમના પુણ્ય અને ક્યારેય કોઈ આગળ નથી આવતું એવા આ ગુરૂકૂળમાં સેવા આપનારા સમર્પિત યુવાન ભાઈ-બહેનો અથવા તો વડીલો, એ બધાના હ્રદયના મનોભાવને કળીને અસ્તિત્વ અમારું વરણ કરે છે. આપ આશીર્વાદ આપજો કે અમારું વરણ થતું રહે.

[સમાપ્ત]

(આ અહેવાલમાં વપરાયેલા સંસ્કૃત શ્લોકોની શુદ્ધિ માટે http://sanskritdocuments.org/ ની સહાયતા લેવામાં આવી છે.)

**[1] સંસ્કૃતસત્ર-11: ડી.વી.ડી પ્રાપ્તિસ્થાન** :
સંગીતની દુનિયા પરિવાર, c/o નિલેશ સંગીત ભવન, નાગરીક બેન્ક પાસે, મહુવા-364290. ગુજરાત. ભારત. ફોન : +91 2844 222864.

**[2] કાર્યક્રમનું સ્થળ**:
શ્રી કૈલાસ ગુરુકુળ, માલણ નદીને કાંઠે, મહુવા (જિ. ભાવનગર, ગુજરાત): ફોન : +91 2844-222090.

♦ ♦ ♦